સોશિયલ મીડિયા માટેના નવા નિયમો

# E-COPY

(April / MAY-2021)

# વર્તમાન પ્રવાહો

: DATE :
01/04/2021 to 31/05/2021

## લક્ષદ્વીપ વિવાદ

Lakshadweep Development Authority Regulation 2021



## તાઉતે વાવાઝોડું




વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે
અત્યંત ઉપયોગી સાપ્તાહિક વર્તમાન પ્રવાહો

- GPSC-I/II
- GPSC-III
- નાયબ મામલતદાર
- PSI/ASI Constable
- તલાટી
- Bank
- SBI
- IBPS
- SSC
- Railway

(Creating A Way For Govt. Jobs)

**Banking Academy**

(Preparation for All Types of Competitive Exams)

## મહત્વના મુદ્દાઓ

❖ **આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય(MoSPI) અંતર્ગત કાર્યરત્ નેશનલ સ્ટેટિસ્ટકલ ઓફિસ (NSO) એ તાજેતરમાં ભારતમાં મહિલાઓ અને પુરુષોનો અહેવાલ જાહેર કર્યો હતો.**

→ આ અહેવાલ દેશમાં લૈંગિક પરિસ્થિતિનું વર્ણન કરતા નિર્ણાયક સામાજિક–આર્થિક સંકેતકોને એકીકૃત કરે છે. તેની શ્રેણીમાં આ અહેવાલની 22મી આવૃત્તિ છે. જે આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા વાર્ષિક ધોરણે અહેવાલ પ્રકાશિત કરાય છે.

→ વસતી સંબંધિત આંકડાઓ :

⇒ વર્ષ 2021 માં ભારતની અંદાજિત વસતી 136.13 કરોડ છે.

⇒ લિંગ પ્રમાણ 2001માં 933 હતું તે વધીને 2011માં 943 થયું છે.

⇒ દિલ્હીએ લિંગ પ્રમાણમાં સર્વોચ્ચ વધારો નોંધાયો છે. તેની પછીના ક્રમે ચંદીગઢ અને અરુણાચલ પ્રદેશ છે.

⇒ બીજી બાજુ, દમણ અને દીવમાં લિંગ પ્રમાણ સૌથી વધુ ઘટયું છે.

→ સ્વાસ્થ્ય સંબંધી આંકડાઓ :

⇒ 25 થી 29 વર્ષના વયની જૂથની મહિલાઓ માટે વય વિશેષ પ્રજનન દર સર્વોચ્ચ 146.4 હતો.

⇒ બાળ મૃત્યુદર 2014માં 39 હતો તે 2018માં ઘટીને 32 થયો છે.

⇒ માતૃ મૃત્યુદર 2007-09માં 212 હતો તે 2016-18 માં ઘટીને 113 થયો.

⇒ ગ્રામીણ ભારતનો કુલ પ્રજનન દર 2018માં 2.3 હતો. શહેરી ભારતમાં તે દર 1.7 હતો.

⇒ કિશોર પ્રજનન દર 2017 માં 13 હતો તે 2018 માં ઘટીને 12.2 થયો.

⇒ નેશનલ ફેમિલ હેલ્થ સર્વે–5 (NFHS-5) અનુસાર, ગોવા, કેરળ અને લક્ષદ્વીપમાં 100% સંસ્થાગત પ્રસૂતિ જોવા મળી હતી.

⇒ પ્રતિ 1,000 લોકોએ HIV કેસ 2017 ના 0.07 થી ઘટીને 2019માં 0.05 થયા.

→ ભારતનો સાક્ષરતા દર 2011ના 73થી વધીને 2017માં 77.7 રહ્યો.

→ સાક્ષરતા દરમાં લૈંગિક તફાવત રાજસ્થાન, બિહાર, ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ છે.

→ 25 વર્ષની માત્ર 8.3% મહિલાઓએ સ્નાતક સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. બીજી તરફ સમાન વય જૂથમાં 12.8% પુરુષો સ્નાતક થયા હતા.

→ માત્ર 8% વિદ્યાર્થિનીઓ 10મા ધોરણ સુધીનો અભ્યાસ આગળ વધારે છે.

→ સામયિક શ્રમ બળ સર્વે, 2018-19 અનુસાર, ગ્રામ્ય ક્ષેત્રમાં કામદાર વસતીનું પ્રમાણ પુરુષોનું 52.1 અને મહિલાઓનું 19 હતું. શહેરી વિસ્તારોમાં તે પુરુષો માટે 52.7 અને મહિલાઓ માટે 14.5 હતું.

→ 15 વર્ષના વય જૂથમાં મહિલા વસતી દ્વારા પ્રતિકલાકનું સરેરાશ વેતન આંદામાન અને નિકોબાર ટાપુઓમાં સર્વોચ્ચ રૂ.147 હતું. તેની પછીના ક્રમે લક્ષદ્વીપ અને નાગાલેન્ડ હતા. સૌથી ઓછું વેતન દમણ અને દીવ તથા ઓડિશામાં હતું.

→ 15 વર્ષના વય જૂથમાં પુરુષ વસતી દ્વારા પ્રતિકલાકનું સરેરાશ વેતન લક્ષદ્વીપમાં સર્વોચ્ચ રૂ.121 હતું.

→ વર્ષ 2020માં કેન્દ્રીય મંત્રીમંડળમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ 9.26% હતું.

→ 2019ની લોકસભા ચૂંટણીમાં, મહિલા મતદારોની સંખ્યા 43.78 કરોડ હતી. 2014ની ચૂંટણીના 39.70 કરોડ મહિલા મતદારોની તુલનામાં તે પ્રમાણ વધુ હતું.

→ પંચાયતી રાજ સંસ્થાઓમાં મહિલાઓની સૌથી વધુ ભાગીદારી રાજસ્થાન, ઉત્તરાખંડ અને છત્તીસગઢ રાજ્યોમાં જોવા મળી હતી.

❖ **તાજેતરમાં સુપ્રીમ કોર્ટે નેશનલ કંપની લો એપેલેટ ટ્રિબ્યુનલ (NCLAT) ના નિર્ણયને બદલાવતા સાઈરસ મિસ્ત્રીને તાતા સન્સના એક્ઝિક્યુટિવ ચેરમેન ડાયરેક્ટર પદેથી હટાવવાના તાતા જૂથના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો હતો.**

→ NCLATનું ગઠન નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (NCLT)ના આદેશો વિરુદ્ધ અપીલની સુનાવણી માટે કંપની અધિનિયમ, 2013ની કલમ 410 અંતર્ગત કરાયું છે.

→ NCLAT 1 ડિસેમ્બર, 2016થી અમલી ઈન્સોલ્વન્સી એન્ડ બેંકરપ્સી કોડ, 2016-IBC) ની કલમ 61 હેઠળ NCLT દ્વારા પસાર આદેશ વિરુદ્ધ અપીલની સુનાવણી માટે એક એપેલેટ ટ્રિબ્યુનલ છે.

→ NCLAT કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા દ્વારા અપાયેલા નિર્ણયો સાથે અસહમત પક્ષો માટે પણ એપેલેટ એકમ તરીકે કાર્ય કરે છે.

❖ **તાજેતરમાં કેન્દ્ર સરકારે સોશિયલ મીડિયા કંપનીઓને IT ક્ષેત્રના નવા નિયમો અને ગાઈડલાઈનનું પાલન કરવા માટેની જાહેરાત કરી.**

→ કેન્દ્ર સરકાર દ્વારા વ્હોટ્સએપ, ફેસબુક, ટ્વિટર અને ઈન્સ્ટાગ્રામ જેવી સોશિયલ મીડિયા કંપનીઓને IT ક્ષેત્રના નવા નિયમો અને ગાઈડલાઈનનું અનુસરણ કરવા માટે ત્રણ મહિનાની મુદત આપવામાં આવી હતી. જે 25 મે, 2021ના પૂર્ણ થયા બાદ હવે કેન્દ્ર સરકાર અને સોશિયલ મીડિયા વચ્ચેના ગજગ્રાહ ચરમસીમાએ પહોંચ્યો છે. નવા IT નિયમો, 2021માં સામેલ ટ્રેસેબિલિટીની જોગવાઈને પડકારીને મેસેજિંગ પ્લેટફોર્મ વ્હોટ્સએપે દિલ્હી હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે. આ પૂર્વે ઈલેક્ટ્રોનિક્સ અને IT મંત્રાલયે વ્હોટ્સએપને નોટિસ પાઠવીને ભારતીયોના ડેટા સંરક્ષણ માટે જોખમી સાબિત થઈ શકે તેવા પોતાની ગોપનીયતા નીતિના એક વિવાદાસ્પદ અપડેટને પરત ખેંચવા જણાવ્યું હતું.

→ પ્રાઈવસી અને વાણી સ્વાતંત્ર્યના અધિકારોનું ઉલ્લંઘન : ઉક્ત નિયમો એન્ડ–ટુ–એન્ડ એન્ક્રિપ્શન જોગવાઈઓને ખતમ કરે છે અને વપરાશકારોની પ્રાઈવસી અને વાણી સ્વાતંત્ર્યના મૌલિક અધિકારોનું ઉલ્લંઘન કરે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભારતીય બંધારણની કલમ 19(1)(એ) વાણી અને અભિવ્યક્તિની

સ્વતંત્રતાની ગેરેન્ટી આપે છે. અનુચ્છેદ (કલમ) 21 અંતર્ગત પ્રાઈવસીના અધિકારને જીવનના અધિકાર અને વ્યક્તિગત સ્વતંત્રતાના ભાગ તરીકે તથા બંધારણના ભાગ III (પુટ્ટાસ્વામી જજમેન્ટ 2017) દ્વારા સ્વતંત્રતાની ગેરેન્ટીના અંગ તરીકે સંરક્ષિત કરાયો છે. વિશ્વભરના રાષ્ટ્રોએ એન્ડ–ટુ–એન્ડ એન્ક્રિપ્શનના મહત્વપૂર્ણ લાભ અને સુરક્ષા પ્રોટોકોલને નબળો કરનારા જોખમોની ઓળખ કરી છે.

→ માહિતી ટેકનોલોજી (મધ્યવર્તી સંસ્થાનો માટે દિશાનિર્દેશો અને ડિજિટલ મીડિયા આચારસંહિતા) નિયમ, 2021ના સકારાત્મક પહેલુ

⇒ 24 કલાકની અંદર સંમતિ ન હોય તેવી અંતરંગ તસવીરો (ફોટોગ્રાફ્સ) દૂર કરવા.

⇒ પારદર્શિતા વધારવા માટે અનુપાલન રિપોર્ટનું પ્રકાશન કરવું.

⇒ સામગ્રી (કન્ટેન્ટ) હટાવવા માટે વિવાદ સમાધાન તંત્ર સ્થાપિત કરવું.

⇒ વપરાશકારોને એ જાણવા માટે જાણકારીમાં એક લેબલ જોડવું કે સામગ્રી વિજ્ઞાપિત, સ્વામિત્વ, પ્રાયોજિત અથવા વિશેષ રીતે નિયંત્રિત છે કે નહીં.

❖ **તાજેતરમાં લોકસભામાં નેશનલ કમિશન ફોર એલાઈડ એન્ડ હેલ્થકેર પ્રોફેશનલ બિલ, 2020 સર્વસંમતિથી પસાર થયું છે.**

→ આ વિધેયકનો ઉદ્દેશ એલાઈડ અને આરોગ્ય સંભાળ વ્યાવસાયિકોના શિક્ષણ અને કાર્યોને વિનિયમિત અને પ્રમાણિત કરવાનો છે. દેશમાં એલાઈડ પ્રોફેશનલ્સનો મોટો સમૂહ છે અને આ વિધેયક તેમની ભૂમિકાઓને ગરિમા પ્રદાન કરીને આ ક્ષેત્રને વિનિયમિત કરવાનો પ્રયાસ કરે છે. આ વિધેયક એલાઈડ હેલ્થ પ્રોફેશનલને કોઈપણ બિમારી, ઈજાના નિદાન અને ઈલાજ કરવા માટે એક ટ્રેઈન્ડ સહયોગી, ટેકનિશિયન અથવા ટેકનોલોજિસ્ટ તરીકે પરિભાષિત કરે છે. એલાઈડ પ્રોફેશનલ પાસે ડિપ્લોમા અથવા ડિગ્રી હોવી જોઈએ. ડિગ્રી / ડિપ્લોમાનો સમયગાળો ઓછામાં ઓછો 2000 કલાક (2 થી 4 વર્ષ) હોવો જોઈએ. સ્વાસ્થ્ય વ્યાવસાયિકની પરિભાષામાં વૈજ્ઞાનિક ડોકટર અથવા અન્ય પ્રોફેશનલ સામેલ હોય છે, જે અભ્યાસ, સલાહ, સંશોધન, સુપરવિઝન કરે છે અથવા સ્વાસ્થ્ય સેવાઓ પ્રદાન કરે છે. આ પ્રોફેશનલ પાસે ડિગ્રી / ડિપ્લોમા હોવો જરૂરી છે. આ ડિગ્રીનો સમયગાળો ઓછામાં ઓછો 3600 કલાક (3 થી 6 વર્ષ) હોવો જોઈએ. આ વિધેયકે માન્યતા પ્રાપ્ત શ્રેણીઓ તરીકે 'એલાઈડ અને આરોગ્ય વ્યવસાયો'ની અમુક શ્રેણીઓ નિર્દિષ્ટ કરી છે. આ વ્યવસાયોમાં લાઈફ સાયન્સીઝ પ્રોફેશનલ, ટ્રોમા અને બર્નિંગ કેર સંબંધી પ્રોફેશનલ, સર્જિકલ અને એનેસ્થેશિયા ટેકનોલોજી સંબંધિત પ્રોફેશનલ, ફિઝિયોથેરાપિસ્ટ અને પોષણ વિજ્ઞાન સંબંધિત પ્રોફેશનલ (વ્યાવસાયિકો) સામેલ છે.

→ આ વિધેયક નેશનલ કમિશન ફોર એલાઈડ એન્ડ હેલ્થકેર પ્રોફેશનલના ગઠનની જોગવાઈ કરે છે. આ આયોગમાં અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયે/મંત્રાલયોનું પ્રતિનિધિત્વ કરનારા 5 સભ્યો, ડિરેકટોરેટ જનરલ ઓફ હેલ્થ સર્વિસીઝના એક પ્રતિનિધિ, વિવિધ મેડિકલ સંસ્થાઓના 3 ડેપ્યૂટી ડિરેકટર અથવા મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ રોટેશનલ આધારે અને અન્ય સભ્યોમાં રાજ્ય પરિષદોનું પ્રતિનિધિત્વ કરનારા 12 પાર્ટટાઈમ સભ્યો નિયુકત કરાશે.

→ **આયોગનું કાર્ય :** તમામ રજિસ્ટર્ડ પ્રોફેશનલ્સનું એક ઓનલાઈન સેન્ટ્રલ રજિસ્ટર બનાવવું અને તેને જાળવી રાખવું. શિક્ષણ, અભ્યાસક્રમ, સ્ટાફ યોગ્યતા, પરીક્ષા, ટ્રેઈનિંગ, વિવિધ શ્રેણીઓ માટે ચૂકવવાપાત્ર મહત્તમ ફીના મૂળભૂત ધારાધોરણો નક્કી કરવા.

→ આ આયોગ સંલગ્ન અને આરોગ્ય વ્યવસાયોની દરેક માન્યતાપ્રાપ્ત શ્રેણી માટે એક વ્યાવસાયિક પરિષદનું ગઠન કરશે. પ્રોફેશન કાઉન્સિલમાં એક અધ્યક્ષ અને 4 થી 24 સભ્યો હશે, જે માન્યતાપ્રાપ્ત શ્રેણીમાં દરેક વ્યવસાયનું પ્રતિનિધિત્વ કરશે. આયોગ પોતાનું કોઈપણ કાર્ય આ પરિષદને સોંપી શકે છે.

→ વિધેયક પસાર થયાના 6 મહિનામાં રાજ્ય સરકારો 'સ્ટેટ કાઉન્સિલ ઓફ હેલ્થ'નું ગઠન કરશે. તે રાષ્ટ્રીય આયોગનું પૂરક હશે અને સ્ટેટ રજિસ્ટરની જાળવણી કરશે.

→ નવી સંસ્થા સ્થાપવા માટે રાજ્ય પરિષદની પરવાનગી લેવી ફરજિયાત છે તથા નવો અભ્યાસક્રમ, ઈનટેક કેપેસિટીમાં વધારો અથવા વર્તમાનની સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ માટે નવી બેચ શરૂ કરવા માટે પણ પરવાનગી લેવી જરૂરી છે. જો મંજૂરી લેવામાં નહીં આવે તો કોઈપણ વિદ્યાર્થીને આપેલી ડિગ્રી/ડિપ્લોમાં વિધેયક અંતર્ગત માન્યતા પ્રાપ્ત થશે નહીં.

→ રાજ્ય રજિસ્ટર અથવા રાષ્ટ્રીય રજિસ્ટરમાં નામાંકિત વ્યક્તિઓ સિવાય કોઈપણ વ્યક્તિને યોગ્ય સહયોગી અને સ્વાસ્થ્ય દેખભાળ વ્યાવસાયિક તરીકે કાર્ય કરવાની પરવાનગી નથી. જે કોઈપણ વ્યક્તિ આ જોગવાઈનું ઉલ્લંઘન કરશે તેને રૂ. 50,000 નો દંડ કરવામાં આવશે.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં ભૂ–રાજનીતિ સંબંધી ભારતના વૈશ્વિક સંમેલન રાયસીના ડાયલોગ (રાયસીના સંવાદ)ની છઠ્ઠી આવૃત્તિનું ઉદ્ઘાટન કર્યું હતું.**

→ થીમ : 'વાઈરલ વર્લ્ડ : આઉટબ્રેકસ, આઉટલીયર્સ એન્ડ આઉટ ઓફ કન્ટ્રોલ'

→ ભારતના આ પ્રીમિયર વૈશ્વિક સંમેલનનું આયોજન વિદેશ મંત્રાલયની ભાગીદારીમાં ઓબ્ઝર્વર રિસર્ચ ફાઉન્ડેશન (ORF) દ્વારા કરાયું હતું. રાયસીના સંવાદનો આરંભ વર્ષ 2016માં કરાયો હતો. તે એક વાર્ષિક ભૂ–રાજકીય ઘટના છે. ભારત સરકારની બેઠક નવી દિલ્હીના સાઉથ બ્લોકમાં રાયસીના હિલ ખાતે હોવાથી તેનું નામ રાયસીના ડાયલોગ રખાયું છે. તેનું માળખું શાંગરી–લા–સંવાદની તર્જ પર તૈયાર કરાયું છે.

→ 13 થી 16 એપ્રિલ, 2021 સુધી આયોજિત રાયસીના સંવાદ દરમિયાન પાંચ મુખ્ય વિષયો પર આધારિત ચર્ચા થઈ હતી, જે નીચે મુજબ છે :

⇒ WHOનો બુહપક્ષવાદ ? સંયુકત રાષ્ટ્રનું પુનર્ગઠન અને ભાવિ.

⇒ સુનિશ્ચિત અને વૈવિધ્યપૂર્ણ પુરવઠા શ્રેણી.

⇒ ગ્લોબલ 'પબ્લિક બેડ્સ' : હોલ્ડિંગ એકટર્સ એન્ડ નેશન્સ ટુ એકાઉન્ટ.

⇒ ઈન્ફોડેમિક : નેવિગેટિંગ એ 'નો ટ્રુથ' વર્લ્ડ ઈન ધ એજ ઓફ બિગ બ્રધર.

⇒ ધ ગ્રીન સ્ટિમ્યુલસ : ઈન્વેસ્ટિંગ ઈન જેન્ડર, ગ્રોથ એન્ડ ડેવલપમેન્ટ.

❖ **તાજેતરમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે રાષ્ટ્રીય દુર્લભ રોગ નીતિ (National Rare Disease Policy) 2021ને મંજૂરી આપી છે.**

→ લગભગ 6000 થી 8000 વર્ગીકૃત દુર્લભ બિમારીઓ છે, પરંતુ માત્ર 5 ટકાથી ઓછાનો ઈલાજ ઉપલબ્ધ છે. ઉદા. તરીકે લાયસોસોનલ સ્ટોરેજ ડિસઓર્ડર, પોમ્પેડિસીઝ, સાઈસ્ટિક ફાઈબ્રોસિસ હિમોફિલિયા વગેરે. ભારતમાં દુર્લભ રોગોથી અસરગ્રસ્ત લગભગ 5 થી 10 કરોડ લોકો છે. આ નીતિ

અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, આ રોગીઓમાંથી લગભગ 80 ટકા બાળકો છે, જેમાંથી મોટાભાગના ગંભીર માંદગી અને મૃત્યુદરના કારણે પુખ્તવયે પહોંચી શકતા નથી.

→ રાષ્ટ્રીય દુર્લભ રોગ નીતિ, 2021નું લક્ષ્ય :

⇒ દવાઓ અને સ્વદેશી સંશોધન અને સ્થાનિક ઉત્પાદન પર ધ્યાન આપવું.

⇒ દુર્લભ રોગોના ઈલાજનો ખર્ચ ઓછો કરવો.

⇒ પ્રારંભિક તબક્કામાં દુર્લભ રોગોનું સ્ક્રીનિંગ અને તપાસ કરવી.

→ રાષ્ટ્રીય દુર્લભ રોગ નીતિ, 2021ની મુખ્ય જોગવાઈઓ :

⇒ આ નીતિએ દુર્લભ રોગોને ત્રણ સમૂહમાં વર્ગીકૃત કર્યા છે –
સમૂહ – 1 : એકવાર સારવારની જરૂરિયાતવાળા વિકાર
સમૂહ – 2 : દીર્ઘકાલીન અથવા આજીવન સારવારની જરૂરિયાતવાળા વિકાર
સમૂહ – 3 : એવા રોગો જેના માટે નિશ્ચિત ઈલાજ ઉપલબ્ધ છે, પરંતુ તેનો ઈલાજ ખર્ચ ખૂબ જ વધુ છે.

⇒ જે લોકો સમૂહ 1 અંતર્ગત સૂચિબદ્ધ દુર્લભ રોગોથી પીડિત છે, તેને રાષ્ટ્રીય આરોગ્ય નિધિ યોજના અંતર્ગત 20 લાખ રૂપિયા સુધીની નાણાકીય સહાય આપવામાં આવશે.

⇒ આ નીતિનો ઉદ્દેશ 'ઉત્કૃષ્ટતા કેન્દ્ર' તરીકે વર્ણિત 8 આરોગ્ય સુવિધાઓના માધ્યમથી દુર્લભ રોગોની રોકથામ અને ઉપચાર માટે તૃતીયક આરોગ્ય દેખરેખ સુવિધાઓને મજબૂત બનાવવાનો છે તથા નિદાન સુવિધાઓમાં સુધારા માટે રૂ. 5 કરોડ સુધીની ઉચ્ચ નાણાકીય સહાયતા પણ પ્રદાન કરવામાં આવશે.

⇒ સંશોધન અને વિકાસમાં રસ ધરાવતા લોકો માટે પર્યાપ્ત ડેટા સુનિશ્ચિત કરવા માટે દુર્લભ રોગોની એક રાષ્ટ્રીય હોસ્પિટલ આધારિત રજિસ્ટ્રી બનાવવામાં આવશે.

❖ **તાજેતરમાં રાષ્ટ્રપતિએ ટ્રિબ્યુનલ રિફોર્મ્સ (સુવ્યવસ્થીકરણ અને સેવાની શરતો) વટહુકમ, 2021 જાહેર કર્યો.**

→ આ વટહુકમ દ્વારા વર્તમાનની અપીલ ટ્રિબ્યુનલ્સની કામગીરી અન્ય ન્યાયિક એકમો (હાઈકોર્ટ)ને હસ્તાંતરિત કરવામાં આવી છે. આ વટહુકમ દ્વારા ફાઈનાન્સ એક્ટ, 2017માં સુધારો કરવામાં આવ્યો છે. જેથી શોધ–કમ–પસંદગી સમિતિઓના સંયોજન અને તેના સભ્યોના કાર્યકાળની અવધિ સંબંધિત જોગવાઈઓને તેમાં સામેલ કરી શકાય.

→ કેન્દ્ર સરકાર દ્વારા ટ્રિબ્યુનલ્સના અધ્યક્ષ અને સભ્યોને એક શોધ–કમ–પસંદગી સમિતિની ભલામણના આધારે નિયુક્ત કરવામાં આવશે. આ સમિતિમાં નીચે મુજબના સભ્યો હશે :

⇒ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અથવા તેના દ્વારા નિયુક્ત સુપ્રીમ કોર્ટના અન્ય ન્યાયાધીશ જે સમિતિના અધ્યક્ષ પણ હશે.

⇒ કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત 2 સચિવ.

⇒ વર્તમાન અથવા નિવૃત્ત થઈ રહેલા અધ્યક્ષ અથવા સુપ્રીમ કોર્ટના સેવાનિવૃત્ત ન્યાયાધીશ અથવા હાઈકોર્ટના સેવાનિવૃત્ત મુખ્ય ન્યાયમૂર્તિ.

⇒ જે મંત્રાલય અંતર્ગત ટ્રિબ્યુનલનું ગઠન કરવામાં આવ્યું છે, તેના સચિવ.

⇒ ટ્રિબ્યુનલ્સના અધ્યક્ષનો કાર્યકાળ 4 વર્ષ અથવા તેમની ઉંમર 70 વર્ષ સુધી રહેશે.

⇒ ટ્રિબ્યુનલ્સના અન્ય સભ્યોનો કાર્યકાળ 4 વર્ષ અથવા તેમની ઉંમર 67 વર્ષ સુધી નો રહેશે.

❖ **તાજેતરમાં 15મા નાણાં પંચના અધ્યક્ષ એન.કે.સિંહે આરોગ્યને રાજ્ય યાદીમાંથી સ્થાનાંતરિત કરીને સમવર્તી યાદીમાં સમાવવા સૂચન કર્યું છે.**

→ એન.કે.સિંહે આરોગ્ય સંભાળ ક્ષેત્રે રોકાણ કરવા માટે સમર્પિત ડેવલપમેન્ટ ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટ્યૂટ (DFI) માટે પણ કાર્ય કર્યું છે. આરોગ્યને સમવર્તી યાદીમાં સ્થાનાંતરિત કરવાની કેન્દ્ર સરકારને નિયામક પરિવર્તનો લાગુ કરવા, વધુ સારી આરોગ્ય સેવા પ્રદાન કરવા અને તમામ પક્ષોની જવાબદારીઓ સુદૃઢ કરવા માટે વધુ તક મળશે.

→ એન.કે.સિંહના સૂચનો :

⇒ આરોગ્ય પર સરકારી ખર્ચને વર્ષ 2025 સુધીમાં GDPના 2 થી 5%સુધી વધારવો જોઈએ.

⇒ વિશેષરૂપે પ્રાથમિક આરોગ્ય સેવા તમામ રાજ્યોની એક મૌલિક પ્રતિબદ્ધતા હોવી જોઈએ અને ઓછામાં ઓછું 2/3 કરની ફાળવણી આરોગ્ય ક્ષેત્ર માટે કરવી જોઈએ.

⇒ અખિલ ભારતીય ચિકિત્સા અને સ્વાસ્થ્ય સેવાનું ગઠન કરવુ જોઈએ.

❖ **તાજેતરમાં ગૃહ મંત્રાલયે લોકસભાને સૂચિત કરી હતી કે હાલમાં આસામ (બંધારણની છઠ્ઠી અનુસૂચિ અંતર્ગત આવતું રાજ્ય)માં પંચાયતી રાજ પ્રણાલી લાગુ કરવાનો કોઈ પ્રસ્તાવ નથી.**

→ જાન્યુઆરી 2019માં 125મું બંધારણીય સુધારા વિધેયક, 2019ને નાણાં આયોગ અને બંધારણની છઠ્ઠી અનુસૂચિ સંબંધિત જોગવાઈઓમાં સુધારો કરવા માટે રાજયસભામાં રજૂ કરાયું હતું. બંધારણની છઠ્ઠી અનુસૂચિમાં આસામ, મેઘાલય, મિઝોરમ અને ત્રિપુરાના આદિજાતિ ક્ષેત્રો માટે વહીવટી વ્યવસ્થા કરવામાં આવી છે. આ વિશેષ જોગવાઈ બંધારણના અનુચ્છેદ 244(2) અને અનુચ્છેદ 275(1) અંતર્ગત કરવામાં આવેલી છે.

❖ **10 એપ્રિલ, 2021ના સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ ડી.વાય.ચંદ્રચૂડે આગામી અને ઓમિદયાર નેટવર્ક ઈન્ડિયા દ્વારા વિકસિત તેના પ્રકારની પ્રથમ ઓનલાઈન વિવાદ નિવારણ હેન્ડબુક જારી કરી હતી.**

→ હેન્ડબુકનો વિકાસ નીતિ આયોગના સહયોગથી ICICI બેંક, અશોકા ઈનોવેટર્સ ફોર ધ પબ્લિક, ટ્રાઈલીગલ, ડલબર્ગ, દ્વારા અને NIPFPના સહયોગથી કરાયો છે. આ હેન્ડબુક એક વ્યક્તિને સફળતાપૂર્વક ઓનલાઈન તકરાર નિવારણ અપનાવવા માટે સુસજ્જ કરવા માટે આંતરદૃષ્ટિ અને શીખ આપે છે.

❖ **કેન્દ્ર સરકારે એક વર્ષની અંદર દેશના દરેક ભુખંડ માટે 14 આંકડાનો યુનિક લેન્ડ પાર્સલ આઈડેન્ટિફિકેશન નંબર (ULPIN) જારી કરવાની યોજના બનાવી છે.**

→ વર્ષ 2021માં ULPIN યોજનાને 10 રાજ્યોમાં શરૂ કરવામાં આવી છે, જે માર્ચ 2022 સુધીમાં આખા દેશમાં લાગુ કરવામાં આવશે. ULPINને 'ભૂમિની આધાર સંખ્યા' તરીકે ઓળખવામાં આવે છે. આ એક એવી સંખ્યા છે જે ભૂમિના દરેક ભાગની ઓળખ કરશે જેનું સર્વેક્ષણ થઈ ગયું છે, વિશેષરૂપે ગ્રામીણ ભારતમાં જ્યાં સામાન્ય રીતે જમીનના રેકોર્ડ ઘણો જૂનો અને વિવાદિત હોય છે. આનાથી જમીન સંબંધિત છેતરપિંડી પર રોક લાગશે. ULPIN અંતર્ગત જમીનની ઓળખ તેના અક્ષાંશ અને રેખાંશના આધારે કરવામાં આવશે. ULPIN એ ડિજિટલ ઈન્ડિયા લેન્ડ રેકોર્ડ્સ મોડર્નાઈઝેશન પ્રોગ્રામ (DILRMP)નો આગામી તબક્કો છે. ULPINના માધ્યમથી યોગ્ય લેન્ડ સ્ટેટિસ્ટકસ અને લેન્ડ એકાઉન્ટિંગના કાર્યો સમાપ્ત કરી શકાય છે, જે જમીન વિકાસ બેંકોને વિકસિત કરવામાં સહાયક બનશે તથા ઈન્ટેગ્રેટેડ લેન્ડ ઈન્ફર્મેશન મેનેજમેન્ટ સિસ્ટમ (ILIMS) તરફ લઈ જવામાં મદદ કરશે.

❖ **ગૂગલ અને માઈક્રોસોફ્ટે ભારતને COVID-19 વિરુદ્ધની તેની લડાઈમાં સહાય કરવાનો નિર્ધાર વ્યકત કર્યો છે.**

→ ગૂગલ ભારતને 18 મિલિયન USD (અંદાજે રૂ.135 કરોડ) પૂરાં પાડશે જ્યારે માઈક્રોસોફ્ટ ભારતને ઓકિસજન કોન્સન્ટ્રેશન ઉપકરણો ખરીદવામાં સહાય કરશે. આ ઘોષણા ગૂગલના ભારતીય મૂળના CEO સુંદર પિચાઈ અને માઈક્રોસોફ્ટના મૂળ ભારતીય CEO સત્ય નાડેલાએ કરી હતી.

❖ **COVID-19 મહામારીને અનુલક્ષીને મે 2020માં લોકડાઉન જેવી સ્થિતિના કારણે વિદેશોમાં ફસાયેલા ભારતીય નાગરિકોને પરત લાવવા શરૂ કરાયેલું વંદે ભારત મિશન કોઈ દેશ દ્વારા તેના નાગરિકોને પરત લાવવાની સૌથી મોટી પહેલોમાંનું એક બની ગયું છે.**

→ કોરોનાને કારણે વૈશ્વિક યાત્રા પર પ્રતિબંધ હોવાથી વિદેશોમાં ફસાયેલા ભારતીય નાગરિકોને પરત લાવવા માટે અત્યાર સુધીનું સૌથી મોટું નાગરિક બચાવ અભિયાન છે. આ મિશન તેના 10મા ચરણમાં છે અને તે અંતર્ગત અત્યારસુધી લગભગ 32 લાખ યાત્રીઓને સુરક્ષિત ઘરે પહોંચાડયા છે.

❖ **તાજેતરમાં ગૃહ મંત્રાલયે ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ, 2005 લાગુ કરીને ઓકિસજન લઈ જતા વાહનોના મુકત આંતરરાજય સંચાલનનો આદેશ આપ્યો છે.**

→ આ અધિનિયમની કલમ 2(d) માં 'આપદા' પરિભાષિત કરવામાં આવી છે. જે અંતર્ગત આપદાનો અર્થ પ્રાકૃતિક અથવા માનવ સર્જિત કારણોથી ઉત્પન્ન કોઈપણ ક્ષેત્રમાં વિનાશ, અકસ્માત, આપત્તિ અથવા ગંભીર ઘટના સાથે છે.

❖ **રેલવે મંત્રાલયે તાજેતરમાં ઘોષણા કરી હતી કે 'ઓકિસજન એકસપ્રેસ ટ્રેનો'ની ઝડપી આવનજાવન સુનિશ્ચિત કરવા તે ગ્રીન કોરિડોરની રચના કરશે.**

→ આ ઓકિસજન એકસપ્રેસ ટ્રેનો COVID-19 મહામારીનો શિકાર દર્દીઓને ઓકિસજનની અછતનો મુદ્દો હલ કરવા માટે હાલમાં દોડાવાઈ રહી છે. ભારતીય રેલવે ખાલી ટેન્કરો બોઈસર અને કલામબોલી રેલવે સ્ટેશનોથી દોડાવશે. આ બન્ને સ્ટેશનો મુંબઈ નજીક છે.

❖ **કૃષિ વ્યવસ્થાપન અને વિતરણ પ્રણાલીમાં સુધારો કરવા માટે કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય તથા માઈક્રોસોફ્ટ ઈન્ડિયા વચ્ચે સમજૂતી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.**

→ આ સમજૂતી અનુસાર, લણણી પછી વ્યવસ્થાપન અને વિતરણ સહિત સ્માર્ટ અને સુવ્યવસ્થિત કૃષિ માટે ખેડૂત ઈન્ટરફેસ વિકસિત કરવા માટે 6 રાજ્યો (ઉત્તરપ્રદેશ, મધ્ય પ્રદેશ, ગુજરાત, હરિયાણા, રાજસ્થાન અને આંધ્ર પ્રદેશ) ના 10 જિલ્લાઓમાં પસંદગીના 100 ગામોમાં પાઈલટ પ્રોજેકટ શરૂ કરવામાં આવશે. આ પ્રોજેકટનો સમયગાળો લગભગ 1 વર્ષનો રહેશે.

❖ **તાજેતરમાં આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે 'ઈટ સ્માર્ટ સિટીઝ ચેલેન્જ' અને 'ટ્રાન્સપોર્ટ 4 ઓલ ચેલેન્જ'ની શરૂઆત કરી.**

→ આ ચેલેન્જનો ઉદ્દેશ યોગ્ય ખાણીપીણી પ્રથાઓ અને આદતોના પરિવેશ સાથે જાહેર પરિવહન સુરક્ષિત, ફળદાયી, આરામદાયક અને વિશ્વસનીય બનાવવાનો છે.

→ 'ઈટ–રાઈટ ઈન્ડિયા' અંતર્ગત વિવિધ પહેલોને અપનાવવા અને પ્રોત્સાહન આપવા માટે રાજયો દ્વારા કરવામાં આવેલા વિવિધ પ્રયત્નોને માન્યતા આપવા માટે 'ઈટ સ્માર્ટ સિટીઝ' ચેલેન્જને શહેરો વચ્ચે પ્રતિસ્પર્ધા તરીકે શરૂ કરવામાં આવી છે. આ ચેલેન્જમાં તમામ સ્માર્ટ સિટી, રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોની રાજધાનીઓ અને 5 લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરો ભાગ લેશે. આ ચેલેન્જનો ઉદ્દેશ સ્માર્ટ સિટીઝને એક એવી યોજના વિકસિત કરવા માટે પ્રેરિત કરવાનો છે જે સંસ્થાગત, ભૌતિક, સામાજિક અને આર્થિક ઈન્ફ્રાસ્ટ્રકચર દ્વારા સમર્થિત સ્વસ્થ, સુરક્ષિત અને સ્થાયી ખાદ્ય વાતાવરણનું સમર્થન કરતી હોય અને સાથે જ તેમાં ભોજન સંબંધિત મુદ્દાઓ સામે લડવા માટે 'સ્માર્ટ' સમાધાન પણ સામેલ થાય.

→ આ પહેલ ધ ઈન્સ્ટિટ્યૂટ ફોર ટ્રાન્સપોર્ટેશન એન્ડ ડેવલપમેન્ટ પોલિસી (ITDP)ના સહયોગથી શરૂ કરવામાં આવી છે અને તેનો ઉદ્દેશ જાહેર પરિવહનમાં સુધારો કરવા માટેના સમાધાન વિકસિત કરવા માટે શહેરો, નાગરિક સમૂહો અને સ્ટાર્ટઅપને એકસાથે લાવવાનો છે. ITDP એક બિનસરકારી બિનનફાકારક સંગઠન છે, જે બસ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ (BRTS) વિકસિત કરવા અને બિનમોટર પરિવહનને પ્રોત્સાહન આપવા તથા ખાનગી બસ ઓપરેટરોના માર્જિનમાં સુધારો કરવા પર કેન્દ્રીત છે.

❖ **તાજેતરમાં સરકાર દ્વારા ડો.બાબાસાહેબ આંબેડકરની 130મી જન્મજયંતી નિમિત્તે 'નેશનલ કમિશન ફોર શિડયુલ્ડ કાસ્ટ્સ (NCSC)' માટે એક ઓનલાઈન ફરિયાદ વ્યવસ્થાપન પોર્ટલનો શુભારંભ કરાયો છે.**

→ આ પોર્ટલ અનુસૂચિત જાતિ સાથે સંબંધિત કેસોમાં ફરિયાદ દાખલ કરવાની પ્રક્રિયા સરળ બનાવશે. આ પોર્ટલ ઈલેકટ્રોનિકસ અને IT મંત્રાલય અંતર્ગત ભાસ્કરાચાર્ય ઈન્સ્ટિટ્યૂટ ફોર સ્પેસ એપ્લિકેશન એન્ડ જ્યોઈન્ફર્મેટિકસ (BISAG-N) દ્વારા સેન્ટર ઓફ એકસેલેન્સ તરીકે ડિઝાઈન કરવામાં આવ્યું છે. NCSC ફરિયાદ વ્યવસ્થાપન પોર્ટલ, અનુસૂચિત જાતિના નાગરિકો વિરુદ્ધ થયેલા અત્યાચારો સંબંધિત ફરિયાદો દાખલ કરશે.

❖ **તાજેતરમાં ભારત સરકારે ભારતના લોકોના માનસિક સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવા માટે મોબાઈલ એપ માનસ (Mental Health and Normalcy Augmentation System – MANAS) લોન્ચ કરી છે.**

→ MANAS ને રાષ્ટ્રીય કાર્યક્રમ તરીકે પ્રાઈમ મિનિસ્ટર્સ સાયન્સ, ટેકનોલોજી એન્ડ ઈનોવેશન એડવાઈઝરી કાઉન્સિલ (PM-STIAC) નું સમર્થન મળેલું છે.

→ PM-STIAC : તે એક ખૂબ જ મહત્વપૂર્ણ પરિષદ છે જે મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર કાર્યાલયને વિશિષ્ટ વિજ્ઞાન અને ટેકનોલોજી સંબંધી સ્થિતિનું આકલન કરવા, આ ક્ષેત્રના પડકારો સમજવા, વિશિષ્ટ હસ્તક્ષેપ, ભવિષ્યની રૂપરેખાને વિકસિત કરવા અને તદાનુસાર વડાપ્રધાનને સલાહ આપવાની સુવિધા પ્રદાન કરે છે.

→ વિકસિત કરનારી સંસ્થાઓ : નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ મેન્ટલ હેલ્થ એન્ડ ન્યૂરો સાયન્સીઝ (NIMHANS), બેંગલુરુ , આર્મ્ડ ફોર્સીઝ મેડિકલ કોલેજ (AFMC), પુણે અને સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ્ડ કમ્પ્યૂટિંગ (CDAC) બેંગલુરુ.

→ લાભાર્થી કોણ : તમામ વય વર્ગના લોકોના સર્વાંગી કલ્યાણ સાથે MANAS ની પ્રારંભિક આવૃત્તિ 15-35 વર્ષના આયુ વર્ગમાં સકારાત્મક માનસિક સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવા પર કેન્દ્રીત છે.

→ MANAS નું આદર્શ વાકય : 'ઉત્તમ મન, સક્ષમ જન'

❖ **તાજેતરમાં કેન્દ્રીય સતર્કતા આયોગ દ્વારા સરકારી સંગઠનોના સતર્કતા એકમોમાં અધિકારીઓની ટ્રાન્સફર અને પોસ્ટિંગ સંબંધિત દિશાનિર્દેશોમાં સુધારો કરીને અધિકારીઓના કાર્યકાળને કોઈ એક સ્થાને 3 વર્ષ સુધી મર્યાદિત કરી દેવાયો છે.**

→ રાષ્ટ્રીય ભ્રષ્ટાચાર પર અંકુશ લગાડવા માટે 3 મુખ્ય સંસ્થાઓ છે. લોકપાલ, CVC અને સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI).

❖ **નેશનલ બેંક ફોર એગ્રિકલ્ચર એન્ડ રુરલ ડેવલપમેન્ટ (NABARD)ના સહયોગથી મહરત્તા ચેમ્બર ઓફ કોમર્સ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ એગ્રિકલ્ચર (MCCIA) દ્વારા ભારતનું પ્રથમ કૃષિ નિકાસ સુવિધા કેન્દ્ર પુણેમાં લોન્ચ કરવામાં આવ્યું છે.**

→ આ સુવિધા કેન્દ્ર કૃષિ ક્ષેત્રમાં નિકાસકારો માટે વનસ્ટોપ શોપ તરીકે કાર્ય કરશે. આ કેન્દ્ર એક નોલેજ બેંગ વિકસિત કરશે, જ્યાં નિકાસના વિવિધ પાસાઓ અને પ્રવૃત્તિઓ સંબંધિત જ્ઞાન, માહિતી અને ડેટા વગેરે એકત્રિત કરવામાં આવશે. આ કેન્દ્ર નિકાસકારોને એગ્રિકલ્ચરલ એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડકટ્સ એકસપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (APEDA)ની યોજનાઓ અંગે જાગૃતિ ફેલાવશે અને તેની યોજનાઓનો લાભ મેળવવાની પ્રક્રિયા અંગે જાણકારી આપશે.

❖ **સામાજિક ન્યાય અને અધિકારરિતા મંત્રાલયે જાહેરનામું બહાર પાડીને તમામ રાજયો / કેન્દ્રશાસિત પ્રદેશો માટે 1 જૂન, 2021થી ઓનલાઈન મોડમાં યુનિક ડિસેબિલિટી ID (Unique Disability ID = UDID) પોર્ટલના માધ્યમથી દિવ્યાંગતા પ્રમાણપત્ર જારી કરવું ફરજિયાત કરી દીધું છે.**

→ આ પ્રોજેકટ અમલીકરણના તમામ સ્તરો – ગ્રામીણ સ્તર, તાલુકા સ્તર, જિલ્લા સ્તર, રાજય સ્તર અને રાષ્ટ્રીય સ્તર પર લાભાર્થીઓની ભૌતિક અને નાણાકીય પ્રવૃત્તિનું ટ્રેકિંગ સરળ બનાવવામાં પણ મદદ કરશે.

❖ **માર્ગ પરિવહન અને હાઈવે મંત્રી નીતિન ગડકરીએ તાજેતરમાં ઘોષણા કરી હતી કે ભારત સરકારે આગામી બે વર્ષોમાં રૂ.15 લાખ કરોડના માર્ગ નિર્માણનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે.**

→ આ લક્ષ્યાંકને સિદ્ધ કરવા ભારત સરકારનો ઉદ્દેશ વર્ષ 2021-22માં પ્રતિદિન 40 કિ.મી. માર્ગ નિર્માણનો છે. ભારત સરકાર માર્ગ ક્ષેત્રમાં 100% પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FDI)ની પરવાનગી આપી રહી છે.

❖ **તાજેતરમાં નવા શીખ ગુરુ ગુરુ તેગ બહાદુરના 400મા પ્રકાશ પર્વ (જન્મ શતાબ્દી) નિમિત્તે તેમના જન્મસ્થળ ગુરુદ્વારા ગુરુના મહેલમાં શ્રી અખંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું.**

→ ગુરુ તેગ બહાદુરને શીખો દ્વારા 'માનવતાના રક્ષક' (શ્રીષ્ટ–દી–યાદર)ના રૂપમાં યાદ કરાય છે.

→ લેખનને પવિત્ર ગ્રંથ 'ગુરુ ગ્રંથસાહિબ'માં 116 કાવ્યાત્મક ભજનોના રૂપે રખાયું છે. તેમણે એક મિશન દરમિયાન પંજાબમાં ચાક નાનકી શહેરની સ્થાપના કરી જે પછીથી પંજાબના આનંદપુર સાહિબનો ભાગ બની ગયું. ગુરુ તેગબહાદુરની વર્ષ 1675માં દિલ્હીના મુગલ સમ્રાટ ઔરંગઝેબના આદેશથી હત્યા કરાઈ હતી.

❖ **તાજેતરમાં દિલ્હી હાઈકોર્ટે કેન્દ્ર સરકારને નેશનલ કમિશન ફોર માઈનોરિટીઝ (NCM)ના અધ્યક્ષ તથા 5 અન્ય સભ્યોના ખાલી પદોને 31 જુલાઈ, 2021 સુધીમાં ભરવાનો આદેશ કર્યો છે.**

→ વર્ષ 1978માં ગૃહ મંત્રાલય દ્વારા પસાર કરવામાં આવેલા ઠરાવમાં લઘુમતી આયોગ (MC)ની સ્થાપનાની પરિકલ્પના કરવામાં આવી હતી. વર્ષ 1984માં લઘુમતી આયોગને ગૃહ મંત્રાલયથી અલગ કરવામાં આવ્યું અને તેને નવનિર્મિત કલ્યાણ મંત્રાલય અંતર્ગત મૂકવામાં આવ્યું હતું. જેણે વર્ષ 1988માં ભાષાકીય લઘુમતીને આયોગના અધિકાર ક્ષેત્રોથી દૂર કરી દીધા. વર્ષ 1992માં રાષ્ટ્રીય લઘુમતી આયોગ અધિનિયમ, 1992થી લઘુમતી આયોગ (NCM) કરી દેવામાં આવ્યું. વર્ષ 1993માં પ્રથમ વૈધાનિક રાષ્ટ્રીય આયોગનું ગઠન કરવામાં આવ્યું અને 5 ધાર્મિક સમુદાયો મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, બૌદ્ધ અને પારસીને લઘુમતી સમુદાયો તરીકે અધિસૂચિત કરવામાં આવ્યા. વર્ષ 2014માં જૈન ધર્મમાં માનનારાને પણ લઘુમતી સમુદાય તરીકે અધિસૂચિત કરવામાં આવ્યા.

→ NCMમાં એક અધ્યક્ષ, એક ઉપાધ્યક્ષ અને 5 સભ્યો હોય છે અને આ તમામની પસંદગી લઘુમતી સમુદાયોમાંથી કરવામાં આવે છે. દરેક સભ્યનો કાર્યકાળ 3 વર્ષનો હોય છે.

❖ **ભારતીય નૌકાદળે ભારતમાં ઓકિસજન ભરેલા કન્ટેનરોના શિપમેન્ટ માટે 'ઓપરેશન સમુદ્ર સેતુ–II' શરૂ કર્યું છે.**

→ અત્રે ઉલ્લેખનીય છે કે ઓપરેશન સમુદ્ર સેતુને COVID-19 મહામારી દરમિયાન વિદેશોમાં ફસાયેલા ભારતીય નાગરિકોને પરત લાવવાના રાષ્ટ્રીય પ્રયાસ અંતર્ગત મે 2020માં લોન્ચ કરાયું હતું.

❖ **8 એપ્રિલ, 2021ના કેન્દ્રીય શિક્ષણ મંત્રી રમેશ પોખરિયાલ નિશંકએ શાળા શિક્ષણ માટે નેશનલ એજ્યુકેશન પોલિસી (NEP - રાષ્ટ્રીય શિક્ષણ નીતિ)ની અમલીકરણ યોજના શરૂ કરી છે, જેનું નામ SARTHAQ (સ્ટુડન્ટ્સ એન્ડ ટીચર્સ હોલિસ્ટિક એડવાન્સમેન્ટ થ્રૂ કવોલિટી એજ્યુકેશન) છે.**

→ આ યોજના NEP 2020ના લક્ષ્યાંકો અને ઉદ્દેશોને પ્રાપ્ત કરવામાં મદદ કરશે. SARTHAQ શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, શિક્ષણ મંત્રાલય દ્વારા વિકસિત કરાઈ છે. તેને ભારતીય સ્વતંત્રતાના 75 વર્ષોની ઉજવણીરૂપે આયોજિત 'અમૃત મહોત્સવ' ભાગરૂપે લોન્ચ કરાઈ હતી.

# સફળતાનો સાચો માર્ગ એટલે 2021ની ભરતીની રાહ જોયા વગર તૈયારી શરૂ કરવી

950 થી વધુ સફળ વિદ્યાર્થીઓ

## 2021 માં આવનાર વિવિધ ભરતીઓના વર્ગો

- GPSC Class - III
- ના. મામલતદાર Dy.SO
- તલાટી કમ મંત્રી
- જુનીયર-સિનિયર ક્લાર્ક
- PSI / ASI
- કોન્સ્ટેબલ
- TET-I/II
- રેવન્યૂ તલાટી
- બિન સચિવાલય/સચિવાલય ક્લાર્ક

ગણિત
તર્કશક્તિ
English
ગુજરાતી
વર્તમાન પ્રવાહો
ની વિશેષ
તૈયારી

Govt. Jobs

તૈયારી માટેના નવા વર્ગો ટૂંક સમયમાં શરૂ

આજે જ આપની નજીકની શાખાનો સંપર્ક કરો..

(Creating A Way For Govt. Jobs)
**Banking Academy**
(Preparation for All Types of Competitive Exams)

WE ARE NOW OPEN FOR INQUIRY & ADMISSION

| સુરત-HO | વરાછા | વ્યારા | નવસારી | વલસાડ |
|---|---|---|---|---|
| સોસિયો સર્કલ (ઉધના) | સુરત | વ્યારા | નવસારી | વલસાડ |
| 70466 33255 | 70464 16555 | 90998 64658 | 70466 41555 | 81401 37555 |

❖ **તાજેતરમાં પંચાયતી રાજ મંત્રાલયે સ્વામિત્વ યોજનાને સમગ્ર દેશમાં લાગુ કરવાનું માળખું જારી કર્યું છે.**

→ સ્વામિત્વ (SWAMITVA)નું પૂરું નામ 'સર્વે ઓફ વિલેજીસ એન્ડ મેપિંગ વિથ ઈમ્પ્રુવાઈઝ્ડ ટેકનોલોજી ઈન વિલેજ એરિયાઝ' છે. આ કેન્દ્ર પ્રાયોજિત યોજના છે જેની શરૂઆત ગ્રામીણ ભારત માટે એકીકૃત સંપત્તિ માન્યતા સમાધાનના ઉદ્દેશથી 24 એપ્રિલ, 2020ના રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસના અવસરે કરાઈ હતી.

→ આ યોજના દ્વારા ગ્રામીણ વસતીવાળા ક્ષેત્રોનું સીમાંકન ડ્રોન સર્વેક્ષણ અને કન્ટિન્યૂઅસલી ઓપરેટિંગ રેફરન્સ સ્ટેશન (CORS) નેટવર્કનો ઉપયોગ કરીને કરાશે જે 5 સે.મી. સુધી મેપિંગ ચોકસાઈ પ્રદાન કરશે. તે ગ્રામ્ય ક્ષેત્રોના રહેવાસીઓને સંપત્તિનો અધિકાર પ્રદાન કરે છે.

→ ગ્રામીણ આયોજન માટે જમીનના સચોટ રેકોર્ડનું નિર્માણ કરવાનો. સર્વેક્ષણ સંબંધી બુનિયાદી માળખું અને ભૌગોલિક માહિતી પ્રણાલી (GIS-જ્યોગ્રાફિકલ ઈન્ફર્મેશન સિસ્ટમ) નકશાઓનું નિર્માણ જેનો ઉપયોગ કોઈપણ વિભાગ દ્વારા કરી શકાશે.

→ GIS નકશાઓનો ઉપયોગ કરી સારો ગુણવત્તાયુકત ગ્રામ પંચાયત ડેવલપમેન્ટ પ્લાન (GPDP) તૈયાર કરવામાં મદદ કરવાનો. મિલકત સંબંધી વિવાદો અને કાનૂની બાબતોમાં ઘટાડો કરવાનો.

→ પંચાયતી રાજ મંત્રાલય (MoPR) આ યોજના માટે નોડલ મંત્રાલય છે. રાજ્યોમાં મહેસૂલ વિભાગ / ભૂમિ રેકોર્ડ વિભાગ નોડલ વિભાગ રહેશે. ભારતીય સર્વે વિભાગ આ યોજના માટે ટેકનોલોજી અમલીકરણ એજન્સી છે.

❖ **ભારતીય સેનામાં હવે મહિલાઓ પણ દેશની સુરક્ષાની જવાબદારી ઉઠાવતી નજરે પડશે.**

→ મહિલા સૈન્ય પોલીસની પહેલી બેચને 8 મે, 2021ના સખત આકરી તાલીમ બાદ ભારતીય સેનામાં સામેલ કરાઈ છે. બેંગલુરુ સ્થિતિ કોર્સ ઓફ મિલિટરી પોલીસ સેન્ટર એન્ડ સ્કૂલ (CMPC&S) એ દ્રોણાચાર્ય પરેડ ગ્રાઉન્ડમાં 83 મહિલા સૈનિકોના પ્રથમ જથ્થાને પરેડ બાદ ભારતીય સૈન્યમાં સામેલ કર્યો હતો. અત્યાર સુધી, મહિલાઓ માત્ર સૈન્ય અધિકારીઓ તરીકે ફરજ બજાવતી હતી. પહેલીવાર મહિલાઓને બિનઅધિકારી શ્રેણીમાં સામેલ કરાઈ છે.

❖ **તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યોના મુખ્યમંત્રીઓને 'ટીકા ઉત્સવ'નું આયોજન કરવા અપીલ કરી હતી.**

→ ટીકા ઉત્સવનું આયોજન મહાત્મા જ્યોતિરાવ ફુલેની જન્મજયંતી (11 એપ્રિલ) નિમિત્તે શરૂ થયો હતો અને 14 એપ્રિલ, 2021ના રોજ ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતી સુધી શરૂ રહ્યો હતો. 4 દિવસીય ટીકા ઉત્સવનો ઉદ્દેશ પ્રાથમિક સમૂહો અને COVID-19 રસીના ઓછામાં ઓછો બગાડ કરીને વધુમાં વધુ લોકોનું રસીકરણ કરવાનો છે.

## આંતરરાજ્ય

❖ **તાજેતરમાં લક્ષદ્વીપના વહીવટકાર પ્રફુલ પટેલ દ્વારા લક્ષદ્વીપમાં નવા વહીવટી સુધારણાની જાહેરાત કરી હતી જેનો ઘણા લોકો વિરોધ કરી 'લક્ષદ્વીપ બચાવો અભિયાન' શરૂ કર્યું છે.**

→ પ્રફુલ પટેલે ગુંડા એકટ તરીકે પણ ઓળખાતો પ્રિવેન્શન ઓફ એન્ટિ સોશિયલ એકિટવિટીઝ એકટ (PASA), 2021 દાખલ કર્યો છે. જે અન્વયે પોલીસ એક વર્ષ સુધી ગમે તેની ધરપકડ કોઈપણ જાતની જાહેર ઘોષણા વગર કરી શકે છે.

→ વધુ એક વહીવટી સુધારો લક્ષદ્વીપ ડેવલપમેન્ટ ઓથોરિટી રેગ્યુલેશન 2021 (LADR) છે જે પ્રશાસનને લક્ષદ્વીપ ટાપુમાં કોઈ વિકાસ યોજના અથવા શહેરી આયોજન પ્રવૃત્તિ માટે ટાપુવાસીઓને તેમની મિલકતમાંથી રિલોકેટ અથવા તો દૂર કરવાની સત્તા આપે છે. LADR મુસદ્દા ખરડો ટાપુવાસીઓની સંપત્તિ કબજામાં રાખવાનો અધિકાર પણ પ્રશાસનને આપે છે.

→ નવા સુધારાઓમાં લક્ષદ્વીપમાં પ્રવાસનને વેગ આપવા શરાબની દુકાનો ખોલવાની પણ મંજૂરી આપે છે, જે લક્ષદ્વીપમાં અત્યારસુધી મુસ્લિમોની બહુમતી વસતી ધ્યાનમાં રાખી પ્રતિબંધિત હતી.

→ સુધારાઓ એવું પણ જણાવે છે કે બે થી વધુ બાળકો ધરાવતા લોકો લક્ષદ્વીપમાં પંચાયતની કોઈ ચૂંટણી લડી શકાશે નહીં.

→ વધુમાં મધ્યાહન ભોજન યોજનામાંથી માંસાહારી ભોજન દૂર કરાયું છે અને ગૌમાંસ પર પ્રતિબંધ લદાયો છે.

❖ **તાજેતરમાં પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન (PM – KUSUM) યોજના અંતર્ગત પ્રથમ કૃષિ આધારિત સોલાર પાવર પ્લાન્ટ જયપુર (રાજસ્થાન) જિલ્લાના કોટપૂતલી તાલુકાના ભાગલોજી ગામમાં સ્થપાયો છે.**

→ આ યોજના અંતર્ગત કૃષિ આધારિત સૌરઊર્જા પ્રોજેકટ ધરાવતું ભારતનું પ્રથમ રાજ્ય રાજસ્થાન બન્યું છે.

→ PM-KUSUM યોજના ઊર્જા મંત્રાલય (નવી અને પુનઃપ્રાપ્ય) દ્વારા ગ્રામ્ય ક્ષેત્રોમાં ઓફ–ગ્રિડ સૌર ઊર્જા પમ્પની સ્થાપના અને ગ્રિડથી જોડાયેલા ક્ષેત્રોમાં ગ્રિડ પરની નિર્ભરતા ઓછી કરવા માટે શરૂ કરાઈ છે.

❖ **તાજેતરમાં છત્તીસગઢના સુકમા–બીજાપુર જિલ્લાની સરહદ પાસેના ટેર્રમ વિસ્તારમાં સુરક્ષા દળોની એક ટુકડી પર પીપલ્સ લિબરેશન ગેરિલા આર્મી (PLGA)ની એક ટુકડી દ્વારા હુમલો કરાયો હતો, જેમાં 22 જવાનો શહીદ થયા હતા અને 31 ઘાયલ થયા હતા.**

→ PLGAની સ્થાપના વર્ષ 2000માં થઈ હતી. તેને આતંકવાદી સંગઠન ઘોષિત કરી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, 1967 અંતર્ગત પ્રતિબંધિત કરાયું છે.

❖ **કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે તાજેતરમાં ઘોષણા કરી હતી કે આંદામાન અને નિકોબાર ટાપુ સમૂહમાં આશરે 14,491 હેકટર જમીનને ઓર્ગેનિક (જૈવિક) જાહેર કરાઈ છે.**

→ સરકારની યોજના અંતર્ગત પ્રમાણિત આ સૌપ્રથમ વિશાળ સુસંગત પ્રદેશ છે. જૈવિક પ્રમાણપત્ર પાર્ટિસિપેટરી ગેરેન્ટી સિસ્ટમ સર્ટિફિકેશન પ્રોગ્રામની લાર્જ એરિયા સર્ટિફિકેશન યોજના હેઠળ પૂરું પડાયું છે.

→ લાર્જ એરિયા સર્ટિફિકેશન સ્કીમ હેઠળ, પ્રત્યેક ગામને એક ઝૂમખું અથવા જૂથ ગણવામાં આવે છે. ખેડૂતોએ પ્રમાણિત થવા માટે રૂપાંતરણની અવધિમાંથી પસાર થવાની આવશ્યકતા વગર નિર્ધારિત જરૂરિયાતોને વળગી રહેવાનું હોય છે. આ યોજના પરમપરાગત કૃષિ વિકાસ યોજના અંગર્તત લોન્ચ કરાઈ છે.

→ આ જૈવિક ઉત્પાદનોને પ્રમાણિત કરતી એક યોજના છે. યોજનાનો અમલ કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય કરે છે. પ્રમાણીકરણ નિવેદન અથવા લોગોના સ્વરૂપમાં હોય છે. પ્રમાણપત્ર ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ (જૈવિક ખાદ્યાન્ન) નિયમનોના આધારે જારી કરવામાં આવે છે. આ નિયમનો વર્ષ 2017માં FSSAI એ જાહેર કર્યા હતા.

❖ **તાજેતરમાં સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્રમાં મરાઠા અનામત રદ કરી દીધી હતી કેમકે તેનાથી અનામતની 50% ની બંધારણીય ટોચ મર્યાદાનું ઉલ્લંઘન થતું હતું.**

→ મહારાષ્ટ્રમાં સરકારી નોકરીઓ અને જાહેર શિક્ષણમાં મરાઠા સમુદાયને ગેરેન્ટીડ અનામત આપતો મહારાષ્ટ્રનો કાયદો જ સુપ્રીમ કોર્ટે રદ કર્યો હતો. વર્ષ 2018માં મહારાષ્ટ્ર વિધાનસભામાં મરાઠા સમુદાય માટે 16% અનામતનો પ્રસ્તાવ પસાર કરાયો હતો.

❖ **આસામમાં અમુક વર્ગો દ્વારા બંધારણના અનુચ્છેદ 244(A)ની જોગવાઈઓ અંતર્ગત અલગ રાજ્યની માંગ ઉઠી રહી છે.**

→ આ અનુચ્છેદ સંસદને પ્રક્રિયા દ્વારા આસામને અમુક જનજાતિય ક્ષેત્રોને જોડીને સ્વાયત્ત રાજ્યની સ્થાપના કરવાની સત્તા પ્રદાન કરે છે. આ અનુચ્છેદમાં સ્થાનિક પ્રશાસન માટે સ્થાનિક વિધાનસભાની સ્થાપના અથવા પ્રધાનમંડળ અથવા બંનેની કલ્પના પણ કરવામાં આવી છે. આ અનુચ્છેદ 22મા બંધારણીય સુધારા અધિનિયમ, 1969થી બંધારણમાં સામેલ કરાયો હતો. અનુચ્છેદ 244(A) ભારતીય બંધારણની છઠ્ઠી અનુસૂચિની સાપેક્ષમાં આદિવાસી ક્ષેત્રોને વધુ સ્વાયત્ત સત્તા પ્રદાન કરે છે. તેમાંથી સૌથી મહત્વપૂર્ણ સત્તા કાયદા વ્યવસ્થા પર નિયંત્રણ સાથે સંબંધિત છે, જ્યારે છઠ્ઠી અનુસૂચિ અંતર્ગત સ્વાયત્ત પરિષદમાં આદિવાસી ક્ષેત્રો પાસે કાયદા વ્યવસ્થાનું અધિકાર ક્ષેત્ર નથી.

❖ **તાજેતરમાં જમ્મુ–કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજસિંહાએ પહેલીવાર અનુચ્છેદ–311નો ઉપયોગ કરીને એક સરકારી કર્મચારીને બરતરફ કર્યો હતો.**

→ ભારતીય બંધારણના અનુચ્છેદ–311માં કેન્દ્ર અથવા રાજ્ય અંતર્ગત કાર્યરત્ કર્મચારીઓને તેમના પદ પરથી બરતરફ કરવા, દૂર કરવા અથવા રેન્ક ઓછો કરવા સંબંધિત જોગવાઈઓ છે. જો કે, આવું માત્ર યોગ્ય તપાસ કર્યા બાદ જ થઈ શકે છે. અનુચ્છેદ–311 એવા કર્મચારીઓને સુનાવણીનો સ્પષ્ટ અધિકાર આપે છે, જેના વિરુદ્ધ આ અનુચ્છેદ લાગુ કરવામાં આવ્યો છે, પરંતુ નવીનતમ કેસમાં ઉપરાજ્યપાલ દ્વારા અનુચ્છેદ–311ની કલમ–2(C) લાગુ કરવામાં આવી છે, જે તપાસ અને સુનાવણીની ફરજિયાત સ્થિતિ દૂર કરે છે, જો રાષ્ટ્રપતિ અથવા રાજ્યપાલ એ વાતથી સંતુષ્ટ છે કે રાષ્ટ્રની સુરક્ષાના હિતમાં આ પ્રકારની તપાસ કરવી ઉચિત નથી. આ સ્થિતિમાં તે સરકારી કર્મચારીને વગર સુનાવણીએ બરતરફ કરવામાં આવે છે.

❖ **દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ 'વર્લ્ડ સિટીઝ કલ્ચર ફોરમ'(WCCF) માં ભારતનું પ્રતિનિધિત્વ કરશે.**

→ WCCF ની સ્થાપના વર્ષ 2012માં લંડનમાં 8 શહેરો સાથે કરવામાં આવી હતી. ભાગ લેનારા સભ્ય શહેરોમાં લંડન, હોંગકોંગ, એમ્સ્ટર્ડમ, એડિનબર્ગ, લિસ્બન, સાન ફ્રાન્સિસ્કો, શાંઘાઈ વગેરે સામેલ છે. રાજધાની દિલ્હીને આ વર્ષે આમંત્રિત કરાયું છે. જો કે, હજુ સુધી દિલ્હી સભ્ય શહેરમાં સામેલ થયું નથી. WCCF ની પ્રવૃત્તિઓનું સંચાલન ગ્રેટર લંડન ઓથોરિટી (લંડનની નગરપાલિકા સરકાર) દ્વારા એક સ્પેશિયલ કન્સલ્ટિંગ ફર્મ BoP કન્સલ્ટિંગ માધ્યમથી કરવામાં આવે છે. વર્લ્ડ સિટીઝ કલ્ચર સમિટ વર્ષ 2021ની થીમ : સંસ્કૃતિનું ભવિષ્ય

❖ **તાજેતરમાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ગોરખપુર (ઉત્તર પ્રદેશ)માં 'શહીદ અશફાક ઉલ્લાખાન પ્રાણી સંગ્રહાલય' (ગોરખપુર પ્રાણી સંગ્રહાલય)નું ઉદ્‌ઘાટન કર્યું હતું.**

→ આ પ્રાણી સંગ્રહાલય પૂર્વાંચલ ક્ષેત્રમાં પ્રથમ અને સૌથી મોટું તથા ઉત્તર પ્રદેશમાં ત્રીજું પ્રાણી સંગ્રહાલય છે. આ પ્રાણી સંગ્રહાલયનું નામ ક્રાંતિકારી સ્વાતંત્ર્યસેનાની અશફાક ઉલ્લાખાનના નામ પરથી રાખવામાં આવ્યું છે.

❖ **નાણાં મંત્રાલય હેઠળ કામ કરી રહેલી નેશનલ સેવિંગ્સ ઈન્સ્ટિટયૂટે તાજેતરમાં ઘોષણા કરી હતી કે દેશમાં નાની બચત યોજનાઓમાં સૌથી વધુ ફાળો આપનારૂં રાજ્ય પશ્ચિમ બંગાળ છે.**

→ કુલ ભંડોળના 15% નું યોગદાન એકલા પશ્ચિમ બંગાળનું છે. પશ્ચિમ બંગાળે અત્યારસુધીમાં નાની બચત યોજનાઓ અંતર્ગત રૂ.90,000 કરોડ એકત્રિત કર્યા છે.

→ પશ્ચિમ બંગાળ બાદ 15.09% ના યોગદાન સાથે ઉત્તર પ્રદેશ બીજા ક્રમે છે. મહારાષ્ટ્ર ત્રીજા ક્રમે રહ્યું છે. ગુજરાતનો ક્રમ ચોથો છે. તેણે 8.16% સાથે રૂ. 48,645 કરોડ ભેગા કર્યા છે.

❖ **તાજેતરમાં ગોવા, તેલંગાણા તથા આંદામાન અને નિકોબાર ટાપુ સમૂહ પછી કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરી જળ જીવન મિશન અંતર્ગત દરેક ગ્રામીણ ઘરને નળ દ્વારા જળ પુરવઠો પૂરો પાડનારું ચોથું રાજ્ય / કેન્દ્રશાસિત પ્રદેશ બન્યો છે.**

→ આ સિવાય પંજાબ, દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવે 75% ગ્રામીણ ઘરો સુધી નળ દ્વારા જળ પહોંચાડવાનો કીર્તિમાન રચ્યો છે. JJM અંતર્ગત વર્ષ 2024 સુધીમાં ફંકશનલ હાઉસહોલ્ડ ટેપ કનેકશન્સ (EHTC) ના માધ્યમથી તમામ ગ્રામીણ ઘરોમાં પ્રતિવ્યક્તિ પ્રતિદિન 55 લીટર પાણી પુરવઠાની પરિકલ્પના કરવામાં આવી છે. તેનું અમલીકરણ જળશકિત મંત્રાલય અંતર્ગત કરવામાં આવી રહ્યું છે.

❖ **ઉત્તરપ્રદેશમાં સ્થિત ગાઝિયાબાદ નગર નિગમ મ્યુનિસિપલ ગ્રીન બોન્ડ જારી કરનારૂં ભારતનું પહેલું નગર નિગમ બની ગયું.**

→ આ ગ્રીન બોન્ડનો ઉપયોગ ગાઝિયાબાદમાં ઉદ્યોગોને લાભ પહોંચાડવા માટે તૃતીયક સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના નિર્માણ માટે કરાશે. આ મ્યુનિસિપલ બોન્ડને ગ્રીન બોન્ડ તરીકે જારી કરાયા છે, કેમકે તેનો ઉદ્દેશ પાણીના રિસાઈકિલંગનો છે. આ સાથે, ગાઝિયાબાદ ભારતમાં મ્યુનિસપિલ બોન્ડ જારી કરનારૂં ભારતનું 10મું અને ઉત્તર પ્રદેશનું બીજું શહેર બની ગયું છે. મ્યુનિસિપલ બોન્ડ જાહેર કરનારા ભારતના અન્ય નવ શહેરો – પુણે, ઈન્દોર, હૈદરાબાદ, અમરાવતી, ભોપાલ, વિશાખાપટ્ટનમ, અમદાવાદ, સુરત અને લખનઉ છે. બેંગલોર નગર નિગમે 1997માં પહેલીવાર મ્યુનિપિલ બોન્ડ જાહેર કર્યા હતા. મધ્ય પ્રદેશનું ઈન્દોર નેશનલ સ્ટોક એકસચેન્જ (NSE)માં લિસ્ટેડ નગરપાલિકા બોન્ડ ધરાવતું ભારતનું પ્રથમ રાજ્ય બની ગયું.

❖ **1 એપ્રિલ, 2021ના રાજસ્થાન સરકારે ચિરંજીવી સ્વાસ્થ્ય વીમા યોજના (મુખ્યમંત્રી ચિરંજીવી સ્વાસ્થ્ય વીમા યોજના) માટે નોંધણી પ્રક્રિયા શરૂ કરી તે સાથે રાજસ્થાન દર વર્ષે પ્રત્યેક પરિવારને 5 લાખ રૂપિયા સુધીનો સ્વાસ્થ્ય વીમો પ્રદાન કરનારૂં ભારતનું પ્રથમ રાજ્ય બની ગયું.**

❖ **તાજેતરમાં તેલંગાણા સરકારે એક મહત્વાકાંક્ષી એટલે કે આ પ્રકારનો પ્રથમ પાઈલટ પ્રોજેકટ 'મેડિસિન ફ્રોમ ધ સ્કાય'ના પરીક્ષણ માટે 16 પ્રાઈમરી હેલ્થ સેન્ટર્સ (PHCs)ની પસંદગી કરી છે.**

→ આ પ્રોજેકટમાં ડ્રોનની મદદથી દવાઓની ડિલિવરી કરવામાં આવશે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયની મંજૂરી પછી આ પ્રોજેકટ શરૂ કરવામાં આવી રહ્યો છે. મંત્રાલયે વેકિસનની ડિલિવરી માટે પ્રાયોગિક બિયોન્ડ વિઝ્યુઅલ લાઈન ઓફ સાઈટ (BVLOS) ડ્રોન ઉડાનોના સંચાલન માટે માનવરહિત વિમાન પ્રણાલી નિયમ, 2021 અન્વયે તેલંગાણાને શરતોને આધિન છૂટ આપી છે. આ પ્રોજેકટ તેલંગાણા સરકાર, વર્લ્ડ ઈકોનોમિક ફોરમ અને હેલ્થનેટ ગ્લોબલના સહયોગથી સંચાલિત કરવામાં આવશે.

❖ **બિહાર ભારતનું પહેલું એવું રાજ્ય બની ગયું છે જેની પાસે 2 હરિત ઊર્જા કુશળ નગરો રાજગીર અને બોધગયા છે.**

→ આ બન્ને નગરો વર્ષ 2023 થી પહેલી અક્ષય ઊર્જા પરિયોજનાના માધ્યમથી સૌર ઊર્જા પ્રાપ્ત કરવાનું શરૂ કરશે. નગરોને ચલાવવા માટે આવશ્યક હરિત ઊર્જા પુરવઠો સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (SECI) દ્વારા પૂરો પડાશે. પ્રોજેટકને લાગુ કરવા માટે બિહારની રાજધાની રાજ્ય સરકાર લખીસરાય અને ભાગલપુરમાં 500 મેગાવોટ સૌર ઊર્જા મથકોનું નિર્માણ કરશે.

❖ **આસામના મુખ્ય સચિવ જિષ્ણુ બરુઆએ 8 મે, 2021ના વાસ્તવિક સમયની ડિજિટલ ફ્લડ રિપોર્ટિંગ એન્ડ ઈન્ફર્મેશન મેનેજમેન્ટ સિસ્ટમ (FRIMS) લોન્ચ કરી તે સાથે જ આસામ વાસ્તવિક સમયની ઓનલાઈન પૂર માહિતી પ્રણાલી ધરાવતું પ્રથમ ભારતીય રાજ્ય બની ગયું છે.**

→ આસામ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સી અને યુનિસેફએ સંયુકત રીતે આ પ્રણાલી વિકસાવી છે. આ નવી પ્રણાલી દૈનિક ધોરણે આસામમાં પૂરના સ્તરની માહિતી પૂરી પાડશે. આ નવી પ્રણાલી સંપૂર્ણપણે ડિજિટલ છે. તે વેબ–કમ–મોબાઈલ એપ્લિકેશન ટેકનોલોજી દ્વારા સંચાલિત છે. અત્રે ઉલ્લેખનીય છે કે આસામની બ્રહ્મપુત્ર નદીમાં દર વર્ષે ભીષણ પૂર આવે છે.

❖ **તાજેતરમાં મધ્ય પ્રદેશના ખજુરાહોમાં મહારાજા છત્રસાલ કન્વેન્શન સેન્ટરનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.**

→ બુંદેલખંડના રાજા મહારાજા છત્રછાલના નામ પરથી સ્થાપિત આ કન્વેન્શન સેન્ટરને પર્યટન મંત્રાલયની સ્વેદશ દર્શન યોજના અંતર્ગત બનાવવામાં આવ્યું.

❖ **તાજેતરમાં પશ્ચિમ બંગાળની સરકારે રાજ્યમાં વિધાન પરિષદની સ્થાપનાનો નિર્ણય કર્યો છે.**

→ વિધાન પરિષદની સ્થાપના કરવા માટે એક વિધેયક વિધાનસભામાં પ્રસ્તુત કરવાનું હોય છે અને ત્યારબાદ રાજ્યપાલની મંજૂરી મળવી જરૂરી છે. વર્ષ 1969માં પશ્ચિમ બંગાળમાં વિધાન પરિષદ સમાપ્ત કરી દેવામાં આવી હતી. વર્તમાનમાં છ રાજ્યો આંધ્ર પ્રદેશ, તેલંગાણા, ઉત્તર પ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં વિધાન પરિષદ આવેલી છે.

❖ **તાજેતરમાં ગોવા સરકારના ડિરેકટોરેટ ઓફ આર્કાઈવ્સ એન્ડ આર્કિયોલોજી(DAA)એ એડવાન્સ એન્ટિકિવટીસ મેનેજમેન્ટ સિસ્ટમ (AAMS)નું ઉદ્દઘાટન કર્યું હતું.**

→ જે એન્ટિક (પ્રાચીન) વસ્તુઓના ભંડાર અને વ્યવસ્થાપન માટે દેશમાં તેના પ્રકારની પ્રથમ પ્રણાલી છે. વર્તમાનમાં આ પ્રણાલીમાં કુલ 83 એન્ટિક વસ્તુઓને સૂચિબદ્ધ કરવામાં આવી છે, જેનો ઉદેશ સોફટવેર સાથે જોડાયેલી એન્ટિક વસ્તુઓ વિષે ત્વરિત માહિતી પ્રદાન કરીને તેને વધુ સારી રીતે સંરક્ષિત કરવાનો છે. આ પ્રણાલીમાં સામેલ સોફટવેર એન્ટિક એટલે કે પુરાતન વસ્તુઓની સરેરાશ આયુ, તેને બનાવવામાં ઉપયોગમાં લેવાયેલી સામગ્રી અને તેના સંક્ષિપ્ત ઈતિહાસ સંબંધિત માહિતી પ્રદાન કરશે. સિસ્ટમ અંતર્ગત સૂચિબદ્ધ કરવામાં આવેલી 83 એન્ટિક વસ્તુઓમાં 10મી સદીનું એક 'શિવલિંગ' સૌથી પુરાતન વસ્તુ છે.

❖ **લાંબા સમયથી આખા દેશની નજર જોડાયેલી હતી તે ચાર રાજ્યો પશ્ચિમ બંગાળ, કેરળ, તમિલનાડુ અને આસામ તથા કેન્દ્રશાસિત પ્રદેશ (UT) પુડુચેરીની વિધાનસભા ચૂંટણીના પરિણામ 2 મે, 2021ના રોજ હાથ ધરાયેલી મતગણતરી બાદ સામે આવ્યા હતા.**

→ પશ્ચિમ બંગાળ વિધાનસભાની 294 બેઠકોની ચૂંટણીમાં મમતા બેનરજીના નેતૃત્વ હેઠળની તૃણમૂલ કોંગ્રેસ (TMC) ને ફરી એક વખત સ્પષ્ટ બહુમતી સાથે 213 બેઠકો પ્રાપ્ત થઈ છે.

→ આસામમાં ભાજપે બીજીવાર સત્તા હાંસલ કરી છે અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં ભાજપના નેતૃત્વ હેઠળના NDA ગઠબંધનના હાથમાં પહેલીવાર સત્તાની ધૂરા આવી છે. તમિલનાડુમાં એક દાયકા બાદ પૂર્વ મુખ્યમંત્રી સ્વ.એમ.કરુણાનિધિના પુત્ર એમ.કે.સ્ટાલિનના નેતૃત્વ હેઠળ વિપક્ષ દ્રવિડ મુનેત્ર કઝગમ (DMK) એ સત્તાધારી ઓલ ઈન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમ (AIADMK-અન્નાદ્રમક)ના હાથમાંથી સત્તા ખૂંચવી લીધી છે. તો કેરળમાં મુખ્યમંત્રી પિનરાયી વિજયને એન્ટિ–ઈન્કમ્બન્સી ફેકટરને પરાજિત કરી 40 વર્ષોમાં પહેલીવાર ડાબેરી ગઠબંધન LDFને સતત બીજીવાર સત્તા સિંહાસને બેસાડયું છે.

❖ **5 મે, 2021ના રોજ તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનરજીએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીપદે સતત ત્રીજીવાર શપથ લીધા હતા.**

→ મમતા બેનરજીને પશ્ચિમ બંગાળના રાજ્યપાલ જગદીપ ધનખડે પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા હતા. મમતા બેનરજી નંદીગ્રામ વિધાનસભા બેઠક પરથી પરાજિત થયા હોવા છતાં બંધારણના અનુચ્છેદ 164(4) અંતર્ગત તેમણે રાજ્યના મુખ્યમંત્રીપદના શપથ લીધા હતા.

❖ **7 મે, 2021ના રોજ DMKના વડા એમ.કે.સ્ટાલિને રાજધાની ચેન્નાઈમાં રાજયપાલ બનવારીલાલ પુરોહિત સમક્ષ તમિલનાડુના 23મા મુખ્યમંત્રીપદના શપથ ગ્રહણ કર્યા હતા. તેઓ પ્રથમવાર જ રાજયના મુખ્યમંત્રી બન્યા છે.**

❖ **20 મે, 2021ના સીપીએમના નેતા પિનારાયી વિજયને સતત બીજીવાર કેરળના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા.**

→ કેરળના રાજ્યપાલ આરિફ મોહમ્મદખાને રાજયની રાજધાની તિરુવનંતપુરમના સેન્ટ્રલ સ્ટેડિયમમાં માત્ર 500 અતિથિઓની ઉપસ્થિતિમાં પિનારાયી વિજયન અને 20 અન્ય મંત્રીઓને પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા હતા.

❖ **ઓલ ઈન્ડિયા એન.આર. કોંગ્રેસ નેતા એન. રંગાસામીએ 7 મે, 2021ના રાજનિવાસ ખાતે ચોથીવાર પુડુચેરીના મુખ્યમંત્રીપદે શપથ લીધા હતા.**

→ કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીના લેફટેનન્ટ ગવર્નર ડો.તમિલિસાઈ સુંદરરાજને તેમને પદ અને ગોપનીયતાના સોગંદ લેવડાવ્યા હતા.

- **હિમંતા બિસ્વા સરમાએ 10 મે, 2021ના રોજ આસામના 15મા મુખ્યમંત્રીપદે શપથ લીધા હતા. આસામના રાજ્યપાલ જગદીશ મુખીએ તેમને ગુવાહાટીમાં શપથ લેવડાવ્યા હતા.**
- **ભારતીય હવામાન વિભાગ (IMD) એ જણાવ્યું હતું કે અતિ ગંભીર વાવાઝોડું યાસ ઓડિશાના બાલાસોર ક્ષેત્રના દક્ષિણમાં પ્રતિકલાક લગભગ 150 કિ.મી.ની ઝડપે 26 મે, 2021ની સવારે 9:00 કલાકે ત્રાટક્યું હતું જેથી ઓડિશા, પશ્ચિમ બંગાળ તથા ઝારખંડમાં ભારે વિનાશ થયો હતો.**
  - → આ વાવાઝોડાની ઉત્પત્તિ બંગાળની ખાડીમાંથી થઈ હતી. આ વાવાઝોડાએ ઉત્તર ઓડિશા તટના બાલાસોરથી લગભગ 20 કિ.મી. દક્ષિણમાં ભદ્રક જિલ્લાના ધામરા બંદરે લેન્ડફોલ કર્યું હતું. આ વાવાઝોડાનું નામ યાસ (YAAS) ઓમાન દ્વારા રખાયું છે. યાસ એક ફારસી ભાષાનો શબ્દ છે અને તેનો અર્થ જેસ્મિન (ચમેલી) થાય છે.

## ગુજરાત

- **કેન્દ્રીય બંદર, શિપિંગ અને જળ માર્ગ મંત્રી મનસુખ માંડવિયાએ 31 માર્ચ, 2021ના રોજ સુરત (હજીરા)થી દીવ વચ્ચે તેના પ્રકારની સૌપ્રથમ ક્રૂઝ સેવાનો લીલીઝંડી બતાવી વર્ચ્યુઅલ પ્રારંભ કરાવ્યો હતો.**
  - → ક્રૂઝ–કમ–પેસેન્જર ફેરીને JAI SOFIA 'મુંબઈ મેડન' કહેવાય છે.
- **તાજેતરમાં ગુજરાતની બે દિવસની મુલાકાતે આવેલા સિંગાપુરના ભારત ખાતેના હાઈકમિશનર સીમોન વોંગે જણાવ્યું હતું કે ગુજરાત સાથે વર્ષો જૂના વ્યાપારિક અને આત્મીય સંબંધોને આગળ ધપાવવા ભારતમાં સૌપ્રથમ સિંગાપુર સ્ટોક એક્સચેન્જ ગાંધીનગર ગિફ્ટ સિટીમાં ટૂંક સમયમાં શરૂ કરવા ઉપરાંત સિંગાપુર ગુજરાતના 4 મુખ્ય શહેરો અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરતમાં 100 કરોડ ડોલરના ખર્ચે એફોર્ડેબલ અને પર્યાવરણીય દૃષ્ટિએ ટકાઉ 15,000 મકાનો આગામી 4 વર્ષમાં બનાવશે.**
- **ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસ સેન્ટરે નોન–બેંકિંગ ફાઈનાન્સ કંપનીઓ (NBFCs)ને ગુજરાતના GIFT સિટીમાં કારોબાર કરવાની અનુમતિ આપી દીધી છે.**
  - → આથી, હવે NBFCs લોન, ઈન્વેસ્ટમેન્ટ બેંકિંગ, વિદેશી ડેરિવેટિવ ટ્રેડ અને થર્ડ–પાર્ટી પ્રોડક્ટ વેચાણ જેવી સેવાઓની સમગ્ર શ્રૃંખલા ઓફર કરી શકશે. આ પગલાંથી આખા વિશ્વમાંથી ટોચની નાણાકીય સેવાઓને આકર્ષી શકાશે. સાથે જ તે સામાન્ય રીતે વિદેશોમાં જ ઉપલબ્ધ સેવાઓનું સ્થાનિકીકરણ કરવામાં પણ મદદ કરશે. GIFT સિટી ભારતનું પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસ સેન્ટર (IFSC) છે. તેની સ્થાપના સ્પેશિયલ ઈકોનોમિક એક્ટ, 2005 અંતર્ગત કરાઈ છે. GIFT સિટી ઓફશોર બેંકિંગ, વ્યક્તિઓ માટે ભંડોળ એકત્રીકરણ, ઓફશોર એસેટ મેનેજમેન્ટ વગેરે જેવી સેવાઓ પૂરી પાડે છે.
- **ગુજરાત સરકારે 20 મે, 2021ના મ્યુકરમાઈકોસિસ અથવા બ્લેક ફંગસને મહામારી જાહેર કરી છે.**
  - → મુખ્યમંત્રી વિજય રૂપાણીના વડપણ હેઠળ મળેલી કોર કમિટીની બેઠકમાં એપિડેમિક ડિસીઝ એક્ટ, 1897 અંતર્ગત બ્લેક ફંગસને મહામારી જાહેર કરવાનો નિર્ણય લેવાયો હતો. કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા જાહેર ગાઈડલાઈન અનુસાર કોરોના વાઈરસના દર્દીઓમાં બ્લેક ફંગસ (કાળી ફૂગ)નું નિદાન અને સારવાર કરવામાં આવશે.
  - → મ્યુકરમાઈકોસિસ અથવા બ્લેક ફંગસ મ્યુકરોમાયસિટ્સ તરીકે ઓળખાતા ફૂગ સમૂહ દ્વારા થાય છે. તે મુખ્યત્વે માનવીની ત્વચા, ફેફસાં અને મગજને અસર કરે છે. તે દુર્લભ રોગ છે. પરંતુ દિલ્હી, ગુજરાત અને મહારાષ્ટ્રમાં COVID-19ના દર્દીઓમાં તેનું પ્રમાણ વધી રહ્યું છે. મ્યુકરમાઈકોસિસ અથવા બ્લેક ફંગસ મુખ્યત્વે એવા લોકોને અસર કરે છે જેઓ દવા પર જ જીવતા હોય. સાજા થઈ રહેલા COVID-19 ના દર્દીઓના ફેફસાં અથવા સાઈનસ હવામાંથી ફંગલ બીજકણ શ્વાસમાં લીધા બાદ બ્લેક ફંગસથી પ્રભાવિત થાય છે. જો કે, તંદુરસ્ત રોગ પ્રતિકારક શક્તિ ધરાવતા લોકો માટે બ્લેક ફંગસ જોખમી નથી.
- **કોરોનાના જે દર્દીઓ ICUમાં હોય અને કિડની ફેલ્યોરની સમસ્યાથી પીડાઈ રહ્યા હોય તેમના માટે કિડની હોસ્પિટલ અને રાજ્ય આરોગ્ય વિભાગના સહયોગથી સમગ્ર દેશમાં અમદાવાદમાં નવરંગપુરાની એક ખાનગી હોસ્પિટલમાં સૌપ્રથમ ડાયાલિસિસ ઓન વ્હીલનો પ્રારંભ કરાયો છે.**
- **રાજ્યના દરેક ઘરને નળથી જળ અર્થાત પીવાનું શુદ્ધ પાણી પહોંચાડનારા જલ જીવન મિશન અંતર્ગત દેશના 7 બેસ્ટ પરફોર્મર રાજ્યોમાં ગુજરાત અગ્રીમ રહ્યું છે.**
  - → કેન્દ્રીય જલશક્તિ મંત્રાલયે દેશના જે સાત રાજ્યોએ જળજીવન મિશનમાં ઉત્કૃષ્ટ કામગીરી કરી છે તેને વિશેષ પ્રોત્સાહનરૂપે 465 કરોડ રૂપિયાનું વિશેષ અનુદાન આપવાની જાહેરાત કરી છે. તેમાં અરુણાચલ પ્રદેશ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, સિક્કિમ અને હિમાચલ પ્રદેશનો સમાવેશ થાય છે.
- **ગુજરાત સરકારે તાજેતરમાં રાજ્યના પાંચ શહેરો અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ તથા ગાંધીનગરમાં આઈકોનિક સ્કાયસ્ક્રેપર બિલ્ડિંગના નિર્માણનો માર્ગ મોકળો કર્યો છે.**
  - → પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદમાં પહેલું આઈકોનિક હાઈરાઈઝડ સિંધુભવન રોડ પર બની શકે છે.
- **ગુજરાત રાજ્યે ઔદ્યોગિક મૂડીરોકાણોમાં વર્ષ 2020-21માં દેશના કુલ FDIમાંથી 37% જેટલું પ્રત્યક્ષ વિદેશી રોકાણ હાંસલ કરીને સતત ચોથા વર્ષે દેશભરમાં ટોચનો ક્રમ પ્રાપ્ત કર્યો છે.**
  - → ગત નાણાકીય વર્ષ 2020-21 દરમિયાન ગુજરાતમાં 94% જેટલુ FDI કમ્પ્યૂટર સોફ્ટવેર અને હાર્ડવેર ક્ષેત્રમાં આવ્યું છે. આ ક્ષેત્રમાં દેશમાં ઓવલા કુલ મૂડીરોકાણમાં એકલા ગુજરાતનો હિસ્સો 78% છે. આ ક્ષેત્રે આવેલા FDIમાં ગુજરાત પછીના ક્રમે રહેલા રાજ્યોમાં કર્ણાટક માત્ર 9% અને દિલ્હી 5% હિસ્સો ધરાવે છે.
- **1 મે, 2021ના ગુજરાતના સ્થાપના દિવસે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ CM ડેશબોર્ડથી મારું ગામ કોરોનામુક્ત ગામ અભિયાનનો રાજ્યના 17 હજાર ગામોમાં પ્રારંભ કરાવતા નિર્ધાર વ્યક્ત કર્યો હતો કે ગ્રામીણ જનશક્તિના સહયોગ અને જનજાગૃતિથી આ અભિયાન યુદ્ધના ધોરણે ઉપાડી આપણે ગુજરાતના પ્રત્યેક ગામને કોરોનામુક્ત કરવું છે.**

→ તેમણે ઉમેર્યું હતું કે 'મારા ગામમાં કોરોનાને પ્રવેશવા દેવો નથી' તેવી નેમ સાથે 10 વ્યક્તિઓની એક સમિતિ બનાવી તાલુકા–જિલ્લા વિકાસ અધિકારી, PHC, CHC ના સહયોગથી ગ્રામજનોનું ટેસ્ટિંગ, ટ્રેસિંગ અને ટ્રીટમેન્ટની વ્યવસ્થા કરી ગામડાંઓમાં કોરોના સંક્રમણ પ્રવેશતું અટકાવી શકાય.

❖ **તાજેતરમાં ગુજરાતમાં તાઉતે (TAUKTAE) નામનું વાવાઝોડું 17 મે, 2021 ની રાત્રે 9:30 કલાકે 165 કિ.મી. પ્રતિ કલાકની ગતિએ દીવથી 20 કિ.મી. પૂર્વ દિશા તરફ ઉનામાં ટકરાયું હતું.**

→ આ સમયે દીવ–ઉના–પીપાવાવમાં ફૂંકાયેલા ઝંઝાવાતી પવનની ગતિ 155 થી 165 કિ.મી. પ્રતિ કલાક જ્યારે ગીર સોમનાથમાં પવનની તીવ્રતા 150 કિ.મી. પ્રતિ કલાક હતી. તાઉતે વાવાઝોડાએ ઉનામાં લેન્ડફોલ કર્યું ત્યારે તેની આંખનો વિસ્તાર 7 કિ.મી. અને વ્યાપ 60 કિ.મી. હતો.

→ તાઉતે ચોમાસા પૂર્વેના સમય (એપ્રિલ થી જૂન)માં અરબી સમુદ્રમાં વિકસિત થનારૂં લગાતારના વર્ષોમાં ચોથું વાવાઝોડું છે.

→ તાઉતે એક ઉષ્ણકટિબંધીય ચક્રવાત હતું, જેનું નામ મ્યાનમાર દ્વારા રખાયું હતું. બર્મીઝ ભાષામાં તાઉતેનો અર્થ 'ગેકો' એક ખૂબ જ અવાજ કરનારી ગરોળી એવો થાય છે. સામાન્યતઃ ઉત્તરીય હિન્દ મહાસાગર ક્ષેત્ર (બંગાળની ખાડી અને અરબી સમુદ્ર)માં ઉષ્ણકટીબંધીય ચક્રવાત પૂર્વ મોન્સૂન (એપ્રિલથી જૂન) અને મોન્સૂન બાદ (ઓક્ટોબર થી ડિસેમ્બર)ની અવધિ દરમિયાન વિકસિત થાય છે.

→ ભારતીય હવામાન વિભાગ (IMD) વાવાઝોડાઓને તેમના દ્વારા ઉત્પન્ન અધિકતમ નિરંતર હવાની ગતિના આધારે વર્ગીકૃત કરે છે. વાવાઝોડાઓને ગંભીર (48 થી 63 કિ.મી./કલાક), ખૂબ ગંભીર (64 થી 89 કિ.મી./કલાક), અત્યંત ગંભીર (90 થી 119 કિ.મી./કલાક) અને સુપર સાયકલોનિક સ્ટોર્મ (120 કિ.મી./કલાક)ના સ્વરૂપમાં વર્ગીકૃત કરવામાં આવે છે.

→ વર્લ્ડ મીટિયરોલોજિકલ ઓર્ગેનાઈઝેશન (WMO)ના દિશાનિર્દેશો અનુસાર, દરેક ક્ષેત્રના દેશો વાવાઝોડાઓને નામ આપે છે. ઉત્તરીય હિન્દ મહાસાગર ક્ષેત્ર બંગાળની ખાડી અને અરબ સાગરની ઉપર આકાર લેનારા ઉષ્ણકટિબંધીય વાવાઝોડાઓને કવર કરે છે. આ ક્ષેત્ર અંતર્ગત આવનારા 13 સદસ્યો બાંગ્લાદેશ, ભારત, માલદીવ, મ્યાનમાર, ઓમાન, પાકિસ્તાન, શ્રીલંકા, થાઈલેન્ડ, ઈરાન, કતાર, સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત અને યમન છે. ભારત હવામાન વિભાગ (IMD) વિશ્વના છ ક્ષેત્ર વિશિષ્ટ હવામાન વિજ્ઞાન કેન્દ્રો (રિજનલ સ્પેશિયલાઈઝડ મીટિયરોલોજિકલ સેન્ટર્સ – RSMC) પૈકીનું એક છે, જેને સલાહ જારી કરવાનો અને ઉત્તરિય હિન્દ મહાસાગર ક્ષેત્રમાં ઉષ્ણકટિબંધીય વાવાઝોડાઓના નામ રાખવાનો અધિકાર છે. તે પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયની એક એજન્સી છે.

→ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાત પર તાજેતરમાં ત્રાટકેલા તાઉતે વાવાઝોડાના કારણે બાગાયતી અને ઊનાળુ પાકોને પહોંચેલા વ્યાપક નુકસાનને પહોંચી વળવા રૂ. 500 કરોડના વાવાઝોડા કૃષિ સહાય પેકેજની ઘોષણા કરી હતી. તાઉતે વાવાઝોડાની વ્યાપક અસર ગીર સોમનાથ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર અને બોટાદ એ પાંચ જિલ્લાઓ સાથે દક્ષિણ ગુજરાતના નવસારી, સુરત, વલસાડ અને ભરૂચ જિલ્લાઓમાં પણ થઈ છે અને રાજ્યના 86 તાલુકાઓમાં અંદાજે 2 લાખ હેક્ટર વિસ્તારમાં કૃષિ અને બાગાયત પાકોને વ્યાપક નુકસાન થયું છે.

→ તાઉતે વાવાઝોડામાં જીવ ગુમાવનારા મૃતકોના વારસદારોને ગુજરાત સરકાર તરફથી રૂ.4 લાખ અને ઈજાગ્રસ્તોને રૂ.50,000 ની સહાય આપવાની જાહેરાત કરી છે. આ સહાય ભારત સરકારે જાહેર કરેલી રૂ.2 લાખની સહાય ઉપરાંત અપાશે. આમ, રાજ્યમાં વાવાઝોડાથી મૃત્યુ પામેલી વ્યક્તિઓના વારસદારોને કુલ છ લાખ રૂપિયા જ્યારે ઈજાગ્રસ્તોને કુલ રૂ. 1 લાખની સહાય મળશે.

## આંતરરાષ્ટ્રીય

❖ **તાજેતરમાં પૂર્વીય લદાખમાં મડાગાંઠ હલ કરવા માટે ભારત અને ચીનના વરિષ્ઠ સૈન્ય કમાન્ડરો વચ્ચે 11મા ચરણની વાતચીત દરમિયાન ચીને ચાર મૂળ સંઘર્ષ સ્થળોમાંથી બે સ્થળોએથી હટવાનો ઈનકાર કરી દીધો હતો.**

→ ચીન હોટ સ્પ્રિંગ્સમાં પેટ્રોલિંગ પોઈન્ટ 15 (PP15) અને ગોગરા પોસ્ટ નજીક પેટ્રોલિંગ પોઈન્ટ PP17A બંને સ્થળોએ સૈન્ય વાહનો સાથે મોટી સંખ્યામાં સૈનિકો ઉપસ્થિત છે. અન્ય બે સંઘર્ષ સ્થળો ગલવાન ઘાટી અને દેપસાંગ મેદાન છે.

→ ભારત અને ચીન વચ્ચે Line of Actual Control સાથે ભારતીય સેનાને કેટલાક નિશ્ચિત સ્થાન અપાયા છે જ્યાં તેના સૈનિકોની પહોંચ પોતાના નિયંત્રણવાળા ક્ષેત્રમાં છે. આ સ્થળોને પેટ્રોલિંગ પોઈન્ટ્સ અથવા PPs તરીકે ઓળખાય છે, જે ચીની અભ્યાસ સમૂહ (CSG) દ્વારા નક્કી કરાય છે. CSGની સ્થાપના વર્ષ 1976માં પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધીના સમયમાં થઈ હતી. જે ચીનની મુખ્ય નિર્ણયકર્તા સંસ્થા છે.

→ હોટ સ્પ્રિંગ્સ ચાંગ ચેનમો નદીની ઉત્તરમાં છે અને ગોગરા પોસ્ટ આ નદીની ગલવાન ઘાટીથી દક્ષિણ–પૂર્વ દિશાથી દક્ષિણ–પશ્ચિમ તરફ વળતા બનેલા હેરપિન વળાંક (Hairpin Bend) ની પૂર્વમાં છે. આ ક્ષેત્ર કારાકોરમ શ્રેણીની ઉત્તરમાં છે જે પેંગોંગ ત્સો સરોવરની ઉત્તરમાં અને ગલવાન ઘાટીની દક્ષિણમાં સ્થિત છે.

❖ **તાજેતરમાં ઈઝરાયેલી સેના અને હમાસ વચ્ચે ભયંકર સંઘર્ષ સર્જાયો હતો.**

→ ઈઝરાયેલ પોલીસ દ્વારા દમાસ્કસ ગેટ પર નાકાબંદી પછીથી ગાઝા પટ્ટીમાં તંગદિલી વધી ગઈ હતી. દમાસ્કસ ગેટ જેરુસલેમ શહેરના મુખ્ય દ્વારો પૈકીનો એક છે. તે એ રાજમાર્ગ પર સ્થિત છે જે સીરિયાની રાજધાની દમાસ્કસને જોડે છે.

→ ઈઝરાયેલના સશસ્ત્ર દળોએ તાજેતરમાં અલ–અકસા મસ્જિદ પર હુમલો કરી દીધો હતો. જેમાં 300થી વધુ પેલેસ્ટિનિયનો ઘાલય થયા હતા. અલ–અકસા, મસ્જિદ મક્કા અને મદીના બાદ ઈસ્લામનું ત્રીજું સૌથી પવિત્ર ધર્મસ્થળ છે. આ મસ્જિદ મુસ્લિમો, યહૂદીઓ અને ખ્રિસ્તીઓ માટે અતિ પવિત્ર છે. મુસ્લિમો તેને હરમ અલ શરીફ અથવા પવિત્ર પૂજા સ્થળ તથા યહૂદીઓ ટેમ્પલ માઉન્ટ કહે છે. તે સુવર્ણ ગુંબજ ધરાવતી ઈસ્લામિક મસ્જિદ છે. ઈઝરાયેલની આ સૈન્ય કાર્યવાહીના જવાબમાં ગાઝા પટ્ટીમાં સરકાર ચલાવતા હમાસ સંગઠને ઈઝરાયેલ પર ડઝનબંધ રોકેટો દાગી લીધા હતા. હમાસ એક ઈસ્લામિક આતંકી સંગઠન છે જે ગાઝા પટ્ટીમાં સરકાર ચલાવે છે. હમાસ 1987માં અસ્તિત્વમાં આવેલી ઈજિપ્તના મુસ્લિમ બ્રધરહુડની એક હિંસક શાખા છે. હમાસની કાર્યવાહીના જવાબમાં ઈઝરાયેલે પણ ગાઝા પટ્ટી પર હવાઈ હુમલાઓ શરૂ કર્યા હતા.

→ ગાઝાના હમાસ જૂથે ઈઝરાયેલ પર દાગેલા થોકબંધ રોકેટ્સને ઈઝરાયેલી આયર્ન ડોમ દ્વારા નિષ્ક્રિય બનાવી દેવાતા હતા. આયર્ન ડોમ એક અદ્રશ્ય એર ડિફેન્સ સિસ્ટમ છે. તે ગમે તે મિસાઈલો કે રોકેટ્સને નિષ્ક્રિય કરી નાખે છે. આયર્ન ડોમ ટૂંકી રેન્જ એર–ટુ–એર ડિફેન્સ સિસ્ટમ છે. તેનો ઉપયોગ રોકેટો, મોર્ટાર્સ, વિમાન, હેલિકોપ્ટર્સ, મોર્ટાર આર્ટિલરી અને માનવરહિત વાહનોનો મુકાબલો કરવા માટે કરાય છે. જેમાં આવી રહેલા જોખમોને ઓળખી કાઢવા ડિટેકશન એન્ડ ટ્રેકિંગ રડાર, બેટલ મેનેજમેન્ટ એન્ડ વેપન કન્ટ્રોલ સિસ્ટમ અને મિસાઈલ ફાયરિંગ યુનિટ સામેલ છે.

❖ **ભારતીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ અને તેમના દક્ષિણ કોરિયન સમકક્ષ સુહવૂકે 26 માર્ચ, 2021ના દિલ્હી છાવણીમાં ભારત–કોરિયા દ્વિપક્ષીય મૈત્રી પાર્કનું ઉદ્‌ઘાટન કર્યું હતું.**

→ 1950 થી 1953 સુધી ચાલેલા કોરિયન યુદ્ધમાં ભારતીય શાંતિરક્ષકોએ આપેલા યોગદાનની સ્મૃતિમાં મૈત્રીપાર્કનું નિર્માણ કરાયું છે.

→ આ મૈત્રી પાર્કના પ્રવેશદ્વાર પર નિર્મિત હસ્તધૂનન કરતી એક મોટી કલાકૃતિ છે, જેના પર ભારત અને દક્ષિણ કોરિયાના રાષ્ટ્રધ્વજો બનાવાયા છે. પાર્કમાં પ્રતિષ્ઠિત સૈનિક જનરલ કે.એસ.થિમૈયાની પણ એક વિશાળ કદની પ્રતિમા સ્થાપિત કરાઈ છે. કે.એસ.થિમૈયાએ કોરિયામાં ભારતની અધ્યક્ષતાવાળા ન્યુટ્રલ નેશન્સ રિપેટ્રિએટ કમિશન (NNRC)ના ચેરમેન તરીકે ભારતીય સૈન્ય દળનું નેતૃત્વ કર્યું હતું.

→ આ પાર્કનો વિકાસ ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય, ભારતીય સૈન્ય, દિલ્હી છાવણી બોર્ડ, કોરિયન દૂતાવાસ અને ભારતના કોરિયન વોર વેટરન્સ એસોસિએશનના સંયુક્ત પરામર્શથી કરાયો છે. ઈન્ડો–કોરિયન પાર્ક ભારત–દક્ષિણ કોરિયા વચ્ચેના મજબૂત સંબંધોનું પ્રતીક છે.

❖ **તાજેતરમાં ચીન અને ઈરાને 25 વર્ષોની 'વ્યૂહાત્મક સહયોગ સમજૂતી' (Strategic Cooperation Pact) પર હસ્તાક્ષર કર્યા છે.**

→ આ સમજૂતીમાં રાજનીતિક, આર્થિક અને વ્યૂહાત્મક ઘટકો સામેલ છે. આ સમજૂતી એવા સમયે થઈ છે, જ્યારે ઈરાન પરમાણુ સમજૂતીમાંથી નીકળ્યા બાદ અમેરિકા દ્વારા લગાવાયેલા પ્રતિબંધોને લીધે ખૂબ જ મુશકેલીનો સામનો કરી રહ્યું છે અને ચીન આ સ્થિતિમાં ઈરાનને સમર્થન કરી રહ્યું છે.

→ ઈરાનમાં ચીની વધેલી ઉપસ્થિતિથી ભારત ચાબહાર બંદર પરિયોજના આસપાસ વ્યૂહાત્મક દાવ વિષે ચિંતિત છે જેનો વિકાસ ભારતના સહયોગથી કરાઈ રહ્યો છે.

❖ **વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF) દ્વારા જાહેર 15મા વૈશ્વિક લૈંગિક અસમાનતા રિપોર્ટ (ગ્લોબલ જેન્ડર ગેપ રિપોર્ટ), 2021માં ભારત 0.625ના સ્કોર સાથે વિશ્વના 156 દેશોમાં 140માં સ્થાને રહ્યું છે.**

→ વર્ષ 2020માં ભારત 153 દેશોમાં 112મા ક્રમે હતું પરંતુ આ વર્ષે તે 28 સ્થાન નીચે સરકી ગયું છે. આઈસલેન્ડ દુનિયામાં 12મી વખત સૌથી અધિક લૈંગિક સમાનતા ધરાવતો દેશ છે. તેની પછી ફિનલેન્ડ અને નોર્વે છે.

→ આ અહેવાલના માપદંડોમાં આર્થિક ભાગીદારી અને અવસર, શિક્ષણની તક, સ્વાસ્થ્ય અને જીવનરક્ષા તથા રાજકીય સશક્તિકરણનો સમાવેશ થાય છે.

→ દક્ષિણ એશિયન દેશોમાં ભારતનું પ્રદર્શન ત્રીજું સૌથી ખરાબ રહ્યું છે. દક્ષિણ એશિયાના દેશોમાં બાંગ્લાદેશ 65મા, નેપાળ 106મા, પાકિસ્તાન 153માં, અફઘાનિસ્તાન 156માં (છેલ્લા ક્રમે), ભૂટાન 130મા અને શ્રીલંકા 116માં સ્થાને છે.

→ ભારતના રાજનીતિક સશક્તિકરણ સૂચકાંકમાં 13.5%નો ઘટાડો નોંધાયો છે. મહિલા મંત્રીઓની સંખ્યા વર્ષ 2019માં 23.10% હતી જે વર્ષ 2021માં ઘટીને 9.1% રહી ગઈ છે. અલબત્ત, અન્ય દેશોની તુલનામાં ભારત દ્વારા સારું પ્રદર્શન કરાયું છે અને રાજકારણમાં મહિલાઓની ભાગીદારીમાં તે 51મા સ્થાને છે.

→ શિક્ષણ પ્રાપ્તિ સૂચકાંકમાં ભારતને 114મા સ્થાને રખાયું છે.

→ અહેવાલ અનુસાર, ભારતમાં આ વર્ષે આર્થિક ભાગીદારીમાં અંતર 3% વધ્યું છે. વ્યાવસાયિક અને ટેકનિકલ ભૂમિકાઓમાં મહિલાઓની ભાગીદારી 29.2% સુધી ઘટી ગઈ છે. ઉચ્ચ અને મેનેજમેન્ટ પદો પર પણ મહિલાઓની ભાગીદારી 14.6% છે તથા દેશમાં માત્ર 8.9% કંપનીઓમાં જ ટોચના પદે મહિલા મેનેજર છે. ભારતમાં મહિલાઓની અંદાજિત આવક પુરુષોની આવકના માત્ર 1/5 મા ભાગની છે, જે આ સંકેતક પર દેશને વૈશ્વિક સ્તરે 10 સ્થાન નીચે રાખે છે.

→ સ્વાસ્થ્ય અને જીવનરક્ષા માપદંડમાં ભારતે સૌથી ખરાબ પ્રદર્શન કર્યું અને તે 155મા સ્થાને રહ્યું. આ રિપોર્ટ પ્રમુખ કારક તરીકે એક વિષય લિંગ અનુપાત તરફ ઈશારો કરે છે. દક્ષિણ એશિયા સૌથી ખરાબ પ્રદર્શન કરનારા ક્ષેત્રો પૈકીનું એક છે. તેની પછી મધ્ય પૂર્વ અને ઉત્તર આફ્રિકાનું સ્થાન છે.

→ વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF)ની સ્થાપના વર્ષ 1971માં કરવામાં આવી હતી, જેનું વડુમથક સ્વિત્ઝર્લેન્ડના જીનિવામાં આવેલું છે.

❖ **તાજેતરમાં જાહેર 180 દેશોના વિશ્વ પ્રેસ સ્વતંત્રતા સૂચકાંક, 2021 જાહેર કરાયો હતો. જેમાં ભારત પુનઃ 142માં સ્થાને રહ્યું છે.**

→ વિશ્વ પ્રેસ સ્વતંત્રતા સૂચકાંક દર વર્ષે આંતરરાષ્ટ્રીય પત્રકારત્વના બિનનફાકારક સંગઠન રિપોર્ટર્સ વિધાઉટ બોર્ડર્સ (RSF) દ્વારા જાહેર કરાય છે.

→ ઈરિટ્રિયા સૂચકાંકમાં સૌથી નીચલા ક્રમે (180મું) છે, તે પછી ચીન 177મા અને ઉત્તર કોરિયા 179મા તથા તુર્કમેનિસ્તાન 178મા સ્થાને છે.

→ ભારતનું પોતાના પાડોશી દેશોની તુલનાએ ખરાબ પ્રદર્શન રહ્યું છે. આ સૂચકાંકમાં નેપાળને 106મું, શ્રીલંકાને 127મું અને ભૂટાનને 65મું સ્થાન મળ્યું છે, જ્યારે પાકિસ્તાન (145મું સ્થાન) ભારતની નજીક છે.

→ વર્ષ 1950માં રોમેશ થાપર વિરુદ્ધ મદ્રાસ રાજ્ય કેસમાં સુપ્રીમ કોર્ટે નોંધ્યું કે તમામ લોકતાંત્રિક સંગઠનોનો પાયો પ્રેસની સ્વતંત્રતા પર નિર્ભર હોય છે.

❖ **તાજેતરમાં જાહેર થયેલ યુનાઈટેડ સ્ટેટ્સ કમિશન ઓન ઈન્ટરનેશનલ રિલિજિયસ ફ્રીડમ (USCIRF) ના વર્ષ 2021ના વાર્ષિક, રિપોર્ટમાં ભારતને બીજા વર્ષે પણ એટલે કે 2020માં પણ ધાર્મિક સ્વતંત્રતાનું સર્વાધિક ઉલ્લંઘન કરવા માટે કન્ટ્રીઝ ઓફ પર્ટિકયુલર કન્સર્ન (CPC) (પ્રમુખ ચિંતાવાળા દેશો)ની શ્રેણીમાં સૂચિબદ્ધ કરાયો છે.**

→ આ રિપોર્ટ આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા અધિનિયમ, 1998 (IFRA) અંતર્ગત ધાર્મિક સ્વતંત્રતાના ઉલ્લંઘનના આધારે દેશોને વિશેષ ચિંતાવાળા દેશ (CPC) તથા વિશેષ દેખરેખ સૂચિ (Special Watch List – SWL) માં નામિત કરવા માટે અમેરિકન વિદેશ વિભાગના સચિવને ભલામણ કરે છે.

→ વિશેષ ચિંતાવાળા દેશો (CPC) : CPC યાદીમાં સામેલ દેશો રશિયા, સીરિયા અને વિયેતનામ તથા ભારત માટે ભલામણ કરે છે.

→ USCIRF આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા અધિનિયમ (IFRA), 1998 અંતર્ગત સ્થાપિત એક સ્વતંત્ર, દ્વિપક્ષી અમેરિકન સંઘીય આયોગ છે. જે આંતરરાષ્ટ્રીય ધારાધોરણોના આધારે વૈશ્વિક સ્તરે ધાર્મિક સ્વતંત્રતાના ઉલ્લંઘનની દેખરેખ કરે છે. તે અમેરિકન પ્રશાસન માટે સલાહકાર સંસ્થા છે. તેનું વડુમથક વોશિંગ્ટન ડી.સી.માં સ્થિત છે.

❖ **તાજેતરમાં ભારત અને નેધરલેન્ડના વડાપ્રધાનોએ આભાસી શિખર સંમેલનમાં ભાગ લીધો હતો.**

→ આ નેધરલેન્ડના વડાપ્રધાન માર્ક રુટનું માર્ચ 2021માં થયેલી સામાન્ય ચૂંટણી પછી પ્રથમ ઉચ્ચસ્તરીય શિખર સંમેલન હતું. બેઠક દરમિયાન ભારત અને નેધરલેન્ડ ઈન્ડો પેસિફિક, સ્થિતિસ્થાપક સપ્લાય ચેઈન અને ગ્લોબલ ડિજિટલ ગવર્નન્સ જેવા નવા ક્ષેત્રોમાં ઉભરતા કન્વર્ઝન્સનો ઉપયોગ કરવા અંગે સહમત થયા હતા.

→ શિખર સંમેલનના મુખ્ય મુદ્દાઓ :

⇒ જળ અંગે વ્યૂહાત્મક ભાગીદારી : જળ વ્યવસ્થાપનમાં નેધરલેન્ડ વિશ્વમાં સૌથી આગળ છે.

⇒ વ્યાપાર, વાણિજ્ય અને રોકાણ : ભારતમાં ડચ કંપનીઓ અને રોકાણકારો માટે તેને ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટર્નલ ટ્રેડ માટે તેને ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટર્નલ ટ્રેડ (DPIIT)માં સ્થાપિત કરવામાં આવશે.

⇒ કૃષિ : બંને દેશો કૃષિ સંલગ્ન ક્ષેત્રોમાં 2025 સુધીમાં 25 ઉત્કૃષ્ટતા કેન્દ્રો સ્થાપિત કરવા સહમત થયા હતા.

⇒ સ્માર્ટ સિટીઝ એન્ડ અર્બન પ્લાનિંગ.

⇒ વિજ્ઞાન અને ટેકનોલોજી : બંને નેતાઓ WAH! એજન્ડ અંતર્ગત બે નવી પહેલો લોન્ચ કરવા સહમત થાય છે.

❖ **જો બિડેન વહીવટીતંત્રે ભારત સાથે હોમલેન્ડ સિક્યોરિટી ડાયલોગ પુનઃ સ્થાપિત કરવાનો નિર્ણય તાજેતરમાં કર્યો છે.**

→ આ ડાયલોગ (સંવાદ – મંત્રણા) અમેરિકાના તત્કાલીન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બંધ કરી દીધો હતો. આ ડાયલોગ પુનઃ સ્થાપિત કરવાનો નિર્ણય 22 માર્ચ, 2021ના રોજ અમેરિકાની હોમલેન્ડ સિક્યોરિટીના મંત્રી અલેજાન્દ્રો મયોર્કાસે ભારતના અમેરિકા ખાતેના રાજદૂત તરણજિતસિંહ સંધુ સાથેની મંત્રણાઓ બાદ લીધો હતો. સાયબર સુરક્ષા, આધુનિક ટેકનોલોજી અને આતંકવાદ જેવા મુદ્દાઓ પર કેન્દ્રીત US-ઈન્ડિયા હોમલેન્ડ સિક્યોરિટી ડાયલોગ તત્કાલીન ઓબામા પ્રશાસન દ્વારા શરૂ કરાયેલી એક પહેલ છે અને આ પ્રકારનો પ્રથમ ડાયલોગ મે 2011માં યોજાયો હતો.

❖ **બાંગ્લાદેશમાં ઢાકા સ્થિત ભારતીય હાઈ કમિશનના ઈન્દિરા ગાંધી સંસ્કૃતિ કેન્દ્ર દ્વારા જાહેર જનતાને સંસ્કૃત શીખવતી એક એપ 'લિટલ ગુરૂ'ની શરૂઆત કરવામાં આવી છે.**

→ આ એપ ઈન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રિલેશન્સ (ICCR)એ ગેમેપ સ્પોર્ટ્સવિઝ ટેક પ્રા.લિ. સાથે ભાગીદારીમાં લોન્ચ કરી છે.

❖ **ભારતને સંયુકત રાષ્ટ્ર ઈકોનોમિક એન્ડ સોશિયલ કાઉન્સિલ (ECOSOC) ની ત્રણ સંસ્થાઓ – 'કમિશન ઓન ક્રાઈમ પ્રિવેન્શન એન્ડ ક્રિમિનલ જસ્ટિસ (CCPCJ)', 'UN એન્ટિટી ફોર જેન્ડર ઈકવલિટી એન્ડ એમ્પાવરમેન્ટ ઓફ વીમેન' અને 'વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ (WFP)'માટે ચૂંટી કાઢવામાં આવ્યું છે.**

→ 1 જાન્યુઆરી, 2022 થી શરૂ થનારા ત્રણ વર્ષના કાર્યકાળ માટે ભારતની પસંદગી કરાઈ છે.

→ વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ (WEP)1961માં સ્થાપિત સંયુકત રાષ્ટ્રની ખાદ્ય સહાયતા શાખા છે. યુદ્ધ અને સંઘર્ષના શસ્ત્ર તરીકે ભૂખને રોકવાના પ્રયાસો બદલ તેણે વર્ષ – 2020 માં નોબેલ શાંતિ પુરસ્કાર જીત્યો હતો.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન તાજેતરમાં 2 + 2 મંત્રીસ્તરીય સંવાદની સ્થાપના કરવા સંમત થયા.**

→ 2 + 2 મંત્રીસ્તરીય સંવાદ બન્ને દેશોના સંરક્ષણ અને વિદેશ મંત્રીઓ વચ્ચે યોજાશે. ભારત આવી જ સમાન મંત્રણાઓ અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને જાપાન સાથે યોજે છે. રશિયા એવો પ્રથમ બિન–કવાડ (non-QUAD) સભ્ય દેશ છે જેની સાથે ભારત સંવાદ યોજવા જઈ રહ્યું છે.

❖ **ભારત સરકારે નવી મુકિતજોદ્ધા શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત બાંગ્લાદેશના મુકિત સંગ્રામમાં ભાગ લેનારા સૈનિકોના 2,000 વંશજોને શિષ્યવૃત્તિ આપવાની ઘોષણા કરી છે.**

→ આ સંબંધમાં મળેલ માહિતી અનુસાર, હાયર સેકન્ડરી અને અંડર ગ્રેજ્યુએટ શ્રેણીઓમાંથી દરેકમાં 1,000 વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની રકમ પ્રત્યક્ષ રીતે તેના બેંકના ખાતામાં જમા આપવામાં આવશે. આ યોજનાનો ઉદ્દેશ આગામી 5 વર્ષની અવધિમાં બાંગ્લાદેશના 10,000 વિદ્યાર્થીઓને લાભ આપવાનો છે.

❖ **તાજેતરમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સેશેલ્સના રાષ્ટ્રપતિ વેવેલ રામકલાવન વચ્ચે આભાસી બેઠક સંપન્ન થઈ.**

→ સેશેલ્સની રાજધાની વિકટોરિયામાં કુલ 3.5 મિલિયન અમેરિકન ડોલરના ખર્ચે નિર્મિત નવું મેજિસ્ટ્રેટ ભવન, 3.4 મિલિયન અમેરિકન ડોલરનો 1 મેગાવોટનો સોલાર પાવર પ્લાન્ટ તથા સેશેલ્સમાં 10 સામુદાયિક વિકાસ પ્રોજેકટોનું ઉદ્દઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સેશેલ્સના રાષ્ટ્રપતિએ કર્યું હતું. આ તમામ પ્રોજેકટો ભારતની મદદથી પૂર્ણ કરવામાં આવ્યા છે. સેશેલ્સ ભારતની સાગર (Security and Growth for all in the Region = SAGAR) પહેલના કેન્દ્રમાં છે. ભારતની સંરક્ષણ ક્ષમતાઓને વિકસિત કરવા અને ઈન્ફ્રાસ્ટ્રકચરલ અને વિકાસાત્મક જરૂરિયાતો પૂર્ણ કરવામાં સેશેલ્સની ભાગીદારી હોવી ભારત માટે સન્માનની વાત છે. તેમજ ભારત દ્વારા PS ઝેરોસ્ટર જે એક ફાસ્ટ પેટ્રોલ વેસલ છે, તે સેશેલ્સને સોંપાયું છે.

❖ **4 મે, 2021ના ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બ્રિટનના વડાપ્રધાન બોરિસ જ્હોન્સન વચ્ચે એક આભાસી શિખર સંમેલન યોજવામાં આવ્યું હતું.**

→ આ શિખર સંમેલન દરમિયાન બન્ને નેતાઓએ મહત્વાકાંક્ષી રોડમેપ 2030 અપનાવ્યો હતો. સાથે જ, નેતાઓએ એન્હાન્સ્ડ ટ્રેડ પાર્ટનરશિપ પણ લોન્ચ કરી હતી જેનો અમલ 1.4 અબજ ડોલરની મૂડીરોકાણ સમજૂતી મારફત કરાશે. ભારતે COVID-19 ની બીજી ગંભીર લહેરને ધ્યાનમાં રાખી બ્રિટન દ્વારા પ્રદાન કરાયેલી ત્વરિત ચિકિત્સા સહાયતા બદલ તેનો આભાર માન્યો હતો.

→ બ્રિટન સંશોધન અને અભિનવીકરણ સહયોગમાં ભારતનું બીજું સૌથી મોટું ભાગીદાર છે. આ ભાગીદારીનો ઉદ્દેશ પસંદગીના વિકાસશીલ દેશોને સમાવેશી ભારતીય નવાચારોનું હસ્તાંતરણ કરવામાં આવશ્યક સહયોગ પ્રદાન કરવાનો છે. આ દિશામાં શરૂઆત આફ્રિકાથી થશે.

❖ **તાજેતરમાં દક્ષિણ ચીનના હૈનાન પ્રાંતના બોઆઓમાં 'બોઆઓ ફોરમ ફોર એશિયા'(BFA) વાર્ષિક સંમેલન, 2021નું આયોજન કરાયું હતું.**

→ થીમ : 'એ વર્લ્ડ ઈન ચેન્જ : ઈન હેન્ડ ટુ સ્ટ્રેન્થ ગ્લોબલ ગવર્નન્સ એન્ડ એડવાન્સ બેલ્ટ એન્ડ રોડ કોઓપરેશન'

→ બોઆઓ ફોર ફોર એશિયા (BFA) એક બિનનફાકારક આંતરરાષ્ટ્રીય સંગઠન છે, જેને વર્ષ 2001માં 26 સભ્ય દેશો દ્વારા સંયુકત રીતે શરૂ કરાયું હતું વર્તમાનમાં ભારત સહિત તેમાં 29 સભ્યો છે.

→ BFA ની સ્થાપના વર્લ્ડ ઈકોનોમિક ફોરમની તર્જ પર કરાઈ છે, જેની વાર્ષિક બેઠકનું આયોજન સ્વિત્ઝર્લેન્ડના દાવોસમાં કરવામાં આવે છે. આ પ્રકારે બોઆઓ ફોરમને 'પૂર્વના દાવોસ' તરીકે ઓળખાય છે.

❖ **તાજેતરમાં ભારત અને અમેરિકાના વિશેષ દળો દ્વારા હિમાચલ પ્રદેશના બકલોહમાં સ્થિત સ્પેશિયલ ફોર્સ ટ્રેઈનિંગ સ્કૂલમાં સંયુકત યુદ્ધાભ્યાસ 'વજ્ર પ્રહાર–2021'નું આયોજન કરાયું હતું.**

→ આ પૂર્વે ભારત અને અમેરિકી નૌકાદળ વચ્ચે પૂર્વીય હિન્દ મહાસાગર ક્ષેત્રમાં બે દિવસીય 'પાસેકસ સૈન્ય અભ્યાસ'નું આયોજન કરાયું હતું.

❖ **ભારત અને ઈન્ડોનેશિયાના નૌકાદળોએ દક્ષિણ અરબી સમુદ્રમાં પાસેકસ (PASSEX) કવાયતનું આયોજન તાજેતરમાં કર્યું હતું.**

→ PASSEX કવાયતમાં ભારતીય નૌકાદળ વતી ચેતક હેલિકોપ્ટરની સાથે ઓફશોર પેટ્રોલ વેસેલ (OPV) INS શારદાએ ભાગ લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ભારત અને ઈન્ડોનેશિયાના સૈન્યોના વિશેષ દળો વચ્ચે એક દ્વિપક્ષીય અભ્યાસ 'ગરુડ શકિત' પણ યોજાય છે.

❖ **તાજેતરમાં 5 થી 7 એપ્રિલ, 2021 દરમિયાન પૂર્વ હિન્દ મહાસાગરમાં આયોજિત બહુપક્ષીય સમુદ્રી અભ્યાસ લા પેરોસ (La Perouse)માં પહેલીવાર ભારતીય નૌકાદળના જહાજ INS સતપુડા તથા P8I લોન્ગ રેન્જ મેરીટાઈમ પેટ્રોલ એરક્રાફટ સાથે INS કિલ્તાને ભાગ લીધો હતો.**

→ લા પેરોસ અભ્યાસ પછી ભારત ફ્રાન્સના નૌસેના અભ્યાસ 'વરુણ'નું આયોજન પશ્ચિમ હિન્દ મહાસાગરમાં કરવામાં આવશે, જેમાં સંયુકત આરબ અમીરાત (UAE) પણ ભાગ લેશે. આ સંયુકત અભ્યાસની શરૂઆત ફ્રાન્સ દ્વારા વર્ષ 2019માં કરવામાં આવી હતી, જેની પ્રથમ આવૃત્તિમાં ઓસ્ટ્રેલિયા, જાપાન અને અમેરિકાના જહાજોએ ભાગ લીધો હતો.

→ આ અભ્યાસમાં ભારતની ભાગીદારીએ ફ્રાન્સના નેતૃત્વવાળા નૌસેના અભ્યાસમાં કવાડ (QUAD)ની ભાગીદારી પૂર્ણ કરી છે. કવાડ ભારત, અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને જાપાનનો સમૂહ છે, જેનો ઉદ્દેશ ભારત–પેસિફિક ક્ષેત્રમાં લોકતાંત્રિક દેશોના હિતોનું રક્ષણ કરવાનો તથા વૈશ્વિક પડકારોનું સમાધાન કરવાનો છે.

❖ **ભારત અને કિર્ગિસ્તાનના સંયુકત વિશેષ દળોના સૈન્ય અભ્યાસ 'ખંજર'ની આઠમી આવૃત્તિનું આયોજન 16 એપ્રિલથી બે સપ્તાહ સુધી કિર્ગિસ્તાનની રાજધાની બિશકેકમાં કરાયું હતું.**

→ અભ્યાસમાં આતંકવાદનો સામનો કરવા તથા ઊંચાઈવાળા ક્ષેત્રો અને પહાડોમાં તાલીમ પર ધ્યાન કેન્દ્રીત કરાયું હતું. વર્ષ 1992માં, ભારત કિર્ગિસ્તાન સાથે રાજદ્વારી સંબંધ સ્થાપિત કરનારો પહેલો દેશ હતો.

❖ **બાંગ્લાદેશના 'રાષ્ટ્રપિતા'બંગબંધુ શેખ મુજીબુર રહમાનની જન્મશતાબ્દીના ઉપલક્ષ્યમાં યોજાયેલા બહુરાષ્ટ્રીય સૈન્ય અભ્યાસ ' શાંતિર ઓગ્રેશેના–2021' (શાંતિનો પ્રથમ દોડવીર)માં ભારતીય સેનાએ ભાગ લીધો હતો.**

→ આ સૈન્ય અભ્યાસ બાંગ્લાદેશની આઝાદીના 50 વર્ષ પૂર્ણ થવાનું પ્રતીક છે. ભારતીય સૈન્યની ટુકડીમાં ડોગરા રેજિમેન્ટની એક બટાલિયનના અધિકારી, જુનિયર કમિશન અધિકારી અને જવાનો સામેલ છે, જેણે 4 એપ્રિલથી 12 એપ્રિલ સુધી રોયલ ભૂટાન આર્મી, શ્રીલંકન સેના અને બાંગ્લાદેશ સેનાની ટુકડી સાથે અભ્યાસમાં ભાગ લીધો હતો.

❖ **ભારત અને ફ્રાન્સના નૌકાદળો વચ્ચેના દ્વિપક્ષીય અભ્યાસ વરુણ – 2021ની 19મી આવૃત્તિ અરબી સમુદ્રમાં આયોજિત કરવામાં આવી હતી.**

→ આ વર્ષની શરૂઆતમાં ભારતીય નૌસેનાએ પ્રથમવાર અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને જાપાનની નૌસેનાઓ સાથે ફ્રાન્સના નેતૃત્વ હેઠળ નૌસેના અભ્યાસ 'લા પેરોસ'માં ભાગ લીધો હતો. વર્ષ 2021ના નૌસેના યુદ્ધાભ્યાસ વરુણમાં સંયુકત આરબ અમીરાત (UAE)એ પ્રથમવાર ભાગ લીધો હતો.

→ વરુણ 2021માં ભારતીય ટુકડીનું નેતૃત્વ ફલેગ ઓફિસર કમાન્ડિંગ વેસ્ટર્ન ફલીટના રિયર એડમિરલ અજય કોચરે જ્યારે ફ્રાન્સના દળનું વડપણ કમાન્ડર ટાસ્ક ફોર્સ 473ના રિયર એડમિરલ માર્ક ઔસાદતે કર્યું હતું.

❖ **તાજેતરમાં 'ગ્લોબલ ફૂડ પોલિસી રિપોર્ટ' ઈન્ટરનેશનલ ફૂડ પોલિસી રિસર્ચ ઈન્સ્ટિટયૂટ (IFPRI) દ્વારા પ્રકાશિત કરાયો હતો.**

→ થીમ : 'ટ્રાન્સફોર્મિંગ ફૂડ સિસ્ટમ્સ આફટર COVID-19'

→ ભારતનો મધ્યાહન ભોજન કાર્યક્રમ દેશમાં પ્રાથમિક શાળાના 80% વિદ્યાર્થીઓને આવરી લેતો હતો જે પણ COVID-19 લોકડાઉનને લીધે પ્રભાવિત થયો. શાળાઓ બંધ થવાથી દેશમાં ખાસ કરીને છોકરીઓ અને વંચિત વસતીમાં પોષણ અને ખોરાકની અસલામતીમાં વધારો થવાની સંભાવના છે.

→ ભારતમાં 50% પરિવારોએ જણાવ્યું છે કે મહિલાઓએ ગત વર્ષની તુલનામાં લાકડાં અને પાણી લાવવામાં વધુ સમય વિતાવ્યો છે.

→ ભારતમાં આશરે 8 કરોડ હેકટર જમીનને સામાન્ય તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે. જેમાં વન, જળ સંસ્થાઓ અને ગોચરની જમીનનો સમાવેશ થાય છે. આવી જમીન દેશમાં 35 કરોડ લોકોને આજીવિકાનો સ્ત્રોત પૂરો પાડે છે. તેઓ તેમના વન ઉત્પાદનો અને ઘાસચારા માટે આ ક્ષેત્રો પર નિર્ભર હોય છે.

→ આશરે 9.5 કરોડ લોકો, મોટાભાગના આફ્રિકામાં આત્યંતિક ગરીબીમાં જીવે છે. દારુણ ગરીબીમાં જીવતા લોકોની સંખ્યા મહામારી પૂર્વેના સ્તરની સરખામણીમાં 15 કરોડ વધી જશે.

→ વિશ્વભરમાં રોજગારમાં મહિલાઓનું યોગદાન 39% છે. અલબત્ત, મહામારી દરમિયાન 54% મહિલાઓએ નોકરીઓ ગુમાવી દીધી.

❖ **સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ (SIPRI) દ્વારા પ્રકાશિત અહેવાલ 'ટ્રેન્ડ્સ ઈન વર્લ્ડ મિલિટરી એકસ્પેન્ડિચર' અનુસાર, વર્ષ 2020માં COVID-19 મહામારી છતાં દુનિયાભરમાં સૈન્ય ખર્ચ 1,981 અબજ અમેરિકી ડોલર સુધી પહોંચી ગયો.**

→ વિશ્વના સૈન્ય ખર્ચમાં 2.6% નો વધારો એવા વર્ષમાં થયો છે જ્યારે વૈશ્વિક GDP COVID-19 મહામારીના આર્થિક પ્રભાવોને કારણે 4.4% સુધી સંકોચાઈ ગયો છે.

→ વર્ષ 2020માં સૈન્ય પાછળ સૌથી વધુ ખર્ચ કરનારા વિશ્વના 5 દેશો – અમેરિકા, ચીન, ભારત, રશિયા અને યુનાઈટેડ કિંગ્ડમે સંયુકત રીતે કુલ સૈન્ય ખર્ચના 62% નો ખર્ચ કર્યો હતો.

→ અમેરિકાએ સૈન્ય પર તેના GDPના 3.7% નો ખર્ચ કર્યો હતો જ્યારે ભારત અને ચીને અનુક્રમે GDPના 2.9% અને 1.7% નો ખર્ચ સૈન્ય પાછળ કર્યો હતો

❖ **ARWU (એકેડમિક રેન્કિંગ ઓફ વર્લ્ડ યુનિવર્સિટીઝ)ને શાંઘાઈ રેન્કિંગ પણ કહેવામાં આવે છે.**

→ ARWU, 2020માં આશરે 15 ભારતીય યુનિવર્સિટીઓએ સ્થાન મેળવ્યું છે. ARWU રેન્કિંગ શાંઘાઈ રેન્કિંગ કન્સલ્ટન્સી દ્વારા જારી કરવામાં આવે છે.

→ ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સ (IISc) બેંગલુરુએ ભારતમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

❖ **રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને તાજેતરમાં એક એવા કાનૂન પર દસ્તખત કર્યા છે જે તેમને વર્ષ 2036 સુધી સત્તામાં રહેવાની મંજૂરી આપશે.**

→ પુતિન રશિયામાં બે દશક કરતા પણ વધુ સમયથી સત્તામાં છે અને હાલમાં તેમની ઉંમર 68 વર્ષ છે.

→ રશિયાના પાછલા બંધારણ અનુસાર, પુતિને વર્ષ 2024માં સમાપ્ત થઈ રહેલા તેમના સતત બે કાર્યકાળ બાદ રાજીનામું આપવું પડયું હોય. પરંતુ હવે નવા બંધારણીય સુધારા વડે તેઓ વર્ષ 2036 સુધી રશિયાના રાષ્ટ્રપતિ પદે રહી શકશે.

❖ **તાજેતરમાં ન્યૂઝીલેન્ડ જળવાયુ સંબંધિત કાયદો બનાવનારો વિશ્વનો પ્રથમ દેશ બની ગયો છે.**

→ ન્યૂઝીલેન્ડે તાજેતરમાં કાયદાના માધ્યમથી બેંકો, વીમા કંપનીઓ અને રોકાણ વ્યવસ્થાપકો માટે તેમના દ્વારા કરવામાં આવેલા મૂડીરોકાણના કારણે જળવાયુ પરિવર્તન પર થનારી અસરનો રિપોર્ટ આપવાનું ફરજિયાત બનાવ્યું છે. આ રીતે જળવાયુ પરિવર્તન સંબંધિત કાયદો બનાવનારો ન્યૂઝીલેન્ડ વિશ્વનો પ્રથમ દેશ બની ગયો છે. ન્યૂઝીલેન્ડે વર્ષ 2050 સુધીમાં નેટ ઝીરો કાર્બન ઉત્સર્જનનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે.

❖ **NATO એ તાજેતરમાં આલ્બેનિયા ખાતે DEFENDER-Europe 21 નામની સંયુકત સૈન્ય કવાયત યોજી હતી.**

→ અમેરિકામાંથી હજારો સૈન્ય દળોએ તેમાં ભાગ લીધો હતો. અમેરિકાના નેતૃત્વમાં આ એક વાર્ષિક બહુરાષ્ટ્રીય યુદ્ધાભ્યાસ છે. NATO એ 30 ઉત્તર અમેરિકન અને યુરોપિયન દેશો વચ્ચેનું એક આંતરસરકારી સૈન્ય ગઠબંધન છે. 1947માં, ફ્રાન્સ અને UK એ ટ્રીટી ઓફ ડનકર્ક (નાટોની શરૂઆત) પર દસ્તખત કર્યા હતા. તે દેશો વચ્ચે એક સૈન્ય ગઠબંધન હતું.

❖ **તાજેતરમાં ઈન્ટરપોલ દ્વારા 'આઈડીઆર્ટ' નામની એક મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરાઈ છે.**

→ જે ચોરાયેલી સાંસ્કૃતિક સંપત્તિની ઓળખ કરવા, ચોરીમાં ઘટાડો કરવા અને ચોરાયેલી કલાકૃતિઓની પુનઃપ્રાપ્તિની સંભાવનાને વધારવામાં મદદ કરશે. ઈન્ટરપોલની આ એપ ઉપયોગકર્તાઓને ચોરાયેલી કલાકૃતિઓ સંબંધિત ઈન્ટરપોલના ડેટાબેઝ સુધી પહોંચવા, ખાનગી કલા સંગ્રહોની એક યાદી બનાવવા અને જેના પર જોખમ છે તે સાંસ્કૃતિક સ્થળોને રિપોર્ટ કરવા વગેરે માટે સક્ષમ બનાવે છે.

❖ **ઓસ્ટ્રેલિયન સરકારે તાજેતરમાં ઘોષણા કરી હતી કે તેણે રાષ્ટ્ર હિતને ધ્યાનમાં લઈ ચીનની મહત્વાકાંક્ષી બેલ્ટ એન્ડ રોડ પહેલ (BRI) સાથેની સમજૂતી રદ કરી નાખી છે.**

→ ઓસ્ટ્રેલિયા અનુસાર, હસ્તાક્ષરિત સમજૂતીઓ સરકારની વિદેશ નીતિથી વિપરીત હતી.

❖ **તાજેતરમાં અમેરિકાના પ્રમુખ જો બિડેને વર્ષ 1915-16માં ઓટોમન તુર્કો દ્વારા આર્મેનિયન લોકોની કરાયેલી સામૂહિક હત્યાઓને સત્તાવાર રીતે 'નરસંહાર'(Genocide) તરીકે માન્યતા આપી છે.**

→ આર્મેનિયન પ્રવાસી 24 એપ્રિલને 'આર્મેનિયન નરસંહાર સ્મરણ દિવસ' તરીકે ચિહ્નિત કરે છે. અમેરિકા દ્વારા તેના નરસંહારની માન્યતા પ્રદાન કરવાથી તેનો તુર્કી પર કાયદાકીય પ્રભાવ પડશે તથા અન્ય દેશો દ્વારા આપી માન્યતા પ્રદાન કરવામાં આવતા તુર્કી સામે પડકારો ઊભા થઈ શકે છે. તુર્કીએ એ વાતનો સ્વીકાર કર્યો છે કે આર્મેનિયન લોકો પર અત્યાચાર કરવામાં આવ્યો હતો, પરંતુ એ વાત સ્વીકારતું નથી કે તે એક નરસંહાર હતો. ભારતે ઔપચારિક રીતે આર્મેનિયન નરસંહારને માન્યતા આપી નથી.

❖ **સિંગાપુર 'રિજનલ કોમ્પ્રિહેન્સિવ ઈકોનોમિક પાર્ટનરશિપ (RCEP)'ની પુષ્ટિ કરનારો વિશ્વનો પહેલો પ્રતિભાગી દેશ બની ગયો છે.**

→ RCEP વિશ્વની સૌથી મોટી મુકત વેપાર સમજૂતી (FTA) છે. RCEP ચીનના નેતૃત્વ હેઠળની એક પહેલ છે. ભારત 2019માં આ સમજૂતીમાંથી નીકળી ગયું છે. નવેમ્બર 2020માં, 15 એશિયા–પ્રશાંત દેશો જેમાં એસોસિએશન ઓફ સાઉથઈસ્ટ આસિયાન નેશન્સ (ASEAN)ના 10 સભ્ય દેશો અને તેમના 5 ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA) ભાગીદારો ચીન, જાપાન, દક્ષિણ કોરિયા, ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયાએ RCEP પર હસ્તાક્ષર કર્યા હતા.

❖ **બ્રિટિશ અધિકારીઓએ એક સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી (CBDC) ટાસ્કફોર્સ બનાવવાની ઘોષણા કરી છે.**

→ આ નવી ડિજિટલ મુદ્રાને 'બ્રિટકોઈન'(Britcoin) નામ આપવામાં આવ્યું છે. તે ક્રિપ્ટોકરન્સી વિરુદ્ધ ફયુચર પ્રુફિંગ પાઉન્ડ સ્ટર્લિંગ (યુનાઈટેડ કિંગ્ડમનું ચલણ)ની દિશામાં એક સાર્થક પગલું છે. જે ચૂકવણી પ્રણાલીમાં સુધારો કરે છે.

❖ **તાજેતરમાં યુનાઈટેડ કિંગ્ડમની સરકારે રસ્તા પર ધીમી ગતિવાળી ડ્રાઈવરલેસ કારોને પરવાનગી આપવા અને તેને નિયંત્રિત કરવાની ઘોષણા કરી છે, જે સાથે બ્રિટન ડ્રાઈવરલેસ કારને મંજૂરી આપનારો વિશ્વનો પ્રથમ દેશ બન્યો છે.**

→ બ્રિટનમાં તેને ઓટોમેટેડ લેન કીપિંગ સિસ્ટમ (ALKS) સાથે શરૂ કરવામાં આવશે, જે કારને લેનની અંદર રાખવા માટે સેન્સર અને સોફટવેરનો ઉપયોગ કરે છે.

❖ **તાજેતરમાં આતંકી સંગઠન તાલિબાને અફઘાનિસ્તાનના બીજા સૌથી મોટા દાહલા ડેમ પર કબજો કરી લીધો છે.**

→ દાહલા ડેમ અફઘાનિસ્તાનના કંદહાર ક્ષેત્રના શાહવલી કોટ જિલ્લામાં સ્થિત છે. આ ડેમનું નિર્માણ વર્ષ 1952માં અમેરિકા દ્વારા કરાયું હતું. આ ડેમ અરઘાનદાબ નદી પર બંધાયેલો છે.

→ કાબુલ નદી પર શહતૂત ડેમના નિર્માણ માટે ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે એક સમજૂતી કરાઈ છે. અફઘાન–ભારત મૈત્રી ડેમ (સલમા ડેમ) અફઘાનિસ્તાનમાં ભારત દ્વારા નિર્મિત છે.

❖

OLD is GOLD

ગુજરાતની સૌથી પ્રતિષ્ઠિત સંસ્થા સાથે જોડાઓ

GOVT. JOBS

**45000+ Upcoming Vacanciesin Govt. Banks**

# BANK

SBI | IBPS

LIC | SSC

RRB | RBI

Assistant/Officer/PO

**ટૂંક સમય માં જાહેરથનાર 27000+ થી વધારે જગ્યાઓ**

# GPSC

PSI | ના. મામલતદાર

રાજ્ય વેરા નિરીક્ષક | તલાટી

બિન સચિવાલય | કોન્સ્ટેબલ

TET/TAT | ચીફ ઓફિસર

ADMISSION OPEN

New Offline Class Starts SOON

નવા વર્ગો ટૂંક સમય માં શરૂ

F.Y. | S.Y. | T.Y. | Graduate | Master

Start your Preparation NOW!

(Creating A Way For Govt. Jobs)

## Banking Academy

(Preparation for All Types of Competitive Exams)

WE ARE NOW OPEN FOR INQUIRY ADMISSION

Surat (HO-Udhna) Ph. : 70461 40555

Varachha (Surat) Ph. : 70464 16555

Valsad Ph. : 81401 37555

Navsari Ph. : 70466 41555

Vyara Ph. : 90998 64658

❖ **તાજેતરમાં ભારતે પશ્ચિમ હિન્દ મહાસાગરમાં એકસકલુઝિવ ઈકોનોમિક ઝોન (EEZ)માં કાર્યવાહી કરવા બદલ અમેરિકાનો ઉગ્ર વિરોધ કર્યો છે, જેમાં અમેરિકાનો એ દાવો ફગાવી દેવાયો હતો કે ભારતનો ઘરેલુ સમુદ્રી કાનૂન આંતરરાષ્ટ્રીય કાનૂનનું ઉલ્લંઘન છે.**

→ અમેરિકાના સાતમા કાફલાએ ઘોષણા કરી હતી કે તેનું યુદ્ધજહાજ USA જ્હોન પોલ જ્હોન્સ (DDG53) એ ભારતના EEZ અંદર લક્ષદ્વીપ ટાપુ સમૂહના પશ્ચિમમાં ભારતની પૂર્વ સહમતિ વગર 'ફ્રીડમ ઓફ નેવિગેશન ઓપરેશન' પાર પાડયું હતું. ભારતનો EEZ ઉપર દાવો આંતરરાષ્ટ્રીય કાયદા (યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ઓન ધ લો અફ ધ સી, 1982)ની વિરુદ્ધ છે.

## અર્થવ્યવસ્થા

❖ **તાજેતરમાં રાજ્યસભામાં નેશનલ બેંક ફોર ફાઈનાન્સિંગ ઈન્ફ્રાસ્ટ્રકચર એન્ડ ડેવલપમેન્ટ (NBFID) બિલ, 2021 પસાર કરવામાં આવ્યું હતું.**

→ આ વિધેયકનો ઉદેશ આંતરમાળખાકીય પ્રોજેકટોની નાણાંભંડોળની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે મુખ્ય ડેવલપમેન્ટ ફાઈનાન્સ ઈન્સ્ટિટયૂટશન્સ (DFIs) તરીકે NBFID સ્થાપના કરવાનો છે. NBFID ની ઘોષણા બજેટ – 2021માં કરવામાં આવી હતી. NBFID નું એક ગઠન એક કોર્પોરેટ સંસ્થા તરીકે કરવામાં આવશે. જેની અધિકૃત શેરમૂડી 1 લાખ કરોડ રૂપિયા હશે. NBFIDના નાણાકીય ઉદેશોમાં સંપૂર્ણપણે અથવા આંશિક રીતે ભારતમાં સ્થિત ઈન્ફ્રાસ્ટ્રકચરલ પ્રોજેકટો માટે પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ રીતે ઉધાર આપવું, રોકાણ કરવું અથવા રોકાણ આકર્ષિત કરવાનો સમાવેશ છે. NBFID ના વિકાસલક્ષી ઉદેશોમાં ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટના નાણાંભંડોળ માટે બોન્ડ, ઋણ અને ડેરિવેટિવ્ઝના બજારના વિકાસમાં મદદ કરવાનો છે.

→ NBFIDના કાર્યો :

⇒ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટ્સને લોન તથા એડવાન્સ આપવું.

⇒ હાલની લોન વસૂલવી અને તેને ફરીથી નાણાં પૂરાં પાડવા.

⇒ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટ્સમાં રોકાણ માટે ખાનગી ક્ષેત્રના રોકાણકારો અને સંસ્થાગત રોકાણકારોને આકર્ષિત કરવા.

⇒ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટ્સમાં વિદેશી ભાગીદારીને સરળ બનાવવી.

⇒ ઈન્ફ્રાસ્ટ્રકચર ધિરાણના ક્ષેત્રમાં વિવાદ નિવારણ માટે વિવિધ સરકારી ઓથોરિટી સાથે વાતચીતને સુવિધાજનક બનાવવી.

⇒ ઈન્ફ્રાસ્ટ્રકચર ધિરાણમાં પરામર્શ સેવાઓ પ્રદાન કરવી.

→ ધનરાશિનો સ્ત્રોત :

⇒ NBFID લોન તરીકે ભારતીય રૂપિયા તથા વિદેશી ચલણમાં ધન મેળવી શકે છે. અથવા બોન્ડ્સ અને ડિબેન્ચર્સ સહિત વિવિધ નાણાકીય સાધનો રજૂ કરીને તેને વેચીને નાણાં મેળવી શકે છે.

⇒ NBFID કેન્દ્ર સરકાર, RBI, અનુસૂચિત વાણિજ્ય બેંક, વર્લ્ડ બેંક અને એશિયન ડેવલપમેન્ટ બેંક જેવી બહુપક્ષીય સંસ્થાઓ પાસેથી નાણાં ઉધાર લઈ શકે છે.

⇒ શરૂઆતમાં આ સંસ્થામાં કેન્દ્ર સરકારની ભાગીદારી 100 ટકા રહેશે જે ધીમે ધીમે ઘટીને 25 ટકા સુધી પહોંચી જશે.

→ NBFID નું વ્યવસ્થાપન બોર્ડ ઓફ ડાયરેકટર્સ દ્વારા કરવામાં આવશે, તેના અધ્યક્ષની નિયુકિત કેન્દ્ર સરકાર દ્વારા RBI ની સલાહથી કરવામાં આવશે.

→ કેન્દ્ર સરકાર દ્વારા ગઠિત સંસ્થા મેનેજિંગ ડાયરેકટર અને ડેપ્યૂટી મેનેજિંગ ડાયરેકટર્સના પદ માટે ઉમેદાવારોના નામની ભલામણ કરશે.

→ આંતરિક સમિતિની સૂચનાઓના આધારે બોર્ડ સ્વતંત્ર ડાયરેકટર્સની નિયુકિત કરશે.

→ કેન્દ્ર સરકાર પહેલાં નાણાકીય વર્ષના અંતમાં NBFIDને રૂ. 5,000 કરોડનું અનુદાન આપશે.

❖ **તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ ઈકોનોમિક એન્ડ સોશિયલ કમિશન ફોર એશિયા એન્ડ ધ પેસિફિક (UNESCAP) એ એશિયા અને પ્રશાંતનું આર્થિક અને સામાજિક સર્વેક્ષણ, 2021 શીર્ષકથી એક રિપોર્ટ જારી કર્યો છે.**

→ આ રિપોર્ટ અનુસાર, ભારતનો આર્થિક વૃદ્ધિદર વર્ષ 2021-22માં 7% રહેવાનું અનુમાન છે, જ્યારે સામાન્ય વ્યાવસાયિક પ્રવૃત્તિ પર મહામારીની અસરના કારણે છેલ્લા નાણાકીય વર્ષ (2020-21) માં 7.7% નું સંકુચન જોવા મળ્યું હતું.

→ UNESCAP ની સ્થાપના વર્ષ 1947માં થઈ હતી. તેનું વડુમથક બેંગકોક (થાઈલેન્ડ) ખાતે આવેલ છે. જેના કુલ 53 સભ્ય દેશો અને 9 સહાયક સભ્યો છે.

❖ **તાજેતરમાં RBI દ્વારા નાણાકીય વર્ષ 2021-22 માટે પ્રથમ દ્વિમાસિક નાણાં નીતિ સમીક્ષા જાહેર કરી.**

→ નાણાકીય રેપો રેટ – 4.00% , રિવર્સ રેપો રેટ – 3.35% , માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી (MSF) રેટ – 4.25% , બેંક રેટ – 4.25% , કેશ રિઝર્વ રેશિયો (CRR) – 3.50% , સ્ટેચ્યુટરી લિકિવડિટી રેશિયો (SLR) 18.00% , RBI એ નાણાં વર્ષ 2021-22માં GDPમાં 10.5% ના વિકાસ દરનો અંદાજ રજૂ કર્યો છે.

→ RBIએ ટેપ યોજના પર TLTROની સમય મર્યાદા લંબાવી : RBIએ ટેપ સ્કીમ પર ટાર્ગેટેડ લોંગ ટર્મ રેપો ઓપરેશન્સ (TLTRO) ને છ મહિનાની મુદત સુધી અર્થાત 30 સપ્ટેમ્બર, 2021 સુધી વિસ્તારવાનો નિર્ણય લીધો છે. અગાઉ આ યોજના 31 માર્ચ, 2021 સુધી ઉપલબ્ધ હતી.

→ નાણાકીય સંસ્થાઓને સહાયતા : RBI નાણાકીય વર્ષ 2021-22માં નવું ઋણ આપવા માટે અખિલ ભારતીય નાણાકીય સંસ્થાઓને પ્રદાન કરાઈ રહેલા આર્થિક સમર્થન પ્રયાસોના ક્રમમાં રૂ.50,000 કરોડનું નવું સમર્થન પ્રદાન કરશે. નાબાર્ડને કૃષિ અને તેને સંલગ્ન પ્રવૃત્તિઓ, ગ્રામીણ બિનકૃષિ ક્ષેત્ર અને નોન–બેંકિંગ ફાઈનાન્સ કંપનીઓ (NBFCs), માઈક્રો–ફાઈનાન્સ ઈન્સ્ટિટયૂશન્સ (MFIs) નું સમર્થન કરવા એક વર્ષ માટે રૂ.25,000 કરોડની વિશેષ તરલતા સુવિધા (SLF) પ્રદાન કરાશે.

→ આવાસ ક્ષેત્રને સહાય કરવા એક વર્ષ માટે રાષ્ટ્રીય આવાસ બેંકમાં 10,000 કરોડ રૂપિયાનું SLF વધારાશે. લઘુ ઉદ્યોગ વિકાસ બેંક (SIDBI) ને સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યમો (MSMEs)ના નાણાંપોષણ માટે ઉકત સુવિધા હેઠળ રૂ.15,000 કરોડ પૂરાં પડાશે. આ ત્રણેય સુવિધાઓ પ્રચલિત પોલિસી રેપો રેટ પર ઉપલબ્ધ બનશે.



Banking Academy

→ બેંક લોન સાથે કામ પાડવા એસેટ રિકન્સ્ટ્રક્શન કંપનીઝ (ARC)ના મહત્વને ઈંગિત કરતા RBI નાણાકીય ક્ષેત્રના પારિસ્થિતિકી તંત્રમાં ARCsના કામની વ્યાપક સમીક્ષા માટે એક સમિતિનું ગઠન કરશે. સમિતિ નાણાકીય ક્ષેત્રની વધતી આવશ્યકતાઓને પૂર્ણ કરવા માટે એવી સંસ્થાઓને સક્ષમ બનાવવા ઉચિત ઉપાયોની ભલામણ કરશે.

→ RBIએ ઓગષ્ટ 2019માં સુધીર શ્રીવાસ્તવની અધ્યક્ષતામાં એક સલાહકાર સમિતિનું ગઠન કર્યું હતું, જેણે વેસ એન્ડ મીન્સ એડવાન્સ (WMA) મર્યાદાની સમીક્ષા કરી હતી. સમિતિએ WMA અંગે અમુક ભલામણો પણ કરી હતી. જેનો સ્વીકાર કરી RBIએ બધા રાજ્યો માટે WMAની મર્યાદા રૂ.32,225 કરોડથી વધારીને રૂ.47,010 કરોડ કરી છે. જે લગભગ 46% નો વધારો સૂચવે છે.

→ WMA RBI અને કેન્દ્ર તથા રાજ્ય સરકારો વચ્ચે એક ખૂબ ટૂંકાગાળાની ઉધાર વ્યવસ્થા છે. રાજ્ય સરકારો માટે એક બેંકર તરીકે RBI, RBI અધિનિયમ, 1934ની કલમ 17(5) હેઠળ રાજ્યોને WMA પ્રદાન કરે છે, જેથી તેઓને આવકો અને ચૂકવણીઓના રોકડ પ્રવાહમાં કામચલાઉ કમેળ પર ટકી રહેવામાં મદદ મળી શકે. WMA યોજના વર્ષ 1997માં શરૂ કરવામાં આવી હતી.

→ રિઝર્વ બેંકના ગવર્નર શકિતકાન્ત દાસે સેકન્ડ G-સેક એકિવઝિશન પ્રોગ્રામ (G-SAP)1.0 જાહેર કર્યો હતો. જે અંતર્ગત RBI ઓપન માર્કેટમાંથી સરકારી સિકયોરિટીઝ (જામીનગીરીઓ) ખરીદશે. દાસે જણાવ્યું હતું કે એપ્રિલથી જૂનના પ્રથમ ત્રિમાસિક (Q1)માં RBI રૂ. 1 લાખ કરોડન બોન્ડ્સ ખરીદશે. 2020-21ના વર્ષમાં RBIએ રૂ. 3 લાખ કરોડના બોન્ડ ખરીદ્યા હતા.

❖ **તાજેતરમાં પાવરગ્રિડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ પોતાનું ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ (InvIT) પાવરગ્રિડ ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ (PGInvIT) લોન્ચ કર્યું છે.**

→ આવું પહેલીવાર બન્યું છે કે, સરકારી માલિકીનું એકમ 'ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ'ના માધ્યમથી તેની સંપત્તિઓનું મુદ્રીકરણ કરી રહ્યું છે. તે 'IRB InvIT' અને 'ઈન્ડિયા ગ્રિડ ટ્રસ્ટ' પછી ભારતીય બજારમાં સૂચિબદ્ધ થનારી ત્રીજીInvIT બનશે. 'IRB InvIT'અને 'ઈન્ડિયા ગ્રિડ ટ્રસ્ટ' બંનેને વર્ષ 2017માં જાહેર કરવામાં આવી હતી. સરકારી સહાય વગર મૂડી સંબંધિત જરૂરિયાતોનું વ્યવસ્થાપન કરવા માટે સરકાર સંચાલિત કંપનીઓને એક વૈકલ્પિક મની ટ્રેડિંગ રુટ પ્રદાન કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા InvIT માર્ગ પ્રસ્તાવિત કરવામાં આવ્યો હતો.

→ તે મ્યુચ્યુઅલ ફંડ જેમ જ સામૂહિક રોકાણ યોજના છે, જે ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટ્સમાં વ્યકિતગત અને સંસ્થાગત રોકાણકારો પાસેથી મેળવેલી રકમના પ્રત્યક્ષ રોકાણને સંભવ બનાવે છે અને રોકાણકારોને તેના પર આવકનો નાનો ભાગ કમાવાની તક મળે છે. InvITsને રિઅલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ (ReIT)ની સુધારેલી આવૃત્તિ તરીકે જોવામાં આવી રહી છે. જેને ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રની વિશિષ્ટ પરિસ્થિતિઓ અનુસાર ડિઝાઈન કરવામાં આવી છે. તેને સામાન્ય રીતે આવક સર્જન અને ઓપરેશનલ ઈન્ફ્રાસ્ટ્રકચર જેમ કે રસ્તાઓ, ઈલેકિટ્રસિટી ટ્રાન્સમિશન લાઈનો અને ગેસ પાઈપલાઈનો વગેરેના નિર્માણ માટે બનાવવામાં આવી છે. તેનું સંચાલન સેબી (ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્વેસ્ટમેન્ટ ફંડ) રેગ્યુલેશન, 2014 દ્વારા કરવામાં આવે છે.

❖ **17 એપ્રિલ, 2021ના ઈટાલીએ ભારતમાં અન્ન પ્રક્રિયા સવલતો સમેત તેનો સૌપ્રથમ મેગા ફૂડ પાર્ક પ્રોજેકટ લોન્ચ કર્યો છે.**

→ ઈટાલીના ભારત ખાતેના રાજદૂત વિન્સેન્ઝો ડી લુકા અને ભારતના ઈટાલી ખાતેના રાજદૂત નીના મલ્હોત્રાની ઉપસ્થિતિમાં વર્ચ્યુઅલ પ્લેટફોર્મ પર પાઈલટ પ્રોજેકટ ધ મેગા ફૂડ પાર્ક લોન્ચ કરાયો હતો. આ પ્રોજેકટનો ઉદ્દેશ બન્ને દેશોના કૃષિ અને ઔદ્યોગિક ક્ષેત્રો વચ્ચે તાલમેળ સ્થાપિત કરવાનો અને આ ક્ષેત્રમાં નવી અને અધિક કુશળ ટેકનોલોજીઓના સંશોધન અને વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે. આ પ્રોજેકટના માધ્યમથી ઈટાલીનો લક્ષ્યાંક ભારતીય બજારમાં ઉપલબ્ધ વિવિધ અવસરોની ઓળખ કરવાનો છે. પાઈલટ પ્રોજેકટ તરીકે મેગા ફૂડ પાર્ક ICE ઓફિસ, મુંબઈ અને ફનીધર મેગા ફૂડ પાર્ક, ગુજરાત (તા.જોટાણા, જિ.મહેસાણા)માં સ્થપાશે.

❖ **તાજેતરમાં કેન્દ્રીય મંત્રીમંડળે રૂ.10,900 કરોડના મૂડીરોકાણ સાથે અન્ન પ્રક્રિયા ઉદ્યોગ માટે કેન્દ્રીય ક્ષેત્રની એક પ્રોડકશન લિન્કડ ઈન્સેન્ટિવ (PLI) યોજનાને મંજૂરી આપી છે.**

→ PLI યોજનાની ઘોષણા ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ મંત્રી પીયૂષ ગોયલે કરી હતી. આ યોજના કિસાનો માટે તદ્દન યોગ્ય છે.

→ ઘરેલુ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા અને આયાત બિલોમાં કાપ મૂકવા માટે કેન્દ્ર સરકારે માર્ચ 2020માં એક PLI યોજના પેશ કરી હતી જેનો ઉદ્દેશ ઘરઆંગણાના એકમોમાં નિર્મિત ઉત્પાદનોનું વેચાણ વધારવા માટે કંપનીઓને પ્રોત્સાહન આપવાનો છે. ભારતમાં વાણિજ્યક એકમ સ્થાપિત કરવા માટે વિદેશી કંપનીઓને આમંત્રિત કરવા સિવાય આ યોજનાનો ઉદ્દેશ સ્થાનિક કંપનીઓને ઉત્પાદન એકમની સ્થાપના કે વિસ્તરણ માટે પ્રોત્સાહિત કરવાનો છે. PLI યોજનાને ઓટોમોબાઈલ, ફાર્માસ્યુટિકલ્સ, IT હાર્ડવેર જેમ કે લેપટોપ, મોબાઈલ ફો અને દૂર સંચાર ઉપકરણો, મોટા ઘરેલું ઉપકરણો, રાસાયણિક સેલ અને વસ્ત્રો વગેરે જેવાં ક્ષેત્રોમાં પણ મંજૂરી અપાઈ છે.

❖ **તાજેતરમાં સરકાર દ્વારા સ્ટાર્ટઅપ સીડ ફંડ યોજના શરૂ કરવામાં આવી છે.**

→ આ યોજનાની શરૂઆત સ્ટાર્ટઅપ ઈન્ડિયા પહેલના 5 વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં આયોજિત 'પ્રારંભ : સ્ટાર્ટઅપ ઈન્ડિયા ઈન્ટરનેશનલ સમિટ'માં કરાઈ હતી.

→ આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ સ્ટાર્ટઅપ્સ પ્રોટોટાઈપનો વિકાસ, ખ્યાલનો પુરાવો, ઉત્પાદન પરીક્ષણ, બજારમાં પ્રવેશ માટે આર્થિક સહાય પ્રદાન કરવાનો છે. રૂ. 945 કરોડ ખર્ચની આ યોજનાને ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ ઈન્ટર્નલ ટ્રેડ (DPIIT) દ્વારા લોન્ચ કરવામાં આવી છે. DPIIT દ્વારા માત્ર એવા સ્ટાર્ટઅપને માન્યતા આપવામાં આવશે જેને આવેદન સમયે 2 વર્ષની વધુ સમય ન થયો હોય તથા સ્ટાર્ટઅપ દ્વારા કેન્દ્ર કે રાજ્ય સરકારની કોઈપણ યોજના અંતર્ગત રૂ. 10 લાખથી વધુ આર્થિક સહાય મેળવી રહ્યા ન હોય.

→ અગામી 4 વર્ષોમાં 300 ઈન્કયુબેટર્સના માધ્યમથી લગભગ 3,600 ઉદ્યમીઓનું સમર્થન કરાશે.

→ DPIIT દ્વારા ગઠિત એક વિશેષજ્ઞ સલાહકાર સમિતિ (એકસપર્ટ એડવાઈઝરી કમિટી–EAC) સમગ્ર યોજનાના અમલ અને દેખરેખ માટે જવાબદાર હશે.

→ સમિતિ દ્વારા પસંદ થયેલા ઈન્કયુબેટરોને રૂ. 5 કરોડ સુધી અનુદાન રકમ પૂરી પાડવામાં આવશે.

→ પસંદ થયેલા ઈન્કયુબેટર્સને સ્ટાર્ટઅપ્સના પ્રોટોટાઈપના વિકાસ, પ્રૂફ ઓફ કન્સેપ્ટ, ઉત્પાદન પરીક્ષણ માટે રૂ.20 લાખ સુધીની સહાય પ્રદાન કરવામાં આવશે.

→ સ્ટાર્ટઅપ્સને બજારમાં પ્રવેશ, વ્યવસાયીકરણ અથવા પરિવર્તનીય ડિબેન્ચર કે ઋણથી જોડાયેલા ઉપકરણો માટે રૂ.50 લાખ સુધીનું રોકાણ પ્રદાન કરાશે.

→ અપેક્ષિત લાભ : આ ટિયર 2 અને ટિયર 3 ક્ષેત્રોમાં એક મજબૂત સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને વિકસિત કરવામાં મદદરૂપ પુરવાર થશે, કેમ કે ભારતમાં નાના શહેરોને ઘણીવાર ઉચિત રકમ ઉપલબ્ધ કરાવવામાં આવતી નથી.

❖ **RBIએ તણાવગ્રસ્ત ઋણ સમાધાનમાં એસેટ રિકન્સ્ટ્રકશન કંપનીઓ (ARCs)ની ભૂમિકાનું મૂલ્યાંકન કરવા અને તેના વ્યવસાય મોડલની સમીક્ષા કરવા માટે તેના પૂર્વ કાર્યકારી નિર્દેશક સુદર્શન સેનની અધ્યક્ષતામાં 6 સભ્યોની એક સમિતિનું ગઠન કર્યું છે.**

→ સમિતિના સદ્સ્યોમાં વિશાખા મૂલ્યે, P.N.પ્રસાદ, રોહિત પ્રસાદ, અબીઝેર દીવાનજી અને આર.આનંદનો સમાવેશ થાય છે.

❖ **તાજેતરમાં વર્લ્ડ બેંક દ્વારા 'વર્લ્ડ ડેવલપમેન્ટ રિપોર્ટ 2021 : ડેટા ફોર બેટર લાઈવ્સ'નું પ્રકાશન કરવામાં આવ્યું છે.**

→ ડેટા માટેના સામાજિક કરારમાં ત્રણ ઘટકો સામેલ હોય છે, વેલ્યૂ, ઈકિવટી અને ટ્રસ્ટ. રિપોર્ટ અનુસાર, વિશ્વભરના મોટાભાગના દેશો ઓપન ડેટા પોલિસીથી દૂર ભાગે છે. માત્ર 11 ટકા ઓછી આવક ધરાવતા દેશોએ ઓપન તરીકેનું લાઈસન્સ વર્ગીકરણ પૂરું પાડયું હતું. રિપોર્ટમાં ઓપન ડેટા સિસ્ટમમાં દેશો દ્વારા કરવામાં આવેલા અંડર ઈન્વેસ્ટમેન્ટને ઉજાગર કર્યું છે. 2019 સુધીમાં માત્ર અડધા દેશોમાં રાષ્ટ્રીય આંકડાકીય યોજના હતી, જે સંપૂર્ણપણે નાણાંભંડોળ મેળવતી હતી. 93 ટકા ઉચ્ચ આવક ધરાવતા દેશોમાં સંપૂર્ણ નાણાંભંડોળ મેળવતી આંકડાકીય યોજના હતી, જ્યારે કોઈપણ નિમ્ન આવક ધરાવતા દેશોમાં રાષ્ટ્રીય આંકડાકીય યોજના જોવા મળી નથી. ડેટાની ક્ષમતાનો ઉપયોગ કરવા માટે ઓછી આવક ધરાવતા દેશોની અસક્ષમતા પાછળ મુખ્ય કારણો સંસ્થાઓ, નિર્ણય લેવાની સ્વાયત્તતા અને નાણાંકીય સંસાધનોની ઉણપ હતા. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, મહિલાઓ અને છોકરીઓના ડેટામાં અંતરાલ ગંભીર હતો. સંયુકત રાષ્ટ્રના SDG લક્ષ્યોમાં 54 લિંગ વિશિષ્ટ સંકેતકો (19 ટકા)માંથી માત્ર 10 પ્રાપ્ય હતા. ઉપલબ્ધ લિંગ વિશિષ્ટ સંકેતકોમાંથી માત્ર 24 ટકા 2010 અથવા તેના પછીના હતા. ભારતમાં ગરીબો અંગેના આંકડાઓનો અભાવ છે. ભારત 130 SDG સંકેતકોમાંથી 54 પર નજર રાખે છે, મોનિટર કરવામાં આવેલા સંકેતકોની કુલ સંખ્યામાં વૃદ્ધિ થઈ છે.

❖ **તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (UNFPA)એ 'માય બોડી ઈઝ માય ઓન' શીર્ષકથી વિશ્વ વસતી અહેવાલ, 2021 જારી કર્યો છે.**

→ આવું પહેલીવાર બન્યું છે જ્યારે સંયુકત રાષ્ટ્રના અહેવાલે શારીરિક સ્વાયત્તતા પર ધ્યાન કેન્દ્રીત કર્યું છે, જેને હિંસાના ડર વગર આપના શરીર વિષે અથવા કોઈ બીજા માટે નિર્ણય લેવાની સત્તા તથા એજન્સી તરીકે પરિભાષિત કરવામાં આવ્યું છે.

→ 57 વિકાસશીલ દેશોની લગભગ અડધી મહિલાઓને પોતાના શરીર વિષે નિર્ણય લેવાનો અધિકાર નથી, જેમાં ગર્ભનિરોધકનો ઉપયોગ કરવો, સ્વાસ્થ્ય દેખરેખની માંગ કરવી અથવા ત્યાં સુધી કે પોતાની કામવાસના સંબંધી નિર્ણય પોતે ના લઈ શકવાનો સમાવેશ થાય છે. માત્ર 75 ટકા દેશ કાયદાકીય રીતે ગર્ભનિરોધક માટે સંપૂર્ણ અને સમાન પહોંચ સુનિશ્ચિત કરે છે. મહિલાઓને આખા વિશ્વમાં શારીરિક સ્વાયત્તતાના મૌલિક અધિકારથી વંચિત રાખવામાં આવે છે. COVID-19 મહામારીને તેને વધુ પ્રભાવિત કર્યું છે.

❖ **વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF) એ તાજેતરમાં એસેન્ચરના સહયોગમાં 'ગ્લોબલ એનર્જી ટ્રાન્ઝિશન ઈન્ડેકસ (ETI)', 2021 જારી કર્યો હતો જેમાં 53ના સ્કોર સાથે ભારતને 87મું સ્થાન પ્રાપ્ત થયું છે.**

→ આ સૂચકાંક (WEF)એ તેના અહેવાલ 'ફોસ્ટરિંગ ઈફેકિટવ એનર્જી ટ્રાન્ઝિશન, 2021'શીર્ષક અંતર્ગત જારી કર્યો છે. સૂચકાંકમાં સ્વીડન, નોર્વે અને ડેન્માર્ક સૌથી મોખરે છે.

❖ **તાજેતરમાં સિંગાપુર સ્થિત ખાનગી બિનનફાકારક સંગઠન ચાંડલર ઈન્સ્ટિટયૂટ ઓફ ગવર્નન્સ દ્વારા 'ચાંડલર ગુડ ગવર્નન્સ ઈન્ડેકસ (CGGI)'જારી કરાયો હતો.**

→ જેમાં 0.516ના સ્કોર સાથે ભારતને 104 દેશોમાં 49મો રેન્ક અપાયો છે. CGGIમાં ફિનલેન્ડ ટોચના ક્રમે રહ્યો છે. આ સૂચકાંક 104 દેશોની સરકારી ક્ષમતાઓ અને પરિણામોને વર્ગીકૃત કરે છે.

→ આ ઈન્ડેકસ સાત માપદંડો પર કેન્દ્રીત છે : (1) નેતૃત્વ અને દૂરદર્શિતા, (2) મજબૂત કાનૂન અને નીતિઓ, (3) સુદૃઢ સંસ્થાઓ, (4) નાણાકીય સહાયતા, (5) આકર્ષક બજાર, (6) વૈશ્વિક પ્રભાવ અને પ્રતિષ્ઠા અને (7) લોકોના ઉત્થાનમાં મદદ કરવી.

❖ **તાજેતરમાં ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) દ્વારા વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક, 2021 અહેવાલ જાહેર કરવામાં આવ્યો છે, જે અનુસાર, ભારતનો વૃદ્ધિ દર નાણાકીય વર્ષ 2021માં 12.5 ટકા રહેવાનો અંદાજ છે.**

→ અગાઉ જાન્યુઆરી 2021માં વૃદ્ધિ દર 11.5 ટકા રહેવાનો અંદાજ રજૂ કરાયો હતો.

→ ભારતીય અર્થવ્યવસ્થામાં વર્ષ 2021માં 12.5 ટકા અને વર્ષ 2022માં 6.9 ટકાના દરે વૃદ્ધિ થવાની અપેક્ષા છે. ભારતની અર્થવ્યવસ્થામાં વર્ષ 2020માં 8 ટકાનું સંકુચન જોવા મળ્યું હતું. વર્ષ 2021માં ભારતનો વિકાસ દર ચીનની સાપેક્ષમાં સારી સ્થિતિમાં છે. ચીન એકમાત્ર મુખ્ય અર્થવ્યવસ્થા ધરાવતો દેશ હતો. જેણે વર્ષ 2020માં 2.3 ટકાનો સકારાત્મક વૃદ્ધિ દર જાળવી રાખ્યો હતો અને વર્ષ 2021માં 8.6 ટકા અને વર્ષ 2022માં 5.6 ટકાના દરથી વૃદ્ધિની અપેક્ષા છે.

→ IMFએ વર્ષ 2021 અને 2022માં વિશ્વનો વિકાસ દર ક્રમશઃ 6 ટકા અને 4.4 ટકા રહેવાના કારણે મજબૂત આર્થિક રિકવરીની ભવિષ્યવાણી કરી છે. વૈશ્વિક અર્થવ્યવસ્થામાં વર્ષ 2020માં 3.3 ટકાનું સંકુચન થયું હતું.

❖ **રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ તાજેતરમાં 'ગ્રાહક વિશ્વાસ સૂચકઆંક' જાહેર કર્યો હતો.**

→ આ સર્વે દેશના મોટા શહેરોમાં 5,000 પ્રતિભાવકોને સામેલ કરી હાથ ધરાયો હતો.

→ ગ્રાહક વિશ્વાસ સૂચકાંક જાન્યુઆરી 2021માં 55.5 પોઈન્ટ્સથી ઘટીને માર્ચ 2021માં 53.1 પોઈન્ટ્સ પર પહોંચ્યો હતો.

→ ભાવિ અપેક્ષા સૂચકાંક જાન્યુઆરી 2021માં 117.1 પોઈન્ટ્સથી ઘટીને માર્ચ 2021માં 108.80 પોઈન્ટ્સ રહ્યો હતો.

→ જ્યારે સૂચકાંકનું માપ 100થી ઉપર હોય ત્યારે તે આશાવાદનો સંકેત કરે છે અને 100 થી નીચે હોય ત્યારે નિરાશાવાદનું પ્રતિનિધિત્વ કરે છે.

→ RBIનો આ સર્વે રોજગાર, આર્થિક પરિસ્થિતિ, ભાવનું સ્તર, ખર્ચ અને આવક જેવા પાંચ આર્થિક પરિબળો અંગે ગ્રાહકની દૃષ્ટિનું માપ કાઢે છે. ગ્રાહક વિશ્વાસ સર્વેના બે મુખ્ય સૂચકાંકો – વર્તમાન પરિસ્થિતિ સૂચકાંક અને ભવિષ્યની અપેક્ષાઓનો સૂચકાંક હોય છે. ભાવિ અપેક્ષાઓનો સૂચકાંક એક વર્ષ અગાઉ આર્થિક મુદ્દે પરિવર્તન વિષે ગ્રાહક શું વિચારે છે તેનું માપ કાઢે છે. વર્તમાન પરિસ્થિતિ ઈન્ડેકસ ગત વર્ષમાં આર્થિક મુદ્દે ગ્રાહકની દૃષ્ટિમાં ફેરફારનું



Banking Academy

માપ કાઢે છે. RBI દ્વારા દર બે મહિને ગ્રાહક વિશ્વાસ સર્વે યોજવામાં આવે છે. સર્વે એ મૂલ્યાંકન કરવા માટે યોજાય છે કે ગ્રાહકો તેઓની આર્થિક સ્થિતિ માટે કેટલા આશાવાદી કે નિરાશાવાદી છે.

- **RBI તાજેતરમાં 'નેટવર્ક ફોર ગ્રીનિંગ ધ ફાઈનાન્સિયલ સિસ્ટમ (NGFS)'માં જોડાઈ છે.**
  - → આ પ્રણાલી સાથે જોડાઈને, RBI નાણાકીય ક્ષેત્રમાં વૈશ્વિક જળવાયુ જોખમ પ્રબંધન અંગે શીખશે અને તેમાં યોગદાન આપશે. છેવટે, એપેક્ષ બેંક (સર્વોચ્ચ બેંક) એક ટકાઉ અર્થતંત્રની દિશામાં પ્રયાણને સમર્થન આપવા તેના વૈશ્વિક ભાગીદારો સાથે કામ કરશે.
  - → NGFS સાથે 83 કેન્દ્રીય બેંકો જોડાયેલી છે, જે પૈકીની 75 સભ્ય છે અને 13 નિરીક્ષક. પ્રણાલીનો મુખ્ય ઉદ્દેશ ગ્રીન ફાઈનાન્સને વધારવાનો અને ઝડપી બનાવવાનો છે. વર્ષ 2017માં પેરિસ ખાતે આયોજિત વન પ્લેનેટ સમિટ દરમિયાન તેની ઘોષણા કરાઈ હતી. આ પહેલ 'બેંક દ ફ્રાન્સ'ના નેતૃત્વ તળે 8 કેન્દ્રીય બેંકો દ્વારા શરૂ કરાઈ હતી.
- **26 એપ્રિલ, 2021ના રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ કોર્પોરેટ બેંકના વહીવટને સુધારવા માર્ગદર્શિકા જારી કરી છે.**
  - → જે અનુસાર, એક જ વ્યક્તિ બેંકના મેનેજિંગ ડાયરેક્ટર (MD) અને CEOના પદે 15 વર્ષોથી વધુ સમય સુધી રહી શકે નહીં. અલબત્ત, તે જ વ્યક્તિની પુનઃ નિમણૂક ત્રણ વર્ષોના કૂલિંગ પીરિયડ બાદ કરી શકાય. કૂલિંગ પીરિયડ દરમિયાન, વ્યક્તિની નિમણૂક પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે બેંક અથવા તેના ગ્રૂપની સંસ્થાઓમાં કરી શકાશે નહીં. આ માર્ગદર્શિકા ભારતમાં શાખાઓ ધરાવતી વિદેશી બેંકોને લાગુ પડશે નહીં. બેંકના ચેરમેન અથવા નોન–એક્ઝિક્યુટિવ ડાયરેક્ટરની મહત્તમ વય મર્યાદા 75 વર્ષ નિર્ધારિત કરાઈ છે.
- **ભારત દ્વારા હિલિયમ સંબંધી જરૂરિયાતો પૂર્ણ કરવા માટે તેને આયાત કરવામાં આવે છે.**
  - → વર્ષ 2021થી અમેરિકા દ્વારા હિલિયમની નિકાસમાં કાપ મૂકવાથી ભારતીય ઉદ્યોગોને ભારે નુકસાન ભોગવવું પડી શકે છે. અમેરિકાનું મુખ્ય હિલિયમ રિઝર્વ ફેડરલ હિલિયમ રિઝર્વ વર્ષ 2021માં ઉત્પાદન બંધ કરવાની તૈયારીમાં છે. વૈજ્ઞાનિકો આ ભંડારના સ્થાને નવા ભંડારની શોધ કરી રહ્યા છે.
  - → હિલિયમ (He) એક રાસાયણિક તત્વ છે જેનો પરમાણુ ક્રમાંક 2 છે. તે રંગહીન, ગંધહીન, સ્વાદહીન, બિનઝેરી, નિષ્ક્રિય તથા એક પરમાણ્વિક નોબલ ગેસ (આદર્શ વાયુ) છે. જે આવર્ત કોષ્ટકમાં આદર્શ વાયુ સમૂહમાં પ્રથમ વાયું છે. તેનું ઉત્કલન બિંદુ તમામ વાયુઓમાં સૌથી નીચું છે. ભારતનાં ઝારખંડમાં સ્થિત રાજમહલ જવાળામુખી બેસિનમાં અબજો વર્ષો હિલિયમનો ભંડાર રહેલો છે.
- **કેન્દ્ર સરકારે તબીબી ઉદ્દેશો માટે ઉપયોગમાં લેવાતા એલ્કલોઈડ્સ ઉપજને પ્રોત્સાહન આપવા માટે ભારતની અફીણ ખેતીમાંથી 'કોન્સન્ટ્રેટેડ પોપી સ્ટ્રો'(CPS)નું ઉત્પાદન શરૂ કરવા અને બીજા દેશોમાં તેની નિકાસ કરવા ખાનગી ક્ષેત્રો પર પ્રતિબંધ લગાડવાનો નિર્ણય કર્યો છે.**
- **નાણાકીય વર્ષ 2020-21 માં દેશના GDPમાં 7.3% નો ગંજાવર ઘટાડો થયો છે.**
  - → આ ચાર દશકમાં દેશના GDPમાં નોંધાયેલો સૌથી મોટો ઘટાડો છે. આ પહેલાં 1979માં જનતા પાર્ટીની સરકારમાં દુકાળના કારણે GDPમાં 5.3%નો ઘટાડો થયો હતો. જો કે, પાછલા નાણાકીય વર્ષના ચોથા ત્રિમાસિકમાં GDP 1.6% વધ્યો હતો. તેનાથી એ સંકેત મળે છે કે કોરોનાની બીજી લહેર પૂર્વે દેશનું અર્થતંત્ર રિકવરીમાં હતું. નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ (NSO) દ્વારા 31 મે, 2021ના જાહેર કરાયેલા ડેટા અનુસાર, એબ્સોલ્યૂટ ટર્મમાં દેશનો રિયલ GDP રૂ. 135 લાખ કરોડ રહ્યો હતો, જે અગાઉના વર્ષે રૂ.145 લાખ કરોડ હતો.
- **અગ્રણી ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જો પૈકીના એક WazirXએ તાજેતરમાં NFT માટે ભારતના પ્રથમ માર્કેટપ્લેસને લોન્ચ કર્યું છે.**
  - → NFTનું પૂરું નામ નોન–ફંજિબલ ટોકન છે. આ NFT માર્કેટપ્લેસ હવે ભારતીય કલાકારો અને રચનાકારોને બ્લોકચેઈન આધારિત પ્લેટફોર્મ પર પોતાની ડિજિટલ સંપત્તિઓ જેવી કે ચિત્રો, વીડિયોઝ, સંગીત વગેરેની હરાજી કરવા અને રોયલ્ટી કમાવવામાં સક્ષમ બનાવશે.
- **તાજેતરમાં ભારત સરકારની થિંક ટેન્ક નીતિ આયોગે 'ઈન્ડિયા એનર્જી ડેશબોર્ડ વર્ઝન 2.0'લોન્ચ કર્યું છે.**
  - → ઈન્ડિયા એનર્જી ડેશબોર્ડ (IED) એક જ સ્થાને દેશના ઊર્જા ક્ષેત્ર સાથે સંબંધિત સમગ્ર ડેટા પ્રદાન કરવાનો એક પ્રયાસ છે તે ભારત માટે એક વ્યાપક, મુક્ત, સ્વતંત્ર અને સુલભ ઊર્જા ડેટા પોર્ટલ બનાવવાની દિશામાં કરવામાં આવેલો આરંભિક પ્રયાસ છે. આ ડેશબોર્ડમાં સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી ઓથોરિટી ઓફ ઈન્ડિયા, કોલ કન્ટ્રોલર્સ ઓર્ગેનાઈઝેશન અને પેટ્રોલિયમ અને નેચરલ ગેસ મંત્રાલય દ્વારા પ્રકાશિત એનર્જી ડેટા સંકલિત કરવામાં આવ્યો છે.
- **નાણાં મંત્રાલયે તાજતેરમાં COVID-19 ની બીજી લહેરને ધ્યાનમાં લઈ રાજ્યોના સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ (SDRF – રાજ્ય આપદા પ્રતિક્રિયા કોષ)નો પ્રથમ હપ્તો જારી કર્યો છે.**
  - → નાણાં મંત્રાલય અનુસાર, ભંડોળ વહેલું મુક્ત કરાયું છે. મંત્રાલયે કુલ રકમના 50% છૂટા કર્યા છે, જે રૂ. 4,436.80 કરોડ છે. નાણાં પંચની ભલામણ અનુસાર, ઉક્ત ભંડોળ જૂન 2021 સુધીમાં મુક્ત કરવાનું હતું. વર્ષ 2021-22 માટે SDRFની કુલ રકમ રૂ. 8,873 કરોડ છૂટી કરવાની છે.
  - → SDRFની રચના ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, 2005ની કલમ 48(1)(a) અન્વયે કરાઈ છે. તેની સ્થાપના 13મા નાણાં પંચ (અધ્યક્ષ વિજય એલ. કેલકર)ની ભલામણોના આધારે કરાઈ છે. તે રાજ્ય સરકાર પાસે ઉપલબ્ધ પ્રાથમિક રકમ હોય છે, જેનો ઉપયોગ સૂચિત આપદાઓ માટે તાત્કાલિક રાહત આપવા વારંવાર કરવામાં આવે છે. નાણાં પંચની ભલામણ અનુસાર, વાર્ષિક કેન્દ્રીય યોગદાન બે સમાન હપ્તામાં જારી કરવામાં આવે છે. દર વર્ષે ભારતના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા (CAG) દ્વારા તેનું ઓડિટ કરવામાં આવે છે.
- **RBIએ તાજેતરમાં તેના ફુગાવા (ઈન્ફ્લેશન) પૂર્વાનુમાન મોડલમાં સુધારો કર્યો છે.**
  - → નવું ફુગાવા પૂર્વાનુમાન મોડલ રાજકોષીય અને મૌદ્રિક નીતિ વાસ્તવિક અર્થવ્યવસ્થાના તત્વો સાથે કેવી રીતે બેહતર ઢબે કાર્ય કરે છે તે બાબત ચકાસશે.
  - → નવા સુધારેલા મોડલને QPM 2.0 કહેવામાં આવે છે અને તેમાં રાજકોષીય મૌદ્રિક ગતિશીલતા, વિખંડિત ઈંધણ મૂલ્ય નિર્ધારણ (તેલ મૂલ્ય, વિનિમય દર અને ઈંધણ કર). ચૂકવણીની સમતુલા અને વિનિમય દર ઈન્ટરએક્શન સામેલ છે. નવા મોડલને ત્રણ બ્લોકસમાં વિભાજિત કરાયું છે જેમાં રાજકોષીય બ્લોક, ઈંધણ બ્લોક અને ચૂકવણી સમતુલા બ્લોકનો સમાવેશ થાય છે. પહેલો બ્લોક સરકારની પ્રાથમિક ખાધને સંરચનાત્મક અને ચક્રીય ઘટકોમાં વિઘટિત કરે છે. તેને ફિસ્કલ બ્લોક પણ કહેવાય છે. બીજા બ્લોકમાં ભારતમાં જટિલ ભાવ પ્રણાલીનો સમાવેશ થાય છે. તેમાં તેલના આંતરરાષ્ટ્રીય ભાવો, સ્થાનિક કરવેરાઓ અને વિનિમય દરોના આધારે જેની કિંમતો નક્કી થાય છે તેવા પેટ્રોલ અને ડીઝલ જેવી વસ્તુઓનો સમાવેશ થાય છે. આ બ્લોકને ફ્યુઅલ બ્લોક

Banking Academy

પણ કહેવાય છે. ત્રીજો બ્લોક ચૂકવણીની સમતુલાનો બ્લોક કહેવાય છે. આ બ્લોક એ ખર્ચાઓની ઓળખ કરે છે જે વિનિમય દરમાં અસ્થિરતામાં ઉછાળા લાવવા સાથે સંબંધિત છે.

❖ **15 જૂન, 2021થી સોનાના આભૂષણો અને કલાકૃતિઓના ફરજિયાત હોલમાર્કિંગ સંબંધિત નિયમો લાગુ થશે.**

→ નવેમ્બર, 2019માં કેન્દ્ર સરકારેજાહેરાત કરી હતી કે 15 જાન્યુઆરી, 2021થી દેશભરમાં સોનાના આભૂષણો અને કલાકૃતિઓ માટે હોલમાર્કિંગ અનિવાર્ય રહેશે. સોનાના હોલમાર્કિંગનો ઉદ્દેશ તેની શુદ્ધતાના પ્રમાણનો છે તથા વર્તમાનમાં સોનાનું હોલમાર્કિંગ સંપૂર્ણપણે સ્વૈચ્છિક છે. 15 જૂન, 2021થી નવા નિયમો લાગુ થયા બાદ વિક્રેતાઓ માત્ર 14, 18 અને 22 કેરેટ સોનાના આભૂષણો વેચી શકશે. વર્તમાનમાં માત્ર 40% સોનાના આભૂષણોનું હોલમાર્કિંગ થાય છે.

→ ભારત સોનાના સૌથી મોટા આયાતકાર દેશોમાંનો એક છે અને નાણાકીય વર્ષ 2020માં ભારતે કુલ 1.3 અબજ અમેરિકન ડોલરની કિંમત કરતા વધુનું સોનું આયાત કર્યું હતું.

❖ **કેન્દ્રીય નાણાં મંત્રાલયે તાજેતરમાં ઘોષણા કરી હતી કે રૂ. 5 કરોડથી વધુનું વાર્ષિક ટર્નઓવર ધરાવતા બિઝનેસોએ તેઓના ટેકસ ઈનવોઈસીસ પર 6 આંકડાનો HSN (હાર્મનાઈઝડ સિસ્ટમ ઓફ નોમેનકલેચર) કોડ દર્શાવવાનું ફરજિયાત રહેશે.**

→ રૂ. 5 કરોડથી ઓછું વાર્ષિક ટર્નઓવર ધરાવતા બિઝનેસોએ ચાર અંકનો HSN કોડ પૂરો પાડવાનો રહેશે. અગાઉ આ જરૂરિયાત અનુક્રમે ચાર અને બે અંકોના HSN કોડની હતી.

→ HSN અને SAC (સર્વિસ એકાઉન્ટિંગ કોડ) બન્નેનો ઉપયોગ GST પ્રણાલી અંતર્ગત વસ્તુઓ અને સેવાઓને વર્ગીકૃત કરવા માટે કરાય છે.1988માં વર્લ્ડ કસ્ટમ્સ ઓર્ગેનાઈઝેશન (WCO) દ્વારા HSN કોડ અપનાવાયો હતો. ભારતે WCO ની પણ પહેલાં 1986માં HSN કોડિંગ પ્રણાલી મુખ્યત્વે કસ્ટમ્સ અને સેન્ટ્રલ એકસાઈઝ માટે વસ્તુઓને વર્ગીકૃત કરવા માટે અપનાવી હતી. HSN કોડ GST અને કસ્ટમ્સ બન્નેને લાગુ પડે છે. HSN કોડ આખા વિશ્વમાં ઉપયોગમાં લેવાય છે.

→ SAC કોડ સર્વિસીઝ એકાઉન્ટિંગ છે. SAC HSN સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેકટ ટેકસીસ એન્ડ કસ્ટમ્સ (CBIC) દ્વારા જારી કરાય છે. આ કોડ અપાયેલી સેવાઓ માટે બનાવાયેલા ઈનવોઈસીસમાં ઉપયોગમાં લેવાય છે.

❖ **રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના નિયમો સુવ્યવસ્થિત કરવા અને વિનિયમિત સંસ્થાઓના અનુપાલનનું ભારત ઓછું કરવાના ઉદ્દેશથી ' રેગ્યુલેટરી રિવ્યૂ ઓથોરિટી 2.0 (RRA 2.0)'નું ગઠન કરવામાં આવ્યું છે.**

→ વિતેલા 2 દશકોમાં RBIના વિનિયામક કાર્યો અને નિયામક પરિમિતીના વિકાસને ધ્યાનમાં રાખી આ ઓથોરિટીનું ગઠન કરવાનો નિર્ણય લેવાયો છે. RRA 2.0 રિઝર્વ બેંકના નિયમો અને અનુપાલન પ્રક્રિયાઓની સમીક્ષા કરશે તથા તેને વધુ પ્રભાવી બનાવવાના સંબંધમાં સૂચનો આપશે. RRA 2.0 ની સ્થાપના 1 મે, 2021ના રોજ 1 વર્ષ માટે કરવામાં આવી છે, જો કે RBI દ્વારા તેનો કાર્યકાળ વધારી શકાય છે. આ પહેલા RBIએ જાહેર બેંકો અને નાણાકીય સંસ્થાઓ પાસેથી મળેલા ફીડબેકના આધારે નિયમો, પરિપત્રો તથા રિપોર્ટિંગ સિસ્ટમની સમીક્ષા કરવા માટે 1 એપ્રિલ, 1999થી 1 વર્ષનાસમય માટે રેગ્યુલેટરી રિવ્યૂ ઓથોરિટી (RRA)નું ગઠન કર્યું હતું.

❖ **તાજેતરમાં નેશનલ સેન્ટર ફોર સસ્ટેનેબલ એકવાકલ્ચર (NaCSA) દ્વારાe-SANTAનામનું પ્લેટફોર્મ લોન્ચ કરવામાં આવ્યું.**

→ e-SANTA નું આખું નામ ઈલેકટ્રોનિક સોલ્યુશન ફોર ઓગમેન્ટિંગ NaCSA ફાર્મર્સ ટ્રેડ ઈન એકવાકલ્ચર છે. જે એક ઈલેકટ્રોનિક બજાર છે, જે જળ ખેડૂતો અને ખરીદદારો (રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરો પર) જોડવા માટે એક મંચ પ્રદાન કરે છે. e-SANTA સંપૂર્ણપણે પેપરલેસ અને એન્ડ–ટુ–એન્ડ ટ્રેડ પ્લેટફોર્મ છે. તે NaCSA (નેશનલ સેન્ટર ફોર સસ્ટેનેબલ એકવાકલ્ચર)ની પહેલ છે. આ પોર્ટલ ખેડૂતોને તેના ઉત્પાદનોને વધુ સારી કિંમત અપાવવા માટે મદદ કરશે અને નિકાસકારોને ખેડૂતો પાસેથી સીધું જ ગુણવત્તાસભર ઉત્પાદન ખરીદવા સક્ષમ બનાવશે. પોર્ટલ લોન્ચ કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ મધ્યસ્થીઓને સમાપ્ત કરવાનો છે. ભારત એકવાકલ્ચરમાં બીજો સૌથી મોટો દેશ છ. (ચીન પ્રથમ ક્રમે છે) અને મત્સ્ય ઉત્પાદનમાં ત્રીજા ક્રમે છે. ભારતમાં મત્સ્યપાલન 1.45 કરોડ લોકોને રોજગારી પૂરી પાડે છે અને કુલ GDPમાં 1.07% હિસ્સો આપે છે. ભારતમાં 10 જુલાઈના રોજ રાષ્ટ્રીય મત્સ્ય પાલક દિવસ મનાવાય છે.

❖ **ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (IRDA)એ ગ્રામીણ ક્ષેત્રોમાં વીમા સંબંધી સેવાઓને પ્રોત્સાહન આપવા માટે 'મોડલ ઈન્સ્યોરન્સ વિલેજ'(MIV)ની અવધારણા પ્રસ્તુત કરી છે.**

→ આર્થિક સર્વેક્ષણ 2020-21 અનુસાર, ભારતમાં વીમા સંબંધી સેવાઓની પહોંચ, જે વર્ષ 2001માં 2.71% હતી. તે વર્ષ 2019માં 3.76% સુધી વધી ગઈ પરંતુ આ વધારો વૈશ્વિક સરેરાશ 7.23% થી ઘણો નીચો છે. તાજેતરમાં સંસદે વીમા ક્ષેત્રમાં ફોરેન ડાયરેકટ ઈન્વેસ્ટમેન્ટની મર્યાદા 49% થી વધારીને 74% કરવા માટે વીમા સુધારા વિધેયક, 2021 પસાર કર્યું હતું.

❖ **ભારત સરકારે RBIના પરામર્શથી મે 2021થી સપ્ટેમ્બર 2021 સુધી છ હપ્તામાં સોવરેન ગોલ્ડ બોન્ડ (Sovereign Gold Bond) જાહેર કરવાનો નિર્ણય લીધો છે.**

→ સરકારે સોનાની માંગ ઓછી કરવા અને ઘરેલુ બચતના એક ભાગ (જેનો ઉપયોગ સોનું ખરીદવા માટે કરવામાં આવે છે) ને નાણાકીય બચતમાં બદલવાના ઉદ્દેશથી નવેમ્બર 2015માં સોવરેન ગોલ્ડ બોન્ડ યોજના શરૂ કરી હતી. ગોલ્ડ બોન્ડ ગવર્નમેન્ટ સિકયોરિટી (GS) એકટ, 2006 અંતર્ગત ભારત સરકારના સ્ટોક તરીકે જારી કરવામાં આવે છે. ગોલ્ડ બોન્ડ ભારત સરકાર તરફથી રિઝર્વ બેંક જારી કરે છે. બોન્ડનું વેચાણ વાણિજ્ય બેંકો, સ્ટોક હોલ્ડિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ. (SHCIL), સૂચિત પોસ્ટ ઓફિસ અને માન્યતા પ્રાપ્ત સ્ટોક એકસચેન્જો જેમકે નેશનલ સ્ટોક એકસચેન્જ ઓફ ઈન્ડિયા લિ. તથા બોમ્બે સ્ટોક એકસચેન્જ લિ.ના માધ્યમથી અથવા તો ડાયરેકટ કે એજન્ટોના માધ્યમથી કરી શકાય છે. આ બોન્ડનું વેચાણ નિવાસી વ્યકિતઓ, હિન્દુ અવિભકત પરિવારો (HUFs), ન્યાસો/ટ્રસ્ટ, યુનિવર્સિટીઓ અને ધર્માર્થ સંસ્થાઓ સુધી મર્યાદિત છે.

→ ગોલ્ડ બોન્ડની કિંમત ઈન્ડિયા બુલિયન એન્ડ જવેલર્સ એસોસિએશન (IBJA) દ્વારા 999 શુદ્ધતાવાળા સોના (24 કેરેટ) માટે પ્રકાશિત મૂલ્ય પર આધારિત હોય છે.

→ ગોલ્ડ બોન્ડ 1 ગ્રામ યુનિટના ગુણાંકોમાં ખરીદી શકાય છે. જેમાં વિવિધ રોકાણકારો માટે એક નિશ્ચિત મર્યાદા નિર્ધારિત હોય છે. છૂટક (વ્યકિતગત) તથા હિન્દુ અવિભકત પરિવારો માટે ખરીદીની અધિકતમ મર્યાદા 4 કિ.ગ્રા. છે. ટ્રસ્ટ અને આ પ્રકારની સંસ્થાઓ માટે પ્રતિ નાણાકીય વર્ષ 20 કિલોગ્રામની

અધિકતમ મર્યાદા લાગુ પડે છે. જોઈન્ટ હોલ્ડિંગના કિસ્સામાં 4 કિ.ગ્રા.ની રોકાણ મર્યાદા માત્ર પ્રથમ અરજદાર પર લાગુ પડે છે. લઘુતમ સ્વીકાર્ય રોકાણ મર્યાદા 1 ગ્રામ સોનું છે.

→ આ બોન્ડની પરિપકવતા અવધિ 8 વર્ષ હોય છે તથા 5 વર્ષ બાદ આ રોકાણમાંથી બહાર નીકળવાનો વિકલ્પ ઉપલબ્ધ હોય છે.

→ રોકાણકારોને પ્રતિવર્ષ 2.5% નું નિશ્ચિત વ્યાજ મળવાપાત્ર બને છે. જે છ માસે જમા થાય છે. ઈન્કમટેકસ એકટ, 1961ની જોગવાઈ અનુસાર ગોલ્ડ બોન્ડ પર મળવાપાત્ર લોન પર ટેકસ ભરવો પડશે.

❖ **IMFએ તાજેતરમાં જ ઘોષણા કરી હતી કે COVID-19 સંકટના કારણે ભારતના સકલ ઘરેલુ ઉત્પાદન (GDP – ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડકટ)ના પ્રમાણમાં તેનું દેવું 74% થી વધીને 90% થઈ ગયું છે.**

→ ચાલુ વર્ષ અર્થાત 2021માં તે વધુ વધીને 99% થઈ જશે. IMFએ એમ પણ જણાવ્યું છે કે આર્થિક સુધારા બાદ તે ઘટીને 80% થઈ જશે.

❖ **તાજેતરમાં જારી વર્લ્ડ બેંકના માઈગ્રેશન એન્ડ ડેવલપમેન્ટ બ્રીફની નવીનતમ આવૃત્તિ અનુસાર, COVID-19 નો પ્રસાર હોવા છતાં વર્ષ 2020માં વિદેશોમાંથી ભારતીયો દ્વારા મોકલાયેલા ધનનો પ્રવાહ ફલેકિસબલ રહ્યો, જે પૂર્વ અનુમાનિત આંકડાઓમાં ઘટાડો દર્શાવે છે.**

→ વિશ્વ અર્થવ્યવસ્થાને પ્રભાવિત કરનારી COVID-19 મહામારી હોવા છતાં વર્ષ 2020માં ભારત સૌથી વધુ રેમિટન્સ મેળવનારો દેશ રહ્યો છે, જેણે રેમિટન્સ તરીકે 83 અબજ ડોલરથી વધુ ધન મેળવ્યું છે. જે ગયા વર્ષ (2019)ની સાપેક્ષમાં માત્ર 0.2% ઓછું છે. વર્ષ 2020માં ભારતમાં રેમિટન્સમાં માત્ર 0.2% ઘટાડો આવ્યો છે, જેમાં સંયુકત આરબ અમીરાતથી 175 ઘટાડાના કારણે સૌથી વધુ ઘટાડો નોંધાયો છે. ભારત અને ચીન બાદ ક્રમશઃ મેકિસકો, ફિલિપાઈન્સ, ઈજિપ્ત, પાકિસ્તાન, ફ્રાન્સ તથા બાંગ્લાદેશનું સ્થાન છે.

## પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી

❖ **કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડો. હર્ષવર્ધને 26 માર્ચ, 2021ના રોજ NATHEALTH (નેટહેલ્થ)ના 7મા વાર્ષિક શિખર સંમેલનને આભાસી રીતે સંબોધિત કર્યું હતું.**

→ થીમ : 'ઈન્ડિયન હેલ્થ સિસ્ટમ એકસ્પાન્શન ઈન પોસ્ટ – COVID એસ'

→ તેનું આયોજન NATHEALTH હેલ્થ કેર ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા વર્ચ્યુઅલ મોડમાં 25 – 26 માર્ચ, 2021ના કરાયું હતું.

→ શિખર સંમેલનને સંબોધતી વખતે ડો.હર્ષવર્ધને 'તમામ માટે સ્વાસ્થ્ય'ના ધ્યેયને પરિપૂર્ણ કરવા માટેની સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

→ સ્વાસ્થ્ય નીતિના હેતુઓ સિદ્ધ કરવા સરકાર વર્ષ 2025 સુધીમાં આરોગ્ય પાછળનો ખર્ચ GDPના 2.5% સુધી વધારવાની દિશામાં કામ કરી રહી છે. કેન્દ્ર સરકારને પણ રાજ્ય ક્ષેત્રના સ્વાસ્થ્યનો ખર્ચ રાજ્યના GDPના 8% સુધી વધારવા પ્રોત્સાહન આપી રહી છે.

❖ **તાજેતરમાં સંયુકત રાષ્ટ્ર દ્વારા જારી વૈશ્વિક વન લક્ષ્યાંક રિપોર્ટ (Global Forest Goals Report) 2021 મુજબ કોવિડ–19 મહામારીએ વનોના પ્રબંધનમાં વિવિધ દેશો સામે આવનારા પડકારોમાં વધારો કર્યો છે.**

→ આ રિપોર્ટ સંયુકત રાષ્ટ્રની આર્થિક અને સામાજિક બાબતોના વિભાગ દ્વારા તૈયાર કરાયો છે. આ રિપોર્ટ યુનાઈટેડ નેશન્સ સ્ટ્રેટેજિક પ્લાન ફોર ફોરેસ્ટ 2030માં સામેલ ઉદ્દેશો અને લક્ષ્યાંકોની પ્રગતિ પર સમગ્ર અવલોકન પ્રદાન કરે છે.

→ વૈશ્વિક વન સંસાધન મૂલ્યાંકન (FRA)2020 રિપોર્ટ અનુસાર, વિશ્વમાં કુલ વન ક્ષેત્ર 4.06 અબજ હેકટર છે, જે કુલ ભૂમિ ક્ષેત્રના લગભગ 31% છે. ઉલ્લેખનીય છે કે આ વિસ્તાર પ્રતિ વ્યકિત 0.52 હેકટર જેટલો છે. વિશ્વના 54% થી વધુ જંગલો માત્ર પાંચ દેશો રશિયા, બ્રાઝિલ, કેનેડા, અમેરિકા અને ચીનમાં જ ઉપલબ્ધ છે.

→ ભારત વન સ્થિતિ રિપોર્ટ, 2019 અનુસાર, દેશના ભૌગોલિક ક્ષેત્રનું કુલ વન અને વૃક્ષ આવરણ 24.56% છે. ભારતમાં સર્વાધિક વન વિસ્તાર મધ્યપ્રદેશ, અરુણાચલ પ્રદેશ, છત્તીસગઢ, ઓડિશા અને મહારાષ્ટ્રમાં છે. ભારતની રાષ્ટ્રીય વન નીતિ, 1988એ દેશના 33% ભૌગોલિક વિસ્તારને વન અને વૃક્ષોના આવરણ હેઠળ રાખવાના લક્ષ્યની કલ્પના કરી છે.

❖ **22 એપ્રિલ, 2021ના રોજ ઉજવાતા પૃથ્વી દિવસના અવસરે અમેરિકાના પ્રમુખ જો.બિડેન બે દિવસીય લીડર્સ સમિટ ઓન કલાઈમેટનો શુભારંભ કર્યો હતો.**

→ થીમ : 'અવર કલેકિટવ સ્પ્રિન્ટ ટુ 2030'

→ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત વિશ્વના 40 નેતાઓને આ આભાસી શિખર સંમેલનમાં આમંત્રિત કરાયા હતા, જેથી તેઓ મજબૂત જળવાયુ કાર્યવાહી પર ભાર મૂકીને પોતપોતાનું યોગદાન આપી શકે. આ શિખર સંમેલનને નવેમ્બર 2021માં સ્કોટલેન્ડના ગ્લાસગોમાં આયોજિત સંયુકત રાષ્ટ્રના જળવાયુ પરિવર્તન સંમેલન, કોન્ફરન્સ ઓફ પાર્ટીઝ – 26 (COP26)ના સંદર્ભમાં ખૂબ જ મહત્વપૂર્ણ સીમાચિન્હ તરીકે જોવામાં આવી રહ્યું છે.

→ શિખર સંમેલનમાં ભાગ લેનારા દેશોમાંથી મોટાભાગના ઊર્જા અને જળવાયુ પર મેજર ઈકોનોમીસ ફોરમ (MEF)ના સભ્યો હતા, જેમાં ભારતનો પણ સમાવેશ થાય છે. શિખર સંમેલનમાં ચર્ચાનો મુખ્ય મુદ્દો વૈશ્વિક તાપમાન વૃદ્ધિને 2 ડિગ્રી સેલ્સિયસથી નીચે રાખવા માટે ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન ઓછું કરવાનો હતો. શિખર સંમેલન દરમિયાન, આશરે 101 નોબેલ વિજેતાઓએ 'ફોસિલ ફયુઅલ નોન–પ્રોલિફરેશન ટ્રીટી' પર હસ્તાક્ષર કરવાની હાકલ કરી હતી. તેઓએ જીવાશ્મ બળતણોને તબક્કાવાર દૂર કરવાની માંગ કરતો એક પત્ર રજૂ કર્યો હતો. બૌદ્ધ ધર્મગુરુ દલાઈ લામા પણ આ પત્ર પર હસ્તાક્ષર કરનારા વિદ્વાનો પૈકીના એક હતા.

→ ભારતે અમેરિકા સાથે મળીને પોતાની જળવાયુ પરિવર્તન પ્રતિબદ્ધતાને આગળ વધારી છે, જેમાં ભારત દ્વારા જળવાયુ કાર્યવાહી અને સ્વચ્છ ઊર્જાના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે અમેરિકા સાથે મળીને 450 ગીગાવોટ અક્ષય ઊર્જાના લક્ષ્યાંકને હાંસલ કરવાનો સમાવેશ થાય છે.

→ સમિટ દરમિયાન, અમેરિકાએ ગ્લોબલ લીડરશિપ ગ્રૂપ ફોર ઈન્ડસ્ટ્રી ટ્રાંઝિશન (Lead IT) માં જોડાવાના પોતાના નિર્ણયની ઘોષણા કરી હતી. આ ભારત અને સ્વીડનની એક પહેલ છે જેને 2019માં ન્યૂયોર્કમાં UNSG કલાઈમેટ એકશન સમિટમાં લોન્ચ કરાઈ હતી. આ પહેલનો ઉદ્દેશ ભારે અને ઊર્જા ઘનિષ્ઠ ઉદ્યોગોમાં જળવાયુ પરિવર્તનને પ્રોત્સાહન આપવાનો છે. તેના લગભગ 29 સભ્ય દેશો છે.

→ લીડર્સ સમિટ અને ક્લાઈમેટની પૂર્વ સંધ્યાએ 43 આંતરરાષ્ટ્રીય બેંકોનું એક જૂથ 2050 સુધી કાર્બન તટસ્થતા સુધી પહોંચવા માટે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આયોજિત સમજૂતીમાં સામેલ થઈ ગયું છે.

→ વૈશ્વિક શૂન્ય ઉત્સર્જન અર્થવ્યવસ્થા બનાવવા અને પેરિસ સમજૂતીનાં લક્ષ્યાંકો સિદ્ધ કરવાની દિશામાં અબજો ડોલર એકત્ર કરવા માટે સભ્યો ગ્લાસગો ફાઈનાન્સિયલ એલાયન્સ ફોર નેટ ઝીરો (GFANZ)ની સ્થાપના પણ કરશે.

❖ **કેન્દ્રીય પૃથ્વી વિજ્ઞાન મંત્રી ડો.હર્ષવર્ધને તાજેતરમાં ત્રીજી આર્કટિક વિજ્ઞાન મંત્રીસ્તરીય બેઠકમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.**

→ આ બેઠક જાપાનના પાટનગર શહેર ટોકયોમાં 8-9 મે, 2021 સુધી આભાસી ઢબે યોજાઈ હતી. તેનું આયોજન આઈસલેન્ડ અને જાપાન દ્વારા સંયુક્ત રીતે કરાયું હતું.

→ આર્કટિક ક્ષેત્ર અંતર્ગત આર્કટિક મહાસાગર અને અમુક વિશિષ્ટ હિસ્સાઓ જેમ કે અલાસ્કા (અમેરિકા), કેનેડા, ફિનલેન્ડ, ડેન્માર્ક (ગ્રીનલેન્ડ), આઈસલેન્ડ, નોર્વે, રશિયા અને સ્વીડનનો સમાવેશ કરાય છે. આ દેશો સાથે મળીને આર્કટિક કાઉન્સિલ નામના આંતરસરકારી ફોરમનું નિર્માણ કરે છે. જેનું મુખ્યાલય નોર્વેમાં છે.

→ ભારતે આર્કટિકમાં ઈન–સીટુ (In-SITU) અને રિમોટ સેન્સિંગ એમ બન્ને પ્રકારની અવલોકન પ્રણાલીઓમાં યોગદાન આપ્યું છે. ભારત દ્વારા અમેરિકાના સહયોગથી NISAR (નાસા – ઈસરો સિન્થેટિક અપર્ચર રડાર) ઉપગ્રહ મિશનનો શુભારંભ કરાઈ રહ્યો છે. સતત આર્કટિક નિગરાની નેટવર્ક (સસ્ટેઈન્ડ આર્કટિક ઓબ્ઝર્વેશન નેટવર્ક–SAON)માં ભારતનું યોગદાન જારી રહેશે.

→ આર્કટિક ક્ષેત્રમાં ભારતની ઉપસ્થિતિ વર્ષ 1920માં પેરિસની સ્વાલબાર્ડ સંધિ પર હસ્તાક્ષર સાથે શરૂ થઈ હતી. ભારતે વર્ષ 2008માં આર્કટિક કાઉન્સિલમાં નિરીક્ષક (પર્યવેક્ષક) દેશનો દરજ્જો પ્રદાન કરાયો છે. ભારત દ્વારા જુલાઈ 2014થી કોંગ્સજોર્ડન ફોર્ડમાં ઈન્ડઆર્ક (INDARC) નામની એક બહુ સંવેદક યથાસ્થાન વેધશાળા પણ તૈનાત કરાઈ છે.

→ આર્કટિક કાઉન્સિલ આર્કટિક સરકારો અને આર્કટિકના સ્વદેશી (મૂળ) લોકો દ્વારા સામનો કરવામાં આવી રહેલા મુદ્દાઓ ધ્યાનમાં લે છે. તેની સ્થાપના 1996માં થઈ હતી. તેના 8 સદસ્યો – કેનેડા, ડેન્માર્ક, ફિનલેન્ડ, આઈસલેન્ડ, નોર્વે, રશિયા, સ્વીડન અને અમેરિકા છે.

❖ **ભારતમાં કોરોના મહામારીના પ્રસારને પ્રભાવિત કરનારા ડબલ મ્યુટેન્ટ વાઈરસને સત્તાવાર રીતે B.1.617 તરીકે વર્ગીકૃત કરાયો છે.**

→ મ્યુટેન્ટ એ સજીવ અથવા કોઈ વાઈરસના કોષના જીનામમાં પરિવર્તન છે જે ઓછું અથવા વધારે સ્થાયી હોય છે અને જે કોષ અથવા વાઈરસના નમૂનામાં ફેલાય છે.

❖ **તાજેતરમાં કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી પ્રહલાદસિંહ પટેલે ઘોષણા કરી હતી કે ભારતના સાંસ્કૃતિક વિરાસત સ્થળોને યુનેસ્કોના વિશ્વ ધરોહર સ્થળોની અસ્થાયી યાદીમાં સામેલ કરાયા છે.**

→ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI)એ નવ એન્ટ્રીઓ મોકલી હતી. જે પૈકીની છએ અસ્થાયી સૂચિમાં પ્રવેશ કર્યો છે. આ પ્રસ્તાવિત સ્થળો એક વર્ષ સુધી અસ્થાયી (કામચલાઉ) યાદીમાં યથાવત્ રહેશે. આ સૂચિમાં આ સાથે અત્યાસુધી ભારતના કુલ 48 સ્થળોને સામેલ કરાયા છે.

→ યુનેસ્કોની અસ્થાયી યાદીમાં સમાવિષ્ટ છ નવા ભારતીય સ્થળો :

(1) સતપુડા ટાઈગર રિઝર્વ – મધ્યપ્રદેશ
(2) વારાણસીના ગંગા ઘાટ – ઉત્તરપ્રદેશ
(3) હાયર બેનકલનું મહાપાષણ સ્થળ – કર્ણાટક
(4) મરાઠા સૈન્ય વાસ્તુકલા – મહારાષ્ટ્ર
(5) નર્મદા ખીણમાં ભેડાઘાટ–લમેતાઘાટ, જબલપુર – મધ્યપ્રદેશ
(6) કાંચીપુરમના મંદિરો – તમિલનાડુ

❖ **તાજેતરમાં ઈલેકટ્રોનિક અને IT મંત્રાલયે સરકારમાં 'ફ્રી એન્ડ ઓપન સોર્સ સોફટવેર'(FOSS)ને સંચાલિત કરવામાં ઝડપ લાવવા માટે #FOSS4GOV ઈનોવેશન ચેલેન્જની ઘોષણા કરી છે.**

→ FOSS સોફ્ટવેર નિઃશુલ્ક નથી. શબ્દ મફત અથવા ફ્રી જણાવે છે કે, સોફટવેરના કોપીરાઈટ પર કોઈ પ્રતિબંધ નથી. તેઓ અર્થ છે કે, સોફટવેરનો સોર્સ કોડ તમામ માટે ખુલ્લો છે અને કોઈપણ કોડનો ઉપયોગ, અભ્યાસ અને સુધારો કરવા માટે સ્વતંત્ર છે. તે અન્ય લોકોને પણ સોફટવેર (એક સમુદાયની રીતે)ના વિકાસ અને સુધારામાં યોગદાન આપવાની પરવાનગી આપે છે. આ ફ્રી એન્ડ ઓપન સોર્સ સોફટવેરને ફ્રી / લિબ્રે ઓપન સોર્સ સોફટવેર (FLOSS) અથવા ફ્રી / ઓપન સોર્સ સોફટવેર (FLOSS) તરીકે પણ ઓળખવામાં આવે છે. FOSS ના ઉદાહરણોમાં MySQL, Firefox, Linux વગેરે સામેલ છે.

❖ **ડુપ્લિકેટ ડ્રાઈવિંગ લાઈસન્સને સમાપ્ત કરવાના ઉદ્દેશથી માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલયે 31 માર્ચથી રાષ્ટ્રીય ડ્રાઈવિંગ લાઈસન્સ રજિસ્ટરની શરૂઆત કરી છે.**

→ આ રજિસ્ટરનો ઉદ્દેશ ડુપ્લિકેટ ડ્રાઈવિંગ લાઈસન્સ અને તેના દુરૂપયોગને રોકવાનો છે. સાથે જ તેના માધ્યમથી ડ્રાઈવિંગ લાઈસન્સમાં થનારા તમામ પરિવર્તન ઈલેકટ્રોનિક માધ્યમથી કરવામાં આવશે. રાજ્યોના મોટાભાગના ડ્રાઈવિંગ લાઈસન્સ પહેલાથી જ નેશનલ ઈન્ફર્મેટિકસ સેન્ટ (NIC)ના 'સારથિ' પોર્ટલ પર ઉપસ્થિત છે.

❖ **તાજેતરમાં કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે 'ઈન્ટેગ્રેટેડ હેલ્થ ઈન્ફર્મેશન પ્લેટફોર્મ'(IHIP) ની શરૂઆત કરી જે વર્તમાનમાં ઉપયોગમાં લેવાઈ રહેલા ઈન્ટેગ્રેટેડ ડિસીઝ સર્વેલન્સ પ્રોગ્રામની આગામી પેઢીની વ્યવહારુ આવૃત્તિ છે.**

→ IHIP એડવાન્સ્ડ ડિસીઝ સર્વેલન્સ સિસ્ટમ છે. આ પ્લેટફોર્મ અગાઉની 18 બિમારીઓની સાપેક્ષમાં 33 રોગોની દેખરેખ સિવાય ડિજિટલ સ્વરૂપે નજીકના વાસ્તવિક સમયના ડેટાની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરશે. આ પ્લેટફોર્મ રિયલ ટાઈમ ડેટા, કેસ આધારિત માહિતી, એકીકૃત વિશ્લેષણાત્મક અને અદ્યતન દશ્ય ક્ષમતા માટે વિકસિત આરોગ્ય માહિતી પ્રણાલી પ્રદાન કરશે.

→ તે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયની એક પહેલ છે જેની શરૂઆત વર્ષ 2004માં વર્લ્ડ બેંકની સહાયથી કરવામાં આવી હતી. તેને 12મી પંચવર્ષીય યોજના (વર્ષ 2012-17) દરમિયાન ઘરેલુ બજેટથી રાષ્ટ્રીય આરોગ્ય મિશન અંતર્ગત ઈન્ટેગ્રેટેડ ડિસીઝ સર્વેલન્સ પ્રોગ્રામ તરીકે ચાલુ રાખવામાં આવી

હતી. તે અંતર્ગત દિલ્હીમાં એક સેન્ટ્રલ સર્વેલન્સ યુનિટ (SCU), તમામ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોમાં સ્ટેટ સર્વેલન્સ યુનિટ (CSU) અને તમામ જિલ્લાઓમાં ડિસ્ટ્રિક્ટ સર્વેલન્સ યુનિટ (DSU)ની સ્થાપના કરવામાં આવી છે.

❖ **વૈશ્વિક ઊર્જા અને ઔદ્યોગિક માંધાતાઓએ ઈન્ડિયા H2 એલાયન્સ નામનું એક નવું ગઠબંધન રચવા હાથ મિલાવ્યા છે.**

→ ગઠબંધન રચવાની પહેલ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને ચાર્ટ ઈન્ડસ્ટ્રીઝે કરી હતી. ઈન્ડિયા H2 એલાયન્સ (IH2A) મુખ્યત્વે હાઈડ્રોજન ટેકનોલોજીઓના વ્યાપારીકરણ પર ધ્યાન કેન્દ્રીત કરે છે. IH2A ભારતમાં હાઈડ્રોજન આધારિત અર્થતંત્ર અને પુરવઠા સાંકળને પ્રોત્સાહન આપવાની દિશામાં કામ કરશે.

→ બ્લૂ હાઈડ્રોજનનું ઉત્પાદન કાર્બન ડાયોકસાઈડ અને હાઈડ્રોજનમાં પ્રાકૃતિક ગેસના વિભાજનથી થાય છે. આ ઉત્પાદન સ્ટીમ મિથેન રિફોર્મિંગ અથવા ઓટો થર્મલ રિફોર્મિંગથી થાય છે. ગ્રીન હાઈડ્રોજન બિનઅશ્મિભૂત સ્ત્રોતોમાંથી બનાવવામાં આવે છે.

❖ **ઈથેનોલ પુરવઠા વર્ષ 2020-21ના પ્રથમ ચાર મહિનાઓમાં, ભારતે પેટ્રોલ સાથે ઈથેનોલના મિશ્રણમાં 7.2% થી વધુનું સ્તર સૌપ્રથમવાર હાંસલ કર્યું છે.**

→ આ કારણોસર વર્ષ 2022 સુધીમાં પેટ્રોલમાં 10% ઈથેનોલ મિશ્રણના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવાના યોગ્ય માર્ગે દેશ અગ્રેસર બન્યો છે. સરકારી માલિકીની ઓઈલ માર્કેટિંગ કંપનીઓ તેઓએ કરેલા સોદા મુજબ ઈથેનોલનો ઉપાડ કરશે તો નવેમ્બર 2021 સુધીમાં ભારત 8% સરેરાશ મિશ્રણ સુધી પહોંચી જશે. અત્યારસુધી, ભારતમાં પેટ્રોલ સાથે ઈથેનોલના મિશ્રણની શ્રેષ્ઠ ટકાવારી 5.2% હતી. કર્ણાટક , ગુજરાત, ગોવા, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, પંજાબ, હરિયાણા, ઉત્તરાખંડ, દિલ્હી, દમણ અને દીવ તથા હિમાચલ પ્રદેશમાં પેટ્રોલ સાથે ઈથેનોલના મિશ્રણની ટકાવારી 9.5% થી 10% છે. આ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો 2022નો લક્ષ્યાંક સિદ્ધ કરવાની ખૂબ જ નજીક પહોંચી ગયા છે.

→ ઈથેનોલનું ઉત્પાદન મકાઈ, શેરડી, ઘઉં વગેરે માંથી કરી શકાય છે. ભારતમાં ઈથેનોલનું ઉત્પાદન મુખ્યત્વે આથો લાવવાની પ્રક્રિયા (ફર્મેન્ટેશન પ્રોસેસ) દ્વારા કરવામાં આવે છે. ઈથેનોલ ઓક્સિજન ધરાવતું હોવાથી તે ઈંધણનું સરળ અને સંપૂર્ણ દહન થવા દે છે. ઈથેનોલને પુન: પ્રાપ્ય બળતણ ગણવામાં આવે છે કારણે કે તેનું ઉત્પાદન છોડવાઓમાંથી થાય છે જે સૂર્ય ઊર્જાનો ઉપયોગ કરે છે. પેટ્રોલમાં એકવાર મિશ્રિત થયા બાદ ઈથેનોલને છૂટું પાડી શકાતું નથી.

❖ **તાજેતરમાં NITI આયોગે 'પોષણ જ્ઞાન' વેબસાઈટ લોન્ચ કરી છે, જે આરોગ્ય અને પોષણ અંગે રાષ્ટ્રીય ડિજિટલ ભંડાર છે.**

→ તેને બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન (BMGF) અને સેન્ટર ફોર સોશિયલ એન્ડ બિહેવિયરલ ચેન્જ (CSBC), અશોક યુનિવર્સિટીના સહયોગમાં વિકસિત કરવામાં આવી છે. પોષણ જ્ઞાન ભંડારને આરોગ્ય અને પોષણના 14 વિષયગત ક્ષેત્રો પર સંચાર સામગ્રીની શોધને સક્ષમ બનાવવા માટે સંસાધન તરીકે સંકલ્પિત કરવામાં આવી હતી.

❖ **તાજેતરમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ (CJI) એ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત પોર્ટલ 'SUPACE'લોન્ચ કર્યું છે, જેનો ઉદ્દેશ કાયદાકીય સંશોધન માટે ન્યાયાધીશોની સહાયતા કરવાનો છે.**

→ SUPACEનું પૂરું નામ 'સુપ્રીમ કોર્ટ પોર્ટલ ફોર આસિસ્ટન્સ ઈન કોર્ટ્સ એફિસિયન્સી' છે. આ પોર્ટલ સંબંધિત તથ્યો અને કાયદાઓને એકત્રિત કરે છે અને તેને ન્યાયાધીશો માટે ઉપલબ્ધ કરાવે છે. શરૂઆતમાં તેનો ઉપયોગ બોમ્બે અને દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશો દ્વારા પ્રાયોગિક ધોરણે કરવામાં આવશે.

❖ **તાજેતરમાં આદિવાસી બાબતોના મંત્રાલયે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના સહયોગમાં વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ટ્રાઈબલ હેલ્થ કોલાબોરેટિવ (THC) કાર્યક્રમ 'અનામય'નો શુભારંભ કર્યો છે.**

→ વર્ષ 2018માં એક વિશેષજ્ઞ સમિતિએ આદિવાસી આરોગ્ય સાથે સંબંધિત મુદ્દાઓ અને ચિંતાઓ અંગે વ્યાપક રિપોર્ટ જારી કર્યો હતો. અનામય ભારતના આદિવાસી સમુદાયોના રોકી શકાય તેવા મૃત્યુને દૂર કરવા માટે સરકારી, પરોપકારી, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય, NGO/કમ્યુનિટી બેઝડ ઓર્ગેનાઈઝેશન (CBO)ને એકસાથે લાવવાની અનોખી પહેલ છે. અનામય આદિવાસી બાબતોના મંત્રાલયની બહુહિતધારક પહેલ છે જેને મુખ્યત્વે પિરામલ ફાઉન્ડેશન અને બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશનનું સમર્થન મળેલું છે. તે ઉચ્ચ આદિવાસી વસતી ધરાવતા 6 રાજ્યોના 50 આદિવાસી જિલ્લાઓ (20થી વધુ અનુસૂચિત જનજાતિ વસતીવાળા) સાથે કામગીરી શરૂ કરશે. આગામી 10 વર્ષ દરમિયાન THCના કાર્યનો વિસ્તાર આદિવાસી બાબતોના મંત્રાલય દ્વારા માન્યતાપ્રાપ્ત 177 આદિવાસી જિલ્લાઓ સુધી વધારવામાં આવશે. આ કાર્યક્રમ અંતર્ગત નેશનલ કાઉન્સિલ ઓન ટ્રાઈબલ હેલ્થ અને ટ્રાઈબલ હેલ્થ સેલ શરૂ કરવામાં આવશે.

❖ **કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ (CSIR) એ તાજેતરમાં અટલ ઈનોવેશન મિશન અંતર્ગત સ્થાપિત 295 અટલ ટિન્કરિંગ લેબ્સ દત્તક લઈ લીધી છે.**

→ અટલ ટિન્કરિંગ લેબ્સ સાથે સંકળાયેલા યુવા ઈનોવેટર્સને દેશના શ્રેષ્ઠ વૈજ્ઞાનિકો પાસેથી શીખવામાં સહાય કરશે. આ પગલું તેઓની શાળાઓ અને સ્થાનિક સમુદાયો માટે જીવંત પ્રેરણા બનવાનો તેમનો માર્ગ પ્રશસ્ત કરશે. CSIR ના વૈજ્ઞાનિકો પ્રત્યેક અટલ ટિન્કરિંગ લેબને માર્ગદર્શન આપશે. વિદ્યાર્થીઓ માટે CSIR અને અટલ ઈનોવેશન મિશન વેબિનાર્સની શ્રેણી યોજશે.

❖ **નેશનલ કમિશન ફોર વીમેન (NCW – રાષ્ટ્રીય મહિલા આયોગ)એ તાજેતરમાં ગર્ભવતી મહિલાઓ માટે એક વ્હોટ્સએપ નંબર લોન્ચ કર્યો છે.**

→ આ હેલ્પલાઈન નંબર 9354954224 છે. આ માત્ર મેસેજ ઓન્લી હેલ્પલાઈન નંબર છે તે દેશભરમાં ગર્ભવતી મહિલાઓને 24 કલાક તબીબી સહાય પૂરી પાડશે.

❖ **વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)એ તાજેતરમાં ભારતને COVID-19 વિરુદ્ધની તેની લડાઈમાં સહાય કરવા 4,000 ઓક્સિજન કોન્સન્ટ્રેટર આપવાની ઘોષણા કરી હતી.**

→ અગાઉ UKએ ભારતને 495 ઓક્સિજન કોન્સન્ટ્રેટર અને 140 વેન્ટિલેટર આપ્યા છે. આયર્લેન્ડે પણ ભારતને 700 ઓક્સિજન કોન્સન્ટ્રેટર પૂરા પાડવાની જાહેરાત કરી હતી. સાઉદી અરેબિયાએ ભારતમાં 80 ટન ઓક્સિજન રવાના કર્યો છે. એમેઝોનની મેગા વાયુ પહેલ અંતર્ગત 8000 ઓક્સિજન કોન્સન્ટ્રેટર અને 500 બાઈપેપ મશીન સિંગાપુરથી લવાઈ રહ્યા છે. ઓસ્ટ્રેલિયાએ 500 વેન્ટિલેટર, 1 લાખ ગોગલ્સ, 5 લાખ P2 અને N95 માસ્ક, 1 લાખ જોડી મોજા અને 20,000 ફેસ શિલ્ડ મોકલ્યા છે.

❖

તક બરફ જેવી હોય છે, વિચારતા રહો ત્યાં સુધી તો પીગળી જાય છે...

ગુજરાત સરકારની વર્ગ-૩ની વિવિધ ભરતીઓ માટે

# જનરલ બેચ

અંદાજિત કુલ જગ્યાઓ

**20000+**

તૈયારી માટેના નવા વર્ગો

**ટૂંક સમય**

માં શરૂ

- GPSC Class-III
- PSI / ASI
- જુનીયર ક્લાર્ક
- કોન્સ્ટેબલ
- TET - I/II - TAT
- વનરક્ષક
- તલાટી કમ મંત્રી
- બિન સચિવાલય

નવા વર્ગોની માહિતી માટે
સંસ્થાની રૂબરૂ મુલાકાત લો

**ADMISSION OPEN**

કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષામાં વહેલી શરૂઆત એટલે જ વિજય...

વધુ માહિતી માટે આજે જ મુલાકાત લો...

(Creating A Way For Govt. Jobs)

## Banking Academy

(Preparation for All Types of Competitive Exams)

WE ARE NOW **OPEN**
FOR INQUIRY
**ADMISSION**

| Surat (HO-Udhna) | Varachha (Surat) | Valsad | Navsari | Vyara |
|---|---|---|---|---|
| Ph. : 70461 40555 | Ph. : 70464 16555 | Ph. : 81401 37555 | Ph. : 70466 41555 | Ph. : 90998 64658 |

❖ **કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડો. હર્ષવર્ધને તાજેતરમાં જણાવ્યું હતું કે ભારતમાં 116 જિલ્લાઓએ વર્ષ 2020માં શૂન્ય મેલેરિયા કેસો નોંધાવ્યા છે.**

→ વર્ષ 2020માં, ભારતે મેલેરિયા રોગનો બોજ 84.5% સુધી અને મેલેરિયાને લીધે નીપજતાં મૃત્યુનું પ્રમાણ 83.6% સુધી ઘટાડયું છે.

→ ભારત મલેશિયામાં 2015માં આયોજિત 'ઈસ્ટ એશિયા સમિટ' ખાતે એશિયા પ્રશાંત દેશોના નેતાઓના મેલેરિયા ગઠબંધનની મેલેરિયા નાબૂદી રૂપરેખાને સમર્થન આપનારા 18 દેશો પૈકીનો એક છે. આ ગઠબંધન અંતર્ગત, નેતાઓ વર્ષ 2030 સુધીમાં ક્ષેત્રમાંથી મેલેરિયાને સંપૂર્ણ નાબૂદ કરવા માટે સંમત થયા હતા. આને અનુલક્ષીને જ ભારતે નેશનલ ફ્રેમવર્ક ફોર મેલેરિયા એલિમિનેશન (2016-2030) લોન્ચ કર્યું હતું.

→ તાજેતરમાં WHO એ વિશ્વ મેલેરિયા દિવસ, 2021 પૂર્વે ઝીરોઈંગ ઈન ઓન મેલેરિયા એલિમિનેશન શીર્ષકથી એક અહેવાલ જારી કર્યો હતો. મેલેરિયા એક મચ્છરજનિત રક્ત રોગ છે જે પ્લાઝમોડિયમ પરજીવીના કારણે થાય છે. આ પરજીવીનો પ્રસાર સંક્રમિત માદા એનોફિલીસ મચ્છરના કરડવાથી થાય છે.

→ WHO દ્વારા તાજેતરમાં એવા 25 દેશોની ઓળખ કરવામાં આવી છે જે વર્ષ 2025 સુધીમાં મેલેરિયા નેસ્તનાબૂદ કરવાની સંભાવના ધરાવે છે. આને E-2025 પહેલ કહેવામાં આવે છે.

❖ **તાજેતરમાં હૈદરાબાદના નેહરુ ઝૂલોજિકલ પાર્કમાં આઠ એશિયાટિક સિંહોમાં COVID-19 સંક્રમણ જોવા મળ્યું હતું.**

→ ભારતમાં સિંહોમાં આ પ્રથમવાર કોરોના વાઈરસનું સંક્રમણ જોવા મળ્યું છે. અગાઉ વર્ષ 2020માં વાઘમાં કોરોના વાઈરસનું સંક્રમણ થયાના કેસો ન્યૂયોર્ક (બ્રોંક્સ પ્રાણી સંગ્રહાલય)માં નોંધાયા હતા.

❖ **4 મે, 2021ના કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ઉપયોગમાં લીધેલા રસોઈ તેલ પર આધારિત બાયોડિઝલના પ્રથમ પુરવઠાને લીલીઝંડી બતાવી હતી.**

→ તેનો આરંભ એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટર યોજના અંતર્ગત કરાયો છે. આ યોજના વર્ષ 2019માં લોન્ચ કરાઈ હતી. ઉપયોગમાં લીધેલા અર્થાત વાપરેલા રસોઈ તેલમાંથી ઉત્પાદિત બાયોડીઝલની ખરીદી માટે એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ યોજના લોન્ચ કરાઈ હતી. તેનો મુખ્ય ઉદ્દેશ ઉપયોગમાં લેવાઈ ગયેલા રસોઈ તેલને એકત્રિત કરવાનો અને તેને બાયોડીઝલમાં પરિવર્તિત કરવાનો હતો. બાયોડીઝલ જીવાશ્મ બળતણનો એક વિકલ્પ છે.

❖ **17 મે, 2021ના DRDOએ તેના દ્વારા નિર્મિત એન્ટિ–કોવિડ દવા 2DG (2–ડિઓકસી–D–ગ્લુકોઝ) નો પ્રથમ જથ્થો જાહેર કર્યો.**

→ ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (DCGI)એ તાજેતરમાં જ COVID-19 ના ઈલાજ માટે ઓરલ (મો વાટે લેવાની) આ ડ્રગને મંજૂરી આપી હતી. DRDO એ 2DG ઈમરજન્સી ઉપયોગ માટે વિકસિત કરી છે. ડો.રેડ્ડીઝ લેબોરેટરીના સહયોગથી 2DGને વિકસાવાઈ છે. તેને પૂરક દવા તરીકે પૂરી પડાશે. પ્રથમ જથ્થામાં દવાના 10,000 ડોઝ લોન્ચ કરાયા છે. તે (2DG) ચેપગ્રસ્ત કોષોમાં જમા થઈ જાય છે અને વાઈરલ સંશ્લેષણને રોકે છે. આ સંચય દવાને બેજોડ બનાવે છે. તેનો વિકાસ DRDOની પ્રયોગશાળા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ન્યૂક્લિયર મેડિસિન એન્ડ એલોઈડ સાયન્સીઝ (INMAS) દ્વારા કરાયો છે.

❖ **ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR)એ COVID-19 પોઝિટિવ દર્દીઓ માટે સિંગલ CT વેલ્યૂ કટ ઓફ નક્કી કરવાનો નિર્ણય કર્યો છે.**

→ CT વેલ્યૂ RT-PCR ટેસ્ટ દરમિયાન સામે આવે છે. અર્થાત RT-PCR ટેસ્ટમાં CT વેલ્યૂ દર્દીમાં વાઈરલ લોડ દર્શાવે છે. 35 થી ઓછી CT વેલ્યૂ ધરાવતા તમામ દર્દીઓને પોઝિટિવ માનવામાં આવે છે. જ્યારે 35 થી વધુ CT વેલ્યૂ ધરાવતા લોકોને નેગેટિવ માનવામાં આવે છે.

❖ **COVID-19 મહામારી દરમિયાન પ્રભાવિત બાળકોને મનોવૈજ્ઞાનિક પ્રાથમિક ચિકિત્સા અને ભાવનાત્મક સમર્થન પ્રદાન કરવાના ઉદ્દેશથી રાષ્ટ્રીય બાલ અધિકાર સંરક્ષણ આયોગ (NCPCR નેશનલ કમિશન ફોર પ્રોટેકશન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ) દ્વારા સંવેદના હેલ્પલાઈનના માધ્યમથી બાળકોને ટેલિ–પરામર્શની સુવિધા પ્રદાન કરાઈ રહી છે.**

→ સંવેદના (SAMVEDNA)નું પૂરું નામ સેન્સિટાઈઝિંગ એકશન ઓન મેન્ટલ હેલ્થ વલ્નરેબિલિટી થ્રુ ઈમોશનલ ડેવલપમેન્ટ એન્ડ નેસેસરી એકસેપ્ટન્સ છે. ટેલિ–પરામર્શ મહિલા અને બાળ વિકાસ મંત્રાલય અંતર્ગત કાર્યરત્ NCPCR દ્વારા અપાય છે. NIMHANS (નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેન્ટલ હેલ્થ એન્ડ ન્યૂરોસાયન્સીઝ)ના મનોવૈજ્ઞાનિકો, પરામર્શદાતાઓ અને વિશેષજ્ઞો પોતાની સેવાઓ પૂરી પાડે છે. તેના માટે ટોલ ફ્રી નંબર 1800-121-2830 છે. આ સેવા માત્ર બાળકો માટે જ છે.

❖ **ચેન્નાઈમાં સ્થિત સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ બ્રેકિશ એકવાકલ્ચરે માછલીઓમાં જોવા મળતા વાઈરસ નર્વસ નેક્રોસિસ માટે પ્રથમ સ્વદેશી રસી વિકસાવી છે.**

→ આ રસીનું નામ નોડાવેક–R છે. માછલીઓમાં વાઈરલ નર્વસ નેક્રોસિસ રોગ બેટાનોડાવાઈરસ દ્વારા થાય છે. તે મોટાભાગે ટેલિઓસ્ટ માછલીને અસર કરે છે.

❖ **ભારત અને ફ્રાન્સની અંતરિક્ષ એજન્સીઓએ ભારતના પ્રથમ સમાનવ અવકાશ મિશન 'ગગનયાન' માટે સહયોગી સમજૂતી પર હસ્તાક્ષર કર્યા છે.**

→ સમજૂતી અનુસાર, ફ્રાન્સની અવકાશ એજન્સી 'નેશનલ સેન્ટર ઓફ સ્પેસ રિસર્ચ'(CNES) મિશનમાં સામેલ ડોકટરો અને મિશન કન્ટ્રોલ ટીમને ટ્રેઈનિંગ આપશે. સમજૂતી અનુસાર, ફૂડ પેકેજિંગ તથા પોષણ કાર્યક્રમ વિષે માહિતીની આપ–લે અને ખાવાલાયક સામગ્રીઓ તથા મેડિકલ ઉપકરણોના ભારતીય અંતરિક્ષ યાત્રીઓ દ્વારા ઉપયોગ સામેલ છે. આ રીતે CNES દ્વારા વિકસિત ફ્રાન્સના ઉપકરણ, જે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS)માં ઉપયોગમાં લેવાય છે, તેને ભારતીય અવકાશયાત્રીઓ માટે પણ ઉપલબ્ધ કરાવાશે. ફ્રાન્સ અને ભારત વચ્ચે પહેલી અંતરિક્ષ સમજૂતી વર્ષ 1964માં થઈ હતી.

❖ **કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડો. હર્ષવર્ધને વર્ષ 2025 સુધીમાં 'TB મુકત ભારત'ના લક્ષ્યાંકની દિશામાં એક પગલાં તરીકે ટ્રાઈબલ TB ઈનિશિયેટિવ (જનજાતીય TB (ક્ષય) પહેલ)નો આરંભ કર્યો છે.**

→ તેમણે આ દરમિયાન TB (ટયૂબરકુલોસિસ)ની નાબૂદી માટે સંયુકત પગલાં યોજના અંગે એક માર્ગદર્શન નોંધ, આદિજાતિ મંત્રાલયના TB અંગેના પ્રકાશન 'આલેખ'ની વિશેષ આવૃત્તિ અને ટ્રાઈબલ ટયૂબરકુલોસિસ (TB) પહેલ અંગે એક દસ્તાવેજ પણ પ્રકાશિત કર્યો હતો. 'આલેખ' જનજાતીય બાબતોના મંત્રાલયનું એક ત્રિમાસિક ઈ–સમાચારપત્ર છે જે આદિવાસી સમુદાયોના સ્વાસ્થ્ય અને તેમાં સુધારા પર કેન્દ્રીત છે.

Banking Academy

❖ **તાજેતરમાં અટલ ઈનોવેશન મિશન (AIM), નીતિ આયોગે AIM-PRIME (Program for Research on Innovations, Market Readiness & Enterpreneurship)નો શુભારંભ કર્યો છે.**

→ આ કાર્યક્રમનો ઉદ્દેશ 12 મહિનાની અવધિની ટ્રેઈનિંગ અને માર્ગદર્શનથી વિજ્ઞાન આધારિત ડીપ ટેકનોલોજીના વિચારોને પ્રોત્સાહન આપવાનો છે. ડીપ ટેકનોલોજી મૂર્ત એન્જિનિયરિંગ નવીનીકરણ અથવા વૈજ્ઞાનિક પ્રગતિ અને શોધો પર આધારિત હોય છે. AIM એ આ રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમ લોન્ચ કરવા માટે બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન સાથે સહયોગ કર્યો છે. જેને વેન્ચર સેન્ટર દ્વારા અમલી બનાવવામાં આવશે.

❖ **તાજેતરમાં ઈલેકટ્રોનિકસ અને IT મંત્રાલય (Meity) એ 'નેશનલ ઈન્ટરનેટ એકસચેન્જ ઓફ ઈન્ડિયા (NIXI)'ની 3 નવી પહેલો / સેવાઓનું ઉદ્‌ઘાટન કર્યું છે.**

→ Pv4 થી IPv6 સુધી સરળ ટ્રાન્સમિશન શરૂ કરવા માટે તથા તેને અપનાવવા સંબંધિત વાતાવરણનું નિર્માણ કરવા માટે IP ગુરૂ, NIXI અકાદમી, NIXI-IP-INDEX શરૂ કરવામાં આવ્યા છે.

(1) **IPv6 વિશેષજ્ઞ પેનલ (IP ગુરૂ) :** તે એવી તમામ ભારતીય સંસ્થાઓને સમર્થન આપનારો સમૂહ છે, જે IPv6ને સ્થાનાંતરિત કરવા અને અપનાવવા માટે ટેકનિકલી પડકારભર્યું છે. તે પોતાની સેવા નિઃશુલ્ક આપી રહ્યું છે. તે ટેલિકોમ ડિપાર્ટમેન્ટ (DoT), Meity અને ઉદ્યોગોનો સંયુકત પ્રયાસ છે.

(2) **NIXI અકાદમી :** NIXI અકાદમી ભારતમાં લોકોને ટેકનિકલ/નોન ટેકનિકલ શિક્ષણ પ્રદાન કરવા અને IPv6 જેવી ટેકનોલોજીને ફરીથી તૈયાર કરવા માટે બનાવવામાં આવી છે. જે સામાન્ય રીતે શૈક્ષણિક સંસ્થાઓમાં શીખવવામાં આવતું નથી. પરીક્ષામાં ઉત્તીર્ણ સફળ ઉમેદવાર NIXIનું પ્રમાણપત્ર મેળવી શકે છે, જે ઉદ્યોગો અને નોકરી શોધવામાં ઉપયોગી સાબિત થશે.

(3) **NIXI-IP-INDEX :** NIXI એ ઈન્ટરનેટ કમ્યુનિટી માટે એક IPv6 ઈન્ડેકસ પોર્ટલ વિકસિત કર્યું છે. NIXI-IP-INDEX પોર્ટલ ભારત અને વિશ્વભરમાં IPv6 ને સ્વીકારનારા દરને પ્રદર્શિત કરશે. તેનો ઉપયોગ વિશ્વમાં અન્ય અર્થવ્યવસ્થાઓ સાથે ભારતમાં ઉપયોગમાં લેવાતી IPv6 દરની તુલના કરવામાં કરી શકાય છે. તેમાં IPv6, IPv6 વેબ ટ્રાફિક વગેરેને અપનાવવા વિષેનું વિવરણ પણ સામેલ હશે.

→ **નેશનલ ઈન્ટરનેટ એકસચેન્જ ઓફ ઈન્ડિયા (NIXI) :**

⇒ NIXI નીચે આપેલી પ્રવૃત્તિઓના માધ્યમથી ઈન્ટરનેટ ઈન્ફ્રાસ્ટ્રકચર સુધી ભારતના નાગરિકોની પહોંચ સ્થાપિત કરવા માટે વર્ષ 2003થી કામ કરી રહેલી બિનનફાકારક સંસ્થા (કંપની એકટ, 2013ની કલમ–8 અંતર્ગત) છે.

⇒ ઈન્ટરનેટ એકસચેન્જના માધ્યમથી ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર્સ (ISP), ડેટા સેન્ટર્સ અને કન્ટેન્ટ ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક (CDNs) વચ્ચે ઈન્ટરનેટ ડેટાની આપ–લે કરવી.

⇒ .IN રજિસ્ટ્રી, .IN કન્ટ્રી કોડ ડોમેઈન અને BHARAT IDN (આંતરરાષ્ટ્રીય ડોમેઈન નેમ) ડોમેઈનનું રજિસ્ટ્રેશન, વ્યવસ્થાપન અને સંચાલન.

⇒ ઈન્ડિયન રજિસ્ટ્રી ફોર ઈન્ટરનેટ નેમ્સ એન્ડ નંબર્સ (IRINN) માટે ભારતીય રજિસ્ટ્રી, ઈન્ટરનેટ પ્રોટોકોલ (IPv4/IPv6)નું વ્યવસ્થાપન અને સંચાલન.

❖ **તાજેતરમાં મરીન પ્રોડકટ્સ એકસપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (MPEDA) એ જળચર ઉત્પાદનો માટે 'શફરી'(SHAPHARI) નામની પ્રમાણપત્ર યોજનાનો વિકાસ કર્યો છે.**

→ શફરી સંયુકત રાષ્ટ્રના ફૂડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO)ના જળચર માટે પ્રમાણીકરણ દિશાનિર્દેશો પર આધારિત છે. 'શફરી' એક સંસ્કૃત શબ્દ છે, જેનો અર્થ સારી ગુણવત્તાની માછલી (જે માનવ વપરાશ માટે યોગ્ય છે) થાય છે. આ હેચરી (Hatchery) માટે બજાર આધારિત ઉપકરણ છે જે ઉત્કૃષ્ટ જળચર ઉછેર ક્ષેત્રને અપનાવવા અને વૈશ્વિક ઉપભોકતાઓને આશ્વસ્ત કરવા માટે ગુણવત્તાયુકત એન્ટિબાયોટિક મુકત ઝીંગા ઉત્પાદન કરવામાં મદદ કરશે.

❖ **કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડો. હર્ષવર્ધને તાજેતરમાં 'મિશન આહાર ક્રાંતિ'નો આરંભ કર્યો છે.**

→ મિશન આહાર ક્રાંતિનો ઉદ્દેશ પોષણથી સંતુલિત આહારના મહત્વ અને બધા જ સ્થાનિક ફળો અને શાકભાજીઓ સુધી પહોંચના મહત્વ અંગે જાગૃતિ વધારવાનો છે. આ મશિનને લોન્ચ કરવા માટે પ્રવાસી ભારતીય અકાદમિક અને વૈજ્ઞાનિક સંપર્ક (PRABHASS), ગ્લોબલ ઈન્ડિયન સાયન્ટિસ્ટ્સ એન્ડ ટેકનોક્રેટ ફોરમ (GIST), વિજ્ઞાન ભારતી (વિભા) તથા વિજ્ઞાન પ્રસાર (વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગની એક સ્વાયત્ત સંસ્થા) એક સાથે આવ્યા છે. મિશન આહાર ક્રાંતિનું આદર્શ વાકય 'ઉત્તમ આહાર–ઉત્તમ વિચાર' અથવા 'ગૂડ ડાયેટ – ગૂડ કોગ્નિશન' છે.

→ આ મિશનને ભાતર અને વિશ્વમાં વિપુલતામાં ભૂખ અને બિમારીઓની ગંભીર સમસ્યાનું સમાધાન કરવા માટે તૈયાર કરાયું છે. મિશન આહાર ક્રાંતિનો ઉદ્દેશ સ્થાનિક સ્તરે ખાટા ફળો અને શાકભાજીઓના સેવન પર ભાર દઈને પોષણ સંતુલિત આહાર પ્રાપ્ત કરવાનો છે. કેમ કે ભારત તેના વપરાશ કરતા બમણી કેલેરી ઉત્પન્ન કરે છે તો પણ અનેક લોકો દેશમાં કુપોષિત છે. આ મિશન શિક્ષકોને તાલીમ આપશે. શિક્ષકો વિદ્યાર્થીઓને સંદેશ પાસ કરશે. વિદ્યાર્થીઓ મારફત સંદેશ પરિવારો અને સમાજો સુધી બહોળા પ્રમાણમાં પહોંચાડાશે.

❖ **જ્યોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (GSI)ના સંશોધકોને મેઘાલયના પશ્ચિમ ખાસી હિલ્સ જિલ્લા નજીકથી આશરે 10 કરોડ વર્ષ જૂના સોરોપોડ ડાયનાસોરના અશ્મિભૂત હાડકાંના ટુકડાઓ શોધી કાઢયા છે.**

→ સંશોધકો અનુસાર, આ પ્રદેશમાં મળી આવેલા ટાઈટનોસોરિયન મૂળના સોરોપોડ ડાયનોસોરનો આ પ્રથમ રેકોર્ડ છે. ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને તમિલનાડુ પછી મેઘાલય ટાઈટનોસોરિયનોના સોરોપોડ્સના અવશેષો રેકોર્ડ કરનાર ભારતનું પાંચમું અને પૂર્વોત્તરનું પ્રથમ રાજ્ય બન્યું.

❖ **31 માર્ચ, 2021ના મહારાષ્ટ્રની ઉદ્ધવ ઠાકરે સરકારે પશ્ચિમી ઘાટના સિંધુદુર્ગ જિલ્લામાં સ્થિત અંબોલી ક્ષેત્રને જૈવવિવિધતા વિરાસત સ્થળ ઘોષિત કર્યું છે.**

→ આ ક્ષેત્ર એક દુર્લભ રંગીન મીઠા પાણીની માછલી પ્રજાતિ શિસ્ટુરા હિરણ્યકેશી માટે જાણીતું છે. શિસ્ટરા હિરણ્યકેશીનું નામ હિરણ્યકેશી નદીના નામ પરથી રખાયું છે જે અંબોલી ગામ નજીક વહે છે. એક વન્યજીવ શોધક અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેના પુત્ર તેજસ ઠાકરેએ તેમની ટીમ સાથે ઓકટોબર

2020માં આ નવી માછલી પ્રજાતિની શોધ કરી હતી. આ નિર્ણય એટલા માટે લેવાયો છે કે આ એક દુર્લભ માછલી પ્રજાતિ છે. અને માછીમારીના કારણે આ માછલીઓ વિલુપ્ત થઈ જવાનું જોખમ રહેલું છે.

❖ **એન્ટાર્કટિકા ખંડમાં વેડેલ સાગરમાં સ્થિત રોન આઈસ શેલ્ફ (રોન હિમ છાજલી)ના પશ્ચિમી ભાગમાંથી એક મહાકાય હિમખંડ / હિમશેલ A-76નું ખંડન તાજેતરમાં થયું છે.**

→ આ હિમખંડનું કદ લગભગ 4,320 ચો.કિ.મી. છે તથા વર્તમાનમાં તે વિશ્વનો સૌથી મોટો હિમખંડ છે. તેને A-76 નામ અપાયું છે. હિમખંડ (આઈસબર્ગ)ની લંબાઈ 170 કિ.મી. અને પહોળાઈ 25 કિ.મી. છે. તાજેતરમાં યુરોપિયન સ્પેસ એજન્સીના ઉપગ્રહ કોપરનિકસ સેન્ટિનલ દ્વારા A-76ને જોવામાં આવ્યો હતો.

❖ **તાજેતરમાં ઓડિશા સરકાર દ્વારા ડોલ્ફિન વસતી ગણતરી સંબંધિત આખરી આંકડાઓ પ્રકાશિત કરવામાં આવ્યા છે.**

→ તે અનુસાર, ડોલ્ફિનની સંખ્યામાં શાનદાર વધારો જોવા મળ્યો છે. ઓડિશા તટ પર ભારતના સૌથી મોટા ખારા પાણીના સરોવર ચિલ્કામાં ડોલ્ફિનની વસતી ગયા વર્ષની સાપેક્ષમાં આ વર્ષે (2021) બેગણી થઈ ગઈ છે. ડોલ્ફિનની વસતી ગણતરી દરમિયાન તેની 3 પ્રજાતિઓ ઈરાવડી ડોલ્ફિન, બોટલનોઝ ડોલ્ફિન અને હમ્પબેક ડોલ્ફિનની કુલ સંખ્યા 544 નોંધાઈ છે, જ્યારે વર્ષ 2019-20માં તેની કુલ સંખ્યા 233 હતી.

❖ **પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય અનુસાર, 2009-10 અને 2020-21 વચ્ચે સમગ્ર ભારતમાં ટ્રેનોની અડફેટમાં આવવાથી કુલ 186 હાથીઓના મોત થયા છે.**

→ આસામમાં રેલવેના પાટાઓ પર સૌથી વધુ (62) હાથીઓના મોત થયા છે. ત્યારબાદ પશ્ચિમ બંગાળ (57) અને ઓડિશા (27)નું સ્થાન છે. ઉત્તર પ્રદેશમાં 1 હાથીનું મૃત્યુ થયું હતું. વર્ષ 2010માં હાથીને રાષ્ટ્રીય વિરાસત પ્રાણી ઘોષિત કરાયું હતું. હાથી પરિયોજના વર્ષ 1992માં લોન્ચ કરવામાં આવી હતી, જે એક કેન્દ્ર પ્રાયોજિત યોજના છે. આ પરિયોજના મુખ્યત્વે આંધ્ર પ્રદેશ, અરુણાચલ પ્રદેશ, આસામ, છત્તીસગઢ, ઝારખંડ, કર્ણાટક, કેરળ, મહારાષ્ટ્ર, મેઘાલય, નાગાલેન્ડ, ઓડિશા, તમિલનાડુ, ત્રિપુરા, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ જેવા 16 રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોમાં અમલી છે. હાથી પરિયોજના અંતર્ગત પ્રત્યેક 5 વર્ષોમાં એકવાર હાથીની વસતી ગણતરી કરવામાં આવે છે. છેલ્લીવાર હાથીની વસતી ગણતરી વર્ષ 2017માં કરવામાં આવી હતી. હાથી વસતી ગણતરી 2017 અનુસાર, ભારતમાં એશિયાટિક હાથીની કુલ સંખ્યા 27,312 છે. કર્ણાટકમાં હાથીઓની સંખ્યા સૌથી વધુ છે. ત્યારબાદ આસામ અને કેરળનું સ્થાન છે. ભારતમાં લગભગ 32 એલિફન્ટ રિઝર્વ છે. ભારતનું પ્રથમ એલિફન્ટ રિઝર્વ ઝારખંડનું સિંઘભૂમ એલિફન્ટ રિઝર્વ છે.

❖ **તાજેતરમાં પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયે થાણે ક્રીક ફ્લેમિંગો અભયારણ્ય (TCFS) મહારાષ્ટ્રની આસપાસ ઈકો સેન્સિટિવ ઝોન (ESZ) ઘોષિત કર્યું છે.**

→ તે માલવણ અભયારણ્ય પછીનું મહારાષ્ટ્રનું બીજું સમુદ્રી અભયારણ્ય છે અને થાણે ક્રીકના પશ્ચિમ તટ પર સ્થિત છે. તેને બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી દ્વારા 'મહત્વપૂર્ણ પક્ષી ક્ષેત્ર' તરીકે માન્યતા મળેલી છે.

→ થાણે ક્રીક અરબ સાગરની તટ પર સ્થિત એક પ્રવેશદ્વારા છે, જે મુંબઈ શહેરને ભારતીય મુખ્યભૂમિથી અલગ કરે છે.

❖ **ઝૂલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (ZSI)ના વૈજ્ઞાનિકોએ તાજેતરમાં આંદામાન અને નિકોબાર ટાપુ સમૂહના નાર્કોન્ડમ ટાપુ (જ્વાળામુખી દ્વીપ) પરથી જંતુભક્ષી સસ્તન જીવોની એક નવી પ્રજાતિ ક્રોસિડુરા નાર્કોન્ડેમિકાની શોધ કરી છે.**

→ આ નવી પ્રજાતિના છછૂંદરોનું કદ ઘરમાં મળી આવતા ઉંદરના કદ જેવડું છે. તે જંગલમાં રહે છે અને જંતુઓ આરોગે છે.

❖ **આગામી 5 વર્ષોમાં મહત્વપૂર્ણ જળ ક્ષેત્રો અને મહાસાગરોનું સંરક્ષણ સુનિશ્ચિત કરવા માટે એક નવી વૈશ્વિક સમુદ્રી પહેલ 'બ્લૂ નેચર એલાયન્સ' શરૂ કરવામાં આવી છે.**

→ બ્લૂ નેચર એલાયન્સ એ 5 મહત્વના ભાગીદારો અનેઅન્ય બિનનફાકારક સંગઠનોની વૈશ્વિક ભાગીદારી છે. મહત્વના 5 ભાગીદારોમાં કન્ઝર્વેશન ઈન્ટરનેશનલ, ધ ગ્લોબલ એન્વાયર્નમેન્ટ ફેસિલિટી, ધ પ્યૂ ચેરિટેબલ ટ્રસ્ટ, મિન્ડેરૂ ફાઉન્ડેશન અને રોબ એન્ડ મેલાની વોલ્ટન ફાઉન્ડેશનનો સમાવેશ થાય છે.

→ પાંચ વર્ષમાં વૈશ્વિક મહાસાગરોના 5% નું રક્ષણ કરવાનો. બ્લૂ નેચર એલાયન્સના લક્ષ્યાંકિત ક્ષેત્રોમાં એન્ટાર્કટિકા, સેશેલ્સ, કેનેડા, પલાઉ, પશ્ચિમી હિન્દ મહાસાગર, ફિજી, ટ્રિસ્ટન દા કુન્હા (દક્ષિણ એટલાન્ટિક મહાસાગરમાં એક ટાપુ)નો સમાવેશ થાય છે.

❖ **વિશ્વના જમીન પરના સૌથી ઝડપી પ્રાણી ચિત્તાને ભારતમાં પુનઃ લવાય તેવી અપેક્ષા છે.**

→ નવેમ્બર 2021માં મધ્ય પ્રદેશમાં કુનો નેશનલ પાર્ક ખાતે ચિત્તાને ફરીથી લવાશે. એક મોટા માંસાહારી પ્રાણીને એક ખંડમાંથી બીજા ખંડમાં સ્થાનાંતરિત કરવાની ઘટના દુનિયામાં પહેલીવાર બનશે. ભારતમાં છેલ્લે 1947માં છત્તીસગઢમાં ચિત્તો દેખાયો હતો. આખરી ચિત્તાના મૃત્યુ બાદ 1952માં ભારતમાં ચિત્તાને વિલુપ્ત જાહેર કરી દેવાયો હતો.

→ ચિત્તા રિઈનટ્રોડકશન પ્રોજેકટ એ વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા (WII) દ્વારા તૈયાર કરાયો છે. 5 માદા સહિત લગભગ 10 ચિત્તા દક્ષિણ આફ્રિકાથી ભારત લવાશે.

❖ **DRDOએ તાજેતરમાં ગોવામાં 5મી પેઢીની પાયથન (Python)-5 ટૂંકી રેન્જની હવાથી હવામાં પ્રહાર કરતી મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું હતું.**

→ આ મિસાઈલ ભારતના સ્વદેશી હળવાં યુદ્ધ વિમાન (LCA - લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ) તેજસની હવાથી હવામાં પ્રહાર કરવાની ક્ષમતા વધારશે. પાયથન–5 મિસાઈલ રાફેલ એડવાન્સ્ડ ડિફેન્સ સિસ્ટમ, ઈઝરાયેલ દ્વારા નિર્મિત એક ઈન્ફ્રા રેડ ગાઈડેડ મિસાઈલ છે અને તેની રેન્જ 20 કિ.મી. છે. ઈઝરાયેલ સરકારે 'શાફિર' નામથી આ મિસાઈલનું ઉત્પાદન શરૂ કર્યું હતું. બાદમાં તેણે તેનું પશ્ચિમી નામ 'પાયથન' અથવા ડર્બી રાખીને નિકાસ શરૂ કરી હતી. તે બિયોન્ડ વિઝયુઅલ રેન્જ મિસાઈલ છે. બિયોન્ડ વિઝયુઅલ રેન્જ મિસાઈલ એવી મિસાઈલ હોય છે જે 37 કિ.મી.થી વધુની રેન્જમાં કામ કરવા સક્ષમ હોય. પાયથન–5 શત્રુ વિમાન માટેના લક્ષ્યાંકિત વિસ્તારને સ્કેન કરવા અને બાદમાં તેનો પીછો પકડવા સક્ષમ છે. મિસાઈલની ઝડપ મેક 4 છે. તેનું વજન 11 કિ.ગ્રા. છે.

❖ **DRDO ની ડિફેન્સ લેબોરેટરી જોધપુર (DLJ)એ તાજેતરમાં મિસાઈલ હુમલાઓથી ભારતીય નૌકાદળ જહાજોને રક્ષણ આપવા સ્વદેશી ઢબે એક એડવાન્સ્ડ ચેફ ટેકનોલોજી વિકસાવી છે.**

→ રાજસ્થાનના જોધપુરમાં સ્થિત DRDOની લેબોરેટરીએ એડવાન્સ્ડ ચેફ ટેકનોલોજીના ત્રણ વેરિયન્ટ્સ–શોર્ટ રેન્જ ચેફ રોકેટ, લોંગ રેન્જ ચેફ રોકેટ અને મીડિયમ રેન્જ ચેફ રોકેટ વિકસાવ્યા છે. ચેફ ટેકનોલોજીના તમામ 3 વેરિયન્ટ્સનું પરીક્ષણ ભારતીય નૌકાદળના જહાજ પર અરબી સમુદ્રમાં કરાયું હતું.

→ ચેફને મૂળભૂત રીતે વિન્ડો (બારી) કહેવાય છે. ચેફનો ઉપયોગ કરવાનો વિચાર બીજા વિશ્વ યુદ્ધના યુગમાં આવ્યો હતો. ચેફ એ મૂળ તો રેડિયો ફ્રીકવન્સીના પ્રતિકારનું પગલું છે. તે 0.75 સે.મી.થી 0.80 સે.મી.ની લંબાઈમાં એલ્યુમિનિયમ કોટેડ ગ્લાસ ફાઈબર્સ ધરાવે છે. તેને 10 કરોડ આવા ફાઈબર્સના પેકેટ્સમાં છોડવામાં આવે છે.

→ મોટાભાગના આધુનિક સશસ્ત્ર દળો મિસાઈલોને તેના લક્ષ્યાંકોની દિશામાંથી ભટકાવવા ચેફનો ભરપૂર ઉપયોગ કરે છે. યુદ્ધ જહાજો આત્મરક્ષણ માટે ચેફનો ઉપયોગ કરે છે. આંતરખંડીય બેલેસ્ટીક મિસાઈલ તેના મધ્ય માર્ગે ચેફ મુકત કરે છે.

❖ **ભારતીય સૈન્યએ તાજેતરમાં અંદાજે 16,000 ફીટની ઊંચાઈ પર ઉત્તરીય સિક્કિમમાં વેનેડિયમ આધારિત બેટરી ટેકનિકનો ઉપયોગ કરતા 56 KVAના પ્રથમ હરિત સૌર ઊર્જા મથકનું ઉદ્દઘાટન કર્યું છે.**

→ આ મથકનો ઉદ્દેશ સૈન્ય દળોની દૈનિક જરૂરિયાતો માટે આવશ્યક ઊર્જા તરીકે પુનઃ પ્રાપ્ય ઊર્જાના ઉપયોગને પ્રોત્સાહન આપવાનો છે. ભારતીય સૈન્ય દ્વારા આ પ્રોજેકટને ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી, મુંબઈ (IIT-M) ના સહયોગથી પૂરો કરાયો છે. જાન્યુઆરી 2021માં ભારતમાં સૌપ્રથમવાર વેનેડિયમ અરુણાચલ પ્રદેશમાં મળી આવ્યું હતું. વેનેડિયમનો રંગ સિલ્વર (રૂપેરી) છે. તે એક સંક્રમણ ધાતુ છે, અર્થાત ગરમી અને વીજળીની સુવાહક છે.

❖ **તાજેતરમાં ભારતીય નૌકાદળ એર સ્કવોડ્રન (INAS) 323 એ સ્વદેશમાં નિર્મિત AHL (એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટર) ધ્રુવ MK-III નું પહેલું યુનિટ કમિશન કર્યું છે.**

→ સ્વદેશી રીતે ડિઝાઈન અને વિકસિત એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટર 'ધ્રુવ'(AHL-DHRUV) 5.5 ટન વજન વર્ગમાં ટ્વિન એન્જિન, મલ્ટિ રોલ, મલ્ટિ મિશન ધરાવતું નવી પેઢીનું હેલિકોપ્ટર છે. તે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિ. (HAL) દ્વારા નિર્મિત 'શકિત એન્જિન' ધરાવતું એક મલ્ટિ રોલ હેલિકોપ્ટર છે. HAL ભારતીય માલિકીની એરોસ્પેસ અને સંરક્ષણ કંપની છે, જેનું વડુમથક ભારતના બેંગલુરુમાં છે. HAL સંરક્ષણ મંત્રાલય અંતર્ગત કાર્યરત્ છે.

❖ **તાજેતરમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવતે મુંબઈમાં ત્રીજા જોઈન્ટ લોજિસ્ટિકસ નોડ (JLN)ની શરૂઆત કરી છે.**

→ અન્ય બે જોઈન્ટ લોજિસ્ટિકસ નોડ ગુવાહાટી (આસામ) અને પોર્ટ બ્લેર (આંદામાન અને નિકોબાર ટાપુ સમૂહ)માં સ્થિત છે. આ સંયુકત લોજિસ્ટિક નોડ નાના હથિયારો, દારૂગોળા, રેશન, ઈંધણ, જનરલ સ્ટોર, સિવિલ ટ્રાન્સપોર્ટ, પુરજાઓ અને એન્જિનિયરિંગ કાર્યોમાં સહયોગ માટે ત્રણેય સેનાઓને એકીકૃત લોજિસ્ટિકસ કવર પ્રદાન કરશે. આ પહેલ નાણાકીય બચત સિવાય, માનવશકિતની બચત અને સંસાધનોને શ્રેષ્ઠ ઉપયોગ કરવામાં પણ મહત્વપૂર્ણ બનશે. જોઈન્ટ લોજિસ્ટિકસ નોડને જોઈન્ટ લોજિસ્ટિકસ કમાન્ડના અનુગામી તરીકે સ્થાપિત કરવામાં આવ્યું છે, જે ઈન્ટેગ્રેટેડ થિયેટર કમાન્ડના શ્રેષ્ઠ ઉપયોગ માટે મહત્વપૂર્ણ છે. ઈન્ટેગ્રેટેડ થિયેટર કમાન્ડ સ્થાપિત કરવાનો મુખ્ય ઉદ્દેશ ભવિષ્યમાં થનારી કોઈપણ યુદ્ધની સ્થિતિમાં સૈન્ય સંસાધનોનો સર્વોત્તમ ઉપયોગ સુનિશ્ચિત કરવાનો છે.

❖ **DRDOએ તાજેતરમાં હેલિકોપ્ટરના એન્જિનમાં ઉપયોગ માટે સિંગલ ક્રિસ્ટલ બ્લેડ ટેકનોલોજી વિકસાવી છે.**

→ તેણે આવી 60 બ્લેડની ડિલિવરી હિન્દુસ્તાન એરોનોટિક્સ લિ. (HAL)ને આપી દીધી છે. વિશ્વના માત્ર ચાર દેશો UK, US, રશિયા અને ફ્રાન્સ પાસે જ આ ટેકનોલોજી છે. આત્યંતિક વાતાવરણમાં સંચાલન માટે હેલિકોપ્ટરોને અતિ શકિતશાળી અને સઘન એરો એન્જિનની જરૂર પડે છે. આ લક્ષ્ય હાંસલ કરવા સિંગલ ક્રિસ્ટલ બ્લેડ અતિ આવશ્યક છે. તે નિકલ આધારિત સુપર એલોયમાંથી બનાવવામાં આવે છે. આ એલોય ઊંચા તાપમાન સામે ટકી રહેવામાં સક્ષમ હોય છે.

❖ **ભારતીય નૌકાદળનું જહાજ INS સર્વેક્ષક વર્તમાનમાં મોરેશિયસ સાથેના હાઈડ્રોગ્રાફિક સર્વે માટે મોરેશિયસમાં તૈનાત છે.**

→ આ તૈનાતી દરમિયાન INS સર્વેક્ષક અત્યાધુનિક હાઈડ્રોગ્રાફિક ઉપકરણો અને તેના ઉપયોગ અંગે મોરેશિયસ સરકારના કર્મચારીઓને તાલીમ પણ આપશે. INS સર્વેક્ષકે મોરેશિયસના બંદર લુઈસ ખાતે પહોંચીને લુઈસ બંદરના ડીપ સી વિસ્તારના કિનારે હાઈડ્રોગ્રાફિક સર્વે શરૂ કરી દીધો છે. હાઈડ્રોગ્રાફિક સર્વેક્ષણો મરીન ડ્રેજિંગ, મેરીટાઈમ નેવિગેશન, ઓફશોર ઓઈલ એકસ્પ્લોરેશન (તેલ શોધકામ) અને શારકામ (ડ્રિલિંગ) તથા અન્ય સંબંધિત પ્રવૃત્તિઓને અસર કરતી દરિયાઈ લાક્ષણિકતાઓના માપનમાં સહાય કરે છે.

❖ **તાજેતરમાં બ્રિટિશ કંપની કેબલે તૈયાર કરેલા અહેવાલ અનુસાર, ભારતનો સમાવેશ હવે સૌથી સસ્તું ઈન્ટરનેટ પૂરું પાડનારા દેશોમાં થતો નથી, કંપનીઓએ ડેટાનો ભાવ વધાર્યો એટલે સૌથી સસ્તું ઈન્ટરનેટ આપનારા દેશોની યાદીમાં ભારતનો ક્રમ 28મો નોંધાયો છે.**

→ ભારતમાં ડેટાનો સરેરાશ ભાવ 0.68 ડોલર (રૂ.50) નોંધાયો છે. ભારતમાં 2020માં ડેટાનો સરેરાશ ભાવ 0.09 ડોલર (રૂ. 6.70) હતો. તેમાં આ વર્ષે સાડા સાત ગણો વધારો થયો છે. સૌથી સસ્તો ડેટા ઈઝરાયેલમાં આપવામાં આવે છે ત્યાં સરેરાશ ભાવ 0.05 ડોલર છે, ત્યારબાદ બીજા ક્રમે કિર્ગિસ્તાન છે. ડેટાનો વિશ્વમાં સરેરાશ ભાવ 4.21 ડોલર (રૂ.313.60) છે. સૌથી મોંઘુ ઈન્ટરનેટ ઈક્વેટોરિયલ ગુયાનામાં મળે છે.

→ સૌથી વધુ સ્માર્ટફોન યુઝર્સ ધરાવતા દેશો : ચીન (91.2 કરોડ), ભારત (43.9 કરોડ), અમેરિકા (27 કરોડ)

❖ **UK સ્થિત પેમેન્ટ્સ સિસ્ટમ્સ કંપની ACIએ તાજેતરમાં ડિજિટલ ચૂકવણીઓ અંગે એક અહેવાલ જારી કર્યો હતો.**

→ અહેવાલ અનુસાર, વર્ષ 2020માં ભારતમાં સૌથી વધુ વાસ્તવિક સમયના ઓનલાઈન વ્યવહારો થયા હતા. ભારતના ડિજિટલ પેમેન્ટ બજારનું નેતૃત્વ પેટીએમ, ફોનપે, ભારતપે અને પાઈનલેબ્સ વગેરે કંપનીઓ કરી રહી છે. માર્ચ 2021માં ફેબ્રુઆરી 2021ની સરખામણીમાં UPI (યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ) વ્યવહારો 18.7% વધ્યા છે.

❖ **વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગે એક સંયુકત ફ્રેમવર્કનો ઉપયોગ કરી ભારતમાં અનુકૂળ નિયોજન માટે 'રાષ્ટ્રીય જળવાયુ ભેદ્યતા આકલન અહેવાલ' જાહેર કર્યો છે.**

→ જે અનુસાર, દેશમાં આઠ પૂર્વીય રાજ્યો જળવાયુ પરિવર્તન માટે વધુ પડતા સંવેદનશીલ છે. આ આઠ રાજ્યોમાં ઝારખંડ, મિઝોરમ, ઓડિશા, છત્તીસગઢ, આસામ, બિહાર, અરુણાચલ પ્રદેશ અને પશ્ચિમ બંગાળનો સમાવેશ થાય છે. જળવાયુ પરિવર્તન માટે ઓછા મધ્યમ સંવેદનશીલ રાજ્યોમાં હિમાચલ પ્રદેશ,

તેલંગાણા, સિક્કિમ અને પંજાબનો સમાવેશ થાય છે. જ્યારે ઓછા સંવેદનશીલ રાજ્યો ઉત્તરાખંડ, હરિયાણા, તમિલનાડુ, કેરળ, નાગાલેન્ડ, ગોવા અને મહારાષ્ટ્ર છે.

→ અત્યધિક સંવેદનશીલ જિલ્લાઓ : અહેવાલ અનુસાર, જળવાયુ પરિવર્તનની દૃષ્ટિથી સંવેદનશીલ માનવામાં આવતા રાજ્યોમાંથી આસામ, બિહાર અને ઝારખંડના 60% થી વધુ જિલ્લાઓ અતિ સંવેદનશીલ જિલ્લાઓની શ્રેણીમાં છે.

❖ **સંયુકત રાષ્ટ્રે તાજેતરમાં દ્વિતીય 'વર્લ્ડ ઓશન એસેસમેન્ટ' અહેવાલ જારી કર્યો છે.**

→ તે વિશ્વભરમાંથી સંયુકત રાષ્ટ્રના સભ્ય દેશો દ્વારા નિયુકત સેંકડો વૈજ્ઞાનિકોનું કાર્ય છે. તે વર્ષ 2015માં પ્રકાશિત પ્રારંભિક અહેવાલ વર્લ્ડ ઓશન એસેસમેન્ટ 1 ને અનુસરે છે.

→ મહાસાગરોમાં ડેડ ઝોન્સની સંખ્યા બમણી થઈ ગઈ છે. 2008માં તે 400 હતી જે વધીને 2019માં 700 થઈ હતી. 90% મેન્ગ્રૂવ દરિયાઈઘાસ અને ઘાસ જેવા નાના છોડવાઓની પ્રજાતિઓ નિકંદનના આરે આવી થઈ છે.30% દરિયાઈ પક્ષીઓની પ્રજાતિઓ પણ લુપ્ત થવાના જોખમનો સામનો કરી રહી છે. વિશ્વના માત્ર 10% મહાસાગરોનો અભ્યાસ હાથ ધરાયો હતો. આ લઘુત્તમ અભ્યાસ સાથે, વૈજ્ઞાનિકોએ શોધી કાઢયું હતું કે મહાસાગરોને ભયંકર હદે નુકસાન પહોંચ્યું છે.

→ મહાસાગરોમાં 1990થી ગરમીની માત્રા બમણી થઈ ગઈ છે. જેથી સમુદ્રી જીવન ભારે પ્રભાવિત થયું છે. 15% રેતાળ સમુદ્રતટો કિનારાઓથી પીછેહઠ કરી રહ્યા છે. છેલ્લાં 33 વર્ષોમાં આમ થવાનો દર પ્રતિ વર્ષ 1 મીટર કે તેથી વધુ છે.

❖ **તાજેતરમાં ધ એનર્જી એન્ડ રિસોર્સીસ ઈન્સ્ટિટયૂટ (TERI) અને શેલ (Shell) દ્વારા ભારત : ટ્રાન્સફોર્મિંગ ટુ અ નેટ ઝીરો એમિશન એનર્જી સિસ્ટમ નામનો રિપોર્ટ જારી કરવામાં આવ્યો છે.**

→ આ રિપોર્ટ ભારતની ઘરેલું ઊર્જા પ્રણાલીને સતત આર્થિક વિકાસના ઉદ્દેશો હાંસલ કરીને 2050 સુધીમાં નેટ ઝીરો ઉત્સર્જન તરફ લઈ જવાનો માર્ગ મોકળો કરે છે.

→ નેટ ઝીરો ઉત્સર્જનનો અર્થ એવો છે કે ગ્રીન હાઉસ ગેસો (GHGs) નું ઉત્સર્જન અને વાતાવરણના બાહ્ય ક્ષેત્રના ગ્રીન હાઉસ ગેસ ઉત્સર્જન વચ્ચે એકંદર સંતુલન મેળવવું. સૌપ્રથમ માનવસર્જિત ઉત્સર્જન (જેમ કે અશ્મિભૂત ઈંધણવાળા વાહનો અને કારખાનાઓમાંથી)ને બને તેટલું શૂન્ય નજીક લાવવું જોઈએ. બીજું, બાકીના GHGsના કાર્બનનું શોષણ (જેમ કે, જંગલોનું પુનઃસ્થાપન દ્વારા) સંતુલિત કરવામાં આવવું જોઈએ. ભારતનું પ્રતિ વ્યકિત $CO_2$ઉત્સર્જન (જે વર્ષ 2015માં 1.8 ટનના સ્તરે હતું) અમેરિકા કરતાં નવમા ભાગનું અને વૈશ્વિક સરેરાશ (4.8 ટન પ્રતિવ્યકિત)થી લગભગ ત્રીજા ભાગનું છે. જો કે, એકંદરે ભારત હવે ચીન તથા અમેરિકા પછી $CO_2$નો ત્રીજો સૌથી મોટો ઉત્સર્જક છે.

❖ **રશિયાની અંતરિક્ષ સંસ્થા રોસકોસમોસ અને તેના આંતરરાષ્ટ્રીય ભાગીદારો વચ્ચેની સમજૂતી 2024માં સમાપ્ત થઈ રહી છે.**

→ આ સાથે, રશિયાએ ઈન્ટરનેશનલ સ્પેશ સ્ટેશન (ISS) માંથી નીકળી જવાની અને વર્ષ 2025 સુધીમાં ખુદનું સ્પેસ સ્ટેશન લોન્ચ કરવાની યોજના બનાવી છે. રશિયાના જણાવ્યા અનુસાર, ISSનું માળખું જૂનું થઈ રહ્યું હોવાથી ભવિષ્યમાં તે ભરપાઈ ન કરી શકાય તેવા નુકસાન ભણી દોરી જઈ શકે છે.

→ ISS 1998માં અમેરિકી અને રશિયન અંતરિક્ષ સંસ્થાઓએ લોન્ચ કર્યું હતું. ISS ના લોન્ચિંગ સાથે સંકળાયેલા અન્ય દેશો કેનેડા, યુરોપિયન સ્પેસ એજન્સી અને જાપાન હતા. ISS 93 મિનિટમાં પૃથ્વીની પ્રદક્ષિણા પૂર્ણ કરે છે. તે દરરોજ પૃથ્વીની પ્રદક્ષિણા 15.5 વખત કરે છે.

→ રશિયાની અંતરિક્ષ એજન્સી રોસકોસમોસ લૂનર 25 મિશનને લોન્ચ કરવાની યોજના બનાવી રહી છે. રશિયાનું લૂનર 25 ચંદ્રની સપાટી નીચે જામેલા બરફનો અભ્યાસ કરશે.

❖ **WHO, GAVI અને UNICEFએ IA 2030 અર્થાત ઈમ્યુનાઈઝેશન એજન્ડા 2030 લોન્ચ કર્યો હતો.**

→ તેનું શીર્ષક 'એ ગ્લોબલ સ્ટ્રેટેજી ટુ લીવ નો વન બિહાઈન્ડ' છે. તેનો ઉદ્દેશ રસીઓનો જીવનરક્ષક પ્રભાવ મહત્તમ કરવાનો છે. ઈમ્યુનાઈઝેશન એજન્ડા 2030 'વર્લ્ડ ઈમ્યુનાઈઝેશન વીક' દરમિયાન લોન્ચ કરાયો હતો. તેનું લક્ષ્ય 'જીવનભર રસીકરણ' અર્થાત બાળપણથી કિશોરાવસ્થા અને વૃદ્ધત્વ સુધી. WHO અનુસાર, જો સંપૂર્ણ અમલીકરણ થાય તો IA 2030 50 કરોડ મોત અટકાવશે. જે પૈકીના 75% ઓછી અને નિમ્ન માધ્યમ આવકવાળા દેશોમાંથી હશે.

→ આવશ્યક રસીઓનું 90% આવરણ જે નવજાત શિશુઓ, બાળકો અને કિશોરોને પૂરું પાડવું. IA 2030 નો વધુ એક લક્ષ્યાંક 2030 સુધીમાં રસીઓ ચૂકી જનારા બાળકોની સંખ્યા અડધી કરવાનો પણ છે. તેમાં COVID-19 રસીઓ, હ્યુમન પેપિલોમા વાઈરસ રસી (HPV) અને રોટાવાઈરસ જેવી નવી રસીઓ દાખલ કરવાનો પણ સમાવેશ થાય છે.

❖ **નાસા તેના આર્ટેમિસ કાર્યક્રમ અંતર્ગત પ્રથમ અશ્વેત વ્યકિતને ચંદ્ર પર ઉતારશે.**

→ આ જ કાર્યક્રમના ભાગરૂપે અમેરિકાની જગવિખ્યાત અવકાશ સંશોધન સંસ્થા (NASA) પહેલી મહિલાને પણ ચંદ્ર પર ઉતારશે. જેમાં એક ભારતીય અમેરિકી રાજાચારીનો પણ સમાવેશ થાય છે. આર્ટેમિસ પ્રોગ્રામનો મુખ્ય ઉદ્દેશ વર્ષ 2024 સુધીમાં ચંદ્રના દક્ષિણ ધ્રુવ ક્ષેત્રમાં સમાનવ મિશન લોન્ચ કરવાનો છે.

❖ **નોવેલ કોરોના વાઈરસ વિરુદ્ધ વિશ્વની સૌપ્રથમ પ્રાણી રસી કાર્નિવેક–કોવ (CARNIVAC-CoV) રશિયામાં નોંધાઈ છે.**

→ આ ઘોષણા દેશના કૃષિ સુરક્ષા વોચડોગ રોસ્સેલખોઝનાદઝોરે કરી હતી. નોવેલ કોરોના વાઈરસ વિરુદ્ધની દુનિયાની પહેલી પ્રાણી રસીનું નામ કાર્નિવેક–કોવ છે.

❖ **તાજેતરમાં 'વાણિજિયક ક્રૂ કાર્યક્રમ' અંતર્ગત NASA અને 'સ્પેસએકસ' વચ્ચે સહયોગના ભાગરૂપે 4 અવકાશયાત્રીઓને ફલોરિડા (અમેરિકા)થી ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS)માં મોકલવામાં આવ્યા છે. આ મિશનને ક્રૂ–2 (Crew-2) નામ આપવામાં આવ્યું છે.**

→ NASA દ્વારા શરૂ કરવામાં આવેલો કોમર્શિયલ ક્રૂ પ્રોગ્રામ (CCP) નાસા અને ખાનગી ઉદ્યોગ વચ્ચે અવકાશયાત્રીઓને ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) સુધી લઈ જવા અને ત્યાંથી પાછા લાવવા સાથે સંબંધિત ભાગીદારી છે.

કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષામાં વહેલી શરૂઆત એટલે જ સફળતા ... !!!

Dy. કલેક્ટર, Dy. SP, TDO, મામલતદાર તેમજ PI જેવા
પ્રતિષ્ઠિત અધિકારી બનવાનું સ્વપ્ન સાકાર કરવા
માટે દક્ષિણ ગુજરાતમાં સૌપ્રથમ વખત...

તાજેતર (2021)માં જાહેર થનાર

# GPSC - I/II

Prelim + Main + Interviewની સંપૂર્ણ તૈયારી

**650 - 725**
કલાકનો
**CLASSROOM TEACHING PLAN**

તેમજ

નાયબ મામલતદાર | ચીફ ઓફિસર |
Dy. SO. | રાજ્ય વેરા નિરીક્ષક

નવા વર્ગો
ટૂંક સમય
માં શરૂ

We are Now **OPEN**
For Inquiry & **Admission**

Any Graduate તેમજ છેલ્લા સેમેસ્ટર / વર્ષના ઉમેદવારો પણ પરીક્ષા આપી શકે છે.

(Creating A Way For Govt. Jobs)
**Banking Academy**
(Preparation for All Types of Competitive Exams)

SURAT - HO (ઉધના) (SOSYO CIRCLE)
Shree Arc, Opp. Shanidev Temple,
Sosyo Circle, Udhna-Magdalla Road,
Surat. Contact : 70466 33255.

❖ **મરીન રિસર્ચ ઓર્ગેનાઈઝેશન પ્રોમેરના સંશોધકોની ટીમે IBMના સહયોગમાં વિશ્વનું સૌપ્રથમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ શિપ ધ મેફ્લાવર 400 બનાવ્યું છે.**

→ 9 ટન વજન ધરાવતું મેફ્લાવર 400 એક માનવરહિત 15 મીટર લાંબુ ટ્રિમરન (તરાપા જેવું વહાણ) છે જે સંપૂર્ણપણે સ્વાયત્ત જહાજ છે. તે એટલાન્ટિકની પાર જવા તૈયાર છે. મેફ્લાવર 400 સસ્તન જળચર પ્રાણીઓ, પાણીમાં પ્લાસ્ટિક અને દરિયાઈ પ્રદૂષણનો અભ્યાસ કરશે. મેફ્લાવર 400 આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને સોલર પેનલો દ્વારા સૌર ઊર્જાથી સંચાલિત છે. ભારત, અમેરિકા અને સ્વિત્ઝર્લેન્ડ જેવા વિવિધ દેશોએ આ પ્રોજેક્ટ માટે વિવિધ ટેકનોલોજીઓનું યોગદાન આપ્યું છે.

❖ **તાજેતરમાં ચીને તેના કાયમી સ્પેસ સ્ટેશન (સ્થાયી અંતરિક્ષ મથક)નું એક માનવરહિત મોડયુલ લોન્ચ કર્યું છે, જેને વર્ષ 2022ના અંત સુધીમાં પૂરું કરવાની યોજના છે.**

→ 'તિયાનહે' અથવા 'હાર્મની ઓફ ધ હેવન્સ' નામના આ મોડયુલને ચીનના સૌથી મોટા માલવાહક રોકેટ લોંગ માર્ચ–5 B દ્વારા લોન્ચ કરાયું છે.

❖ **તાજેતરમાં ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકમ્યુનિકેશન્સે ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડર્સ (TSPs)ને 5G ટેકનોલોજીના ઉપયોગ અને તેની સાથે સંબંધિત પરીક્ષણની મંજૂરી આપી છે.**

→ આ ઔપચારિક રીતે ભારતમાં 5G ટેકનોલોજી અંગે ચાલી રહેલી હરીફાઈમાંથી 'Huawei' અને 'ZTE' જેવી ચાઈનીઝ કંપનીઓને બહાર કરી નાખશે. TSPs વિવિધ બેન્ડમાં પ્રાયોગિક સ્પેક્ટ્રમ પ્રદાન કરવામાં આવશે, જેમાં મિડ–બેન્ડ (3.2 મેગાહર્ટ્ઝથી 3.67 ગીગાહર્ટ્ઝ), મિલિમીટર વેવ બેન્ડ (24.25 ગીગાહર્ટ્ઝથી 28.5 ગીગાહર્ટ્ઝ) અને સબ–ગીગાહર્ટ્ઝ બેન્ડ (700 ગીગાહર્ટ્ઝ) સામેલ છે.

→ 5Gi ટેકનોલોજીનો વિકાસ IIT મદ્રાસના સેન્ટર ઓફ એક્સેલન્સ ઈન વાયરલેસ ટેકનોલોજી(CEWiT) અને IIT હૈદરાબાદ દ્વારા કરવામાં આવ્યો છે. 5Gi ટેકનોલોજી5G ટાવરો અને રેડિયો નેટવર્કની વ્યાપક પહોંચને સુવિધાજનક બનાવે છે.

❖ **ડ્રગ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (DCGI) એ તાજેતરમાં ઝાયડસ કેડિલાની દવા વિરાફિનના મર્યાદિત ઈમરજન્સી ઉપયોગની મંજૂરી આપી છે.**

→ વિરાફિનનો ઉપયોગ હિપેટાઈટિસ–B અને C ની સારવાર માટે કરવામાં આવે છે પરંતુ હવે તે મધ્યમ COVID-19 ચેપની સારવારમાં ઉપયોગમાં લેવાશે. કોરોના વાઈરસથી ચેપગ્રસ્ત વ્યક્તિને સંક્રમણના પ્રારંભિક તબક્કા દરમિયાન વિરાફિનનો એક ડોઝ આપવાથી તે ઝડપથી સાજો થઈ શકે છે.

❖ **તાજેતરમાં બેંગલુરુના લોકોએ થોડી સેકન્ડો માટે સૂર્ય ફરતે તેજસ્વી રેઈનબો રિંગ (મેઘધનુષી વલય) નિહાળી હતી, આ કેલિડોસ્કોપિક ઈફેક્ટ તરીકે ઓળખાતી એક દુર્લભ ઓપ્ટિકલ અને વાયુમંડળીય ઘટના હતી, જેને 22 ડિગ્રી સરકયુલર હેલો પર કહેવાય છે.**

→ 22 ડિગ્રી સરકયુલર હેલો સૂર્ય અને કયારેક ચંદ્રમાં આસપાસ આકાર લે છે. આથી, તેને મૂન રિંગ અથવા વિન્ટર હેલો પણ કહેવાય છે. આ ઘટના મુખ્યત્વે ત્યારે જોવામાં આવે છે જ્યારે સૂર્ય અથવા ચંદ્રમાના કિરણો સૌથી વધુ ઊંચાઈ (20,000 ફીટથી વધુ) પર લઘુ હિમકણો દ્વારા નિર્મિત વાદળોમાં ઉપસ્થિત ષટકોણાકાર બરફના સ્ફટિકોના માધ્યમથી વિક્ષેપિત થાય છે. તેને 22 ડિગ્રી હેલો એટલા માટે કહેવામાં આવે છે કે હેલો અથવા વલયમાં સૂર્ય/ચંદ્રમાની ચોતરફ 22 ડિગ્રી સ્પષ્ટ ત્રિજ્યા હોય છે.

❖ **તાજેતરમાં કેરેબિયન સ્થિત લા સોફરિયર જ્વાળામુખીમાં થયેલા વિસ્ફોટથી ઉત્સર્જિત સલ્ફર ડાયોકસાઈડ ($SO_2$) ભારતમાં પહોંચ્યો છે.**

→ જેનાથી દેશના ઉત્તર ભાગમાં પ્રદૂષણના સ્તરમાં વધારો તથા એસિડ વર્ષા થવાનો ભય ઊભો થયો છે. કેરેબિયન ટાપુ સમૂહ કેરેબિયન સમુદ્રમાં સ્થિત છે. તે અમેરિકાના દક્ષિણમાં, મેકિસકોના પૂર્વ અને મધ્યમાં તથા દક્ષિણ અમેરિકાના ઉત્તરમાં સ્થિત છે. લા સોફરિયર જ્વાળામુખી કેરેબિયન ટાપુના સેન્ટ વિન્સેન્ટ અને ગ્રેનેડાઈન્સમાં સ્થિત સક્રિય સ્ટ્રેટોવોલ્કેનો છે.

❖ **26 મે, 2021ના વિશ્વમાં સુપરવૂમન, બ્લડમૂન અને ખગ્રાસ (પૂર્ણ) ચંદ્રગ્રહણ એમ ત્રણ અદ્દભુત અને અલભ્ય ખગોળીય ઘટના બની હતી.**

→ છેલ્લા 6 વર્ષમાં સુપરમૂન અને ખગ્રાસ ચંદ્રગ્રહણનો સંયોગ સર્જાયો હોય તેવી આ પ્રથમ ઘટના હતી. ભારતના પૂર્વ ભાગો તથા ઓસ્ટ્રેલિયા, અમેરિકા, પશ્ચિમ–દક્ષિણ અમેરિકા, પ્રશાંત અને દક્ષિણ તથા પૂર્વ એશિયાના દેશોમાં ખગ્રાસ ચંદ્રગ્રહણ દેખાયું હતું.

→ નાસા અનુસાર, આ પૂર્ણ ચંદ્રગ્રહણ ખગોળીય ઘટનાઓની શ્રેણીના કારણે સર્જાયુ હતું.

→ **સુપરમૂન :** આ એ સ્થિતિને દર્શાવે છે જ્યારે ચંદ્રમા તેની કક્ષામાં પૃથ્વીની સર્વાધિક નજીક અને સાથે જ પૂર્ણ આકારમાં હોય છે. ચંદ્ર દ્વારા પૃથ્વીની પ્રદક્ષિણા દરમિયાન એક સમયે બન્ને વચ્ચેનું અંતર ખૂબ વધી જાય ત્યારે તેને એપોજી(Apogee) કહેવાય છે. નાસા અનુસાર, સુપરમૂન શબ્દ વર્ષ 1979માં એક સામાન્ય વર્ષમાં તેની ચાર પૂર્ણ સુપરમૂન થઈ શકે છે.

→ **પૂર્ણ ચંદ્રગ્રહણ :** આ દરમિયાન ચંદ્રમાની આખી ડિસ્ક પૃથ્વીની કક્ષા અથવા પ્રતિછાયા (UMBRA)માં પ્રવેશ કરે છે. તેથી ચંદ્ર લાલ (બ્લડ મૂન) દેખાય છે. અલબત્તે કાયમ માટે લાલ રહેતો નથી. આ લાલ રંગને કારણે પૂર્ણ ચંદ્રગ્રહણને બ્લડ મૂન કહેવાય છે. લગભગ 14 મિનિટ પશ્ચાત ચંદ્ર પૃથ્વીની કક્ષા કે પ્રતિછાયા (UNBRA)માંથી બહાર નીકળી ફરીથી પોતાના પેનુમ્બ્રા (Penumbra)માં આવી જાય છે.

❖ **રશિયન વૈજ્ઞાનિકોએ માર્ચ 2021માં વિશ્વના કેટલાક સૌથી મોટા અંડરવોટર સ્પેસ ટેલિસ્કોપ પૈકીનું એક તેના બૈકાલ સરોવરમાં ગોઠવ્યું છે.**

→ ઊંડા પાણીમાંનું આ ટેલિસ્કોપ વર્ષ 2015થી નિર્માણાધીન હતું. બૈકાલ–GVD નામનું આ ટેલિસ્કોપ ન્યૂટ્રિનોસ તરીકે ઓળખાતા સૌથી નાના જ્ઞાત કણોના નિરીક્ષણ માટે જ ખાસ બનાવાયું છે. બૈકાલ ટેલિસ્કોપ દક્ષિણ ધ્રુવમાં અમેરિકી સંશોધન કેન્દ્ર ખાતે એન્ટાર્કટિકના બરફની નીચે તૈનાત મહાકાય ન્યૂટ્રિનો ઓબ્ઝર્વેટરી આઈસ કયુબની સ્પર્ધા કરશે.

❖ **અમેરિકાની અંતરિક્ષ સંસ્થા નાસાના ઈન્જેન્યૂટી માર્સ હેલિકોપ્ટરે મંગળ ગ્રહ પર પહેલી ઉડાન ભરી 19 એપ્રિલ, 2021ના રોજ ઈતિહાસ રચી દીધો છે.**

→ માત્ર બે કિલોગ્રામ વજન ધરાવતું હેલિકોપ્ટર ઈન્જેન્યૂટી રાતા ગ્રહ પર લગભગ 39.10 સેકન્ડ સુધી 10 ફીટની ઊંચાઈએ હવામાં ચક્કર લગાવી શક્યું હતું. આ સાથે ઈન્જેન્યૂટી પૃથ્વીને છોડી કોઈ બીજા ગ્રહ પર ઉડાન ભરનારૂં પ્રથમ નિયંત્રિત અને સંચાલિત હેલિકોપ્ટર બની ગયું છે. ઈન્જેન્યૂટીને જુલાઈ 2020માં લોન્ચ કરાયેલા 'પર્સિવરન્સ' રોવર દ્વારા મંગળ ગ્રહ પર લઈ જવાયું હતું.

❖ **કેન્દ્રીય શિક્ષણ મંત્રી રમેશ પોખરિયાલ નિશંકે તાજેતરમાં વિશ્વનું સૌપ્રથમ માઈક્રોસેન્સર આધારિત વિસ્ફોટક શોધક નેનોસ્નિફર લોન્ચ કર્યું છે.**

→ નેનોસ્નિફર IIT બોમ્બે ઈન્ક્યુબેટેડ સ્ટાર્ટઅપ નેનોસ્નિફ ટેકનોલોજીસ દ્વારા વિકસાવાયું છે. તેનું માર્કેટિંગ IIT દિલ્હી ઈન્ક્યુબેટેડ સ્ટાર્ટઅપ ક્રિટિકલ સોલ્યુશન્સ કરી રહ્યું છે. નેનોસ્નિફર 10 સેકન્ડ કરતાં પણ ઓછા સમયમાં વિસ્ફોટકો શોધી શકે છે. તે સૈન્યના તમામ વર્ગના, હાથ બનાવટના અને પરંપરાગત વિસ્ફોટકો શોધી શકે છે. તે આ કામ માટે MEMS પ્રણાલીનો ઉપયોગ કરે છે. MEMS એટલે માઈક્રો–ઈલેક્ટ્રોમિકેનિકલ સિસ્ટમ. નેનોસ્નિફર એટલું શકિતશાળી છે કે તે નેનો ગ્રામ જથ્થામાં પણ વિસ્ફોટકો શોધી શકે છે. તેની કિંમત રૂ.10 લાખ છે. વર્તમાન ઉપકરણોની તુલનામાં તેનો ભાવ ત્રીજા ભાગનો છે. તેની પેટન્ટ યુરોપ, ભારત અને USમાં મેળવાઈ છે.

❖ **કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ (CSIR)ની બેંગલોર સ્થિત નેશનલ એરોસ્પેસ લેબોરેટરી (NAL) એ બે સીટવાળા પ્રશિક્ષણ વિમાન 'હંસ – ન્યૂ જનરેશન'નો વિકાસ કર્યો છે.**

→ સ્વદેશમાં જ નિર્મિત આ વિમાન અત્યાધુનિક સુવિધાઓની સજ્જ છે. ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય ઉડ્ડયન એકેડમીએ નેશનલ એરોસ્પેસ લેબોરેટરીની સાથે આવા પાંચ વિમાન ખરીદવા માટે સમજૂતી કરી છે. આ લેબોરેટરી CSIR દ્વારા વર્ષ 1959માં દિલ્હીમાં સ્થપાઈ હતી. વર્ષ 1960માં તેનું વડુમથક બેંગલુરુમાં સ્થાનાંતરિત કરાયું હતું.

❖ **IIT ગુવાહાટીના સંશોધકોએ રિચાર્જેબલ લિથિયમ આયન બેટરીનું પ્રદર્શન વધુ સારું બનાવવા માટે એક ટેકનિક વિકસિત કરી છે, જે વર્તમાનમાં ઉપયોગમાં આવતા પોર્ટેબલ ઉપકરણોમાં ઉપયોગી બનશે.**

→ IIT ગુવાહાટીના સંશોધકોએ એક એવી ટેકનિક વિકસાવી છે, જે SOC તરીકે સૌથી મહત્વપૂર્ણ બેટરી આંતરિક અવસ્થાઓમાંથી એકનું અનુમાન લગાવી શકે છે. SOC (સ્ટેટ ઓફ ચાર્જ) બેટરીની બાકી રહેલી ક્ષમતા દર્શાવે છે. એટલે કે બેટરીને સંપૂર્ણપણે ડિસ્ચાર્જ થતાં પહેલાં કેટલી ચાર્જ કરી શકાય છે.

❖ **તાજતેરમાં DRDO દ્વારા અત્યાધિક ઊંચાઈવાળા વિસ્તારોમાં તૈનાત સૈનિકો માટે SpO2 (Blood oxyzen saturation) પૂરક ઓકિસજન વિતરણ પ્રણાલી વિકસાવવામાં આવી છે.**

→ આ પ્રણાલી ડિફેન્સ બાયો–એન્જિનિયરિંગ એન્ડ ઈલેકટ્રો મેડિકલ લેબોરેટરી (DEBEL), બેંગલુરુ દ્વારા વિકસિત કરવામાં આવી છે, જે DRDO અંતર્ગત કાર્યરત્ છે. આ પ્રણાલી બ્લડ સેચ્યુરેશન લેવલ માટે પૂરક ઓકિસજન પૂરો પાડે છે. આ સિસ્ટમ સૈનિકને હાઈપોકિસયામાં જતા બચાવે છે. હાઈપોકિસયા ઘણીવાર જીવલેણ બને છે.

❖ **તાજેતરમાં ચીનના વૈજ્ઞાનિકોએ એક નવા પ્રકારના યુરેનિયમની શોધ કરી, જેને અત્યારસુધીનું સૌથી હળવું યુરેનિયમ મનાઈ રહ્યું છે.**

→ આ શોધ વૈજ્ઞાનિકોને આલ્ફા કણ વિશે વધુ જાણવામાં મદદ કરી શકે છે, જે વિઘટન પામી કિરણોત્સર્ગી તત્વોથી અલગ થઈ જાય છે. વૈજ્ઞાનિકો દ્વારા શોધાયેલા આ યુરેનિયમ–214 નામના યુરેનિયમમાં પ્રોટોનની તુલનામાં 30 વધુ ન્યૂટ્રોન ઉપલબ્ધ છે. આમ તેમાં અત્યારસુધીમાં જ્ઞાત સૌથી હળવા યુરેનિયમ આવૃત્તિ આઈસોટોપની તુલનામાં એક ઓછો ન્યૂટ્રોન ઉપલબ્ધ છે. ધ્યાન રહે કે યુરેનિયમ–235નો ઉપયોગ પરમાણુ રિએકટરમાં થાય છે અને તેમાં પ્રોટોનની તુલનામાં 51 વધારાના ન્યુટ્રોન હોય છે. આ નવા આઈસોટોપ માત્ર નોંધપાત્ર હળવા નથી, પણ તેના વિઘટન દરમિયાન અદ્વિતીય વર્તન પણ દર્શાવે છે. આમ, આ શોધ વૈજ્ઞાનિકોને કિરણોત્સર્ગી વિઘટનની પ્રક્રિયાને સમજવામાં પણ મદદ કરશે. જેને આલ્ફા વિઘટન તરીકે ઓળખવામાં આવે છે, જેમાં એક પરમાણુ ન્યૂકિલયસમાં બે પ્રોટોન અને બે ન્યૂટ્રોનના એક સમૂહ (જેને સામૂહિક રીતે એક આલ્ફા કણ કહેવાય છે)નું વિઘટન થઈ જાય છે.

❖ **ISRO ના વડા કે.સિવને તાજેતરમાં જણાવ્યું હતું કે ફ્રાન્સ અંતરિક્ષમાં ભારતનો સૌથી મોટો ભાગીદાર દેશ છે.**

→ ઈસરો અને ફ્રાન્સની અંતરિક્ષ સંસ્થા સેન્ટર નેશનલ ડી 'એપ્યુડેસ સ્પેશિયલ્સ (CNES) બે સંયુકત મિશનો વર્ષ 2011માં 'મેઘા ટ્રોપિકસ' અને 2013માં ' SARAL-એલ્ટિકા' પર કામ કરી ચૂકયા છે. ઈસરો અને CNES એ થર્મલ ઈન્ફારેડ ઈમેજિંગ સેટેલાઈટ ફોર હાઈ રિઝોલ્યુશન નેચરલ રિસોર્સ એસેસમેન્ટ (TRISHNA) ની મદદ વડે પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહ મિશનને વાસ્તવિક સ્વરૂપ આપવા સંભાવના અભ્યાસ પૂર્ણ કરી લીધો છે અને હવે બન્ને એજન્સીઓ સંયુકત ઉપગ્રહ વિકાસ માટે અમલીકરણ વ્યવસ્થાને આખરી ઓપ આપવા કાર્ય કરી રહી છે.

❖ **IIT ખડગપુરે તાજેતરમાં આરોગ્ય સંભાળ ઉત્પાદન કોવિરેપનું સફળતાપૂર્વક વ્યાપારીકરણ શરૂ કર્યું.**

→ COVIRAP (કોવિરેપ) કોવિડ–19ના વાઈરસનો પતો લગાવવાની એક નૈદાનિક ટેકનોલોજી છે. એટલું જ નહીં તે ઈન્ફલૂએન્ઝા, ડેન્ગ્યૂ, મેલેરિયા, TB અને જાપાનીઝ ઈન્સેફલાઈટિસનું પરીક્ષણ કરવા પણ સક્ષમ છે. COVIRAP આધારિત ઉપકરણો પરીક્ષણ ખર્ચ રૂ.500 છે. આ ઉપકરણ વાસ્તવિક સમયમાં PCR મશીનો અને થર્મલ સાઈકલર્સ માટેની જરૂરિયાત પણ ઓછામાં ઓછી કરી નાખશે. તે માત્ર એક કલાકમાં પરિણામ આપવા સક્ષમ છે.

❖ **અમેરિકન અંતરિક્ષ એજન્સી નાસાએ તાજેતરમાં ઘોષણા કરી હતી કે તેના પર્સિવરન્સ રોવર પરના એક ઉપકરણ MOXIE (માર્સ ઓકિસજન ઈન–સિટુ રિસોર્સ યુટિલાઈઝેશન એકસપેરિમેન્ટ) એ પહેલીવાર મંગળ ગ્રહના ખૂબ જ પાતળા વાતાવરણમાંથી ઓકિસજનનું ઉત્પાદન કરવામાં સફળતા પ્રાપ્ત કરી લીધી છે.**

→ આ ટેકનિકના માધ્યમથી ભવિષ્યમાં મંગળ ગ્રહ પર જનારા યાત્રીઓને ઓકિસજન ઉપલબ્ધ થઈ શકશે. MOXIE એ એક સોનેરી ખોખું (ગોલ્ડન બોકસ) છે જેને રોવરની સામેની બાજુમાં ગોઠવવામાં આવ્યું છે. MOXIE ને મિકેનિકલ ટ્રી પણ કહેવાય છે. કારણ કે તે કાર્બન કણોને કાર્બન અને ઓકિસજનમાં વિભાજિત કરવા વીજળી અને રસાયણનો ઉપયોગ કરે છે. પૂરી પ્રક્રિયાના અંતે તે આડપેદાશ તરીકે કાર્બન મોનોકસાઈડનું ઉત્પાદન કરે છે. રાતા ગ્રહ મંગળના વાયુમંડળમાં કાર્બન ડાયોકસાઈડ સૌથી વધુ પ્રમાણ (અંદાજે 96%)માં ઉપસ્થિત છે, જ્યારે ઓકિસજનનું પ્રમાણ માત્ર 0.13% છે.

- **કેન્દ્રીય નાણાં મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને તાજેતરમાં ભારતના સૌપ્રથમ 3D પ્રિન્ટેડ મકાનનું IIT મદ્રાસ ખાતે ઉદ્ઘાટન કર્યું હતું.**
  - → આ મકાનનું નિર્માણ સ્વેદશી 3D પ્રિન્ટિંગ ટેકનોલોજીનો ઉપયોગ રીને માત્ર 5 દિવસમાં કરાયું છે. IIT-Mના પૂર્વ વિદ્યાર્થીઓના વિચારના આધારે ત્વસ્ત મેન્યુફેક્ચરિંગ સોલ્યુશન્સ દ્વારા આવાસની રચના કરાઈ છે.
- **તાજેતરમાં ભારતીય વૈજ્ઞાનિકોએ સોયાબીનની વધુ ઉપજ અને કીટ પ્રતિરોધક જાત વિકસાવી છે જેને MACS 1407 નામ અપાયું છે.**
  - → સોયાબીનની આ જાત MACS-અગરકર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, પુણે તથા ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રિકલ્ચરલ રિસર્ચ નવી દિલ્હીના વૈજ્ઞાનિકો દ્વારા વિકસિત છે. જે પ્રતિ હેક્ટર 39 ક્વિન્ટલ ઉત્પાદન આપે છે, જે તેને વધુ ઉત્પાદન આપનારી જાત બનાવે છે.
- **તાજેતરમાં અમેરિકાની અંતરિક્ષ એજન્સી નાસાએ શુક્ર ગ્રહના વાતાવરણમાં પ્રાકૃતિક રેડિયો સિગ્નલની શોધ કરી છે.**
  - → આ રેડિયો સિગ્નલ નાસાના 'પાર્કર સોલાર પ્રોબ' દ્વારા ગ્રહની નિયમિત ઉડાનમાં રેકોર્ડ કરાયા છે. ગત 30 વર્ષમાં પહેલીવાર છે જ્યારે આ ગ્રહના વાતાવરણ સંબંધી કોઈ પ્રત્યક્ષ માપ રેકોર્ડ થયું છે.
- **આદિત્ય–L1 મિશન માટે સમર્થન કેન્દ્ર ALISCની સુવિધા આર્યભટ્ટ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ ફોર ઓબ્ઝર્વેશન સાઈન્સીસ (ARIES) દ્વારા આપવામાં આવશે.**
  - → તેની શરૂઆત આગામી વર્ષ 2022માં કરવામાં આવશે. ARIES વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ અંતર્ગત એક સ્વાયત્ત સંસ્થા છે, જે નૈનીતાલ (ઉત્તરાખંડ)માં સ્થિત છે. આ કેન્દ્રનો મુખ્ય ઉદ્દેશ ભારતના દરેક સંશોધકો દ્વારા આદિત્ય–L1 પાસેથી મળતા વૈજ્ઞાનિક આંકડાઓની તપાસ કરવાનો છે. આ સમર્થન કેન્દ્ર આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતના આદિત્ય–L1ની દશ્યતાનો વિસ્તાર કરશે.
  - → આદિત્ય–L1 મિશન સૂર્યનો અભ્યાસ કરનારું ભારતનું પ્રથમ વૈજ્ઞાનિક અભિયાન છે. આ એસ્ટ્રોસેટ બાદ આદિત્ય–L1 ઈસરોનું બીજું અંતરિક્ષ આધારિત ખગોળ વિજ્ઞાન મિશન છે. આદિત્ય–L1 મિશન વર્ષ 2022 સુધીમાં લોન્ચ થવાની સંભાવના છે.
- **તાજેતરમાં NASAના ઓસિરિસ–રેકસ અંતરિક્ષયાને એસ્ટેરોઈડ બેન્નુથી પૃથ્વી પર પાછા ફરવા માટે તેની 2 વર્ષની યાત્રા શરૂ કરી દીધી છે.**
  - → ઓસિરિસ–રેકસ પૃથ્વીની નજીક રહેલા એસ્ટેરોઈડ બેન્નુનો પ્રવાસ કરીને તેની સપાટીનું સર્વેક્ષણ કરી તથા તેના પરથી નમૂના એકત્ર કરવા માટે મોકલવામાં આવેલું NASAનું પ્રથમ મિશન છે, જેનો ઉદ્દેશ વૈજ્ઞાનિક અભ્યાસ માટે એસ્ટેરોઈડ પરથી પ્રાચીન નમૂનાઓ એકઠા કરીને પૃથ્વી પર પાછા લાવવાનો છે. વર્ષ 2016માં ઓસિરિસ–રેકસ (ઓરિજિન્સ, સ્પેક્ટ્રલ ઈન્ટરપ્રિટેશન, રિસોર્સ આઈડેન્ટિફિકેશન, સિક્યોરિટી, રેગોલિથ એક્સપ્લોરર) અંતરિક્ષયાનને બેન્નુ એસ્ટેરોઈડની યાત્રા માટે લોન્ચ કર્યું હતું. આ મિશનની અવધિ કુલ સાત વર્ષની છે.
- **તાજેતરમાં વર્લ્ડ મીટિયરોલોજી ઓર્ગેનાઈઝેશન (WMO)ને વર્ષ 2020 માટે તેનો વાર્ષિક વૈશ્વિક જળવાયુ સ્થિતિ રિપોર્ટ જાહેર કર્યો હતો.**
  - → આ રિપોર્ટ અમેરિકા દ્વારા આયોજિત લીડર્સ સમિટ ઓન ક્લાઈમેટ પહેલાં પ્રસિદ્ધ કરાયો હતો.
  - → આ રિપોર્ટ અનુસાર, 2020 લા–નીનાની સ્થિતિ હોવા છતાં અત્યારસુધીના ત્રણ સૌથી ગરમ વર્ષોમાંથી એક હતું. વૈશ્વિક સરેરાશ તાપમાન જાન્યુઆરી–ઓક્ટોબર 2020ના સમયગાળામાં પૂર્વ ઔદ્યોગિક સ્તર (1850-1900)થી 1.2 ડિગ્રી સેલ્સિયસ વધુ હતું. વર્ષ 2016 અને વર્ષ 2019 અન્ય બે સૌથી ગરમ વર્ષ હતા. વર્ષ 2015 પછીના છ વર્ષ સૌથી ગરમ રહ્યા છે. વર્ષ 2011-2020 સૌથી ગરમ દશક હતો.
  - → વૈશ્વિક સ્તરે કાર્બન ડાયોકસાઈડની ઘનતાની સરેરાશ પહેલાંથી જ 410 ppm થી વધી ગઈ છે. આ રિપોર્ટમાં ચેતવણી અપાઈ છે કે જો ઘનતાનું આ વલણ પાછળના વર્ષો જેમ જ રહ્યું તો વર્ષ 2021માં 441 ppm સુધી પહોંચી શકે છે કે તેનાથી પણ વધી શકે છે.
  - → મહાસાગરોમાં વર્ષ 2019માં સૌથી વધુ સમુદ્રી હીટ વેવ નોંધાયા હતા, પરંતુ વર્ષ 2020માં આનાથી પણ વધુ હીટ વેવ નોંધાયા છે. વર્ષ 2020માં લગભગ 80% મહાસાગરીય સપાટી પર ઓછામાં ઓછી એકવાર સમુદ્રી હીટ વેવ નોંધાયા હતા. સમુદ્રી હીટ વેવ દરમિયાન સમુદ્રના પાણીનું તાપમાન સતત ઓછામાં ઓછા 5 દિવસ સુધી સામાન્યથી વધુ થઈ જાય છે.
  - → ઉપગ્રહ દ્વારા વર્ષ 1993થી જ સમુદ્રની સપાટી પર દેખરેખ રખાઈ રહી છે, જેનાથી માલૂમ થાય છે કે તેનું જળસ્થળ વધી રહ્યું છે. આ ઘટના લા નીના પ્રેરિત શીતળતા હોવા છતાં બની રહી છે. સમુદ્રનું જળસ્તર ગ્રીનલેન્ડ અને એન્ટાર્કટિકામાં બરફ પીગળવાથી ઝડપથી વધી રહ્યું છે.
  - → ભારત વર્ષ 1994 પછીથી જ ચોમાસામાં પરિવર્તનનો અનુભવ કરી રહ્યો છે, જેનાથી અહીં ગંભીર પૂર અને ભૂસ્ખલનની સ્થિતિ જોવા મળી છે.
  - → આ સંગઠન 192 દેશો અને ક્ષેત્રોની સભ્યતાવાળું એક આંતરસરકારી સંગઠન છે. ભારત તેનું સદ્સ્ય છે. તેની શરૂઆત આંતરરાષ્ટ્રીય મોસમ વિજ્ઞાન સંગઠનથી થઈ હતી. જેનાથી વર્ષ 1873માં વિયેના આંતરરાષ્ટ્રીય મોસમ વિજ્ઞાન સંમેલન બાદ સ્થાપિત કરાયું હતું. WMO કન્વેન્શનની બહાલીથી 23 માર્ચ, 1950માં સ્થાપિત આ સંગઠન મૌસમ વિજ્ઞાન, જળ વિજ્ઞાન તથા સંબંધિત ભૂભૌતિકિય વિજ્ઞાન માટે સંયુકત રાષ્ટ્રની વિશેષ એજન્સી બની ગયું. તેનું વડુમથક જીનિવા, સ્વિત્ઝર્લેન્ડમાં છે.

## રમત–જગત, નિમણૂંક, વ્યકિત, પુસ્તક

- **રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે વરિષ્ઠતમ ચૂંટણી કમિશનર સુશીલચંદ્રને ભારતના 24મા મુખ્ય ચૂંટણી કમિશનર (CEC)ના નિયુકત કર્યા.**
  - → સુશીલચંદ્રાએ આ પદે 12 એપ્રિલ, 2021ના નિવૃત્ત થયેલા સુનીલ અરોરાનું સ્થાન લીધુ છે. તેમનો કાર્યકાળ 2022 ના મધ્યમાં સમાપ્ત થશે. તે પૂર્વે ઉત્તર પ્રદેશ, પંજાબ, ગોવા, મણિપુર અને ઉત્તરાખંડ વિધાનસભાઓની ચૂંટણીઓ યોજાશે. અગાઉ, સુશીલચંદ્રાએ સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેકટ ટેકસીસ (CBDT)ના અધ્યક્ષ તરીકે પણ સેવા આપેલી છે. વર્ષ 2017માં, તેમણે દેશમાં ગેરકાનૂની અસ્કયામતો અને કાળાં નાણાં પર અંકુશ મેળવવા 'ઓપરેશન કલીન મની' લોન્ચ કર્યું હતું. સુશીલચંદ્રા 1980ની બેચના ઈન્ડિયન રેવન્યૂ સર્વિસ (IRS) અધિકારી છે.

- ❖ **કેબિનેટની નિમણૂક સમિતિએ 25 મે, 2021ના સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI)ના નવા વડા (ડાયરેક્ટર) તરીકે મહારાષ્ટ્ર કેડરના 1985ની બેચના IPS અધિકારી અને સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યોરિટી ફોર્સ (CISF)ના વડા સુબોધકુમાર જયસ્વાલની નિમણૂકને બહાલી આપી હતી.**
  - → વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ (CJI) એન.વી.રમણ અને લોકસભામાં વિપક્ષના નેતા અધીર રંજન ચૌધરીનો સમાવેશ કરતી ઉચ્ચસ્તરીય પસંદગી સમિતિ માટે સુબોધકુમાર જયસ્વાલ સીનિયર મોસ્ટ હોવાથી CBIના ડાયરેક્ટર તરીકે તેમની પસંદગી સીનિયોરિટીનો સિદ્ધાંત પસંદગીનો મૂળભૂત માપદંડ હોવાથી સરળ બની ગઈ હતી.
  - → CBIના 31મા વડા તરીકે 58 વર્ષીય સુબોધકુમાર જયસ્વાલની નિમણૂક બે વર્ષના કાર્યકાળ માટે કરાઈ છે. સુબોધકુમાર જયસ્વાલ મુંબઈના પોલીસ કમિશનર તથા DGP રહી ચૂકયા છે. તેમને જાસૂસોના માસ્ટર તરીકે ઓળખવામાં આવે છે.
  - → CBIની સ્થાપના વર્ષ 196માં ગૃહ મંત્રાલયના એક પ્રસ્તાવ દ્વારા કરાઈ હતી. અત્યારે CBI કર્મચારી, જાહેર ફરિયાદી અને પેન્શન મંત્રાલયના કર્મચારી અને તાલીમ વિભાગના વહીવટી નિયંત્રણમાં આવે છે. ભ્રષ્ટાચારને અટકાવવા અંગેની સંથાનમ સમિતિ (1962 – 1964) દ્વારા CBIની સ્થાપનાની ભલામણ કરાઈ હતી. CBI એક વૈધાનિક સંસ્થા નથી. તે દિલ્હી વિશેષ પોલીસ સ્થાપના અધિનિયમ, 1946 દ્વારા પોતાની સત્તાઓ પ્રાપ્ત કરે છે. CBI કેન્દ્ર સરકારની એક પ્રમુખ તપાસ સંસ્થા છે. CBI ભારતમાં નોડલ પોલીસ એજન્સી પણ છે જે ઈન્ટરપોલ સભ્ય દેશો વતી તપાસનું સંકલન કરે છે.
- ❖ **ડો. બાબાસાહેબ આંબેડકર પર તૈયાર કરાયેલા ચાર પુસ્તકો 'વ્યકિત દર્શન' , 'જીવન દર્શન' , 'આયામ દર્શન' અને 'રાષ્ટ્રદર્શન'નું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 14 એપ્રિલ, 2021ના રોજ તેમની130મી જન્મજયંતીના અવસરે ઓનલાઈન લોકાર્પણ કર્યું હતું.**
  - → જાણીતા લેખક કિશોર મકવાણાએ ખૂબ ઊંડાણ પૂર્વક અધ્યયન અને સંશોધન કરીને ડો. આંબેડકરના જીવનના વિવિધ પાસાંઓનું સર્વાંગી લેખન સંપાદન આ ચાર પુસ્તકોમાં કર્યું છે.
- ❖ **વડોદરાની સુપ્રસિદ્ધ એમ.એસ.યુનિવર્સિટીના મહિલા પ્રાધ્યાપક ડો.વનીષા નામ્બિયારની પસંદગી બાળકોમાં સ્થૂળતા વ્યવસ્થાપન માર્ગદર્શિકા વિકાસ અંગેના WHOના જૂથના એક સભ્ય તરીકે કરવામાં આવી છે.**
  - → ડો. વનીષા નામ્બિયાર એકમાત્ર ન્યૂટ્રિશનિસ્ટ હોવાથી બાળકોમાં મેદસ્વિતા વ્યવસ્થાપન માર્ગદર્શિકા વિકાસ જૂથમાં મહત્વનો ફાળો આપી શકશે. ડો. વનીષા એક તજજ્ઞ તરીકે ભોજન, પોષણ અને આરોગ્યને લગતી સમસ્યાઓ પર પોતાના અભિપ્રાયો રજૂ કરશે.
- ❖ **25 માર્ચ, 2021ના ભારત સરકારના કર્મચારી અને તાલીમ વિભાગ દ્વારા જારી સત્તાવાર આદેશમાં જણાવાયું હતું કે કેન્દ્ર સરકારે મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર (PSA – પ્રિન્સિપાલ સાયન્ટિફિક એડવાઈઝર) કે. વિજયરાઘવનનો કાર્યકાળ એક વધુ વર્ષ અર્થાત એપ્રિલ 2022 સુધી વધારી દીધો છે.**
- ❖ **ગુજરાતના ભૂતપૂર્વ DGP શબ્બીર હુસૈન ખંડવાવાલાની તાજેતરમાં BCCIના એન્ટિ–કરપ્શન યુનિટના નવા ચીફ તરીકે નિયુકિત કરી.**
  - → ખંડવાવાલા આ પદે રાજસ્થાનના પૂર્વ DGP અજિતસિંહનું સ્થાન લેશે.
- ❖ **એકસેન્ચર ઈન્ડિયાના અધ્યક્ષ અને વરિષ્ઠ પ્રબંધ નિર્દેશક રેખા મેનનને વર્ષ 2021-22 માટે IT ઉદ્યોગની અગ્રણી સંસ્થા નેશનલ એસોસિએશન ઓફ સોફટવેર એન્ડ સર્વિસીઝ કંપનીઝ (NASSCOM)ના અધ્યક્ષ નિયુકત કરાયા છે.**
  - → તેઓ NASSCOMના પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે યુ.બી. પ્રવીણરાવના અનુગામી બન્યા છે. તેનું વડુમથક ઉત્તર પ્રદેશના નોઈડામાં છે.
- ❖ **વડાપ્રધાન કાર્યાલય (PMO)માં કામ કરી ચૂકેલા ગુજરાત કેડરના બીજા IAS અધિકારી ડો. રાજેન્દ્રકુમાર હવે વર્લ્ડ બેંકના એકિઝકયુટિવ ડિરેકટરના સલાહકાર તરીકે નિયુકત થયા છે.**
  - → 2004ની બેચના IAS અધિકારી રાજેન્દ્રકુમારની ત્રણ વર્ષ માટે આ પદે નિમણૂક થઈ છે.
- ❖ **ભારતના કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ(CAG) ગિરીશચંદ્ર મુર્મુને 2021થી શરૂ થનારા ત્રણ વર્ષના કાર્યકાળ માટે ઓર્ગેનાઈઝેશન ફોર ધ પ્રોહિબિશન ઓફ કેમિકલ વેપન્સ (OPCW)ના એકસ્ટર્નલ ઓડિટર નિયુકત કરાયા છે.**
  - → વધુમાં ભારતને વધુ બે વર્ષના કાર્યકાળ માટે એકિઝકયુટિવ કાઉન્સિલના સદ્દસ્ય દેશ તરીકે ચૂંટી કઢાયું છે.
  - → OPCW માં 193 સભ્ય દેશો છે. તે એક આંતરરાષ્ટ્રીય સંગઠન છે જે રાસાયણિક શસ્ત્ર મુકત વિશ્વ બનાવવા માટે કામ કરે છે. OPCWનું વડુમથક નેધરલેન્ડના હેગમાં છે. તેની સ્થાપના 29 એપ્રિલ, 1997માં કરાઈ છે.
- ❖ **તાજેતરમાં નાણાં મંત્રાલયના ખર્ચ વિભાગના સચિવ ટી.વી. સોમનાથનને તાજેતરમાં મંત્રીમંડળની નિમણૂક સમિતિએ નવા નાણાં સચિવ નિયુકત કર્યા છે.**
  - → તેઓ અજય ભૂષણ પાંડેનું સ્થાન લેશે. ટી.વી. સોમનાથન નાણાં મંત્રાલયમાં તમામ સચિવોમાં સૌથી સીનિયર અધિકારી છે. તેઓ 1987ની બેચના તમિલનાડુ કેડરના IAS ઓફિસર છે.
- ❖ **તાજેતરમાં કવિ–લેખકોને વિજેતા પસંદ કરનારી સમિતિમાં ડો.વિષ્ણુ પંડયાને સ્થાન આપવામાં આવ્યું.**
  - → વર્લ્ડ પિકટોરિયલ પોએટ્રી એન્ડ ફોરમ દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે કવિ, લેખકો, કલાકારો પસંદ કરતી સમિતિ બનાવવામાં આવે છે. જે આવા સાહિત્યકારો અને લેખકોને પસંદ કરે છે. આ સમિતિમાં ગુજરાત રાજ્ય સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડો.વિષ્ણુ પંડયાનો સમાવેશ કરાયો છે. તેમની સાથે બીજા નિષ્ણાત ઈટાલીના ગોફ્રેડો પાલમેરીની પણ આ સમિતિમાં સ્થાન પામ્યા છે.
- ❖ **ભારતીય મૂળના અમેરિકન રાજનીતિજ્ઞ નીરા ટંડનને અમેરિકન પ્રમુખ જો બિડેનના વરષ્ઠિ સલાહકાર તરીકે નિયુકત કરવામાં આવ્યા**
  - → નીરા ટંડન વર્તમાનમાં અમેરિકાની પ્રગતિશીલ થિન્ક ટેન્ક સેન્ટર ફોર અમેરિકન પ્રોગ્રેસ (CAP)ના અધ્યક્ષ અને ચીફ એકિઝકયુટિવ ઓફિસર (CEO) તરીકે કાર્યરત્ છે.

❖ **ભારત સરકારે તાજેતરમાં ટી.રવિશંકરની નિમણૂક રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ના ચોથા ડેપ્યૂટી ગવર્નર તરીકે કરી છે.**

→ ટી.રવિશંકર RBIમાં ફિનટેક, પેમેન્ટ સિસ્ટમ, જોખમ પ્રબંધન અને માહિતી ટેકનોલોજીના ઈન–ચાર્જ છે. તેઓ હાલમાં જ નિવૃત્ત થયેલા બી.પી.કાનુંગોના અનુગામી બન્યા છે. તેમની નિયુકિત RBIની સબસિડિયરી ઈન્ડિયન ફાઈનાન્સિયલ ટેકનોલોજી એન્ડ એલાઈડ સર્વિસીઝ (IFTAS)ના ચેરમેન તરીકે પણ થઈ ચૂકી છે.

→ RBIના ડેપ્યૂટી ગર્વનરો :મહેશકુમાર જૈન, ડો.માઈકલ દેવવ્રત પાત્રા, એમ.રાજેશ્વર રાવ અને ટી.રવિશંકર.

❖ **તાજેતરમાં ભારતીય મૂળના અમેરિકન સિવિલ રાઈટ્સ એડવોકેટ વનિતા ગુપ્તાને અમેરિકાના એસોસિએટ એટર્ની જનરલ તરીકે નિયુકત કરવામાં આવ્યા છે, જે સાથે તેઓ અમેરિકાના ન્યાય વિભાગના ત્રીજા સૌથી મહત્વપૂર્ણ પદ પર કાર્ય કરનારા પ્રથમ ભારતીય–અમેરિકન બની ગયા છે.**

→ વર્ષ 2014માં તત્કાલીન પ્રમુખ બરાક ઓબામા દ્વારા કાર્યકારી સહાયક એટર્ની જનરલ અને અમેરિકન ન્યાય વિભાગના નાગરિક અધિકાર વિભાગના પ્રમુખ તરીકે નિયુકત કરવામાં આવ્યા હતા.

❖ **રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા દંતકથારૂપ સંગીતકાર વનરાજ ભાટીયાનું 93 વર્ષની ઉંમરે વય સંબંધી બિમારીઓથી અવસાન થયું.**

→ વનરાજ ભાટિયાએ સૌપ્રથમ શ્યામ બનેગલની 1974ની ફિલ્મ 'અંકુર' માટે કામ કર્યું હતું. તેમણે 6000 જેટલી જિંગલ્સ પણ ટયૂન કરી હતી. તેમણે 'નિશાંત' , 'મંથન' , 'ભૂમિકા' , 'ઝુનૂન' અને 'કલયુગ' સહિતની શ્યામ બેનેગલની શ્રેષ્ઠ ફિલ્મોમાં સંગીત પીરસ્યું હતું. વનરાજ ભાટિયા કચ્છી બિઝનેસમેનના ઘરે 31 મે, 1927ના જન્મ્યા હતા. તેમને 'તમસ' માટે શ્રેષ્ઠ સંગીત નિર્દેશકનો રાષ્ટ્રીય એવોર્ડ મળ્યો હતો. આ ઉપરાંત તેઓ વર્ષ 2012માં પદ્મશ્રીથી પણ સન્માનિત હતા.

❖ **બ્રિટનના મહારાણી એલિઝાબેથ દ્વિતીયના પતિ પ્રિન્સ ફિલિપનું 9 એપ્રિલ, 2021ના રોજ 99 વર્ષની વયે નિધન થયું.**

→ એડિનબર્ગના ડયુક પ્રિન્સ ફિલિપે વર્ષ 1947માં બ્રિટનના રાજકુમારી એલિઝાબેથ–II સાથે લગ્ન કર્યા હતા. લગ્ન બાદ પ્રિન્સ ફિલિપને 'અર્લ ઓફ મેરિયોનેથ'અને 'બૅરન ગ્રીનવિચ'ની ઉપાધિઓથી સન્માનિત કરાયા હતા.

❖ **20 એપ્રિલ, 2021ના RBIના 13મા ગર્વનર મેદાવોલુ નરસિમ્હમનું COVID-19ના કારણે હૈદરાબાદમાં 94 વર્ષની વયે નિધન થયું.**

→ તેમનો જન્મ 3 જૂન, 1927ના આંધ્રપ્રદેશના ગુંટૂરમાં થયો હતો. તેમને ભારતીય બેંકિંગ ક્ષેત્રના સુધારાઓના જનક તરીકે ઓળખવામાં આવે છે. તેઓ રિઝર્વ બેંક કેડરના પહેલાં વ્યકિત હતા જેમને RBIના ગવર્નર તરીકે નિયુકત કરાયા હતા. તેઓ એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB)ના ઉપાધ્યક્ષ પણ હતા. તેઓ નાણાકીય પ્રણાલી, 1991 અને બેંકિંગ ક્ષેત્રના સુધારાઓની સમિતિ, 1998ના અધ્યક્ષ હતા, જેને નરસિમ્હમ સમિતિ–I અને નરસિમ્હમ સમિતિ–IIના નામે ઓળખવામાં આવતી હતી.

❖ **પ્રસિદ્ધ શાસ્ત્રીય ગાયક પદ્મભૂષણ પંડિત રાજન મિશ્રનું 70 વર્ષની વયે કોરોરના સંક્રમણને કારણે 25 એપ્રિલ, 2021ના નિધન થયું.**

→ તેમની અચાનક વિદાયથી બનારસ સંગીત ઘરાનાના મશહૂર મિશ્ર બંધુઓ રાજન–સાજનની જોડી ખંડિત થઈ છે. તેમને વર્ષ 2007માં ભારત સરકારે પદ્મભૂષણથી નવાજ્યા હતા. રાજન મિશ્ર તેમના ભાઈ સાજન મિશ્ર સાથે ખયાલ ગાયકીના સૌથી જાણીતા નામો પૈકીના એક હતા. પંડિત રાજન મિશ્રનો જન્મ 1951માં વારાણસીમાં થયો હતો.

❖ **દેશભરમાં જાણીતા ટી.વી. ન્યૂઝ એન્કર રોહિત સરદાનાનું 30 એપ્રિલ, 2021ના હાર્ટ એટેકથી માત્ર 42 વર્ષની વયે નિધન થયું.**

→ આજ તક ન્યૂઝ ચેનલના સ્ટાર એન્કર રોહિત સરદાના કોરોના વાઈરસથી સંક્રમિત હતા. તેઓ આજતકમાં 'દંગલ' કાર્યક્રમનું સંચાલન કરતા હતા.

❖ **દેશના ભૂતપૂર્વ એટર્ની જનરલ સોલી સોરાબજીનું કોરોના વાઈરસ ચેપથી 91 વર્ષની જૈફ વયે અવસાન થયું.**

→ સોલી સોરાબજી1989થી 1990 સુધી અને ત્યારબાદ 1998થી 2004 સુધી ભારતના એટર્ની જનરલ રહ્યા હતા. માનવાધિકારો અને અભિવ્યકિતની સ્વતંત્રતાના રક્ષણ બદલ વર્ષ 2002માં પદ્મ વિભૂષણથી સન્માનિત સોલી સોરાબજીએ 1953માં બોમ્બે હાઈકોર્ટમાં તેમની કાયદાકીય પ્રેકટિસ શરૂ કરી હતી. તેમને 1971માં સુપ્રીમ કોર્ટમાં વરિષ્ઠ વકીલ તરીકે નિયુકત કરાયા હતા. નાઈજીરિયામાં માનવાધિકારોની સ્થિતિ અંગે રિપોર્ટ તૈયાર કરવા માટે યુનો દ્વારા 1997માં સોલી સોરાબજીની એક વિશેષ દૂત તરીકે નિમણૂક કરાઈ હતી.

❖ **પ્રખર ગાંધીવાદી અને વિશ્વખ્યાત પર્યાવરણવિદ્ તથા ચિપકો આંદોલનના પ્રણેતા સુંદરલાલ બહુગુણાનું 21 મે, 2021ના COVID-19 ના કારણે ઉત્તરાખંડના ઋષિકેશમાં 94 વર્ષની વયે નિધન થયું.**

→ ચિપકો આંદોલનના કારણે સુંદરલાલ બહુગુણા દુનિયામાં 'વૃક્ષમિત્ર'ના નામે મશહૂર હતા.

→ આ એક અહિંસક આંદોલન હતું, જે 1973માં ઉત્તર પ્રદેશના ચમોલી જિલ્લા સુંદરલાલ બહુગુણા, કોમરેડ ગોવિંદસિંહ રાવત, ચંડીપ્રસાદ ભટ્ટ તથા ગૌરાદેવીના નેતૃત્વમાં શરૂ થયું હતું. આ આંદોલનનું નામ 'ચિપકો' વૃક્ષોને આલિંગન (ભેટી પડવાને/વળગી પડવાને) કારણે પડયું હતું, કેમકે આ આંદોલન દરમિયાન ગ્રામીણ મહિલાઓ વૃક્ષોને કપાતા બચાવવા તેને વળગી પડતી હતી અને વૃક્ષોની ચોતરફ માનવીય ઘેરો બનાવતી હતી. સુંદરલાલ બહુગુણાએ ચિપકો આંદોલનનો નારો 'ઈકોલોજી ઈઝ ધ પરમાનેન્ટ ઈકોનોમી' (પારિસ્થિતિકી કાયમી અર્થવ્યવસ્થા છે) આપ્યો હતો. તેમને ચિપકો આંદોલન બદલ 1987માં રાઈટ લાઈવલીહૂડ એવોર્ડથી પણ સન્માનિત કરાયા હતા.

→ ચિપકો આંદોલને વર્ષ 1981માં 30 ડિગ્રી ઢોળાવથી ઉપર અને 1000 MSL (માધ્ય સમુદ્ર તળ)થી ઉપરના વૃક્ષોની વ્યાવસાયિક કાપણી પર પ્રતિબંધને પ્રોત્સાહન આપ્યું હતું. સુંદરલાલ બહુગુણાએ ભાગીરથી નદી પર વિનાશકારી પરિણામોવાળી એક મેગા પરિયોજના ટિહરી બંધ વિરોધી આંદોલનમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેમણે આઝાદી બાદ ભારતમાં 56થી વધુ દિવસો સુધીના ઉપવાસ કર્યા હતા. વર્ષ 2009માં, સુંદરલાલ બુહગુણાને પર્યાવરણ સંરક્ષણમાં તેમના યોગદાન બદલ ભારત સરકારે પદ્મવિભૂષણથી અલંકૃત કર્યા હતા.

→ સુંદરલાલ બહુગુણાનો જન્મ 9 જાન્યુઆરી, 1927ના ઉત્તરાખંડના ટિહરી નજીક મરોદામાં થયો હતો. સમગ્ર હિમાલય ક્ષેત્ર તરફ ધ્યાન આકર્ષિત કરવા માટે 1980ના દશકની શરૂઆતમાં 4,800 કિ.મી.ની કાશ્મીરથી કોહિમા સુધીની પદયાત્રા તેમણે યોજી હતી. તેઓ માત્ર પર્યાવરણવિદ્ ન હતા પરંતુ સમાજ સુધારક પણ હતા. તેમણે અસ્પૃશ્યતા સામે અવાજ ઉઠાવ્યો હતો. આ સિવાય 1965-70ની વચ્ચે શરાબ વિરુદ્ધ આંદોલન શરૂ કર્યું હતું.

❖ **ઓડિશાના વિખ્યાત મૂર્તિકાર અને રાજ્યસભાના સાંસદ રઘુનાથ મોહપાત્રાનું 9 મે, 2021ના અવસાન થયું.**

→ રઘુનાથ મોહપાત્રા પદ્મશ્રી, પદ્મભૂષણ અને પદ્મવિભૂષણથી સન્માનિત હતા. વર્ષ 2018માં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ઓડિશામાંથી પ્રથમ વ્યક્તિ તરીકે કલા, સંસ્કૃતિ અને વિરાસત બદલ મોહપાત્રાને રાજ્યસભામાં નોમિનેટ કર્યા હતા. વર્ષ 2000માં ભારત સરકારના વિદેશ મંત્રાલય દ્વારા મોહપાત્રાને ભારતીય સાંસ્કૃતિક સંબંધ પરિષદ (ICCR - ઈન્ડિયન કાઉન્સિલ ઓફ કલ્ચરલ રિલેશન્સ) ના સભ્ય નિયુક્ત કરાયા હતા. પથ્થરમાંથી મૂર્તિ કંડારવાની કલામાં તેઓ બેનમૂન હતા. 1964માં માત્ર 22 વર્ષની વયે તેમણે મૂર્તિકલામાં રાષ્ટ્રીય પુરસ્કાર જીત્યો હતો. તેમનો જન્મ 24 માર્ચ, 1943માં ઓડિશાના પુરી જિલ્લામાં થયો હતો.

❖ **મહાત્મા ગાંધીના અંગત સચિવ વી.કલ્યાણમનું તાજેતરમાં 99 વર્ષની વયે ચેન્નાઈમાં અવસાન થયું.**

→ વી.કલ્યાણમ વર્ષ 1943થી ગાંધીજીના મૃત્યુ (1948) સુધી તેમના અંગત સચિવ હતા. 30 જાન્યુઆરી, 1948ના નવી વી. કલ્યાણમ ગાંધીજીની સાથે જ હતા. વી. કલ્યાણમનો જન્મ 15 ઓગષ્ટ, 1922માં શિમલામાં થયો હતો.

❖ **બોકિસંગમાં ભારતના પ્રથમ દ્રોણાચાર્ય પુરસ્કાર વિજેતા કોચ ઓમપ્રકાશ ભારદ્વાજનું નવી દિલ્હીમાં લાંબી માંદગી અને વૃદ્ધાવસ્થા સંબંધી બિમારીઓને લીધે 21 મે, 2021ના નિધન થયું.**

→ 1985માં ભારત સરકારે દ્રોણાચાર્ય એવોર્ડનો પ્રારંભ કર્યો તે વર્ષે જ ઓ.પી.ભારદ્વાજને બોકિસંગમાં, ભાલચંદ્ર ભાસ્કર ભાગવતને કુસ્તીમાં તથા ઓ.એમ.નામ્બિયારને એથ્લેટિકસમાં દ્રોણાચાર્ય પુરસ્કારોથી સન્માનિત કરાયા હતા.

❖ **ગુજરાતી તથા ઉર્દૂના ખૂબ જ લોકપ્રિય શાયર, ગઝલકાર, પત્રકાર, નવલકથાકાર, ફિલ્મ લેખક, દિગ્દર્શક સહિતની બહુમુખી પ્રતિભાના ધણી જિંદાદિલ ઈન્સાન ખલીલ ધનતેજવીનું 4 એપ્રિલ, 2021ના રોજ વડોદરા સ્થિત તેમના નિવાસ્થાને 82 વર્ષની વયે નિધન થતાં મુશાયરાના આ મુસાફરે આપણી વચ્ચેથી વિદાય લીધી.**

→ ખલીલ ધનતેજવીનો જન્મ વડોદરાના સાવલી નજીક આવેલા ધનતેજ ગામમાં 12 ડિસેમ્બર, 1938ના થયો હતો. જ્યાં તેઓએ ચાર ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો. ધનતેજ ગામ પરથી તેમણે પછીથી ધનતેજવી અટક રાખી હતી. આમ તો તેમનું મૂળ નામ ખલીલ ઈસ્માઈલ મકરાણી હતું. ખલીલનો અર્થ મિત્ર થાય.

→ મુશાયરાઓમાં પ્રત્યેક શેર પર જેઓ દાદ મેળવતા હતા, તેવા કવિઓની પ્રથમ પંકિતમાં ખલીલ ધનતેજવીનું નામ અચૂક લેવાતું. તેમને વર્ષ 2004માં કવિ કલાપી પુરસ્કાર, વર્ષ 2013માં વલી ગુજરાતી ગઝલ પુરસ્કાર, 2019માં નરસિંહ મહેતા પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. તેમને સયાજીરત્ન એવોર્ડ પણ એનાયત થયો હતો. ગુજરાત સમાચારમાં તેઓ બુધવારની શતદલ પૂર્તિમાં 'ત્રિકોણનો ચોથો ખૂણો' તથા રવિવારની પૂર્તિમાં 'ખુલ્લા બારણે ટકોરા' કોલમ લખતા હતા. 'સારાંશ' અને 'સાદગી' જેવા ગઝલસંગ્રહ આપનાર ખલીલ ધનતેજવીએ 'ખાપરો ઝવેરી' અને ડો.રેખા નામની ગુજરાતી ફિલ્મોનું નિર્માણ અને નિર્દેશન પણ કર્યું હતું. 'ચૂંદડી ચોખા' ફિલ્મના સંવાદ લખ્યા હતા. 'છૂટાછેડા' ફિલ્મના લેખન અને નિર્દેશન બદલ એવોર્ડ પણ મળ્યો હતો. 'મુકામ પોસ્ટ ઝાકળ', 'ભરચક એકાંત', 'એમ મુઠ્ઠી હવા', 'સાંજ પડેને સુનું લાગે', 'લોહી ભીની રાત', 'નગરવધૂ', 'કોરી કોરી ભીનાશ' જેવી નવલકથાઓ પણ તેમણે લખી હતી. એમને ગુજરાતી સાહિત્યના મિર્ઝા ગાલિબ તરીકે ઓળખવામાં આવે છે.

❖ **ફાધર વાલેસ બાદ ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે જાણીતા અન્ય એક સવાયા ગુજરાતી લેખક ફાધર વર્ગીસ પૌલનું લાંબી બિમારી બાદ 10 એપ્રિલ, 2021ના અવસાન થયું.**

→ 1943માં કેરળમાં જન્મેલા ફાધર વર્ગીસ પૌલ 20 વર્ષની વયે 1963માં ગુજરાત આવ્યા હતા. અહીં તેમણે ગુજરાતી અને અંગ્રેજી સાહિત્યનો અભ્યાસ કર્યો અને 58 વર્ષ સુધી ગુજરાતી સાહિત્યની સેવા કરી. લંડનમાં પત્રકારાત્વનો અભ્યાસ કરીને તેમણે 1911 થી સતત ચાલતા ગુજરાતી સામયિક 'શતાયુદૂત'નું તંત્રીપદ સંભાળ્યું હતું.

❖ **વાંકાનેરના 15મી પેઢીના રાજવી અને ભારતના પ્રથમ કેન્દ્રીય પર્યાવરણ મંત્રી દિગ્વિજયસિંહજી પ્રતાપસિંહજી ઝાલાનો દેહવિલય તાજેતરમાં 3 એપ્રિલ, 2021ના રોજ 88 વર્ષની વયે ટૂંકી માંદગી બાદ થયો.**

→ તેમનો જન્મ 20 ઓગષ્ટ, 1932માં વાંકાનેરમાં થયો હતો. નવેમ્બર 1980માં વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના મંત્રીમંડળમાં તેઓ 1982 થી 1984 સુધી ભારતના પહેલાં પર્યાવરણ મંત્રી બન્યા હતા. તેમણે 'ધ ઈકો–વોટ : પીપલ્સ રિપ્રેઝન્ટેટિવ્સ એન્ડ ગ્લોબલ એન્વાયર્નમેન્ટ' નામનું પુસ્તક પણ લખ્યું છે. તેઓએ ગુજરાત હેરિટેજ હોટેલ એસોસિએશનના સ્થાપક સભ્ય તથા પ્રમુખ તરીકેનું પદ 20 વર્ષ શોભાવ્યું હતું. તેમજ દેશના સૌથી જૂના અને સૌથી મોટા ક્ષત્રિય સંગઠન અખિલ ભારતીય ક્ષત્રિય મહાસભાના 1989થી અત્યારસુધી પ્રમુખસ્થાને રહ્યા હતા.

❖ **સહચર્ય અને ગદ્યપર્વની લાંબા સમય સુધી સેવા કરીને અડધી સદીની સાહિત્ય સેવા કરનાર લેખિકા અને કવયિત્રી ગીતાબહેન નાયકનું 10 એપ્રિલ, 2021ના રોજ મુંબઈ ખાતે અવસાન થયું.**

→ ગીતાબહેનનો જન્મ 6 ઓગષ્ટ, 1944માં વઢવાણના ચૂડગર પરિવારમાં થયો હતો. વર્ષ 2019માં તેમનો કાવ્યસંગ્રહ 'વહેતું તેજ' પ્રકાશિત થયો હતો.

❖ **ગુજરાતી રંગભૂમિ તથા ગુજરાતી અને હિન્દી ફિલ્મોના જાણીતા અભિનેતા અમિત મિસ્ત્રીનું કાર્ડિયાક એરેસ્ટથી માત્ર 47 વર્ષની વયે મુંબઈ ખાતે અવસાન થયું.**

→ અમિત મિસ્ત્રી 'શોર ઈન ધ સિટી', ગુજરતી ફિલ્મ 'બે યાર' તેમજ એમેઝોન પ્રાઈમ વીડિયોની સીરિઝ 'બંદિશ બેન્ડિટ્સ' દ્વારા ખૂબ જાણીતો થયો હતો.

❖ **'વડ ગયો વાણી તણો, સમર્થ કલમનો સ્વાદ, રત્ન ગયો ચારણ ઋષિ, પદ્મશ્રી કવિવર દાદ.' ગુજરાતી લોકસાહિત્ય, ચારણ સાહિત્યમાં શિરમોર એવા પદ્મશ્રી કવિ દાદનું 26 એપ્રિલ, 2021ના રોજ રાજકોટના પડધરી તાલુકાના ધુનાના ગામ ખાતે 82 વર્ષની વયે બિમારી બાદ નિધન થયું.**

→ કાળજા કેરો કટકો મારો...., કૈલાશ કે નિવાસી, ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું સહિતની અનેક અમર રચનાઓના જૂનાગઢના સર્જક મહાકવિ દાદુદાન પ્રતાપદાન ગઢવીનો જન્મ 1940માં વેરાવળ નજીક ઈશ્વરિયા ગામમાં થયો હતો. તેમનું મૂળ વતન ઈશ્વરિયા ગામ છે. પણ 1984 થી 1989 સુધી સ્વ.નારસીભાઈ પઢિયાર કવિ દાદને જૂનાગઢ લાવ્યા હતા. ભારત સરકારે 26 જાન્યુઆરી, 2021 ના જ તેમને પદ્મશ્રી સન્માન જાહેર કર્યું હતું.

Banking Academy

→ ફિલ્મ 'શેતલને કાંઠે' માટે દીકરીની વિદાયનું ગીત 'કાળજા કેરો કટકોમારો ગાંઠથી છૂટી ગ્યો' અને ફિલ્મ શેઠ સગાળશાનું 'ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું' ગીત આજે પણ લોક હૈયે બિરાજમાન છે. પાકિસ્તાન સાથેના યુદ્ધ વખતે દાદે 'બંગાળ બાવની' નામના પુસ્તકમાં 52 રચનાઓ લખી હતી. તેમને 'મેઘાણી સાહિત્ય એવોર્ડ', 'કવિ દુલા કાગ એવોર્ડ', 'હેમુ ગઢવી એવોર્ડ' તથા ગુજરાત ગૌરવ પુરસ્કારથી અલંકૃત કરાઈ ચૂકયા છે.

❖ **કેન્દ્રીય ચૂંટણી પંચના ગુજરાતના નવા મુખ્ય ચૂંટણી અધિકારી (CEO) તરીકે સનદી અધિકારી અનુપમ આનંદની નિમણૂક કરાઈ છે.**

→ અનુપમ આનંદ વર્તમાન મુખ્ય ચૂંટણી અધિકારી એસ. મુરલીક્રિષ્નાના અનુગામી બનશે. અનુપમ આનંદ વર્ષ 2000ની બેચના ગુજરાત કેડરના સનદી અધિકારી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતના ચૂંટણી કમિશનર સંજય પ્રસાદ છે.

❖ **ગુજરાતી રંગભૂમિને વિશ્વ રંગભૂમિના નાટકો અને સ્તર પર લઈ જનારા નાટયકાર અને ઈસરો ડેકૂ તથા દૂરદર્શન સહિત વિવિધ પ્રોડકશન આપનારા સિદ્ધહસ્ત રંગકમી અને લેખક ભરત દવેનું 15 મે, 2021ના કોરોનાની સારવાર દરમિયાન નિધન થયું.**

→ નેશનલ સ્કૂલ ઓફ ડ્રામામાંથી રંગમંચનો અભ્યાસ કરીને અમદાવાદમાં પરત ફરેલા ભરત દવેએ જેટલા વૈશ્વિક નાટકો કર્યા એટલાં જ દર્શક, ટાગોર અને પન્નાલાલ પટેલના નાટકો પણ કર્યા હતા.

→ ભરત દવેના જાણીતા નાટકોમાં સોદો, બરી ધ ડેડ, પિયો ગોરી, અંતિમ અધ્યાય, માનવીની ભવાઈનો સમાવેશ થાય છે. તેમની ટી.વી. શ્રેણી ભલા ભૂસાના ભેદભરમ પણ ખૂબ જ લોકપ્રિયતા પામી હતી. તેમને 1990માં રંગભૂમિમાં અનન્ય પ્રદાન બદલ ગુજરાત સરકારનો ગૌરવ પુરસ્કાર, ટી.વી. શ્રેણી ભલા ભૂસાના ભેદભરમ (87), નાટક માનવીની ભવાઈ (88) માટે ક્રિટિકલ સંધાન એવોર્ડ, ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી પુસ્તક 'મહાન પાશ્ચાત્ય ચિંતકો'ને પુરસ્કાર, ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત એવોર્ડ (2018), રામપ્રસાદ બક્ષી પારિતોષિક અને નર્મદ ચંદ્રક (2016-17) પણ અર્પણ થયા હતા. તેમણે નાટકો પર અભિનય કળા, ચળવળ અને નાટક, વાસ્તવવાદી નાટક, આધુનિક ભારતીય રંગભૂમિના સર્જકો, રંગવિમર્શ, નાટયસર્જન તેમજ આત્મકથાત્મક પુસ્તક મારી રંગયાત્રા સહિતના પુસ્તકો પણ લખ્યા છે.

❖ **કવિ, વિવેચક, નિબંધકાર, વાર્તાકાર, ગુજરાતી સાહિત્ય પરિષદના પૂર્વ પ્રમુખ તથા 'કુમાર' અને 'કવિલોક'ના તંત્રી ધીરુભાઈ પરીખનું 9 મે, 2021ના દેહાવસાન થયું.**

→ ધીરુભાઈનો જન્મ 31 ઓગષ્ટ, 1933ના વિરમગામમાં થયો હતો. ગુજરાતી કવિતાના દ્વિમાસિક 'કવિલોક' તેમજ 'કુમાર' સામયિકના તેઓ તંત્રી હતા. 1971માં તેમને કુમાર ચંદ્રક એનાયત થયો હતો. લોકડાઉનના વખતમાં પણ ધીરુભાઈ ઓનલાઈન બુધસભાનું અધ્યક્ષપદ સંભાળતા હતા.

❖ **તાજેતરમાં ગુજરાતી રંગભૂમિના પુનરુત્થાનમાં પ્રાણ ફૂંકનારા પીઢ અભિનેતા અરવિંદરાય શાહનું નિધન થયું.**

→ રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં છેલ્લા ચારેક વર્ષમાં ગુજરાતી રંગભૂમિ ક્ષેત્રે નોંધપાત્ર નાટયમંચનો થયા છે.જેમાં અનેક નાટકોમાં યાદગાર ભૂમિકાઓ ભજવીને ભારે લોકચાહના મેળવનાર વયોવૃદ્ધ કલાકાર અરવિંદરાય શાહનું દિલ્હીમાં અવસાન થયું. તેમના બહુ વખાણાયેલા અને ચર્ચિત નાટકો પૈકીના એક અબોલા રાણીમાં અરવિંદરાય શાહે ખૂબ જ ધ્યાનાકર્ષક પાત્ર ભજવ્યું હતું. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની 150મી જયંતીના અવસરે નિર્મિત 'જીવન હી સંદેશ' અને 'એવા ગાંધી ગુજરાતે ઉતર્યા' નાટકમાં ગાંધીજીની મુખ્ય ભૂમિકા તેમણે ભજવી હતી.

❖ **કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રાલયે ખેલો ઈન્ડિયા કાર્યક્રમ 2021-22થી વર્ષ 2025-26 સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે.**

→ મંત્રાલયે આ વાર્ષિક કાર્યક્રમને વિસ્તારવા માટે એકસપેન્ડિચર ફાઈનાન્સ કમિટી (EFC)નું મેમોરેન્ડમ (આવેદનપત્ર) પણ નાણાં મંત્રાલયને સોપ્યું છે.

❖ **2021નો ઈન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટ ફેડરેશન (IISF) વર્લ્ડ કપ નવી દિલ્હીના ડો. કરણીસિંહ શૂટિંગ રેન્જમાં 18 થી 29 માર્ચ, 2021 સુધી યોજાયો હતો.**

→ જેમાં ભારતે 15 ગોલ્ડ મેડલ સમેત 30 મેડલ ટેલીમાં ટોચનું સ્થાન હાંસલ કર્યું હતું. અમેરિકાએ 8 મેડલ સાથે બીજું અને ઈટાલીએ 4 મેટલ સાથે ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

## એવોર્ડ, પુરસ્કાર

❖ **નાગાલેન્ડના લોંગલેંગ જિલ્લાના પર્યાવરણવિદ્ નુકલુ ફોમની પસંદગી વ્હિટલી એવોર્ડ, 2021માટે કરાઈ છે.**

→ અત્રે ઉલ્લેખનીય છે કે વ્હિટલી એવોર્ડને ગ્રીન ઓસ્કાર પણ કહેવામાં આવે છે. નુકલુ ફોમ આ એવોર્ડ જીતનારા આ વર્ષના એકમાત્ર ભારતીય છે. વ્હિટલી એવોર્ડ બ્રિટન (લંડન) સ્થિત વ્હિટલી ફંડ ફોર નેચર નામની ધર્માર્થ સંસ્થા દ્વારા પ્રદાન કરાય છે. નુકલુ ફોમને બાયોડાઈવર્સિટી પીસ કોરિડોર બનાવવાની દિશામાં તેમના પ્રયાસો બદલ આ પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત કરાયા છે. વ્હિટલી એવોર્ડનો ઉદ્દેશ જમીની સ્તરે કાર્યરત્ વન્યજીવ સંરક્ષણવાદીઓનું સમર્થન કરવાનો છે.

→ નુકલુ ફોમ નાગાલેન્ડમાં પ્રતિ વર્ષ આવતા અમૂર ફાલ્કન પક્ષીઓને સ્થાનિક શિકારીઓથી બચાવવા માટે બાયોડાઈવર્સિટી પીસ કોરિડોરની રચના કરી રહ્યા છે. નુકલુ ફોમ લોકોમાં 'અમૂર ફાલ્કન મેન ઓફ નાગાલેન્ડ' તરીકે લોકપ્રિય છે.

→ અમૂર ફાલ્કન શિકારી પક્ષી છે. અમૂર ફાલ્કન વિશ્વની સૌથી લાંબી યાત્રા કરનારા શિકારી પક્ષી છે. શિયાળા દરમિયાન અમૂર ફાલ્કન ભારતમાં સ્થળાંતર કરે છે અને બાદમાં અરબી સમુદ્ર ઉપરથી દક્ષિણ આફ્રિકા તરફ પ્રવાસ કરે છે. IUCN દ્વારા અમૂર ફાલ્કનને 'લીસ્ટ કન્સર્ન' તરીકે સૂચિબદ્ધ કરાયા છે. નાગાલેન્ડને 'ફાલ્કન કેપિટલ ઓફ ધ વર્લ્ડ' કહેવાય છે.

❖ **22મા લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ્સ, 2021નું આયોજન સ્પેનના સેવિલેમાં તાજેતરમાં કરાયું હતું.**

→ વર્ષ દરમિયાન રમતગમતમાં અપ્રતિમ સિદ્ધિ હાંસલ કરનારા ખેલાડીઓ અને ટીમોનું આ એવોર્ડથી સન્માન કરનારા ખેલાડીઓ અને ટીમોનું આ એવોર્ડથી સન્માન કરાય છે. એવોર્ડની સ્થાપના 1999માં લંડન સ્થિત લોરિયસ સ્પોર્ટ્સ ફોર ગુડ ફાઉન્ડેશન દ્વારા કરાઈ છે. પ્રથમ લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ્સ વર્ષ 2000માં પ્રસ્તુત કરાયા હતા.

→ 2020ની સ્થિતિએ, લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ્સ આઠ શ્રેણીઓમાં પ્રદાન કરાય છે. સ્વિત્ઝર્લેન્ડનો લેજન્ડરી ટેનિસ ખેલાડી રોજર ફેડરર સૌથી વધુ વખત આ એવોર્ડ જીતવાનો રેકોર્ડ ધરાવે છે. તેણે 6 'સ્પોર્ટ્સમેન ઓફ ધ યર' એવોર્ડ્સઅને એક 'કમબેક ઓફ ધ યર' એવોર્ડ જીતેલો છે.

→ વર્ષ 2020માં, સચિન તેંડુલકરે લોરિયસ સ્પોર્ટિંગ મોમેન્ટ 2000-2020 બદલ લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ જીત્યો હતો.

→ 2021ના લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ્સના વિજેતાઓ :
 ⇒ લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સમેન ઓફ ધ યર એવોર્ડ – રાફેલ નડાલ
 ⇒ લોરિયસ સ્પોર્ટ્સવુમન ઓફ ધ યર એવોર્ડ – નાઓમી ઓસાકા
 ⇒ લોરિયસ વર્લ્ડ ટીમ ઓફ ધ યર એવોર્ડ – બાયર્ન મ્યુનિક

❖ **મેક્સિકોની સૌંદર્યા એન્ડ્રિયા મેઝાએ 16 મે, 2021ના અમેરિકાના ફ્લોરિડામાં આયોજિત 69મી મિસ યુનિવર્સ, 2020 સૌંદર્ય સ્પર્ધા જીતી લીધી છે.**

→ બ્રાઝિલની જુલિયા ગામા ફર્સ્ટ રનર–અપ અને પેરુની જેનિકા મેકેટા સેકન્ડ રનર–અપ રહી હતી. ભારતની સુંદરી મિસ ઈન્ડિયા એડલાઈન કેસ્ટેલિનોએ ટોપ–4માં સ્થાન મેળવ્યું હતું.

❖ **ફોર્ચ્યૂન મેગેઝિને તાજેતરમાં વર્ષ 2021માટે દુનિયાના 50 મહાનતમ નેતાઓની યાદી જારી કરી છે.**

→ જેમાં ન્યૂઝીલેન્ડના વડાપ્રધાન જેસિન્ડા અર્ડર્ન ટોચના ક્રમે રહ્યા છે. પુણે સ્થિત સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના CEO અદાર પૂનાવાલા આ સૂચિમાં 10મા ક્રમે છે અને તેઓ આ સૂચિમાં ટોચના 10 નામોમાં એકમાત્ર ભારતીય છે.

❖ **66મા ફિલ્મફેર એવોર્ડ્સનું આયોજન 27 માર્ચ, 2021ના મુંબઈમાં કરાયું હતું.**

→ આ સમારોહમાં વર્ષ 2020માં રજૂ થયેલી ફિલ્મોને સન્માનિત કરાઈ હતી.

→ શ્રેષ્ઠ ફિલ્મ : થપ્પડ, શ્રેષ્ઠ નિર્દેશક : ઓમ રાઉત (તાન્હાજી : ધ અનસંગ વોરિયર), શ્રેષ્ઠ ફિલ્મ (ક્રિટિક્સ) : ઈબ અલે ઉ, શ્રેષ્ઠ અભિનેતા : ઈરફાનખાન (અંગ્રેજી મીડિયમ), શ્રેષ્ઠ અભિનેતા (ક્રિટિક્સ) : અમિતાભ બચ્ચન (ગુલાબો સીતાબો), શ્રેષ્ઠ અભિનેત્રી : તાપસી પન્નુ (થપ્પડ), શ્રેષ્ઠ અભિનેત્રી (ક્રિટિક્સ) : તિલોતમા શોમ (સર), શ્રેષ્ઠ સહાયક અભિનેતા : સૈફ અલી ખાન (તાન્હાજી : ધ અનસંગ વોરિયર), શ્રેષ્ઠ સહાયક અભિનેત્રી : ફારુખ ઝફર (ગુલાબો સીતાબો), શ્રેષ્ઠ વાર્તા : અનુભવ સુશીલા સિંહા અને મૃણમયી લગુ વેકુલ (થપ્પડ), શ્રેષ્ઠ પટકથા : રોહિત ગેરા (સર), શ્રેષ્ઠ નવોદિત નિર્દેશક : રાજેશ કૃષ્ણન (લૂટેકસ), શ્રેષ્ઠ નવોદિત અભિનેત્રી : અલાયા એફ (જવાની જાનેમન), શ્રેષ્ઠ સંગીત : પ્રીતમ (લુડો), શ્રેષ્ઠ ગીત : ગુલઝાર (છપાક), લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ : ઈરફાનખાન, R.D.બર્મન એવોર્ડ : ગુલઝાર

❖ **ધ અમેરિકન સોસાયટી ઓફ ગેસ્ટ્રોઈન્ટેસ્ટિનલ એન્ડોસ્કોપી (ASGE) એ તાજેતરમાં ડો.ડી. નાગેશ્વર રેડ્ડીને પ્રતિષ્ઠિત રુડોલ્ફ વી. શિંડલર એવોર્ડ, 2021થી સન્માનિત કર્યા હતા આ પુરસ્કાર જીતનારા ડો.નાગેશ્વર રેડ્ડી સૌપ્રથમ ભારતીય મેડિકલ પ્રેક્ટિશનર છે.**

→ એન્ડોસ્કોપીના ક્ષેત્રમાં ડો. ડી.નાગેશ્વર રેડ્ડીના અનન્ય યોગદાન બદલ તેમને પુરસ્કારથી અલંકૃત કરાયા છે. ડો. ડી.નાગેશ્વર રેડ્ડીને વર્ષ 2002માં પદ્મશ્રી અને 2016માં પદ્મભૂષણથી પણ સન્માનિત કરાયા હતા. તેઓ વિશ્વમાં સૌથી મોટી ગેસ્ટ્રોએન્ટરોલોજી હોસ્પિટલ એશિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ગેસ્ટ્રોએન્ટરોલોજી(AIG) હૈદરાબાદના સ્થાપક અને અધ્યક્ષ છે.

❖ **ચીનની ફિલ્મ નિર્દેશિકા કલો ઝાઓની ફિલ્મ 'નોમેડલેન્ડ'એ 74મા બાફ્ટા (બ્રિટિશ એકેડમી ઓફ ફિલ્મ એન્ડ ટેલિવિઝન આર્ટ્સ) ફિલ્મ એવોર્ડ્સ, 2021માં સર્વશ્રેષ્ઠ ફિલ્મ, સર્વશ્રેષ્ઠ નિર્દેશિકા, સર્વશ્રેષ્ઠ અભિનેત્રી અને સર્વશ્રેષ્ઠ સિનેમેટોગ્રાફી સહિતના ચાર મુખ્ય પુરસ્કારો જીતીને સપાટો બોલાવ્યો છે.**

→ આ સાથે ફિલ્મ સર્જક કલો ઝાઓ સર્વશ્રેષ્ઠ નિર્દેશિકાનો BAFTA એવોર્ડ જીતનારા પ્રથમ અશ્વેત અને માત્ર બીજા મહિલા બન્યા છે. ફિલ્મ 'નોમેડલેન્ડ' માટે જ ફ્રાન્સીસ મેકડોરમન્ડે સર્વશ્રેષ્ઠ અભિનેત્રીનો BAFTA એવોર્ડ અંકે કર્યો છે. ફિલ્મ 'નોમેડલેન્ડ' એક અમેરિકન ડ્રામા છે. તેણે પીપલ્સ ચોઈસ એવોર્ડ અને ગોલ્ડન ગ્લોબ એવોર્ડ્સ પણ જીત્યા છે. સર્વશ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ 83 વર્ષીય અભિનેતા એન્થોનીી હોપકિન્સે ફિલ્મ 'ધ ફાધર' બદલ જીત્યો હતો.

❖ **ભારતીય મૂળના તથા ત્રિનિદાદ અને ટોબેગોના રહેવાસી અને ડેન્માર્કના નાગરિક ડો. શકુંતલા હરકસિંહ થિલસ્ટેડે તેમના સંશોધન, આંતરદષ્ટિ અને જળચર કૃષિ અને ખાદ્ય પ્રણાલીઓ માટે પોષણ સંવેદનશીલ દષ્ટિકોણ વિકસાવવામાં અભિનવીકરણ અપનાવવા બદલ વર્ષ 2021નું વર્લ્ડ ફૂડ પ્રાઈઝ જીત્યું છે.**

→ તેઓ આ પુરસ્કાર પ્રાપ્ત કરનારા એશિયન વિરાસતના પ્રથમ મહિલા બન્યા છે. ડો. શકુંતલા હરકસિંહ થિલસ્ટેડે બાંગ્લાદેશમાં નાની દેશી માછલી પ્રજાતિઓ પર કરેલા સંશોધનના પ્રતાપે ખેતરોથી લઈને અન્ન પ્રક્રિયા અને આખરી ઉપભોક્તાઓ સુધીના તમામ સ્તરે જળચર ખાદ્ય પ્રણાલીઓ માટે પોષણ સંવેદનશીલ દષ્ટિકોણનો વિકાસ કર્યો છે, જેના પરિણામ સ્વરૂપે એશિયા અને આફ્રિકાના લાખો સંવેદનશીલ લોકોને બહેતર આહાર પ્રાપ્ત થઈ શક્યો.

→ ભારતીય – અમેરિકી મૃદા વૈજ્ઞાનિક ડો.રતનલાલને વર્ષ 2020ના વર્લ્ડ ફૂડ પ્રાઈઝથી સન્માનિત કરાયા હતા.

❖ **અમૂલ બ્રાન્ડ હેઠળ દૂધ અને દૂધના ઉત્પાદનોનું માર્કેટિંગ કરી રહેલા ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિ. (GCMMF)ના મેનેજિંગ ડિરેક્ટર ડો.આર.એસ. સોઢીને ઈન્ટરનેશનલ હોસ્પિટાલિટી કાઉન્સિલ, લંડન અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોટેલ મેનેજમેન્ટ દ્વારા ઈન્ટરનેશનલ હોસ્પિટાલિટી ડે ના અવસરે 'લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા છે.**

❖ **બેંગલુરુ સ્થિત સેન્ટર ફોર વાઈલ્ડલાઈફ સ્ટડીઝ (CWS) ખાતેના ચીફ કન્ઝર્વેશન સાયન્ટિસ્ટ (મુખય સંરક્ષણ વૈજ્ઞાનિક) ડો.કૃતિ કે. કારંત વર્ષ 2021ના વાઈલ્ડ ઈનોવેટર એવોર્ડ માટે પસંદ થયેલા પ્રથમ ભારતીય અને એશિયન મહિલા છે.**

→ આ એવોર્ડ વાઈલ્ડ એલિમેન્ટ્સ ફાઉન્ડેશન દ્વારા અપાય છે જે વિશ્વના અસ્તિત્વને ટકાવી રાખવા તેમજ જાળવણી માટે પ્રયાસો કરનારા અને પરંપરાગત પદ્ધતિઓથી કંઈક અલગ કરનારા ઈનોવેટર્સ, હિમાયતીઓ અને અન્ય ભાગીદારોને એક છત્ર હેઠળ લાવે છે.

❖



Banking Academy

# ગુજરાત જાહેર સેવા આયોગ ભરતી-2019

# નાયબ મામલતદાર

## તરીકે પસંદગી થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન





Hetal Savani



Arpana Butani



PSI / ASI | કોન્સ્ટેબલ | TAT - I/II - TAT

GPSC Class-3 | જુનીયર ક્લાર્ક | તલાટી કમ મંત્રી

કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષામાં વહેલી શરૂઆત એટલે જ વિજય...

તૈયારી માટેના નવા વર્ગો
**દર સોમવાર**
થી શરૂ

# જનરલ બેચ

(Creating A Way For Govt. Jobs)

**Banking Academy**

(Preparation for All Types of Competitive Exams)

નવા વર્ગો માટે આજે જ નજીક ની શાખા નો સંપર્ક કરો.

સુરત - HO (ઉધના)
70466 33255

વરાછા (સુરત)
70464 16555

વલસાડ
81401 37555

નવસારી
70466 41555

વ્યારા
90998 64658

❖ **એસોસિએશન ફોર કમ્પ્યૂટિંગ મશીનરી (ACM) એ વર્ષ 2020ના ACM A.M. ટયુરિંગ એવોર્ડના વિજેતાઓ તરીકે જેફરી ડેવિડ ઉલ્મેન અને આલ્ફ્રેડ વૈનોઅહોના નામ જાહેર કર્યો છે.**

→ પ્રોગ્રામિંગ ભાષા અમલીકરણ અંગે મૌલિક અલ્ગોરિધમ અને સિદ્ધાંત બદલ બન્ને મહાનુભાવોને આ પ્રતિષ્ઠિત પુરસ્કાર પ્રદાન કરાયો છે. આ પુરસ્કારને ' નોબેલ પ્રાઈઝ ઓફ કમ્પ્યૂટિંગ' પણ કહેવામાં આવે છે.

→ A.M. ટયુરિંગ એવોર્ડ 1966માં ACM દ્વારા સ્થાપિત સૌથી પ્રતિષ્ઠિત ટેકનિકલ પુરસ્કાર છે. તેનું નામ બ્રિટિશ ગણિતજ્ઞ અને કમ્પ્યૂટર વૈજ્ઞાનિક એલન મેથિસન ટયુરિંગના સન્માનમાં તેમના નામ પરથી જ રખાયું છે.

❖ **જાપાનની સરકારે તાજેતરમાં બેંગલુરુ સ્થિત જાપાનીઝ ભાષા શિક્ષિકા શ્યામલા ગણેશને 'ઓર્ડર ઓફ ધ રાઈઝિંગ સન' સન્માનથી અલંકૃત કર્યા છે.**

→ 'ઓર્ડર ઓફ ધ રાઈઝિંગ સન' જાપાનનું ત્રીજું સર્વોચ્ચ સન્માન છે. શ્યામલા ગણેશને કર્ણાટક અને ભારતના અન્ય ભાગોમાં જાપાની સંસ્કૃતિ અને ભાષાનો પ્રસાર કરવા તથા જાપાન અને ભારત વચ્ચે મિત્રતા અને સદ્ભાવનાને પ્રોત્સાહન આપવામાં યોગદાન બદલ સન્માનિત કરાયા છે.

❖ **શિકાગો યુનિવર્સિટીના NELC વિભાગમાં અરબી સાહિત્યના પ્રોફેસર એવા મુંબઈમાં જન્મેલા અમેરિકન તાહેરા કુત્બુદ્દીને 2021માં ' અરબી ઓરેશન : આર્ટ એન્ડ ફંકશન' નામના પુસ્તક બદલ આરબ વિશ્વના નોબેલ પ્રાઈઝ તરીકે ઓળખાતા શેખ ઝાયેદ બુક પુરસ્કાર જીત્યો તે સાથે જ તેણી આ પુરસ્કાર જીતનારા ભારતના પ્રથમ વ્યકિત બની ગયા છે.**

→ તાહેરા કુત્બુદ્દીને અન્ય ભાષાઓની શ્રેણીમાં અરબી સંસ્કૃતિ અંતર્ગત શેખ ઝાયેદ બુક એવોર્ડ હાંસલ કર્યો છે.

❖ **ઉત્તરાખંડમાં હરિદ્વાર અને ઋષિકેશ વચ્ચે આવેલા રાજાજી ટાઈગર રિઝર્વ (RTR)ની મોતીચૂર રેન્જમાં રેન્જ ઓફિસર તરીકે ફરજ બજાવતા મહિન્દરગિરિને ઈન્ટરનેશનલ રેન્જર એવોર્ડ પ્રાપ્ત થયો છે.**

→ RTR અને તેની આસપાસના વિસ્તારોમાં માનવ–વન્યજીવ સંઘર્ષને ઓછો કરવાના તેમના પ્રયાસો અને જિમ કોર્બેટ ટાઈગર રિઝર્વમાંથી RTR સુધી ટાઈગર ટ્રાન્સલોકેશન કવાયતમાં તેમની ભૂમિકા બદલ મહિન્દરગિરિને આ અતિ પ્રતિષ્ઠિત પુરસ્કારથી સન્માનિત કરાયા છે. આ વખતે આ એવોર્ડ મેળવનારા મહિન્દરગિરિ એકમાત્ર એશિયન છે.

❖ **જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટિસ ગીતા મિત્તલને ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ વીમેન જજીસ (IAWJ) દ્વારા વર્ષ 2021ના Arline Pacht Global Vision (અર્લાઈન પેચ ગ્લોબલ વિઝન) પુરસ્કાર પ્રદાન કરાયો છે.**

→ તેઓ આ પ્રતિષ્ઠિત સન્માન પ્રાપ્ત કરનારા ભારતના પ્રથમ ન્યાયાધીશ બન્યા છે. જસ્ટિસ ગીતા મિત્તલને મેકિસકોના ન્યાયમૂર્તિ માર્ગારિટા લૂના રામોસ સાથે સંયુકત રીતે ઉકત પુરસ્કાર અર્પણ કરાયો હતો. IAWJએ 2016માં આ પુરસ્કારની સ્થાપના કરી હતી.

→ જસ્ટિસ ગીતા મિત્તલ વર્તમાનમાં બ્રોડકાસ્ટિંગ કન્ટેન્ટ કમ્પ્લેઈન્ટ્સ કાઉન્સિલ (BCCC)ના અધ્યક્ષપદે કાર્યરત્ છે. તેઓ BCCCના અધ્યક્ષ બનનારા પણ પ્રથમ મહિલા છે. વર્ષ 2018માં તેઓ જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ નિયુકત થનારા પણ પ્રથમ મહિલા હતા.

→ ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ વીમેન જજીસ (IAWJ)ની સ્થાપના વર્ષ 1991માં થઈ હતી. જેનું વડુમથક વોશિંગ્ટન DC (USA) છે.

❖ **ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ (ICC)એ 11 મે, 2021 ના 'ઈન્ડિયન રિન્યૂએબલ એનર્જી ડેવલપમેન્ટ એજન્સી લિ. (IREDA)'ને ગ્રીન ઊર્જા એવોર્ડ પ્રદાન કર્યો છે.**

→ પુનઃપ્રાપ્ય ઊર્જા માટે નાણાકીય સંસ્થાઓમાં અગ્રણી જાહેર સંસ્થા બની રહેવા બદલ IREDA ને આ એવોર્ડ એનાયત કરાયો છે. IREDA ના CMD પ્રદીપકુમાર દાસે પ્રતિષ્ઠિત પુરસ્કાર ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ (ISA)ના ડાયરેકટર જનરલ ડો. અજય માથુરના હસ્તે સ્વીકાર્યો હતો.

❖ **તાજેતરમાં ઓડિશા સરકારે રાજયના પ્રખ્યાત સાહિત્યકાર પુરસ્કાર પ્રદાન કરવાની ઘોષણા કરી છે.**

→ આ પુરસ્કાર દર વર્ષે અંગ્રેજી સાહિત્યમાં રચનાત્મક યોગદાન આપનારા ઓડિશાના સાહિત્યકારોને પ્રદાન કરાશે. પુરસ્કારસ્વરૂપે રૂ.10 લાખ રોકડા અપાશે. ઓડિશાના પ્રખ્યાત શિક્ષણવિદ્ અને જાણીતા દ્વિભાષી સાહિત્યકાર મનોજદાસનું તાજેતરમાં 87 વર્ષની વયે નિધન થયું.

❖ **પ્રસિદ્ધ ક્રિકેટિંગ મેગેઝિન વિઝડન ક્રિકેટર્સ અલ્માનેકે વન–ડે ક્રિકેટના 50 વર્ષ નિમિત્તે તેના વર્ષ 2021 ના અંકમાં વન–ડે ક્રિકેટનો 1971માં સૌપ્રથમ પ્રારંભ થયો ત્યારથી વર્ષ 2020 સુધીના પ્રત્યેક દશકના શ્રેષ્ઠ વન–ડે ક્રિકેટરની ઘોષણા કરી છે.**

→ જેમાં ભારતીય ટીમના વર્તમાન કેપ્ટન વિરાટ કોહલીને વર્ષ 2010થી વર્ષ 2020ના દશકનો શ્રેષ્ઠ વન–ડે ખેલાડી જાહેર કર્યો છે. જ્યારે 1980ના દશકના શ્રેષ્ઠ વન–ડે ક્રિકેટર તરીકે મહાન ઓલરાઉન્ડર કપિલ દેવ અને 1990 થી 2000ના દાયકામાં માસ્ટરબ્લાસ્ટર સચિન તેંડુલકરને વિશ્વનો શ્રેષ્ઠ વન–ડે ખેલાડી જાહેર કર્યો છે. ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડર બેન સ્ટોકસને લાગલગાટ બીજી વખત 'ક્રિકેટર ઓફ ધ યર' ઘોષિત કરાયો છે. શ્રીલંકાના સ્પિનર મુથૈયા મુરલીધરનને વર્ષ 2000 થી 2010 ના દશકનો વન–ડે બોલર પસંદ કરાયો છે જ્યારે 1970 થી 1980ના દાયકામાં વેસ્ટ ઈન્ડિઝના વિવિયન રિચાર્ડ્સને શ્રેષ્ઠ ક્રિકેટર પસંદ કરાયા છે. ઓસ્ટ્રેલિયાની મહિલા ખેલાડી બેથ મૂનીને વિશ્વમાં અગ્રણી મહિલા ક્રિકેટર જાહેર કરાઈ છે. જ્યારે વેસ્ટ ઈન્ડિઝના ઓલરાઉન્ડર કેઈરોન પોલાર્ડને વિશ્વમાં અગ્રણી T20 ક્રિકેટર ઘોષિત કરાયો છે.

❖ **20 એપ્રિલ, 2020ના ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ વર્ષ 2020માં વિભિન્ન અસાધારણ કાર્યક્રમોના માધ્યમથી ક્રિકેટમાં તેના યોગદાન બદલ આર્જેન્ટિના, બ્રાઝિલ, યુગાન્ડા અને વનાઆતુને ICC ડેવલપમેન્ટ એવોર્ડ્સના વૈશ્વિક વિજેતા ઘોષિત કર્યા હતા.**

❖ **93મા વાર્ષિક એકેડમી એવોર્ડ્સ જેને ઓસ્કાર એવોર્ડ્સ તરીકે પણ ઓળખવામાં આવે છે તે 25 એપ્રિલ, 2021ના રોજ યુનિયન સ્ટેશન લોન એન્જલસ અને હોલિવૂડમાં ડોલ્બી થિયેટર અને હાઈલેન્ડ સેન્ટરમાં આયોજિત સમારોહમાં પ્રસ્તુત કરાયા હતા.**

→ એકેડમી પુરસ્કાર દર વર્ષે એકેડમી ઓફ મોશન પિકચર આર્ટ્સ એન્ડ સાયન્સીઝ દ્વારા પ્રસ્તુત કરાય છે. આ વર્ષના ઓસ્કાર એવોર્ડ્સમાં ચીનમાં જન્મેલા મહિલા ફિલ્મ નિર્માત્રી કલો ઝાઓ દ્વારા નિર્દેશિત ફિલ્મ નોમેડલેન્ડ છવાઈ ગઈ હતી. કેમકે તેણે શ્રેષ્ઠ નિર્દેશક, શ્રેષ્ઠ પિકચર અને શ્રેષ્ઠ અભિનેત્રી જેવા મુખ્ય એવોર્ડ જીતીને સપાટો બોલાવ્યો છે. આ સાથે કલો ઝાઓ શ્રેષ્ઠ નિર્દેશિકાનો એકેડમી એવોર્ડ જીતનારા પ્રથમ એશિયન, પ્રથમ ચાઈનીઝ અને માત્ર બીજા મહિલા છે. 'ધ હાર્ટ લોકર' ફિલ્મ માટે શ્રેષ્ઠ નિર્દેશિકાનો ઓસ્કાર જીતનાર પ્રથમ મહિલા કેથરિન બિગ્લો છે.

→ 73 વર્ષીય દક્ષિણ કોરિયન અભિનેત્રી યુન યુહ–જુંગે ફિલ્મ મિનારી માટે શ્રેષ્ઠ સહાયક અભિનેત્રીનો એકેડમી એવોર્ડ જીતીને ઈતિહાસ રચી દીધો છે.

→ શ્રેષ્ઠ પિકચર : નોમેડલેન્ડ, શ્રેષ્ઠ અભિનેત્રી : ફ્રન્સિસ મેકડોરમન્ડ, નોમેડલેન્ડ, શ્રેષ્ઠ અભિનેતા : એન્થની હોપકિન્સ, ધ ફાધર , શ્રેષ્ઠ સહાયક અભિનેત્રી : યુન યુહ–જુંગ મિનારી, શ્રેષ્ઠ નિર્દેશક : કલો ઝાઓ, નોમેડલેન્ડ, શ્રેષ્ઠ સહાયક અભિનેતા : ડેનિયલ કાલુયા, જુડાસ એન્ડ ધ બ્લેક મસીહા, શ્રેષ્ઠ કોસ્ચ્યુમ ડિઝાઈન :એન રોથ, મા રૈની'સ બ્લેક બોટમ, શ્રેષ્ઠ દસ્તાવેજી ફીચર ફિલ્મ : માય ઓકટોપસ ટીચર, શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ફીચર ફિલ્મ : અનધર રાઉન્ડ (ડેન્માર્ક)

→ વિજેતાઓને ટ્રોફી તરીકે સુવર્ણ પ્રતિમાની પ્રતિકૃતિ એનાયત કરાય છે. ટ્રોફીને સત્તાવાર રીતે 'એકેડમી એવોર્ડ ઓફ મેરિટ' કહેવાય છે. પ્રથમ ઓસ્કાર એવોર્ડ્સ 1929માં પ્રસ્તુત કરાયા હતા.

→ ભારત સાથે કનેકશન ધરાવતી ફિલ્મ માય ઓકટોપસ ટીચરને ડોકયુમેન્ટરી ફીચરનો ઓસ્કાર પ્રાપ્ત થયો છે. ઓકટોપસ અને તેના અંગે સંશોધન કરી રહેલા પર્યાવરણવાદી ક્રેગ ફોસ્ટર વચ્ચેની આત્મિયતા આ ફિલ્મમાં દર્શાવાઈ છે.

## મહત્વના દિવસો

- **2એપ્રિલ, 2021 : વર્લ્ડ ઓટિઝમ અવેરનેસ ડે**
- **2એપ્રિલ, 2021 : ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ બુક ડે**
  – થીમ : 'ધ મ્યુઝિક ઓફ વર્ડ્સ' (શબ્દોનું સંગીત)
- **5 એપ્રિલ, 2021 : નેશનલ મેરીટાઈમ ડે (રાષ્ટ્રીય સમુદ્રી દિવસ)**
  – થીમ : 'સસ્ટેનેબલ શિપિંગ બિયોન્ડ COVID-19' (COVID-19 થી આગળ સતત નૌપરિવહન)
- **7 એપ્રિલ, 2021 : વર્લ્ડ હેલ્થ ડે (વિશ્વ સ્વાસ્થ્ય દિવસ)**
  – થીમ : 'બિલ્ડિંગ એ ફેરર, હેલ્ધીયર વર્લ્ડ' (એક નિષ્પક્ષ, સ્વસ્થ વિશ્વનું નિર્માણ)
- **9 એપ્રિલ, 2021 : પ્લે ટુ ડે**
  – થીમ : 'વ્હોટ ડઝ પ્લે ટુ મીન ટુ યુ'
- **10 એપ્રિલ, 2021 : વર્લ્ડ હોમિયોપેથી ડે (વિશ્વ હોમિયોપેથી દિવસ)**
  – ભારતમાં વિશ્વ હોમિયોપેથી દિવસ 2021 'હોમિયોપેથી : રોડમેપ ફોર ઈન્ટેગ્રેટિવ મેડિસિન' થીમ સાથે ઉજવાયો હતો.
- **12 એપ્રિલ, 2021 : ઈન્ટરનેશનલ ડે ફોર સ્ટ્રીટ ચિલ્ડ્રન (શેરીના બાળકો માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ)**
  – થીમ : 'એકસેસ ટુ એસેન્શિયલ સર્વિસીઝ'
- **14 એપ્રિલ, 2021 : નેશનલ ફાયર સર્વિસ ડે (રાષ્ટ્રીય અગ્નિશમન સેવા દિવસ)**
  – થીમ : 'મેન્ટેનન્સ ઓફ ફાયર સેફટી ઈકિવપમેન્ટ્સ ઈઝ કી ટુ મિટિગેટ ફાયર હેઝાર્ડ્સ
- **14 એપ્રિલ, 2021 : ડો.બી.આર.આંબેડકર જયંતી (130મી)**
- **16 એપ્રિલ, 2021 : વર્લ્ડ વોઈસ ડે (વિશ્વ અવાજ / ધ્વનિ દિવસ)**
  – થીમ : 'વન વર્લ્ડ મેની વોઈસીઝ'
- **17 એપ્રિલ, 2021 : વર્લ્ડ હિમોફિલિયા ડે (વિશ્વ હિમોફિલિયા દિવસ)**
  – થીમ : 'એડેપ્ટિંગ ટુ ચેન્જ, સસ્ટેઈનિંગ કેર ઈન એ ન્યૂ વર્લ્ડ'
- **18 એપ્રિલ, 2021 : ઈન્ટરનેશનલ ડે ફોર મોન્યુમેન્ટ્સ એન્ડ સાઈટ્સ (સ્મારક અને સ્થળોનો આંતરરાષ્ટ્રીય દિવસ)**
  – થીમ : 'કોમ્પ્લેકસ પાસ્ટ્સ : ડાઈવર્સ ફયુચર્સ' (સંકુલ (જટિલ) ભૂતકાળ : વૈવિધ્યપૂર્ણ ભવિષ્ય)
- **19 એપ્રિલ, 2021 : વર્લ્ડ લિવર ડે (વિશ્વ યકૃત દિવસ)**
- **21 એપ્રિલ, 2021 : વર્લ્ડ ક્રિએટિવિટી એન્ડ ઈનોવેશન ડે (વિશ્વ રચનાત્મકતા અને નવાચાર દિવસ)**
- **21 એપ્રિલ, 2021 : નેશનલ સિવિલ સર્વિસીઝ ડે**
  – પ્રથમ રાષ્ટ્રીય સિવિલ સર્વિસીઝ ડે 21 એપ્રિલ, 2006ના ઉજવાયો હતો.
- **22 એપ્રિલ, 2021 : અર્થ ડે અથવા ઈન્ટરનેશનલ મધર અર્થ ડે**
  – થીમ : 'રિસ્ટોર અવર અર્થ' (આપણી પૃથ્વીને પૂર્વવત્ કરો)
- **23 એપ્રિલ, 2021 : વર્લ્ડ બુક એન્ડ કોપીરાઈટ ડે (વિશ્વ પુસ્તક અને કોપીરાઈટ દિવસ)**
- **24 થી 30 એપ્રિલ, 2021 : વર્લ્ડ ઈમ્યુનાઈઝેશન વીક**
  – થીમ : 'વેકિસન્સ બ્રિંગ અસ કલોઝર' (રસીઓ આપણને નિકટ લાવે છે.)
- **24 એપ્રિલ, 2021 : નેશનલ પંચાયતી રાજ ડે**
  – 24 એપ્રિલ, 2010ના પ્રથમ રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ વડાપ્રધાન મનમોહનસિંહે ઘોષિત કર્યો હતો.
- **24 એપ્રિલ, 2021 : વર્લ્ડ વેટરિનરી ડે (વિશ્વ પશુ ચિકિત્સા દિવસ)**
  – આ દિવસ દર વર્ષે એપ્રિલના છેલ્લા શનિવારે મનાવાય છે. આ વર્ષે અંતિમ શનિવાર 24 એપ્રિલ હતો.
  – થીમ : 'ધ વેટરિનરિયન રિસ્પોન્સ ટુ ધ કોવિડ–19 ક્રાઈસિસ' (કોવિડ–19 સંકટ માટે પશુ ચિકિત્સકની પ્રતિક્રિયા)
- **25 એપ્રિલ, 2021 : વર્લ્ડ મેલેરિયા ડે (વિશ્વ મેલેરિયા દિવસ)**

– થીમ : 'રિચિંગ ધ ઝીરો મેલેરિયા ટાર્ગેટ' (શૂન્ય મેલેરિયા લક્ષ્યાંક સુધી પહોંચવું)
– પહેલો વિશ્વ મેલેરિયા દિવસ 25 એપ્રિલ, 2008ના મનાવાયો હતો.

- **26 એપ્રિલ, 2021 : વર્લ્ડ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ડે (વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ)**
– થીમ : IP અને SMEs : ટેકિંગ યોર આઈડિયાઝ ટુ માર્કેટ
– બૌદ્ધિક સંપદા અને લઘુ તથા મધ્યમ કદના સાહસો : તમારા વિચારો બજાર સુધી લઈ જાવ
- **1 મે, 2021 : ઈન્ટરનેશનલ વર્કર્સ ડે અથવા લેબર ડે (આંતરરાષ્ટ્રીય કામદાર દિવસ)**
- **2 મે, 2021 : ઈનટરનેશનલ એસ્ટ્રોનોમી ડે (આંતરરાષ્ટ્રીય ખગોળવિજ્ઞાન દિવસ)**
– વિશ્વભરમાં દર વર્ષે બે વાર આંતરરાષ્ટ્રીય ખગોળવિજ્ઞાન દિવસ ઉજવાય છે. પહેલો 2 મે અને બીજો 26 સપ્ટેમ્બર.
- **3 મે, 2021 : વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ડે (વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ)**
– 'ઈન્ફર્મેશન એઝ એ પબ્લિક ગુડ' (જનતાની ભલાઈ તરીકે માહિતી)
- **4 મે, 2021 : વર્લ્ડ અસ્થમા ડે (વિશ્વ અસ્થમા દિવસ)**
– આ દિવસ દર વર્ષે મેના પ્રથમ મંગળવારે મનાવાય છે. આ વર્ષે પ્રથમ મંગળવાર 4 મેના રોજ હતો.
– થીમ : 'અનકવરિંગ અસ્થમાસ મિસકન્સેપ્શન્સ' (અસ્થમાની જટિલતાઓ સાથે સંલગ્ન ભ્રમણાઓને દૂર કરવી)
- **5 મે, 2021 : ઈન્ટરનેશનલ ડે ઓફ ધ મિડવાઈફ**
– થીમ : 'ફોલો ધ ડેટા : ઈન્વેસ્ટ ઈન મિડવાઈવ્સ' (માહિતી અનુસરો : દાયણોમાં મૂડીરોકાણ કરો)
- **5 મે, 2021 : વર્લ્ડ હેન્ડ હાઈજીન ડે (વિશ્વ હાથ સ્વચ્છતા દિવસ)**
– થીમ : 'સેવિંગ્સ લાઈવ્સ ધ સેકન્ડ ટાઈમ : કલીન હેન્ડ્સ' (બીજીવાર જિંદગીઓ બચાવવી : હાથ સ્વચ્છ રાખો)
- **7 મે, 2021 : બોર્ડર રોડ્સ ઓર્ગેનાઈઝેશન (BRO) રેઈઝિંગ ડે (સીમા સડક સંગઠન સ્થાપના દિવસ)**
– BROની સ્થાપના 1960માં કરાઈ હતી. આ વર્ષે BROનો 61મો સ્થાપના દિવસ છે.
- **8 મે, 2021 : વર્લ્ડ માઈગ્રેટરી બર્ડ ડે (વિશ્વ પ્રવાસી પક્ષી દિવસ)**
– આ દિવસ મે અને ઓકટોબર માસના બીજા શનિવારે મનાવાય છે. આ વર્ષે બીજો શનિવાર 8 મે એ હતો.
– થીમ : 'સિંગ, ફલાય, સોર–લાઈક અ બર્ડ' (એક પક્ષીની માફક ગાવ, ઉડો અને ખૂબ ઊંચે ઉડો)
- **8 મે, 2021 : વર્લ્ડ રેડક્રોસ એન્ડ રેડ ક્રેસન્ટ ડે**
– થીમ : 'ટુગેધર વી આર # અનસ્ટોપેબલ' (એકસાથે આપણે અજેય છીએ)
- **8 મે, 2021 : વર્લ્ડ થેલેસીમિયા ડે**
– થીમ : 'એડ્રેસિંગ હેલ્થ ઈનઈકવલિટીસ અક્રોસ ધ ગ્લોબલ થેલેસીમિયા કમ્યુનિટી'
- **11 મે, 2021 : નેશનલ ટેકનોલોજી ડે (રાષ્ટ્રીય પ્રૌદ્યોગિકી દિવસ)**
– થીમ : 'સાયન્સ એન્ડ ટેકનોલોજી ફોર એ સસ્ટેનેબલ ફયુચર' (સતત ભવિષ્ય માટે વિજ્ઞાન અને ટેકનોલોજી)
– પ્રથમ રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ 11 મે, 1999માં ઉજવાયો હતો.
- **12 મે, 2021 : ઈન્ટરનેશનલ નર્સ ડે**
– થીમ : 'નર્સીસ : એ વોઈસ ટુ લીડ એ વિઝન ફોર ફયુચર હેલ્થકેર' (પરિચારિકાઓ : નેતૃત્વનો અવાજ – ભાવિ સ્વાસ્થ્યસંભાળ માટે એક દૃષ્ટિ)
- **15 મે, 2021 : ઈન્ટરનેશનલ ડે ઓફ ફેમિલીઝ**
– થીમ : 'ફેમિલીઝ એન્ડ ન્યૂ ટેકનોલોજીસ' (પરિવારો અને નવી ટેકનોલોજીઓ)
- **16 મે, 2021 : વર્લ્ડ એગ્રિ–ટુરિઝમ ડે**
– થીમ : 'રુરલ વીમેન સસ્ટેનેબલ આંત્રપ્રિન્યોરશિપ ઓપરચ્યુનિટીઝ થ્રુ એગ્રિ–ટુરિઝમ' (કૃષિ–પ્રવાસનના માધ્યમથી ગ્રામીણ મહિલાઓ માટે સતત ઉદ્યમશીલતાના અવસરો)
- **16 મે, 2021 : ઈન્ટરનેશનલ ડે ઓફ લાઈટ**
– થીમ : 'ટ્રસ્ટ સાયન્સ' (વિજ્ઞાનમાં વિશ્વાસ રાખો)
- **17 મે, 2021 : ઈન્ટરનેશનલ ડે અગેઈન્સ્ટ હોમોફોબિયા, ટ્રાન્સફોબિયા એન્ડ બાયોફોબિયા**
– થીમ : 'ટુગેધર : રેઝિસ્ટિંગ, સપોર્ટિંગ, હીલિંગ'
- **17 મે, 2021 : વર્લ્ડ હાઈપરટેન્શન ડે (વિશ્વ ઉચ્ચ રકતચાપ દિવસ)**
– થીમ : 'મેઝર યોર બ્લડ પ્રેશર એકયુરેટલી, કન્ટ્રોલ ઈટ, લિવ લોંગર' (તમારા લોહીના દબાણને સચોટતાથી માપો, તેને નિયંત્રિત કરો, લાંબું જીવો)
- **17 મે, 2021 : વર્લ્ડ ટેલિકમ્યુનિકેશન એન્ડ ઈન્ફર્મેશન સોસાયટી ડે (વિશ્વ દૂરસંચાર અને માહિતી સમાજ દિવસ)**
– થીમ : 'એકસેલરેટિંગ ડિજિટલ ટ્રાન્સફોર્મેશન ઈન ચેલેન્જિંગ ટાઈમ્સ' (પડકારજનક સમયમાં ડિજિટલ પરિવર્તનને ગતિ આપવી)
- **17 થી 23 મે, 2021 : UN ગ્લોબલ રોડ સેફટી વીક (સંયુકત રાષ્ટ્ર વૈશ્વિક માર્ગ સુરક્ષા સપ્તાહ)**
– થીમ : 'સ્ટ્રીટ્સ ફોર લાઈફ #લવ30' (જીવન માટે શેરીઓ #30 ને ચાહો)
- **18 મે, 2021 : વર્લ્ડ એઈડ્સ વેકિસન ડે અથવા HIV વેકિસન અવરેનેસ ડે**
– થીમ : 'ગ્લોબલ સોલિડારિટી' (વૈશ્વિક એકતા)

- **18 મે, 2021 : ઈન્ટરનેશનલ મ્યુઝિયમ ડે (આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ)**
  – થીમ : 'ધ ફ્યુચર ઓફ મ્યુઝિયમ્સ : રિકવર એન્ડ રિઈમેજિન' (સંગ્રહાલયોનું ભવિષ્ય : પુનપ્રાપ્તિ અને પુનઃ કલ્પના)
- **20 મે, 2021 : વર્લ્ડ મીટ્રોલોજી ડે (વિશ્વ માપવિજ્ઞાન દિવસ)**
  – થીમ : 'મેઝરમેન્ટ ફોર હેલ્થ' (સ્વાસ્થ્ય માટે માપન)
- **21 મે, 2021 : ઈન્ટરનેશનલ ટી ડે (આંતરરાષ્ટ્રીય ચા દિવસ)**
  – પહેલો આંતરરાષ્ટ્રીય ચા દિવસ 2020ના મનાવાયો હતો.
- **21 મે, 2021 : એન્ટિ ટેરરિઝમ ડે (આંતકવાદ વિરોધી દિવસ)**
- **22 મે, 2021 : ઈન્ટરનેશનલ ડે ફોર બાયોલોજિકલ ડાઈવર્સિટી (આંતરરાષ્ટ્રીય જૈવવિવિધતા દિવસ)**
  – થીમ : 'વી આર પાર્ટ ઓફ ધ સોલ્યુશન' (આપણે ઉપાય / ઉકેલનો ભાગ છીએ)
- **23 મે, 2021 : વર્લ્ડ ટર્ટલ ડે (વિશ્વ કાચબા દિવસ)**
  – થીમ : 'ટર્ટલ રોકસ'
- **24 મે, 2021 : કોમનવેલ્થ ડે.**
  – થીમ : 'ડિલિવરીંગ એ કોમન ફ્યુચર' (એક સમાન ભવિષ્ય પ્રદાન કરવું)
- **25 મે, 2021 : વર્લ્ડ થાઈરોઈડ ડે**
- **26 મે, 2021 : વેસાક દિવસ અથવા બુદ્ધ પૂર્ણિમા**
  – બૌદ્ધ ધર્મના સંસ્થાપક ભગવાન બુદ્ધની જયંતીએ હિન્દુ મહિના વૈશાખની પૂર્ણિમાના દિવસે પ્રતિવર્ષ દુનિયાભરમાં વેસાક દિવસ ઉજવાય છે.
  – આ વર્ષે વેસાક દિવસ 26 મે એ મનાવાયો હતો.
- **28 મે, 2021 : વર્લ્ડ મેન્સ્ટ્રુઅલ હાઈજીન ડે (વિશ્વ માસિક ધર્મ સ્વચ્છતા દિવસ)**
  – થીમ : 'એકશન એન્ડ ઈન્વેસ્ટમેન્ટ ઈન મેન્સ્ટ્રુઅલ હાઈજીન એન્ડ હેલ્થ'
- **28 મે, 2021 : વર્લ્ડ હંગર ડે (વિશ્વ ભૂખ દિવસ)**
  – થીમ : 'એકસેસ એન્ડ્સ હંગર' (પહોંચ ભૂખનો અંત આણે છે)
- **29 મે, 2021 : ઈન્ટરનેશનલ ડે ઓફ UN પીસકીપર્સ (સંયુકત રાષ્ટ્ર શાંતિ સૈનિકોનો આંતરરાષ્ટ્રીય દિવસ)**
  – થીમ : 'ધ રોડ ટુ લાસ્ટિંગ પીસ : લેવરેજિંગ ધ પાવર ઓફ યુથ ફોર પીસ એન્ડ સિકયોરિટી'
- **29 મે, 2021 : વર્લ્ડ ડાઈજેસ્ટિવ હેલ્થ ડે (વિશ્વ પાચન સ્વાસ્થ્ય દિવસ)**
  – થીમ : 'ઓબેસિટી : એન ઓનગોઈંગ પેન્ડેમિક' (મેદસ્વીતા : એક પ્રવર્તમાન મહામારી)
- **30 મે, 2021 : હિન્દી પત્રકારત્વ દિવસ**
  – 30 મે, 1826માં પંડિત યુગલ કિશોર શુકલએ હિન્દી ભાષાના પ્રથમ સમાચારપત્ર 'ઉદંત માર્તન્ડ' ના પ્રકાશનનો શુભારંભ કર્યો હોવાથી.
  – ઈતિહાસકારો પંડિત યુગલ કિશોર શુકલને ભારતીય પત્રકારત્વના જનક માને છે.
- **31 મે, 2021 : વર્લ્ડ નો ટોબેકો ડે (વિશ્વ તમાકુ નિષેધ દિવસ)**
  – થીમ : 'કમિટ ટુ કિવટ' (ત્યાગ કરવા / છોડવા માટે પ્રતિબદ્ધ)

Banking Academy